**દાખલ તારીખ : ૦૯/૦૩/૨૦૧૭**

**રજૂ કર્યા તારીખ : ૦૯/૦૩/૨૦૧૭**

**ફેંસલ કર્યા તારીખ : ૧૬/૦૧/૨૦૨૪**

**સમય : વર્ષ, માસ, દિવસ.**

**મહે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે, કોર્ટ નં. – ૨૧, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. :– ૧૪૮૯૯/૨૦૧૭**

**આંક –**

**<u>ફરીયાદી :–</u>**

શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

**<u>તહોમતદારો :–</u>**

(૧) જીગ્નેશભાઈ નટવરભાઈ મેવાણી, ઉ. વ. – ૩૫,
રહે. ૧૦૪ ચુવાડનગર, રામેશ્વર ચાર રસ્તા,
મેઘાણીનગર, અમદાવાદ.

(૨) રાકેશભાઈ ભીખાભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૪,
રહે. ૫૩/૧૬૯૪, ક્રિષ્નાધામ આવાસ, વિભાગ–૧
વેજલપુર, અમદાવાદ.

(૩) રમણભાઈ ગાંડાભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૭,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, અમદાવાદ.

(૪) મનસુખભાઈ શીવાભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૦,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૫) મનોજકુમાર રમણભાઈ મહેરીયા, ઉ. વ. – ૨૭,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૬) તેજશભાઈ સુરેશભાઈ મહેરીયા,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

( તહોમતદાર વિરૂધ્ધનું ચાર્જશીટ જુવેનાઈલ અદાલતમાં રજૂ રાખવામાં આવેલ છે.)

(૭) મહેશભાઈ દિનેશભાઈ ચૌહાણ, ઉ. વ. – ૨૪,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૮) રામાભાઈ બેચરભાઈ ઝાલા, ઉ. વ. – ૫૩,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૯) બિપીનભાઈ ભાનુભાઈ પંડયા, ઉ. વ. – ૨૩,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૦) રમણભાઈ બેચરભાઈ મહેરીયા, ઉ. વ. – ૪૮,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૧) પરષોત્તમભાઈ ચેરાભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૩,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૨) હરીભાઈ ગલાભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૭,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૩) મોહનભાઈ મીઠાભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૭,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૪) છગનભાઈ વાલજીભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૮,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૫) જગદીશભાઈ રામજીભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૪,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૬) મુળજીભાઈ મોતીભાઈ મકવાણા, ઉ. વ. – ૫૩,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૭) રમેશભાઈ દાનાભાઈ ઝાલા,ઉ. વ. – ૪૧,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૮) ભાઈલાલભાઈ ટોચાભાઈ ઝાલા, ઉ. વ. – ૪૫,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૧૯) ગીતાબેન દિનેશભાઈ મહેરીયા, ઉ. વ. – ૪૩,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ,

(૨૦) છાયાબેન જેસીંગભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૮,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૨૧) સરોજબેન રસીકભાઈ મહેરીયા, ઉ. વ. – ૪૩,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૨૨) નયનાબેન વિજયભાઈ મહેરીયા,ઉ. વ. – ૨૯,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ,

(૨૩) મધુબેન ઉર્ફે સવિતાબેન મગનભાઈ ઝાલા, ઉ. વ. – ૪૩,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૨૪) જયોત્સનાબેન જગદીશભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૩,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૨૫) મીનાબેન બિપીનભાઈ ઝાલા, ઉ. વ. – ૩૭,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૨૬) લક્ષ્મીબેન રણછોડભાઈ મહેરીયા,ઉ. વ. – ૪૦,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૨૭) ધર્મિષ્ઠાબેન ગિરીશભાઈ ઝાલા, ઉ. વ. – ૨૮,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૨૮) સુશિલાબેન કિર્તીકુમાર ઝાલા, ઉ. વ. – ૪૦,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૨૯) કોકીલાબેન ખોડાભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૩,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૩૦) સંગીતાબેન મનીષભાઈ મકવાણા, ઉ. વ. – ૨૯,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

(૩૧) નીતાબેન બિપીનભાઈ મહેરીયા,ઉ. વ. – ૨૯,

રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ.

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૩૨, ૧૨૦(બી),**

**તથા ઈન્ડીયન રેલ્વે એકટ કલમ – ૧૫૩ મુજબ.**

---

**શ્રી સરકાર તરફે : વિ. સ્પે. એ. પી. પી. શ્રી એચ. આર. શાહ**
**તહોમતદાર નં – ૧ તરફે : વિ.વ.શ્રી પી. એચ. વાઘેલા.**
**તહોમતદાર નં. – ૨ થી ૫ તથા ૭ થી ૧૮ તથા ૨૨, ૨૮ થી ૩૧ તરફે :**
**વિ. વ. શ્રી બી. જે. શેખાવા**
**તહોમતદાર નં. – ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૭ તરફે : વિ. વ. શ્રી એસ. એમ. પ્રેમ**
**તહોમતદાર નં.– ૨૦, ૨૫, ૨૬ તરફે : વિ. વ. શ્રી પી. સી. જાદુગર**

---

**–:: ચુ કા દો ::–**

(૧) આ કામની ફરીયાદની હકીકત ટુંકમાં એવી છે કે, ગઈ તા. ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ કલાક – ૧૭.૪૦ થી ૧૮.૦૫ દરમ્યાન અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશનના પ્લેટ ફોર્મ નં. – ૧૦ ઉપર આ કામના તહોમતદારોએ દલીત સમાજની પડતર માંગણીઓની બાબતે પોતાની રજૂઆત કરવા માટે તહોમતદાર નં – ૧ વાળાની આગેવાનીમાં એકસંપ કરી એક બીજાના મીલાપીપણામાં એક બીજાનો સમાન ઈરાદો પાર પાડવાના આશયથી અલગ – અલગ વિસ્તારમાંથી આવી કાલુપુર રેલ્વે પ્લેટફોર્મ નં – ૧૦ ઉપર રાજધાની ટ્રેઈન ઉપડવાના સમય પહેલા ભેગા થવાનું અગાઉથી

નકકી કરેલ. આ કામના તહોમતદારોએ અગાઉથી નકકી કરેલ તેઓના ઈરાદાને પાર પાડવાના હેતુથી તહોમતદારોએ એક બીજા સાથે મેળાપીપણામાં મંડળી બનાવી આ ટ્રેનને રોકવાનો અને પોતાની માંગણી સંતોષાય તે માટે ટ્રેનને રોકી રાખી ટ્રેનના એન્જીન પર ચઢી જઈ તેમજ રેલ્વેના ટ્રેક પર સુઈ જઈ તથા બેસી જઈ ટ્રેનને ચાલવામાં આવરોધ ઉભો કરેલો. આ કામના તહોમતદારોએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે રેલ્વેના નિયમોનો ભંગ કરી કોઈ પણ જાતની પાસ કે પરવાનગી વગર રેલ્વે સ્ટેશનમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરેલો. તહોમતદારોના કૃત્યને કારણે ટ્રેનની તથા પેસેન્જરોની સુરક્ષાને પણ પ્રશ્ન ઉભો થયેલો. તહોમતદારોના અપકૃત્યને કારણે ટ્રેન તેના નિયત સમય કરતા મોડી ઉપડેલી. તહોમતદારોએ પોતાનો ગેરકાયદેસર ઈરાદો પાર પાડવાના પ્રયત્ન સ્વરૂપે એક બીજાની મદદગારી કરી ગેરકાયદેસર મંડળી બનાવી આ કૃત્ય કરેલ. તહોમતદારોએ ભારત સરકારના રાજય સેવકની ફરજમાં અવરોધ ઉભો કરેલ. પોતાની માંગણીઓ સંતોષય તે માટેના સુત્રોચ્ચાર કરી સરકાર સામે રોષ વ્યકત કરી ટ્રેનના પેસ ેન્જરોની સુવિધામા બાંધકામ રૂપ બની ગેરકાયદેસર રીતે ટ્રેનને ૨૦ મીનીટ સુધી રોકી રાખેલી. આ તહોમતદારોને રેલ્વે ટ્રેક પરથી હટાવવાનાા પ્રયત્નો કરતા આર. પી. એફ. વુમન સંગીતાદેવીને ડાબા હાથે ઈજાઓ પહોંચાડી હુલ્લડ કરી સ્થળ પરથી પકડાઈ જઈ ગુન્હો કરેલ. આ કામના તહોમતદારો વિરૂધ્ધ આ કામના ફરીયાદીએ સરકાર તરફે ફરીયાદી બની અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનના ફરીયાદ જાહેર કરતા આ ફરીયાદ ગુ. ર. નં. – ૦૮/૨૦૧૭ થી ઈ. પી. કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧ ૪૯, ૩૩૨, ૧૨૦(બી), તથા ઈન્ડીયન રેલ્વે એકટ કલમ – ૧૫૩ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલો. આ કામના તહોમતદારોને અટક કરેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાતાં તહોમતદારો વિરૂધ્ધ ક્રિમી. પ્રો. કોડની કલમ – ૧૭૩ અન્વયે ચાર્જશીટ તા. ૦૯/૦૩/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ હતું.

(૨) આ કામના તહોમતદારોને સમન્સની બજવણી થતાં તેઓ તેમના વિ. વકીલશ્રી મારફતે હાજર થતા તહોમતદારોને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૭ ની જોગવાઈઓ ને આધીન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યા અંગેની ખાત્રી કર્યા થયા બાદ મારા પુરોગામીશ્રી એ આક્ષેપિત ગુનાનું તહોમતનામું આંક – ૦૭ થી તા. ૨૧/૯/૨૦૧૯ ના રોજ ફરમાવી હાજર એવા કુલ – ૨૭ તહોમતદારો વિરૂધ્ધ ફરમાવી તહોમતદારોનું નિવેદન આંક –

૦૮ થી આંક – ૩૪ સુધીનું નોંધતા તહોમતદારોએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા આ કામના ફરીયાદ પક્ષના પુરાવા પર રાખવાનો હુકમ કરવામાં આવેલો.

આ કામના તહોમતદાર નં – ૬ તેજશભાઈ સુરેશભાઈ તરફે ત્યાર બાદ આંક – ૮૦ થી પોતે જુવેનાઈલ હોવાની તકરાર ઉઠાવતા મારા પુરોગામીશ્રીએ તેઓની અરજી મંજૂર કરી તહોમતદાર નં – ૬ પુરતુ ચાર્જશીટ ઝુવે્ન)ઈલ માં રજૂ રાખવા આદેશ કરેલો.

ત્યાર આ કામના તહોમતદારો તમામ હાજર થઈ થતા તેમજ આ કામ કોર્ટ નં – ૫ માંથી કોર્ટ નં – ૧૩ માં ટ્રાન્સ્ફર થતા તેમજ આ કામના તમામ તહોમતદારો હાજર થતા તહોમતદારો તરફે આંક – ૧૦૬ થી મારા પુરોગામીશ્રી સમક્ષ પુરશીશ રજૂ રાખતા મારા પુરોગામીશ્રી તરફથી તહોમતદાર નં – ૦૬ વાળા સીવાય અન્ય તહોમતદારો વિરૂધ્ધ આંક – ૧૦૭ થી તહોમતનામું તા. ૧૮/૦૨/૨૦૨૧ થી ફરમાવી વાંચી, સમજાવી તહોમતદારોનું નિવેદન આંક – ૧૦૮ થી આંક –૧૩૭ સુધીની રેકર્ડ કરતાં ગુન્હો કબુલ ન હોવાથી ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષના પુરાવા દરમ્યાન તેમજ તહોમતદારો તરફેની ઉલટ તપાસ દરમ્યાન નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>–: ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો :–</u>**

૧. આંક – ૧૩૯ થી ફરીયાદી ઈન્સ્પેકટરશ્રી નરેન્દ્રકુમાર ખુશાલસિંગ વર્માનો સોગંદ પરનો પુરાવો.

૨. આંક – ૧૪૪ થી પંચ સમંદરભાઈ ઈબ્રાહીમભાઈ શેખનો સોગંદ પરનો પુરાવો.

૩. આંક – ૧૪૮ થી પંચ ફીરોઝખાન સીકંદરખાન પઠાણનો સોગંદ પરનો પુરાવો.

૪. આંક – ૧૪૯ થી પંચ રુકશાના સલીમઅલી અંસારીનો સોગંદ પરનો પુરાવો.

૫. આંક – ૧૬૫ થી ઈજા પામનાર સાહેદ સંગીતાદેવી હરકેશકુમાર સરોજનો સોગંદ પરનો પુરાવો.

૬. આંક – ૧૭૨ થી સાહેદ કમલેશભાઈ કાળાભાઈ બુવળનો સોગંદ પરનો પુરાવો.

૭. આંક – ૧૭૩ થી સાહેદ મંગુરભાઈ નાનજીભાઈ રાઠોડનો સોગંદ પરનો પુરાવો.

૮. આંક – ૧૭૬ થી સાહેદ ડો. હેમાંગીની નયનકુમાર સ્વામીનારાયણનો સોગંદ પરનો પુરાવો.

૯. આંક – ૧૭૯ થી સાહેદ ભીમસિંહ ગલુભાઈ પટેલનો સોગંદ પરનો પુરાવો.

૧૦. આંક – ૧૮૨ થી સાહેદ જનાર્દન જયંતિલાલ હરીભકિતનો સોગંદ પરનો પુરાવો.

૧૨. આંક – ૧૮૪ થી સાહેદ દિલીપસિંહ પરબતસિંહનો સોગંદ પરનો પુરાવો.

૧૩. આંક – ૧૮૬ થી સાહેદ જગદીશચંદ્ર અભેસિંહ પરમારનો સોગંદ પરનો પુરાવો.

૧૪. આંક – ૧૯૦ થી સાહેદ ચેતનસિંહ જગદિશસિંહ જાડેજાનો સોગંદ પરનો પુરાવો.

૧૫. આંક – ૧૯૩ થી સાહેદ સંજયભાઈ સોમાભાઈ કાથડનો સોગંદ પરનો પુરાવો.

૧૬. આંક – ૧૯૯ થી સાહેદ મિતલબેન રમેશભાઈ નીમાવતનો સોગંદ પરનો પુરાવો.

૧૭. આંક – ૨૦૨ થી સાહેદ વિજયસિંહ માનસિંહ ઝાલાનો સોગંદ પરનો પુરાવો.

૧૮. આંક – ૨૦૭ થી સાહેદ દશરથસિંહ લાલુભા ગઢવીનો સોગંદ પરનો પુરાવો.

૧૯. આંક – ૨૧૨ થી સાહેદ ઈલાબેન ભીખાભાઈ ખોડીયાનો સોગંદ પરનો પુરાવો.

૨૦. આંક – ૨૧૪ થી સાહેદ તેજલબેન ઉમેદભાઈ ખાચરનો સોગંદ પરનો પુરાવો.

૨૧. આંક – ૨૧૬ થી સાહેદ કલ્પનાબેન શંકરભાઈ બોડાતનો સોગંદ પરનો પુરાવો.

૨૨. આંક – ૨૧૭ થી સાહેદ પુનીબેન ઓઘડભાઈ પરમારનો સોગંદ પરનો પુરાવો.

૨૩. આંક – ૨૨૩ થી સાહેદ મમતાબેન વલ્લભભાઈ ચૌહાણનો સોગંદ પરનો પુરાવો.

૨૪. આંક – ૨૨૫ થી સાહેદ વિશ્વાબેન બટુકરાય પંડયાનો સોગંદ પરનો પુરાવો.

૨૫. આંક – ૨૨૬ થી સાહેદ ગીતાબેન બબાભાઈ ખાંભલાનો સોગંદ પરનો પુરાવો.

૨૬. આંક – ૨૨૭ થી સાહેદ ધીરીબેન નાથાભાઈ રામનો સોગંદ પરનો પુરાવો.

૨૭. આંક – ૨૨૮ થી સાહેદ પાર્વતીબેન હીરાભાઈ ગોરફાડનો સોગંદ પરનો પુરાવો.

૨૮. આંક – ૨૩૦ થી સાહેદ ભાવનાબેન પ્રવિણભાઈ પટેલીયાનો સોગંદ પરનો પુરાવો.

૨૯. આંક – ૨૩૧ થી સાહેદ રસીકાબેન ધીરાજીભાઈ પાંડવનો સોગંદ પરનો પુરાવો.

૩૦. આંક – ૨૩૩ થી સાહેદ નેહાબેન વજસીભાઈનો સોગંદ પરનો પુરાવો.

૩૧. આંક – ૨૩૪ થી સાહેદ કોકીલાબેન રમેશભાઈ દરંગાનો સોગંદ પરનો પુરાવો.

૩૨. આંક – ૨૩૬ થી સાહેદ કિરણકુમાર દિનેશભાઈ પરમારનો સોગંદ પરનો પુરાવો.

૩૩. આંક – ૨૩૭ થી સાહેદ સુનીલકુમાર સુરેશભાઈ રાવલનો સોગંદ પરનો પુરાવો.

૩૪. આંક – ૨૩૯ થી સાહેદ કૃણાલ વાસુદેવ દાતણીયાનો સોગંદ પરનો પુરાવો.

૩૫. આંક – ૨૪૧ થી સાહેદ ખુશબુબેન બહાદુરભાઈ બાબરીયાનો સોગંદ પરનો પુરાવો.

૩૬. આંક – ૨૪૨ થી સાહેદ બીજેન્દ્રકુમાર શ્રી હનુમાન પ્રસાદ ચૌબેનો સોગંદ પરનો પુરાવો.

૩૭. આંક – ૨૪૪ થી સાહેદ પુરણ સિંગ પ્રભાતસિંગ રાજપુતનો સોગંદ પરનો પુરાવો.

૩૮. આંક – ૨૪૫ થી સાહેદ રાજેશકુમાર ગીરીશચંદ્ર પાંડેનો સોગંદ પરનો પુરાવો.

૩૯. આંક – ૨૪૯ થી સાહેદ વિશંક બીશનસિંઘું રાઠોડનો સોગંદ પરનો પુરાવો.

૪૦. આંક – ૨૫૫ થી સાહેદ રાજીવકુમાર રામચંદ્રપ્રસાદ સીંગનો સોગંદ પરનો પુરાવો.

૪૧. આંક – ૨૫૮ થી સાહેદ જીતેન્દ્રભાઈ રામદાસ શર્માનો સોગંદ પરનો પુરાવો.

૪૨. આંક – ૨૫૯ થી સાહેદ મનુભા ટપુભા ઝાલાનો સોગંદ પરનો પુરાવો.

૪૩. આંક – ૨૬૦ થી સાહેદ દીનેશભાઈ રાજેન્દ્રબાબુ શર્માનો સોગંદ પરનો પુરાવો.

૪૪. આંક – ૨૬૪ થી સાહેદ સંજીવ દયારામ પાંડેનો સોગંદ પરનો પુરાવો.

૪૫. આંક – ૨૬૫ થી સાહેદ શિવલાલ ગોપીલાલ જોગીનો સોગંદ પરનો પુરાવો.

૪૬. આંક – ૨૬૯ થી સાહેદ ઈકબાલ શકીલ અહેમદ ઘાંચીનો સોગંદ પરનો પુરાવો.

૪૭. આંક – ૨૭૩ થી સાહેદ રામસીંગ ખેલાડી જોગીનો સોગંદ પરનો પુરાવો.

૪૮. આંક – ૨૭૬ થી સાહેદ પ્રકાશચંદ્ર પુરનચંદ મોરવાનો સોગંદ પરનો પુરાવો.

૪૯. આંક – ૪૩૫ થી સાહેદ ભીમસિંહ પુનાભાઈ બામણીયાનો સોગંદ પરનો પુરાવો.

૫૦. આંક – ૪૬૮ થી સાહેદ મહંમદઈલીયાસ હબીબુલઅમ્બીયા હાશમીનો પુરાવો.

૫૧. આંક – ૪૮૬ થી તપાસ કરનાર અધીકારીશ્રી હસમુખભાઈ સિકાભાઈ રાઠવાનો સોગંદ પરનો પુરાવો.

૫૨. આંક – ૫૪૬ થી તપાસ કનાર અધીકારીશ્રી દિલીપકુમાર જીવણભાઈ ચૌધરીનો સોગંદ પરનો પુરાવો.

## **-: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :-**

૧. આંક – ૧૪૦ થી ફરીયાદ.

૨. આંક – ૧૪૫ થી પંચનામું.

૩. આંક – ૧૬૬ થી ઈન્જરીસર્ટી.

૪. આંક – ૨૫૬ થી રાજધાની એકસપ્રેસની કાર્યવાહી.

૫. આંક – ૪૮૮ થી પંચનામું.

૬. આંક – ૪૮૭ થી રીપોર્ટ.

૭. આંક – ૪૮૮ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું.

૮. આંક – ૪૮૯ થી રીપોર્ટ.

૯. આંક – ૫૧૭ થી સારવાર સર્ટીની યાદી

૧૦. આંક – ૫૨૮ થી સી. ડી.

૧૧. આંક – ૫૨૯ થી ક્રિ. પ્રો. કો. કલમ – ૧૫૪ મુજબનું ફોર્મ

ત્યાર બાદ આ કામે ફરીયાદપક્ષે લેખિત પુરાવા બંધની પુરશીશ આંક – ૫૪૭ થી રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં હાલના કામે સી. આર. પી. સી ની કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવતા આ કામના તહોમતદારો તરફે પુરાવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. આ કામના તહોમતદારોના વિશેષ નિવેદનમાં ઈન્કારથી વિશેષ કોઈ હકીકતો જણાઈ આવતી નથી. આ કામના તહોમતદારોએ તેઓ વિરૂધ્ધ રાજકીય રાગદેશ પુર્વક ખોટી ફરીયાદ કરેલ હોવાનું તેમજ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષે વિ. સ્પે. એ. પી. પી. શ્રીએ આંક – ૫૫૮ થી લેખિત તથા મુખ્યત્વે એવી મૌખિક રજૂઆત કરેલ છે કે, આ કામના તહોમતદારોએ એક બીજાના મિલાપીપણામાં ગેરકાયદેસર મંડળી બનાવી કાલુપુર રેલ્વે સ્ટેશનમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરેલો. આ કામના તહોમતદારોએ પ્લેટ ફોર્મ નં – ૧૦ ઉપર ઉભેલી રાજધાની એકસપ્રેસ ટ્રેનને આગળ વધતા અવરોધ કરેલો. આ કામના તહોમતદારોએ કરેલ અવરોધના કારણોસર આ ટ્રેન આશરે વીસ મીનીટ મોડી ઉપડેલી. આ કામના તહોમતદારોએ ટ્રેનના પેસેન્જરોને ભય ઉત્પન્ન કરેલો. આ કામના તહોમતદારોએ રેલ્વે ટ્રેક પર બેસી જઈ તથા સુઈ જઈને તેમજ રેલ્વેના એન્જીન પર ચઢી

જઈને સરકારશ્રી વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરેલા. આ કામના તહોમતદારોને સ્થળ પરથી હટાવતા સમયે તહોમતદારોએ કરેલ હુમલાને કારણે સંગીતાદેવીને ઈજા થયેલી. આ કામના તહોમતદારોને સ્થળ પરથી અટક કરવામાં આવેલા. આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી તથા અન્ય સાહેદો સોગંદ પરના પુરાવામાં ફરીયાદની હકીકતોને સાબિત કરે છે. આ કામના ફરીયાદ પક્ષના પુરાવા દરમ્યાન તહોમતદારોએ આચરેલ ગુનાની હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ છે. આ કામના તહોમતદારોના ગુનાની હકીકતો ફરીયાદ પક્ષે નિ:શંક પણે સાબિત કરેલ છે. આ કામના તહોમતદારો તરફે જે બચાવ લેવામાં આવેલ છે તે બચાવ ધ્યાને લેવામાં આવે તો તહોમતદારોના બચાવમાં ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતોનું ખંડન થતુ હોવાનું ફલિત થતું નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના તહોમતદારોને ધોરણસર સજા કરવી જોઈએ.

આ કામે તહોમતદાર નં – ૧ વાળા તરફે સીનીયર કાઉન્સીલ શ્રી આઈ. એચ. સૈયદ ની મૌખિક તથા તહોમતદાર નં – ૧ ના આ કામેના વિ. વ. શ્રીની આંક – ૫૮૪ થી લેખિત દલીલ રજૂ રાખી મુખ્યત્વે એવી રજૂઆત છે કે, આ કામે ફરીયાદ પક્ષે કરેલ આક્ષેપોના અનુસંધાને તહોમતદારો વિરૂધ્ધ ચાર્જફ્રેમ કરવામાં આવેલ છે. આ કામે તહોમતદારો વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ ચાર્જફ્રેમ વંચાણમાં લેવામાં આવે તો આ ચાર્જ અધુરો અને ખામી યુકત છે. આ કામે જે ચાર્જ ફરમાવવામાં આવેલ છે તેમાં તહોમતદારો વિરૂધ્ધ જે આક્ષેપો કરવામાં આવેલ છે તે આક્ષેપો વંચાણમાં લેતા તહોમતદારોએ ગેરકાયદેસર મંડળી રચી ગેરકાયદેસરનો ઈરાદો પાર પાડવા માટે કાવત્રુ કરેલ હોવાના મુખ્ય આક્ષેપો છે. આ કામે પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષે આ કાવત્રુ કઈ જગ્યાએ ઘડવામાં આવેલ કોણ તેના સુત્રધાર હતા તહોમતદારોનો સમાન ઈરાદો શું હતો તેવી કોઈ હકીકતો સાબિત કરવાનો પ્રયત્ન કરેલ નથી. આ કામે કાવત્રુ સાબિત થતુ નથી. આ કામે તહોમતદારોનો ગેરકાયદેસરનો સમાન ઈરાદો શું હતો તે બાબતે કોઈ હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આ કામના તહોમતદારોએ કહેવાતું જે કૃત્ય આચરેલ છે તે કૃત્યના કારણે રેલ્વેને શું નુકશાન આવેલ હતુ તે બાબતે કોઈ હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આ કામના તહોમતદારોએ આચરેલ કૃત્ય એટલે તહોમતદારોએ પોતાની માંગણીઓ માટે સરકારશ્રી વિરૂધ્ધ કરેલ સુત્રોચ્ચરથી વિશેષ કોઈ કૃત્ય નથી. આ કામના તહોમતદારોએ સંગીતાદેવીને ઈજા કરેલ હોવાની હકીકતો ખુદ સંગીતા દેવીના પુરાવામાં કે ડોકટરશ્રીના પુરાવામાં ફલિત થતી ન

હોવાની હકીકતોએ ફરજમાં અવરોધ કે તહોમતદારોએ તેઓને કરેલ ઈજાની હકીકતો રેકર્ડ પર સાબિત થઈ શકતી નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના તહોમતદારો વિરૂધ્ધના આક્ષેપો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો ન હોવાની હકીકતોએ તહોમતદારોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ. તેમજ પોતાની રજૂઆતના સમર્થનમાં નીચે મુજબનો ચુકાદો રજૂ રાખેલ છે. જે ચુકાદો આ કામે માન સાથે વંચાણમાં લેવામાં આવ્યો.

૧. (૨૦૦૪) ૧૨ સુ. કો. કે. ૩૯૮ ચાણકય ઢીબર (ગુજરનાર) વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગોલ અને બીજા

૨. એ. આઈ. આર. ૧૯૫૬ સુ. કો. ૭૩૧ ચીકરાંગે ગોવડા વિ. સ્ટેટ ઓફ મૈસુર

આ કામે તહોમતદાર નં. – ૨ થી ૫ તથા ૭ થી ૧૮ તથા ૨૨, ૨૮ થી ૩૧ તરફે વિ. વ. શ્રી તરફે આ કામે તહોમતદાર નં – ૧ વાળા તરફે સીનીયર કાઉન્સીલ તરફથી કરવામાં આવેલ દલીલને એડોપ્ટ કરેલ છે. તેઓ તરફે તહોમતદાર નં – ૧ વાળા તરફે રજૂ રાખવામાં આવેલ આંક – ૫૮૪ ની લેખિત દલીલ મુજબની દલીલ કરવામાં આવેલ છે.

આ કામે તહોમતદાર નં. – ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૭ તરફે વિ. વ. શ્રી તરફે આ કામે તહોમતદાર નં – ૧ વાળા તરફે સીનીયર કાઉન્સીલ તરફથી કરવામાં આવેલ દલીલને એડોપ્ટ કરેલ છે. આ ઉપરાંત તેઓ તરફે આંક – ૫૮૫ થી લેખિત તેમજ મૌકિ રજૂઆત કરવામાં આવેલ છે કે, આ કામના તહોમતદારોએ આ કહેવાતો ગુનો આચરેલ હોવાની હકીકતો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ હોવાની હકીકતો રહેલ નથી. આ કામના તહોમતદારો વિરૂધ્ધ કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર રજૂ રાખવામાં આવેલ નથી.આ કામના તહોમતદારોએ ગેરકાયદેસર મંડળી બનાવેલ હોવાની કે ગેરકાયદેસર કૃત્ય કરેલ હોવાની કે કાવત્રુ કરેલ હોવાની હકીકતો પણ ફરીયાદ પક્ષ રેકર્ડ પર સાબિત કરી શકેલ નથી. આ કામના ઈજા પામનારને જે ઈજા થયેલ છે તે ઈજા આ કામના તહોમતદારોએ કરેલ હોય તેવી હકીકતો ખુદ ઈજા પામનાર સંગીતાદેવી કહેતા નથી. આ તમામ હકીકતોએ આ કામના તહોમતદારો વિરૂધ્ધના આક્ષેપો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું માનવાને કારણ જણાઈ આવતું નથી. આ કામે તહોમતદારો તરફે પોતાની રજૂઆતના

સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજૂ રાખવામાં આવેલ છે જે ચુકાદાઓ માન સાથે વંચાણમાં લેવામાં આવ્યા.

૧. ૨૦૧૫(૨) સુ. કો. કે. ૭૨૭ સાઉથ સેન્ટ્રલ રેલ્વે એમ્પ્લોઈઝ કો. – ઓ. સોસાયટી એમ્પ્લોઈઝ યુનીયન વિ. બી. યશોધાબાઈ અને બીજા

૨. એ. આઈ. આર. ૧૯૭૬ સુ. કો. ૯૭૫ ભગીરથ વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ

૩. એ. આઈ. આર. ૧૯૭૬ સુ. કો. ૯૮૫ ભગવાનસીંઘ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન

૪. એ. આઈ. આર. ૧૯૭૩ સુ. કો. ૨૭૭૩ કાલીરામ વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ

૫. એ. આઈ. આર. ૨૦૦૦ સુ. કો. ૫૩ કામક્ષા રાય અને બીજા વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ

૬. એ. આઈ. આર. ૧૯૯૯ સુ. કો. ૧૭૦૯ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ વિ. મોતીરામ અને બીજા

આ કામે તહોમતદાર નં.– ૨૦, ૨૫, ૨૬ તરફે વિ. વ. શ્રી તરફે આ કામે તહોમતદાર નં – ૧ વાળા તરફે સીનીયર કાઉન્સીલ તરફથી કરવામાં આવેલ દલીલને એડોપ્ટ કરેલ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, આ કામના તહોમતદારો આ બનાવવાળી જગ્યાએ હાજર હોવા બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો ફરીયાદ પક્ષે રજૂ રાખેલ નથી. આ કામના તહોમતદારોએ શું ગુનો આચરેલ હતો તે હકીકતો ફરીયાદ પક્ષના પુરાવામાં રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આ કામના તહોમતદારોને ખોટી રીતે આ ગુનાના કામે સંડોવી દેવામાં આવેલ હોવાની હકીકતોએ આ કામના તહોમતદારોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

**(૬)** ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારોએ સરકારશ્રીના વિરોધમાં પોતાની માંગણીઓ સંબંધે સુત્રોચ્ચાર કરવા માટે એક બીજાનો સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી એક સંપ કરી મંડળી બનાવેલી. આ કામના તહોમતદારોએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી

મંડળી બનાવી પોતાની રજૂઆતો કરવા માટે અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન પર જઈ સુત્રોચ્ચાર કરવાનું તેમજ કાલુપુર રેલ્વે સ્ટેશન અમદાવાદ મુકામે પ્લેટ ફોર્મ નં – ૧૦ પરથી ઉપડતી રાજધાની ટ્રેનને ઉપડતી અટકાવવાનું અને તેના રેલ્વે ટ્રેક પર બેસી જઈને તેમજ સુઈ જઈને તેમજ ટ્રેનના એન્જીન પર ચઢી જઈ ટ્રેનને રોકી રાખવાનું અને પોતાની રજૂઆત કરવાનું નકકી કરેલ. આ કામના તહોમતદારો પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી મંડળી બનાવી કોઈ પણ રીતે કાલુપુર રેલ્વે સ્ટેશનમાં પ્રવેશ કરી ગઈ તા. ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ અમદાવાદ મુકામે કાલુપુર રેલ્વે સ્ટેશનમાં પ્લેટ ફોર્મ નં – ૧૦ ઉપર એકઠા થયેલા. આ કામના તહોમતદારો એ અગાઉથી નકકી કરેલ પોતાના ગેરકાયદેસરના સમાન ઈરાદાને પાર પાડવા માટે તહોમતદારોએ પૈકી અમુક લોકો ટ્રેનના એન્જીન પર ચઢી જઈ તથા અમુક લોકોએ રેલ્વેના પ્લેટફોર્મ પર બેસી જઈ તથા અમુક લોકો રેલ્વેના ટ્રેક પર સુઈ જઈ રાજધાની એકસપ્રેસ ટ્રેનને તેના નિયત સમય કરતા આશરે વીસ મીટીન સુધી રોકી રાખેલી. તહોમતદારોએ આ સમય દરમ્યાન સરકારશ્રી વિરૂઘ્ધમાં સુત્રોચ્ચર કરી પોતાની માંગણીઓની રજૂઆત કરેલી. આ કામના તહોમતદારો એ કરેલ ગુન્હાહીત કૃત્યના કારણે સરકારી કર્મચારીની ફરજમાં અવરોધ, અટકાત ઉત્પન્ન થયેલી. આ તહોમતદારો પૈકી અમુક લોકોએ આ સમયે સરકારી કર્મચારીને ઈજા કરેલી. આ કામના તહોમતદારો એ ટ્રેઈનને આશરે વીસ મીનીટ સુધી આગળ જવા દીધેલ નહી. આ તહોમતદારો ને રેલ્વે ટ્રેક પરથી તેમજ ટ્રેનના એન્જીન પરથી હટાવ્યા બાદ ટ્રેન આગળ જઈ શકેલી. આ કામના તહોમતદારો એ જે કૃત્ય આચરેલ છે તે ભારતીય દંડ સંહીતાની કલમ – ૧૪૩, ૧ ૪૭, ૧૪૯, ૩૩૨, ૧૨૦(બી), તથા ઈન્ડીયન રેલ્વે એકટ ની કલમ – ૧૫૩ મુજબ સજાને પાત્ર ગુનો છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**– :: કારણો :: –**

## (૮) મુદા નં – ૦૧ ના કારણોની સંયુકત ચર્ચા :–

આ કામે ફરીયાદ પક્ષે તહોમતદારો વિરૂઘ્ધ કરવામાં આવેલ આક્ષેપોના અનુસંધાને નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલ છે. આ કામના સાહેદો તરફથી જે પુરાવા રજૂ રાખવામાં આવેલ છે તે પુરાવો મહદઅંશે જેમની તેમ સ્થિતિમાં અત્રે વિસ્તૃત સ્વરૂપમાં લખવામાં આવેલ છે.

(૧) આ કામે ફરીયાદપક્ષે આંક – ૧૩૯ થી ફરીયાદી નરેન્દ્રકુમાર ખુશાલસિંગ વર્મા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓ સને – ૨૦૧૭ ના રોજ આર. પી. એફ. ઈન્સ્પેકટર તરીકે અમદાવાદ રેલ્વેમાં ફરજ ઉપર હાજર હતાં. તે દરમ્યાન તા. ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ અંદાજે ૧૧ વાગ્યે તેઓ ફરજ ઉપર હાજર હતાં. ફરજ દરમ્યાન સાંજે પોણા છ વાગ્યે આર. પી. એફ. કંટ્રોલમાંથી સૂચના મળેલી કે, પ્લેટ ફોર્મ નં. – ૧૦ ઉપર ટ્રેન નં. – ૧૨૯૫૭, રાજધાની એકસપ્રેસ અમદાવાદથી નવી દિલ્હી જતી ટ્રેનને આગળ વધતી રોકવામાં આવેલ. જેમા ૨૫ થી ૩૦ વ્યકિતઓ સામેલ છે. કેટલાક લોકો ટ્રેનના એન્જિન ઉપર છે અને કેટલાક લોકો રેલ્વેના પાટા ઉપર ઉભા રહેલા. આ સુચના મુજબ સબ ઈન્સ્પેકરશ્રી રવિન્દ્રનાથસિંગને ફોન ઘ્વારા સૂચના આપી ઘટના સ્થળે પહોચવાનું જણાવેલ. તેઓ પોતે ઓફિસના સ્ટાફ સાથે ઘટના સ્થળે રવાના થયેલા. જતાં સમયે હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ને મહિલા મહિલા કોન્સ્ટેબલ તથા વિડીયોગ્રાફરને સાથે લઈ આવવાની સુચના આપવામાં આવેલી. તેઓ પ્લેટફોર્મ નં. – ૧૦ પર પહોચેલા ત્યારે રાજધાની એકસપ્રેસના એન્જીન ઉપર જીગ્નેશ મેવાણી અને અન્ય એક ઈસમને ઉભા રહેલા જોયેલા. તેઓ નારા લગાવતા હતા કે, ગાડીને ચાલવા

નહી દઈએ. તેઓની સાથેની કેટલીક સ્ત્રીઓ અને પુરુષો રેલ્વેના પાટા પર સુઈ ગયેલા અને રાજધાની એકસપ્રેસ ગાડીને રોકવાનો પ્રયત્ન કરેલ અને ચાલવા દીધેલ નહી. જેથી સાહેદે તેઓને સમજાવેલા કે ગાડીના એન્જિન ઉપર ચઢવું અને ગાડીને ચાલતી રોકવી તે દંડનીય અપરાધ છે.

તે દરમ્યાન પી. આઈ. જી. આર. પી. શ્રી રાઠવા પોતાના સ્ટાફના માણસો સાથે પહોચેલા અને સાહેદના સ્ટાફના માણસો તથા મહિલા કોન્સ્ટેબલ ત્યાં પહોચેલા. ત્યારબાદ એન્જિન ઉપર ઉભેલા અને રેલ્વેના પાટા પર સુતેલા વ્યકિતઓને સમજાવેલા કે, રેલ્વેની અવર – જવરમાં બાધા પહોચાડવી તે ગેર કાયદેસર છે. જેથી જીગ્નેશ મેવાણીએ જોરથી કહેલ કે, કોઈ રેલ્વે પાટા પરથી હટશે નહી અને કોઈએ હટવાનું નથી. તેઓને આવું બોલવાથી કેટલીક મહીલાઓએ પોતાની સાડી મહીલા કોન્સ્ટેબલ સામે ઉતારી દીધેલી. જેથી મહીલા કોન્સ્ટેબલોએ આ મહીલાઓને પટરી ઉપરથી દુર લઈ ગયેલા અને બધા પુરુષોને પણ દુર કરેલા અને એન્જીન ઉપર જીગ્નેશ મેવાણી તથા તેઓના સાથીને ઉતારેલા.

પાટા પરથી મહીલાઓને હટાવતા આર. પી. એફ. ની મહીલા કોન્સ્ટેબલ સંગતાદેવીના ડાબા હાથની આગળી પર ઈજા પહોચેલી. ત્યારબાદ બધાને પાટા પરથી હટાવ્યા બાદ એન્જીનના ડ્રાયવરોને આગળ જવાનું કહેલ. ત્યારબાદ ગાડી ત્યાથી રવાના થવામાં ૨૦ મીનીટ જેટલો વિલંબ થયેલો. આ વિલંબ થવાનું કારણ આ લોકો રાજધાની એકસપ્રેસ ટ્રેનના એન્જીન ઉપર ચડી ગયેલ અને રેલ્વેના પાટા પર સુઈ જઈ અંતરાય ઉભો કરવાનો કારણે રાજધાની એકસપ્રેસ ૨૦ મીનીટ મોડી રવાના થયેલી.

ત્યાર બાદ જીગ્નેશ મેવાણી અને તેઓના સાથીદારો મહિલા અને પુરુષોને આર. પી. એફ. અને જી. આર. પી. એફ. ના સ્ટાફ સાથે કોર્ડન

કરીને લઈ જવામા આવેલ. પી. આઈ. જી. આર. પી. રાઠવાને સોંપવામાં આવેલા. ત્યાં પુછપરછ કરવા પર જીગ્નેશ મેવાણી ધ્વારા પોતાનું નામ જીગ્નેશ નટવરભાઈ મેવાણી બતાવેલ અને જણાવેલ કે સરકાર ધ્વારા દલીત સમાજની માંગણી પૂર્ણ નહી કરવાના કારણે ગાડીને રોકવામાં આવેલી. ત્યારબાદ જીગ્નેશ મેવાણી સાથેના ૧૭ પુરૂષો અને ૧૩ મહિલાઓ જેના નામ ખબર નથી તેઓને રેલ્વે એન્જીન અને રેલ્વેના પાટા પર અન અધિકૃત પ્રવેશ, અનઅધિકૃત મંડળી રચી રેલ્વેને ચાલવામાં બાધા પહોચાડવા બદલ જી. આર. પી. ને યોગ્ય કાર્યવાહી કરવા સારુ ફરીયાદ કરેલી. આ ફરીયાદ પી. આઈ. રાઠવા સાહેબ રૂબરૂ આપેલ અને આ સમગ્ર બનાવની વિડિયોગ્રાફી કરવામાં આવેલી કારણ કે, રાજધાની એકસ પ્રેસના યાત્રિકોની સુરક્ષા માટે વિડીયો ગ્રાફરની ડયુટી હોય છે.

ત્યારબાદ પંચો રૂબરૂ બનાવવાળી જગ્યાએ બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ. જે બનાવવાળી જગ્યા સાહેદે બતાવેલી. જે પંચનામું ૨૨.૩૫ વાગ્યે શરૂ થી ૨૩.૧૫ વાગ્યે પૂર્ણ થયેલ. આ બનાવવાળી જગ્યાનું પંચનામું તા. ૧૧ /૦૧/૨૦૧૭ ના રોજ કરેલ. તેઓ તહોમતદારોને જોયેથી ઓળખી શકે. જે કોર્ટમાં હાજર છે તે જ છે. જેમા જીગ્નેશ મેવાણી હાજર નથી. ત્યારબાદ પી. આઈ. જી. આર. પી. શ્રી રાઠવાએ કેસ દાખલ કરેલ અને આગળની કાર્યવાહી કરેલ. તા. ૧૧ /૦૧/૨૦૧૭ ની ફરીયાદ તેઓને બતાવવામાં આવતા પોતાની સહી ઓળખી બતાવી આંક – ૧૪૦ થી રજુ રાખેલ છે.

આ સાહેદ તહોમતદાર નં – ૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓ આર. પી. એફ. માં ૧૯૯૮ થી ફરજ બજાવતા હતાં. હાલનો બનાવ બનેલ ત્યારે તેઓ આર. પી. એફ. ઈન્સ્પેકટર તરીકે ૧૨ વર્ષથી ફરજ બજાવતા હતાં. ફરીયાદ થઈ તે દિવસે તેઓ ફરજ પર હાજર હતાં. તે દર્શાવતો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તેઓના ફોન પર કયા નંબરથી ફોન આવેલો તે નંબર ફરીયાદમાં લખાવેલ નથી. કંટ્રોલમાંથી કયા વ્યકિત

એ તેઓને ફોન કરેલ તે પણ તેઓની ફરીયાદમાં જણાવેલ નથી. તેઓએ પી. એસ. આઈ. સાહેબ ને કયા નંબરથી તેમને કયા મોબાઈલ નંબર ઉપર ફોન કરેલો તે નંબર ફરીયાદમાં લખાવેલ નથી. આ બનાવ સમયે અમદાવાદ રેલ્વેમાં બે વર્ષથી ફરજ બજાવતા હતાં. આ બનાવ સમયે અમદાવાદ રેલ્વે સ્ટેશન પર ૧૨ પ્લેટફોર્મ હતા. કોઈ પણ રેલ્વે સ્ટેશન પર એક કરતા વધારે આવવા – જવાના રસ્તા હોય છે. કોઈ વ્યકિત રેલ્વેના પાટા પરથી પ્લેટફોર્મ પર જઈ શકે. તહોમતદારો કયાં રસ્તેથી રેલ્વે પ્લેટફોર્મ પર આવેલા તે ફરીયાદમાં લખાવેલ નથી. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર બનાવ સમયે સી. સી. ટી. વી. કેમેરા હતાં. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર જરુરીયાત મુજબ આર. પી. એફ. ના જવાનો ફરજ બજાવતા હોય છે. તેઓએ ફરીયાદ સાથે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર રાજધાની કેટલા વાગ્યે નીકવાની છે તે દર્શાવતો કોઈ આધાર રજુ રાખેલ નથી. પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર જવું હોય તો ચાલીને જઈ શકાય. પ્લેટફોર્મ ઉપર જવું હોય તો રેલ્વેની ટીકીટ અથવા પ્લ ેટફોર્મની ટીકીટ જોઈએ. તેઓએ તહોમતદારો સામે વગર પ્લેટફોર્મ ટિકીટે કે રેલ્વે ટિકીટે પ્લેટફોર્મ પર આવેલ તે અંગેનો ગુનો રજીસ્ટર કરાવેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તે તેઓનું કામ નથી. તેઓએ જી. આર. પી. ને તહોમતદારો સોંપી દીધેલ હોઈ તેથી તેથી તે અંગેની કાર્યવાહી કરવાનું સાહેદનું કામ ન હતું. પી. એસ. આઈ. રવિન્દ્રનાથસિંગની ડયુટી ઓફીસર તરીકે તે સમયે હતી.

તેઓની ઓફીસ તે સમયે ૧ નંબર પ્લેટફોર્મ ઉપર હતી. તેઓની ઓફીસ અને પી. એસ. આઈ. રવિન્દ્રનાથસિંહની ઓફિસ એક જ છે. આ બનાવની જાણ થતાં તેઓ કેટલા સ્ટાફ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલા તે હાલે તેઓને યાદ નથી. તેઓને બનાવની જાણ થતા તેઓ તુરત જ પહોંચી ગયેલા. કેટલા સમયમાં પહોંચેલ તે ચોકકસ સમય તેઓને યાદ નથી. તહોમતદાર જીગ્નેશ મેવાણી છે તે દર્શાવતો તેઓનો ઓળખનો પુરાવો લીધેલ નહી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, રોજ પેપરમાં તેઓના આદોલન ચાલતા હતાં. ત્યારે ફોટા અને ખબરો આવતી

હતી. તેથી તેઓને ઓળખતા હતાં. તેઓની ફરીયાદમાં તહોમતદાર જીગ્નેશ મેવાણીને કેવી રીતે ઓળખે છે તે લખાવેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, ફરીયાદ લખવાવાળાએ પુછેલ નહી. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ તહોમતદારો ની સાહેદ ની હાજરીમાં ઓળખ પરેડ કરાવેલ નથી.

ફરીયાદ માં રાજધાની એકસપ્રેસ કેટલા વાગ્યે આવે છે અને કેટલા વાગ્યે ઉપડે છે તે જણાવેલ નથી. સાહેદે સ્વેચ્છા પુર્વક જણાવેલ છે કે રાજધાની એકસપ્રેસ અમદાવાદથી ઉપડતી હોય તેથી તેઓએ સમય જણાવેલ નથી. તેઓની ફરીયાદમાં ગાડી નં. – ૧૨૯૫૭ અમદાવાદ થી દિલ્હી જતી ટ્રેન હતી તેવું લખાવેલ નથી. સાહેદ બનાવ વાળી જગ્યાએ પહોચેલા ત્યારે બહું મોટું ટોળુ ભેગુ થયેલ હતું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ભીડમાં પેસેન્જર, રેલ્વે કર્મચારીઓ, આર. પી. એફ. અને જી. આર. પી. સ્ટાફ જીગ્નેશ મેવાણી અને તેઓના સાથીઓ હાજર હતાં. બનાવવાળી જગ્યાએ આશરે કેટલો લોકો ભેગા થયેલા તે કહી શકે નહી. બનાવવાળી જગ્યાએ હેડ કોન્સ્ટેબલ દિવિજયસિંહ, મહિલા કોન્સ્ટેબલ તથા વિડીયો ગ્રાફર કેટલા વાગ્યે પહોચેલા તે સાહેદને યાદ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, જયારે તહોમતદારોને એન્જિન અને રેલ્વેના પાટા ઉપરથી હટાવવાની કામગીરી ચાલુ હતી ત્યારે તેઓ પહોચેલા. વિડીયોગ્રાફરનું નામ તેઓએ ફરીયાદમાં જણાવેલ નથી.

સાહેદ બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યારે એન્જિન ઉપર બે વ્યકિતઓ ચડેલા હતાં. તેમા બીજી વ્યકિત કોણ હતી તેનું નામ ફરીયાદમાં લખાવેલ નથી. કેટલા વ્યકિતઓ રેલ્વેના પાટા પર સુઈ ગયેલા તે સંખ્યા ફરીયાદમાં લખાવેલ નથી. ગાડી આગળ જવા દેશો નહી તેવું ફરીયાદમાં લખાવેલ નહી હોવાનો ફરીયાદી ઈન્કાર કરે છે. કોણ સુત્રોચ્ચર કરતુ હતે તે ફરીયાદમાં લખાવેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. કઈ મહિલાએ સાડી ઉતારેલી તેનું નામ કે, વર્ણન ફરીયાદમાં જણાવેલ નથી. આ બનાવ કેટલા સમય સુધી ચાલેલ તેનો

અંદાજીત સમય લખાવેલ નથી. સાહેદે જાતે કોઈ તહોમતદારની અટક  કરેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેછે કે, તેઓએ જી. આર. પી. ને આગળની કાર્યવાહી કરવા સોંપી દીધેલા. સાહેદની રૂબરૂમાં જી. આર. પી. એફે. કોઈ તહોમતદારની અટક કરેલ હોય તેવું બનેલ નથી. ફરીયાદ લખાવવા રેલ્વે પોલીસ સ્ટેશને કેટલા વાગ્યે ગયેલ તે સમય હાલ યાદ નથી. તેઓએ ફરીયાદ મૌખિકમાં લખાવેલી. તેઓએ ટાઈપ કરેલ અને તેમાં સાહેદે સહી કરેલી. સાહેદે મોખિકમાં હકીકત હિન્દી ભાષામાં જણાવેલ. આ કાર્યવાહીમાં કેટલો સમય ગયેલો તે તેઓને યાદ નથી. આ બનાવ બન્યા પછી તુરંત જ ફરીયાદ લખાવવા રેલ્વે પોલીસ સ્ટેશન ગયેલા. ચોકકસ સમય યાદ નથી. તેઓએ જાતે કે, તેઓની હાજરીમાં તહોમતદારો પાસેથી નુકસાન જન્ય કોઈ હથિયાર મળેલ હોય તેવું બનેલ નથી. સાહેદની હાજરીમાં કોઈ મહીલા તહોમતદાર ની સાડી કબજે કરેલ હોય તેવું બનેલ નહી.

ટ્રેન કેટલા વાગ્યે આવશે અને કેટલા વાગ્યે જશે તેની સુચના તેઓએ આપવાની હોતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેના આવન – ગમનમાં જો કોઈ રુકાવટ હોઈ તો તેની સુચના તેઓને આપવાની હોય છે. તેની કાર્યવાહી પણ તેઓને કરવાની હોય છે. રાજધાની એકસપ્રેસ આવવા – જવામાં કોઈ રૂકાવટ થયેલ હોય તેવું ઉપરી અધીકારીશ્રીને જણાવેલ નહી તેનો ઈન્કાર કરેલ છે. તેઓના કયાં ઉપરી અધિકારીએ આ જાણકારી આપેલી તેવું ફરીયાદમાં જણાવેલ નથી. હાલની ફરીયાદ આપ્યા બાદ તેઓનું કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. તહોમતદારોએ કોઈ પણ રેલવે કે રેલવેના પાટાને નુકસાન પહોચાડેલ નહી. તહોમતદારોએ રેલવેની કોઈ પણ સંપતિને નુકસાન પહોચાડેલ નહી. સાહેદે રાજધાની એકસપ્રેસના કોઈ ગાર્ડ, ડ્રાઈવર કે, પેસેન્જરની પુછપરછ કરેલ નહી.

ફરીયાદ આપી તે સીવાય પોલીસની બીજી કોઈ કાર્યવાહી માં સાહેદે ભાગ લીધેલ નહી તેનો ઈન્કાર કરી જણાવેલ છે કે, પંચનામું તેઓની

રૂબરૂમાં થયેલ. પ્લેટ ફોર્મ નં. – ૧૦ ઉપર બનાવવાળી જગ્યાનું પંચનામું થયેલ. તે તેઓની હાજરીમાં થયેલ. હાલની ફરીયાદ લખાવ્યા બાદ કેટલા સમય સુધી તેઓ રેલ્વે પોલીસમાં હતાં તે તેઓને હાલ યાદ નથી. ફરીયાદ લખાવ્યા પછી તેઓ ૧૦ વાગ્યે બનાવવાળી જગ્યાનું પંચનામું કરવા ગયેલ. ત્યાં તેઓ ૨૨.૩૫ વાગ્યાથી ૨૩.૧૫ વાગ્યા સુધી ત્યાં રોકાયેલા. પંચનામું કરવા તેઓ પી. આઈ. જી. આર. પી. અને તેઓના સ્ટાફના માણસો ગયેલા. પંચો પોલીસ સ્ટેશનથી તેઓની સાથે હતાં. તેઓની રૂબરૂમાં કોઈ કાર્યવાહીનું વિડીયો રેર્કોડીંગ થયેલ ન હતું. પંચોને સાહેદના ઓળખનો કોઈ આધાર પુરાવો આપેલ નહી. ફરીયાદ આપ્યા પછી અને પંચનામું થયા પછી તેઓને પોલીસ સ્ટેશન જવાનું થયેલ નહી. ફરીયાદ લખાવવા ગયેલ ત્યારે ત્યાં આર. પી. એફ. સ્ટાફ અને જી. આર. પી. એફ. સ્ટાફ હાજર હતાં. જયાં સુધી ફરીયાદ પુરી ન થઈ ત્યાં સુધી આ સ્ટાફના માણસો ત્યાં હાજર હતાં. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર ઘણા બધા માણસો આવતા જતા હોય છે. ઘણી વખત ટ્રેન સમયસર ન ચાલે તો મુસાફરો હંગામો કરે છે. તેઓની સાથે આર. પી. એફ. ના કેટલા માણસો ગયેલા તેનું નામ ફરીયાદમાં લખાવેલ નથી. સાહેદે કયા કાયદા હેઠળ લખાવેલ તે જણાવેલ નથી. રેલવેમા કોઈ અઘટિત ઘટના બનવાની હોઈ તો તેની જાણ કયારેક કયારેક તેઓને પહેલેથી કરી દેવામાં આવે છે. સાહેદ બનાવવાળી જગ્યાએ ૫–૪૦ વાગ્યા પહેલા પહોંચેલા અને તહોમતદારોને હટાવી ગાડી ચાલી ત્યાર બાદ ત્યાંથી નીકળેલા.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

આ સાહેદની તહોમતદાર નં – ૨ થી ૩૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ વંચાણમાં લેવામાં આવે તો તહોમતદાર નં – ૧ વાળા તરફે કરવામાં આવેલ

છે તે જ ઉલટ તપાસ શબ્દસહ હોવાથી પુનરાવર્તન તથા લંબાણ નિવારવાના હેતુથી અત્રે ફરી વખત લખવામાં આવેલ નથી.

(૨) ફરીયાદપક્ષે આંક – ૧૪૪ થી પંચ સાહેદ સમંદરભાઈ ઈબ્રાહીમભાઈ શેખ તથા આંક – ૧૪૮ પંચ સાહેદ ફીરોઝખાન સીકંદરખાન પઠાણ તથા આંક – ૧૪૯ થી પંચ રૂકશાના સલીમઅલી અંસારી સોગંદ પરના પુરાવા દરમ્યાન પોલીસે તેઓની પંચ તરીકે સહી અને અંગુઠા લીધેલા પરંતુ તેઓની રૂબરૂમાં કોઈ કાર્યવાહી થયેલ હોવાની હકીકતોને સમર્થન કરતા નથી. આ પંચોને ફરી ગયેલા જાહેર કરી સ્પે. એ. પી. પી. શ્રીએ તેઓને સુચક પ્રશ્નો પુછવા છતા પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. આ પંચો ઉલટ તપાસ દરમ્યાન પંચનામામાં સહી અને અંગુઠા કર્યા સીવાય કોઈ હકીકતો જણાતા નહી હોવાનું સ્વિકારેલ છે.

(૩) ફરીયાદપક્ષે આંક – ૧૬૫ થી ઈજા પામનાર સાહેદ સંગીતાદેવી હરકેશકુમાર સરોજ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ કાળુ પુર રેલ્વે સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતાં. ત્યારે તા: ૧૧/૦૧/૧૭ ના રોજ સમય ૧ ૭.૪૫ વાગે અમદાવાદ રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ નં. – ૧૦ અમદાવાદ થી દિલ્હી જતી રાજધાની એકસપ્રેસ જીગ્નેશ મેવાણીના આગેવાનીમાં ૧૮ પુરૂષ અને ૧૩ મહીલા ગેરકાયદેસર કાર્ય કરીને રેલ્વે સ્ટેશનમાં પ્રવેશ કરી ટ્રેનની આગળ એન્જીનના ભાગે ચઢી ગયેલા. બીજી મહીલાઓ રેલ્વે પાટા ઉપર ઉંઘી ગયેલી હતી. આ લોકોને સમજાવવા બાબતે જી. આર. પી. એફ. અને આર. પી. એફ. ના માણસો ગયેલા પરંતુ તેઓ સમજેલા નહી. જેથી હલ્લો થયો, હાથા પાઈ થઈ જેમા સાહેદને ડાબા હાથે ઈજા થયેલી. જેની સારવાર તેઓએ લીધેલી. ત્યારબાદ બધાને પોલીસ સ્ટેશન લઈ ગયેલા. ત્યાં તેઓની પુછપરછ કરી કાનુની કાર્યવાહી કરેલી. તેઓ તહોમતદારોને ઓળખી શકે તેઓ કોર્ટમાં હાજર છે.

આ સાહેદ તહોમતદારો તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓ ૭ વર્ષથી રેલ્વેમાં નોકરી કરે છે. બનાવ સમયે પાંચ વર્ષથી નોકરી કરતાં હતાં. તેઓ તા. ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ તેઓની ફરજ ઉપર હતાં તે બતાવવા માટે નિવેદન લેનાર અધિકારીને કોઈ પુરાવો આપેલ નથી. આ બનાવ સમયે તેઓની ડ્યુટી પ્લેટ ફોર્મ નં – ૧ ઉપર હતી. સાહેદને તેઓના ઉપરી અધિકારી ડ્યુટી ફાળવે છે. જેથી જે જગ્યાએ તેઓની ડ્યુટી ફાળવવામાં આવેલ અને તેઓની ફરજ બજાવવાની હોય છે. તેઓની ડ્યુટી જે જગ્યાએ હોય છે ત્યાંથી અન્ય જગ્યાએ જવાનું હોય તો તેનો આદેશ તેઓના ઉપરી અધિકારી આપતા હોય છે. તેઓને પ્લેટ ફોર્મ નં. – ૧ ઉપરથી પ્લેટ ફોર્મ નં. – ૧૦ પર જવાનું છે તે બાબતેનો તેઓને ફોન આવેલો તે હકીકત તેઓના નિવદનમાં લખાવેલ નથી. તેઓનું નિવેદન નોંધાવવા બાબતે સાડા આઠ વાગ્યે રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે ગયેલા. તેઓ નિવેદન નોંધાવવા ગયેલા ત્યારે તેઓની સાથે કોઈ સાહેબ હતાં પરંતુ કયાં સાહેબ હતાં તે હાલ યાદ નથી. તેઓને ગુજરાતી લખતા વાંચતા આવડતું નથી. તેઓ નિવેદન આપતા હોય તે હિન્દીમાં લખવામાં આવેલ હોય તેવું બનેલ નથી. તેઓ નિવેદન આપવા માટે ગયેલા. ત્યારે એક કલાક જેટલો સમય રોકાયેલ. બનાવ સમયે તેઓને ઈજા થયેલ હોવાથી તેઓ જી. આર. પી. એફ. સ્ટાફના માણસ સાથે સારવાર માટે સીવીલ હોસ્પિટલ ગયેલ. સારવાર લીધા બાદ તેઓને સારવાર અંગેનું સર્ટી આપેલું. સારવાર સમયે ડોકટરને હીસ્ટ્રી લખાવેલ હોય પરંતુ ઈન્જરી સર્ટીમાં વૈશાલી લખાભાઈ પરમારે લખાવેલાનું સર્ટીફીકેટ તેઓને મળ્યુ હોય તે અંગે ડોકટરને કોઈ રજુઆત કરેલ નહી. આ સમયે તહોમતદારો તરફે સાહેદની ઈન્જરી બાબતે તેઓને ઈન્જરી સારવાર બતાવતા હોય જેથી સદર સારવાર સર્ટી જુબાની દરમ્યાન રીફર થતું હોય જે અસલ સારવાર સર્ટી આંક – ૧૬૬ થી રજુ રાખેલ છે. તેઓની સહેલી વૈશાલીબેન તેઓની સારવાર અંગે નું સર્ટીફીકેટ લેવા ગયેલ અને તેણીએ લખાવેલ તે પ્રમાણે સર્ટીફીકેટમાં લખેલ.

સાહેદે કોઈ તહોમતદારને જાતે અટક કરેલ નથી. તેઓ પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે તહોમતદારોની સંખ્યાની ખબર પડેલી. તેઓના નિવેદનમાં તહોમતદારો ના નામ લખાવેલ નથી. રેલ્વે સ્ટેશન પર બનેલો બનાવ જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં બનેલો હતો તેવું તેઓને ખબર ન હતી. તેઓને જીગ્નેશ મેવાણીની ઓળખ ઓળખ કરાવવા માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ પાસે કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. તેઓનું નિવેદન ગુજરાતીમાં લખેલું તે તેઓને હિન્દીમાં સમજાવેલ નહી. તેમજ તેઓના નિવેદનમાં કોના નામ લખાવેલ છે તે પણ જણાવેલ નથી. તેઓએ સંખ્યા સિવાય બીજુ કઈ લખાવેલ નહી. ટ્રેનના એન્જીન ઉપર ટ્રેનની આગળ તેમજ રેલ્વે પાટા પર કોણ ઉંઘી ગયેલ અને ચઢી ગયેલ તેઓના નામ લખાવેલ નથી. આ આદોલનકારીઓને કે, દેખાવકર્તાઓને કોણ સમજાવવા ગયેલ તે તેઓના નિવદનમાં લખાવેલ નથી. કાળુપુર રેલ્વે સ્ટેશન પર ભીડભાડ વધારે હોય છે. બનાવ સમયે કાળુપુર રેલ્વે સ ટેશનમાં ૧૨ પ્લેટફોર્મ હતાં. પ્લેટફોર્મ નં. – ૧ થી ૧૦ નંબરના પ્લેટફોર્મ જવુ હોય તો પ મીનીટ લાગે. તેઓની સાથે સ્ટાફના કોણ હતું કયાં અધિકારી હતા અને કેટલી સંખ્યામાં હતા તેવું નિવેદનમાં લખાવેલ નથી.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૪) ફરીયાદપક્ષે આંક – ૧૭૨ થી સાહેદ કમલેશભાઈ કાળાભાઈ બુવળ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ સને – ૨૦૧૭ ના વર્ષમાં પી. એસ. આઈ. તરીકે અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં તેમની ફરજ પર હાજર હતાં. ત્યારે તા. ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ સાંજના કલાક – ૧૭.૦૦ વાગે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર અમદાવાદથી દિલ્હી જતી રાજધાની એક્ષપ્રેસ ટ્રેન આગળ જીગ્નેશ મેવાણીની આગેવાની હેઠળ ગામ – સરોડા, તા. – ધોળકાના ૧૮ જેટલા પુરૂષો

તથા ૧૩ જેટલી મહિલાઓ ટ્રેનનાં એંજીન ઉપર ચડી ગયેલ અને મહિલાઓ ટ્રેનના પાટા ઉપર બેસી જઈને ટ્રેનને રોકેલ. તે અંગેની તેઓને માહિતી મળતાં તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા. ત્યારે ત્યાં આર. પી. એફ. ના અધિકારી, કર્મચારી તથા જી. આર. પી. પોલીસના અધિકારી, કર્મચારી આવી ગયેલા. ટ્રેનને રોકેલ તે પુરૂષો તથા સ્ત્રીઓને કોર્ડન કરી, પકડી તે તમામને આર. પી. એફ. પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયેલા. આ તમામે ટ્રેન રોકવાનો અવરોધ કરી તેમજ સરકારી કર્મચારીઓની ફરજને રૂકાવટ કરેલ હોય જે અંગે આર. પી. એફ. ના પી. આઈ. વર્મા સાહેબે જી. આર. પી. ના પી. આઈ. રાઠવા સાહેબની રૂબરૂની આઈ. પી. સી. કલમ – ૧૪૩, ૧૪૭ વિગેરે તથા રેલ્વે એકટની કલમ – ૧૫૩ મુજબનો ગુનો દાખલ કરી આ તમામ તહોમતદારોને અટક કરવામાં આવેલા. આ કામગીરીમાં તેઓએ સાથ આપેલ અને તા. ૧૧/૦૧/૧૭ ના રોજ પી. આઈ. શ્રી અમદાવાદ રેલ્વે સ્ટેશન રૂબરૂ તેમનું નિવેદન નોંધવામાં આવેલું. તેઓ હાલમાં તહોમતદાર જીગ્નેશ મેવાણીને ઓળખી શકે, તે સિવાયના બાકીના તહોમતદારોને તેઓ ઓળખી શકે નહીં.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં જણાવે છે કે, આ બનાવના દિવસે તેમની નોકરી સવારના આઠ વાગ્યાથી સાંજના આઠ વાગ્યા સુધીની હતી. તેમની ફરજમાં પ્લેટફોર્મ નં. – ૦૧ થી ૧૨ સુધીનું સુપરવિઝન કરવાનું હતું. અમદાવાદ રેલ્વે ખાતે કુલ – ૧૨ પ્લેટફોર્મ આવેલ છે. એક પ્લેટફોર્મ ઉપરથી બીજા પ્લેટફોર્મ ઉપર જવું હોય તો સીડી ચડીને બ્રીજના પગથીયાથી જવું પડે. તેમજ અમદાવાદ રેલ્વે સ્ટેશનના તમામ પ્લેટફોર્મ ઉપરથી અસંખ્ય ગાડીઓની અવર – જવર હોય છે. ગાડીઓમાંથી રોજના હજારો પેસેન્જરોની અવર જવર હોય છે. તમામ ૧ થી ૧૨ પ્લેટફોર્મ પેસેન્જરોથી ભરચક હોય છે. અમદાવાદ રેલ્વે સ્ટેશનમાં કાલુપુર તરફના પ્રવેશ દ્વાર ઉપર કાયમ માટે પોલીસનું ચેકીંગ હોય છે. જો શંકાસ્પદ વ્યકિત હોય તો ચેકીંગ વખતે તેને રેલ્વે સ્ટેશનમાં પ્રવેશવા દેવામાં આવતા નથી. જો કોઈ વ્યકિત રેલ્વે સ્ટેશનમાં પ્રવેશ

કરે ત્યારબાદ રેલ્વે સ્ટેશનના મુખ્ય દરવાજા પર ફરીથી ચેકીંગ થાય છે. અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન પ્લેટફોર્મ નં. – ૦૧ પર આવેલ છે અને વહીવટી કામ પ્લ ેટફોર્મ નં. – ૧૨ પર આવેલ છે.

તા. ૧૧/૦૧/૧૭ ના રોજ તેઓ પ્લેટફોર્મ નં. – ૦૧ ઉપર તપાસના કામે રોકાયેલા હતાં. સાહેદને વાતો વાતોથી જાણવા મળેલ કે કેટલાક લોકો ટ્રેન રોકે છે જેથી તેઓ પ્લેટફોર્મ નં. – ૧૦ પર ગયેલા. તેઓને તેમના ઉપરી અધિકારી એ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર જવા માટે કોઈ લેખિત કે મૌખિક સુચના આપી હોય તે બાબતેનો કોઈ આધાર આ કામે તેઓએ રજુ કરેલ નથી. પ્લેટફોર્મ પર હજારોની સંખ્યામાં પેસેન્જરો હોય છે, તે પૈકી કેટલાક બ્રીજની સીડી ચડી બીજા પ્લેટફોર્મ ઉપર જવાના બદલે કેટલાક સીધા રેલ્વેના પાટા કુદીને જતા હોય છે. આ રીતે દિવસ દરમિયાન ઘણાં બધા પેસેન્જરો રેલ્વેના પાટા કુદીને બીજા પાટા ઉપર જાય છે.

રાઠવા સાહેબે માત્ર તેમનું નામ, ઠામ પુછેલું. તેનો ઈન્કાર કરી સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, જે બનાવ બનેલો તેની હકીકત તેઓએ રાઠવા સાહેબને લખાવેલી. તેમણે તેમનું નિવેદન લખાવેલ ત્યારે ત્યાં તેઓ, રાઠવા સાહેબ અને રાઈટર હતા, તે સિવાય બીજુ કોઈ હતું નહીં. જીગ્નેશ મેવાણી ગુજરાતના ધારાસભ્ય છે અને અવાર – નવાર આંદોલનો કરે છે, જેથી તેઓ તેમને ઓળખે છે. જીગ્નેશ મેવાણીના સમાચાર અવાર – નવાર છાપામાં આવે છે જેના કારણે તેઓ તેમને ઓળખે છે. બનાવ વખતે પકડાયેલ ૧૮ જેટલા પુરૂષો અને ૧૩ જેટલી મહિલાઓ હતા અને તેઓ જ તહોમતદારો હતા અને તેઓ વિરૂધ્ધની કાર્યવાહી તેમની રૂબરૂ થયેલી.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૫) ફરીયાદપક્ષે આંક – ૧૭૩ થી સાહેદ મંગુરભાઈ નાજીભાઈ રાઠોડ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ સને – ૨૦૧૭ ના વર્ષમાં હેડ કોન્સ્ટેબલ તરીકે અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં તેમની ફરજ પર હાજર હતાં. તા. ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ સાંજના કલાક – ૧૭.૦૦ વાગે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર હતા. ત્યારે સાંજના ૧૭ – ૪૦ વાગે પ્લેટફોર્મ નં – ૧૦ ઉપર અમદાવાદ થી દિલ્હી જતી રાજધાની એક્ષપ્રેસ ટ્રેન આગળ જીગ્નેશ મેવાણીની આગેવાની હેઠળ ગામ – સરોડા, તા – ધોળકાના ૧૮ જેટલા પુરૂષો તથા ૧૩ જેટલી મહિલાઓ ટ્રેનનાં એન્જીન ઉપર ચડી ગયેલ અને મહિલાઓ ટ્રેનના પાટા ઉપર બેસી જઈને ટ્રેનને રોકેલ. તે અંગેની તેઓને માહિતી મળતાં તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા. ત્યારે ત્યાં આર. પી. એફ. ના અધિકારી, કર્મચારી તથા જી. આર. પી. પોલીસના અધિકારી, કર્મચારી આવી ગયેલા હતા. ટ્રેનને રોકેલ તે પુરૂષો તથા સ્ત્રીઓને કોર્ડન કરી, પકડી તે તમામને આર. પી. એફ. પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયેલા. આ તમામે ટ્રેન રોકવાનો અવરોધ કરી તેમજ સરકારી કર્મચારીઓની ફરજને રૂકાવટ કરેલ હોય જે અંગે આર. પી. એફ. ના પી. આઈ. વર્મા સાહેબે જી. આર. પી. ના પી. આઈ. રાઠવા સાહેબની રૂબરૂની આઈ. પી. સી. કલમ – ૧૪૩, ૧૪૭ વિગેરે તથા રેલ્વે એકટની કલમ – ૧૫૩ મુજબનો ગુનો દાખલ કરી આ તમામ તહોમતદારોને અટક કરવામાં આવેલા. આ કામગીરીમાં સાહેદે સાથ આપેલ અને તા. ૧૧/૦૧/૧૭ ના રોજ પી. આઈ. શ્રી અમદાવાદ રેલ્વે સ્ટેશન રૂબરૂ તેમનું નિવેદન નોંધવામાં આવેલું. તેઓ હાલમાં તહોમતદાર જીગ્નેશ મેવાણીને ઓળખી શકે, તે સિવાયના બાકીના તહોમતદારોને તેઓ ઓળખી શકે નહીં.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, બનાવના દિવસે તેમની નોકરી સવારના આઠ વાગ્યાથી સાંજના આઠ વાગ્યા સુધીની હતી. તેમની ફરજ પ્લેટફોર્મ નં. – ૦૧ ઉપર આવેલ ઓફીસમાં પી. એસ. આઈ. બુવળ સાહેબના રાઈટર તરીકેની હતી. અમદાવાદ રેલ્વે ખાતે કુલ – ૧૨ પ્લેટફોર્મ આવેલ છે. એક પ્લેટફોર્મ ઉપરથી બીજા પ્લેટફોર્મ ઉપર જવું હોય તો સીડી ચડીને બ્રીજના પગથીયાથી જવું પડે, તેમજ અમદાવાદ રેલ્વે સ ટેશનના તમામ પ્લેટફોર્મ ઉપરથી અસંખ્ય ગાડીઓની અવર જવર હોય છે, તેમજ ગાડીઓમાંથી રોજના હજારો પેસેન્જરોની અવર – જવર હોય છે. તમામ – ૧ થી ૧ ૨ પ્લેટફોર્મ પેસેન્જરોથી ભરચક હોય છે. અમદાવાદ રેલ્વે સ્ટેશનમાં કાલુપુર તરફના પ્રવેશ દ્વારા ઉપર કાયમ માટે પોલીસનું ચેકીંગ હોય છે. જો શંકાસ્પદ વ્યકિત હોય તો ચેકીંગ વખતે તેને રેલ્વે સ્ટેશનમાં પ્રવેશવા દેવામાં આવતા નથી. જો કોઈ વ્યકિત રેલ્વે સ્ટેશનમાં પ્રવેશ કરે ત્યારબાદ રેલ્વે સ્ટેશનના મુખ્ય દરવાજા પર ફરીથી ચેકીંગ થાય છે. અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન પ્લેટફોર્મ નં. – ૦૧ પર આવેલ છે અને વહીવટી કામ પ્લેટફોર્મ નં. – ૧૨ પર આવેલ છે.

તા. ૧૧/૦૧/૧૭ ના રોજ તેઓ પ્લેટફોર્મ નં. – ૦૧ ઉપર તપાસના કામે રોકાયેલા હતાં. તેઓને વાતો વાતોથી જાણવા મળેલ કે કેટલાક લોકો ટ્રેન રોકે છે, જેથી તેઓ પ્લેટફોર્મ નં. – ૧૦ પર ગયેલા. તેઓને તેમના ઉપરી અધિકારી એ પ્લેટફોર્મ નં. ૧૦ ઉપર જવા માટે કોઈ લેખિત કે મૌખિક સુચના આપી હોય તે બાબતેનો કોઈ આધાર આ કામે તેઓએ રજુ કરેલ નથી. તેઓએ ઉલટમાં એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, જે અંગેની તેઓને હકીકત મળતાં તેઓ બનાવવાળી જગ્યા પર પહોંચી ગયેલા અને ટ્રેનને રોકેલ તે પુરૂષો તથા સ્ત્રીઓને કોર્ડન કરેલા.

પ્લેટફોર્મ પર હજારોની સંખ્યામાં પેસેન્જરો હોય છે. તે પૈકી કેટલાક બ્રીજની સીડી ચડી બીજા પ્લેટફોર્મ ઉપર જવાના બદલે કેટલાક સીધા રેલ્વેના પાટા

કુદીને જતા હોય છે. આ રીતે દિવસ દરમિયાન ઘણાં બધા પેસેન્જરો રેલ્વેના પાટા કુદીને બીજા પાટા ઉપર જાય છે. તેમનું નિવેદન પી. આઈ. રાઠવા સાહેબે તા. ૧૧ /૦૧/૧૭ ના રોજ રાત્રે ૨૧.૦૦ ની આજુબાજુ લીધેલું. તેઓએ તેમનું નિવેદન લખાવેલું તે વખતે બુવળ સાહેબ તથા ડી. સ્ટાફના માણસો અને રેલ્વે સ ટેશન ડયુટીના માણસો હાજર હતાં. તેઓએ તેમના નિવેદનમાં ડી – સ્ટાફના માણસોના નામ લખાવેલ નથી. તેઓને પ્લેટફોર્મ નં. ૧૦ ઉપર જવાની મૌખિક સૂચના મળેલી, પરંતુ લેખિતમાં કોઈ આદેશ મળેલ નથી.

તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, રાઠવા સાહેબે તેમનું માત્ર નામ, ઠામ પુછેલું અને પોતાની રીતે નિવેદન લખી લીધેલું. તેઓએ તેમનું નિવદન પી. આઈ. સાહેબની ઓફીસમાં લખાવેલું. તેઓએ તેમનું નિવેદન લખાવેલું ત્યારે પોલીસ સ્ટાફના માણસો સિવાય બીજુ કોઈ હાજર ન હતું. જીગ્નેશ મેવાણી વર્તમાન ધારાસભ્ય છે, તેમજ જીગ્નેશ મેવાણી ફેસબુક તેમજ વોટસએપ પર એકટીવ રહે છે, તે રીતે તેઓ તેમને ઓળખે છે. તેઓ અવાર નવાર ગરીબ, કચડાયેલા, પછાત વર્ગોની રજુઆતો સરકાર સમક્ષ કરે છે, તે અંગેના સમાચાર અવાર નવાર સમાચાર પત્રોમાં આવે છે, તે રીતે પણ તેઓ તેમને ઓળખે છે.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો એ ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૬) ફરીયાદપક્ષે આંક – ૧૭૬ થી ડો. હેમાંગીની નયનકુમાર સ્વામીનારાયણ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ સીવીલ હોસ્પીટલમાં છેલ્લા ૫ વર્ષથી ફરજ બજાવે છે. તા. ૧૧/૧/૧૭ના રોજ રાત્રિના ૯/૨૧ વાગે અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનની પોલીસ યાદી સાથે વૈશાલીબેન લખાભાઈ

પરમારનાઓ સંગીતાદેવી હરેશકુમાર સરોજને તેમની સમક્ષ લાવેલા. સંગીતાબેન હરેશકુમાર સરોજે પોતાની જાતે હિસ્ટ્રી આપેલ કે ''આજરોજ તા. ૧૧/૧/૧૭ સાંજે ૫/૪૦ મીનીટે પ્લેટફોર્મ પર રેલ્વે રોકનેવાલે ટોલાને જિગ્નેશ માવાણીના માણસો તથા બીજા ટોળાના માણસો જયારે રેલ્વે રોકતા હતા ત્યારે ટોળાને રોકતા હાથબળથી ખેંચતા ઈજા થયેલ. પેશન્ટ સંપુર્ણ સભાન અને સહકાર આપતુ હતુ. તેના ડાબા હાથની વચલી આંગળી અને રીંગ ફીંગર ત્યાં દુખાવો તેમજ તેને અડતા પણ દુખાવો થતો. એકસરે નોર્મલ હતા'' તેણીએ આંક – ૧૬૬ વાળું ઈન્જરી સર્ટી. જોઈને જણાવેલ છે કે, તે તેમના સ્વહસ્તાક્ષરમાં છે જેમાં તેમના હોદ્દાનું સીલ છે જે તેણી ઓળખી બતાવે છે.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટમાં જણાવે છે કે, વૈશાલીબેન કોણ છે તે બાબતે તેણીએ ખરાઈ કરેલી નહી. તેમજ સંગીતાબેનની પણ તેણીએ ખરાઈ કરેલી નહી. સંગીતાબેનની મેડિકલ હીસ્ટ્રી વૈશાલીબેને લખાવેલ હોવાનો ઈન્કાર કરે છે. આ ઈજા સામાન્ય પ્રકારની છે, તેમજ આ પ્રકારની ઈજા અથડાવાથી, ભટકાવાથી, પડી જવાથી કે ટુ વ્હીલરનુ હેન્ડલ ભટકાવાથી પણ થઈ શકે. ફરીયાદપક્ષને સમર્થન આપવા માટે તેણી ખોટી જુબાની આપતા હોવાનો તેમજ આ પેશન્ટ તેણીએ જાતે તપાસેલુ નહી હોવાનો તેમજ પેશન્ટને તેણીના જુનીયરે તપાસેલ હોવાનો તેમજ તેણી સરકારી કર્મચારી હોવાથી ફરીયાદપક્ષને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે.

(૭) ફરીયાદપક્ષે આંક – ૧૭૯ થી સાહેદ ભીમસિંહ ગલુભાઈ પટેલ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે સર્વેલન્સ સ્કવોડમાં એ. એસ. આઈ. તરીકે ફરજ પર હાજર હતા. તે વખતે તા. ૧૧/૧/૧૭ ના રોજ તેમની નોકરી દિવસ સર્વેલન્સ સ્કવોડની ફરજમાં હતી. તે વખતે અમદાવાદથી દિલ્હી તરફ જતી રાજધાની એકસપ્રેસ ટ્રેન પ્લ ેટફોમ નં – ૧૦ ઉપરથી ઉપડતી હોઈ તેઓ સદર ટ્રેન પર હાજર હતા.

તે વખતે દલીત સંઘના આગેવાન જિગ્નેશ મેવાણી કેટલીક જુદી જુદી માંગણીઓ અનુસંધાને ૧૮ જેટલા પુરુષો તથા ૧૩ જેટલી મહીલાઓ સાથે સરકારશ્રીના વિરોધ પ્રદર્શન કરવા સારુ સદર ટ્રેનના એન્જિનના આગળના ભાગે કેટલીક મહીલાઓ પાટા ઉપર સુઈ ગયેલ અને કેટલીક મહીલાઓ એ સાડીઓ કાઢી તેમજ કેટલાક પુરુષો એન્જિન ઉપર ચઢી કલાક – ૧૭/૪૦ વાગે સરકારશ્રી વિરુધ્ધ પ્રદર્શન કરી ૨૦ મીનીટ જેટલી ટ્રેન રોકેલી. જેથી જી. આર. પી. તેમજ આર. પી. એફ. ના માણસોએ તેમને સમજાવવાનો પ્રયત્ન કરેલ તેમ છતાં પણ તેઓ માનેલ નહી. જેથી જી. આર. પી. તેમજ આર. પી. એફ. ના માણસોએ તેઓને પકડી લઈ જઈ આર. પી. એફ. પોસ્ટ ખાતે લઈ જઈ તેઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી તેમના પો. ઈન્સ. સાહેબે કરેલી. પોલીસ ઇન્સ્પેકટરશ્રી એ તેમનું નિવેદન નોંધેલુ. તેઓ જિગ્નેશ મેવાણીને ઓળખી શકે અને બાકીનાને ઓળખી શકે નહી.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટમાં તેઓએ જણાવેલ છે કે, સ્ર્વેલન્સ સ્કવોડમાં તેઓ છેલ્લા ૨૦ – ૨૫ વર્ષથી ફરજ બજાવે છે. તેઓએ સ્ર્વેલન્સ સ્કવોડમાં મિલકત સંબંધિત ગુનાઓ, અટકાયતી પ્ર કારના કેસો તેમજ આવા કોઈપણ પ્રદર્શનકારીઓને અટકાવવાનુ કાર્ય કરવાનુ હોય છે. તેઓ તા. ૧૧/૧/૧૭ ના રોજ રાજધાની એકસપ્રેસ ટ્રેનમાં ફરજ ઉપર હતા. તેમનું પી. આઈ. સાહેબે નિવેદન લીધેલુ તેની સાથે તેઓ રાજધાની એકસપ્રેસ ટ્રેન ઉપર ફરજ પર હત તે બાબતનો પુરાવો આપેલો. તેમજ પ્રદર્શનકારીઓ વિરુધ્ધ તેઓએ કોઈ અટકાયતી પગલા લીધેલા નહી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓએ તેમને અટકાવવાનો પ્રયત્ન કરેલો.

તેઓએ કોને સમજાવેલા અને શું સમજાવેલ તે તેમના પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી, તેવા પ્રશ્નના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, તેઓએ પ્રદર્શનકારીઓને જે સમજાવેલ તે દરેક વસ્તુ નિવેદનમાં લખાવાની ન હોય. પ્ર દર્શનકારીઓએ જે પ્રદર્શન કરેલ તે બાબતે સાહેદે કોઈ જાતે ફરીયાદ કરેલ નથી. ૧

૮ પુરુષ અને ૧૩ સ્ત્રીઓના નામો ગણતરી કરીને નોંધેલા નહી. તેઓએ કોઈ મહીલાઓએ સાડીઓ કાઢી એન્જિનના આગળના ભાગે સુઈ ગઈ હોય કે એન્જિન પર ચઢી ગઈ હોય તો તેમના મોબાઈલમાંથી કોઈ વીડીયોગ્રાફી કરેલ નથી.

રેલ્વે સ્ટેશન ઉપર પોલીસનો પુરતો સ્ટાફ અને બંદોબસ્ત હોય છે, તેમજ મોટી સંખ્યામાં કોઈ રેલ્વે સ્ટેશન પર ધસી આવે તો એન્ટ્રન્સ ઉપર જ પોલીસને ખબર પડે તેવી હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે. તેઓનું નિવેદન તેઓ બોલતાં હતાં અને કોઈ લખતુ હોય એવુ બનેલુ. તેમનું નિવેદન હાથેથી નોંધી લીધેલુ હોવાનો તેમજ જિગ્નેશ મેવાણી ધારાસભ્ય છે, દલીત આગેવાન છે અને ઘણીવાર મીડીયામાં તેઓ બાબતે સમાચાર આવતા હોય જેથી તેઓને ખોટી રીતે ઓળખી બતાવતા હોવાનો ઈન્કાર કરેલ છે.

જિગ્નેશભાઈ મેવાણી બાબતે તેઓએ જાતે ખરાઈ કરેલી. સાહેદે જાતે જિગ્નેશભાઈ મેવાણીની અટક કરેલી નહીં. તેઓ નિવેદન આપવા માટે પી. આઈ. ના રાઈટરની ચેમ્બરમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ ગયેલ, સમય તેમને યાદ નથી. તેઓ નિવેદન આપવા ગયેલા ત્યારે કેટલો સમય રોકાયેલા તેની તેમને ખબર નથી. તેઓ નિવેદન આપવા માટે બપોર ના સમયે ગયેલ. પી. આઈ. ની ચેમ્બરમાં રાઈટરે તેમને પુછેલું અને તેઓએ રાઈટરને લખાવેલુ. તેઓ ફરજ પર ન હોવાથી તેમને નિવેદન લખાવ્યાનો સમય યાદ નહી હોવાનો સાહેદે ઈન્કાર કરેલ છે.

અમદાવાદ રેલ્વે સ્ટેશન ઉપર રોજના હજારોની સંખ્યામાં લોકોની અવર – જવર રહે છે, તેમજ સ્ર્વેલન્સ સ્કવોડમાં તેઓને જે ફરજ ફાળવવામાં આવે છે અને જે જગ્યાએ મુકવામાં આવે છે તેની નોંધ સ્ટેશન ડાયરીમાં રાખવામા આવે છે. સાહેદે ત્યાર બાદ જણાવેલ છે કે, સ્ર્વેલન્સ સ્કવોડમાં સ્ટેશન ડાયરીમાં નોંધ રાખવામા આવતી નથી. ૨૦૧૭ ની સાલમાં અમદાવાદ રેલ્વે સ્ટેશન પર ૧૩ પ્લેટફોમ હતા. આ તમામ પ્લેટફોમ ઉપર અસંખ્ય ટ્રેનોની અવર – જવર

રહે છે. આ પ્લેટફોર્મ ઉપર કઈ ટ્રેન કેટલા વાગે આવે છે અને જાય છે તેની તમને જાતમાહીતી હોય નહી? તેવા પ્રશ્નના જવાબમાં, બધી ટ્રેનોની માહીતી તેમને ન હોય, તેમ જણાવેલ છે.

આ પ્રદર્શનકારીઓ સરકાર વિરુધ્ધ શું માગણીઓ કરતા હતા તેની હકીકત નિવેદનમાં લખાવેલ નથી. તેમજ કોઈએ ટ્રેન રોકી હોય અને સાહેદે ૧૦૦ નંબર ઉપર ફોન કરી પોલીસને બોલાવી હોય એવું બનેલ નથી. તેઓએ જાતે કોઈના નામો લખાવેલા નથી. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો એ ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮) ફરીયાદપક્ષે આંક – ૧૮૨ થી સાહેદ જનાર્દન જયંતિલાલ હરીભકિત સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ ટેશન સર્વેલન્સ સ્કવોડ માં હેડ કોન્સ્ટેરલ તરીકે ફરજ બજાવતા હતા. તા. ૧૧/૧ /૧૭ ના રોજ ૧૭/૪૦ વાગે જિગ્નેશભાઈ મેવાણી બીજા ૨૫ – ૩૦ સ્ત્રી – પુરૂષો સાથે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપરથી – ૧૭/૪૫ વાગે અમદાવાદથી દિલ્હી ઉપડતી રાજધાની એકસપ્રેસ ટ્રેનના સમયે દલીત સમાજની વિવિધ માંગણીના અનુસંધાને સરકારશ્રીનો વિરોધ કરવા કલાક – ૧૭/૪૦ વાગે રાજધાની એકસપ્ર ેસ ટ્રેનના અન્જિન આગળ પાટા ઉપર સુઈ ગયેલ, તેમજ અમુક માણસો ટ્રેનની અન્જિનના આગળના ભાગે ચઢી ગયેલ અને સુત્રોચ્ચાર કરી ટ્રેન ૨૦ મીનીટ મોડી પડેલ. આ દરમ્યાન તેઓ તથા સાથેના માણસો તથા આર. પી. એફ. ના માણસો સાથે ત્યાં તેમને સમજાવાની કોશીષ કરતા તેઓ નહીં માનતા તેઓને ત્યાંથી પકડીને પ્લેટફોર્મ પર લાવી બીજા સાથેના માણસો સાથે તેઓને પકડી પ્લેટફોમ નં. – ૦૧ ઉપરની ઓફિસમાં લાવી તેઓની સાહેબ રુબરુ પુછપરછ કરી કાયદેસરની કાર્યવાહી કરેલી. તેમનું નિવેદન નોંધવામા આવેલુ. બીજા માણસોને ઘણો સમય થઈ ગયેલ હોવાથી ઓળખી શકે કે નહીં પણ ઓળખી શકુ. તેઓ જીગ્નેશ મેવાણીને ઓળખી શકે.

આ સાહેદ તહોમતદાર તરફે વિ. વ. શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ બનાવ સમયે રેલ્વે પોલીસ સ્ટેશનમાં ૩ – ૪ વર્ષથી નોકરી કરતો હતો. તેઓને સર્વેલન્સ સ્કવોડમાં ગુનેગાર પકડવાનુ, ગુનો બનતો હોય તેની માહીતી લેવાની, પબ્લિકના જાનમાલનુ રક્ષણ કરવાનુ, પ્રોટોકોલ જાળવવાનુ, સરકારી પ્રોપર્ટીનુ રક્ષણ કરવાની ફરજ હોય છે. તેમના જયુરીડીકશનમાં આવતા વિસ્તારો તથા એ સિવાય પણ જયાં જરુર પડે ત્યાં ફરજ બજાવવાની હોય છે.

આ બનાવના દિવસે તેમની ફરજ કયાં હતી તે અંગેનો કોઈ લેખીત આદેશ નિવેદન સાથે સામેલ રાખેલ નહી હોવાનું સ્વિકારેલ છે. આ બનાવના દિવસે તેઓ પ્લેટફોમ નં. – ૦૧ પર હાજર હતા. પ્લેટફોમ નં. – ૦૧ તેમની સ્ર્વેલન્સ સ્કવોડની ઓફીસ હોય જેથી ઘણા કામ હોય વારેઘડીએ (અવાર – નવાર) આવવા – જવાનુ હોય. અવાર – નવાર પોલીસ સ્ટેશનમાં જતી વખતે તેમને કે તેમના પોલીસના કોઈ માણસોને કોઈ ટોળુ આવવાનુ છે તેવી કોઈ બાતમી કે માહીતી મળેલી નહી? તેવા પ્રશ્નના જવાબમાં, તેઓએ જણાવેલ છે કે, તેમના પી. આઈ. સાહેબને માહીતી મળતા સાહેદને સર્વેલન્સ સ્ટાફના માણસો તથા બીજા પ્લેટફોમના માણસોને પોલીસ સ્ટેશન બોલાવી આ અંગેની જાણ કરેલી અને જે જગ્યાએ આવવાના હોય ત્યાં સાહેબની સાથે તેઓ બધા રવાના થયેલા. આ માહીતી કોના દ્રારા અને કયા અધિકારી દ્રારા મળેલી તે તેમના નિવેદનમાં લખાવેલ નથી.

તેઓને ચોકકસ ખબર નથી કે તેમના પોલીસ સ્ટેશનમાં કેટલા સ્ટાફના માણસો છે. તેમના સાહેબે રાજધાની પ્લેટફોર્મ પર જવા માટે સુચના આપેલી ત્યારે તેમની સાથે વિજયસિંહ માનસિહ, ભીમસિંહ બલુભાઈ, દિલીપસિંહ પરબતસિંહ, ચેતનસિંહ જગદીશસિંહ, જગદીશચંદ્ર અભેસિંહ હતા. રેલ્વે પ્લેટફોર્મ

આગળ અમુક ટાઈમ બંદોબસ્ત હોય છે અમુક ટાઈમ હોતો નથી. તેમને તેમના સ્ટાફ સાથે તેમના અધિકારીએ કેટલા વાગે સુચના આપેલી તે સમય તેમને યાદ નથી. તેમના સ્વૈલન્સ સ્કવોડના તેમણે લખાવેલ તમામ સ્ટાફના માણસો સાથે હતા.

પ્લેટફોર્મ નં. – ૦૧ ઉપર જ તેમનું પોલીસ સ્ટેશન આવેલુ છે. મોટી સંખ્યામાં કોઈ ટોળુ ઘુસી આવે તો પોલીસ સ્ટેશનમાં ખબર પડે. તેમજ પ્લેટફોર્મ નં. – ૦૧ પર કોઈ ટોળુ ઘુસી આવેલ હોય તો તેમના પોલીસ સ્ટેશને કોઈ કાર્યવાહી કરેલી નહી. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર દિવસ દરમ્યાન અસંખ્ય ટ્રેનોની અવર – જવર થાય છે. જિગ્નેશ મેવાણી તથા અન્ય માણસો શું માંગણી કરતા હતા તે તેમના નિવેદનમાં લખાવેલ નથી. તેમજ તેઓ જે બનાવ જણાવે છે તે બનાવની વીડીયોગ્રફી તેમણે જાતે કરેલી નથી. સાહેદે જણાવ્યા મુજબનો બનાવ બનેલ હોય અને તેના કારણે ટ્રેન પડી હોય તે અંગેની ફરીયાદ સાહેદે જાતે કરેલ નથી.

રાજધાની એકસપ્રેસ ટ્રેનના એન્જિન આગળ પાટા પર સુઈ ગયેલ અને એન્જિનના આગળના ભાગે ચઢી સરકાર વિરુધ્ધ સુત્રોચ્ચાર કરતા હતા જેના કારણે ટ્રેન મોડી પડેલ તેવુ લખાવેલ નહી હોવાનું સ્વિકારેલ છે. બનાવ સમયે તેમણે ઉપર લખાવેલ નામો સિવાય બીજા ૧૫ – ૨૦ અધિકારી તથા પોલીસના માણસો હતા. ટોળાના માણસોને કોણે સમજાવેલ તેઓના નામ તેમના નિવેદનમાં લખાવેલ નથી. રાજધાની ટ્રેન પ્લેટફોર્મ ઉપર કયારે આવીને ઉભી હતી (લાગેલી હતી). તેની તેઓને ખબર નહી હોવાનું જણાવેલ છે. તેમને એ વાતની પણ ખબર નથી કે ટ્રેન આવ્યા પછી તેઓ અને તેમનો સ્ટાફ કેટલા સમય પછી પ્લેટફોર્મ ઉપર પહોચેલ.

રાજધાની એકસપ્રેસના ઘણા બધા કોચ હોય છે અને તેને નંબર પ્રમાણે તેના કોચ હોય છે. સાહેદ તથા તેમનો સ્ટાફ રાજધાની એકસપ્રેસના કયા કોચ

આગળ ઉભા હતા તે તેમના નિવેદનમાં લખાવેલ નથી. સાહેદે જાતે કોઈની અટક કરેલી નહી. બનાવના દિવસે રાતે ૧૦/૩૦ થી ૧૧/૩૦ ની વચ્ચે નિવેદન લખવા માટે તેમને બોલાવ્યા હતા. તેમની ડ્યુટી ઓફ થઈ ગયેલી હોવાનો ઈન્કાર કરી જણાવેલ છે કે સર્વેલન્સ સ્કવોડવાળાએ ૨૪ કલાક હાજર રહેવુ પડે. તેમનું નિવેદન પી. આઈ. સાહેબની રુબરુમાં તેમના રાઈટરે નોંધેલુ. બનાવ સમયે તેઓ ૨૦ થી ૨૫ મીનીટ પ્લેટફોર્મ ઉપર રોકાયેલ. તેમની સાથે તેમના સર્વેલન્સ સ્ટાફના માણસો સિવાય, બીજા પોલીસના માણસો તથા અધિકારીઓ તથા આર. પી. એફ. સ્ટાફ ની સાથે આશરે ૫૦ જેટલા માણસો હાજર હતા. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રુબરુ સાહેદની સમક્ષ તહોમતદારોની ઓળખપરેડ કરાવવામા આવેલ નહીં. તહોમતદારોના નામ તેમના નિવેદનમાં લખાવેલ નથી.

જિગ્નેશ મેવાણી નેતા છે, જાહેર ચહેરો છે, ટી. વી. તથા સમાચારપત્રોમાં તેમના વિશે સમાચારો આવતા હોઈ જેથી તેઓ તેમને ઓળખતા હોવાનું સ્વિકારે છે. તેમણે જિગ્નેશ મેવાણી બાબતે કોઈ જાતે ખરાઈ કરેલી નહી. તેઓ સર્વેલન્સ સ્કવોડમાં નોકરી કરતો હોય જેથી તેમના અધિકારીએ તેમનું નામ અને સરનામુ પુછી જાતે નિવેદન લખી લીધેલ હોવાનો ઈન્કાર કરેલ છે. આવો કોઈ બનાવ બનેલ નથી અને આવા કોઈ તહોમતદારોને પકડવામા આવેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. પ્રદર્શનકારીઓને પકડી લાવી સાહેબ રુબરુ પુછપરછ કરી કાયદેસરની કાર્યવાહી કરેલી તેવુ નિવેદનમાં લખાવેલ નથી. પોલીસ ફરીયાદી હોઈ ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે.

(૯) ફરીયાદપક્ષે આંક – ૧૮૪ થી સાહેદ દિલીપસિંહ પરબતસિંહ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે સ્ટેશન ખાતે સર્વેલન્સ સ્કવોડમાં ફરજ બજાવતા હતા. તા. ૧૧/૧/૧૭ ના દિવસે કલાક – ૧૭/૪૫ વાગ્યાના અરસામાં પ્લેટફોમ નં. – ૧૦ રાજધાની એકસપ્રેસ ટ્રેનના આગળના એન્જિનના ભાગે જિગ્નેશ મેવાણી તથા તેમની સાથેના ૧૮ પુરુષ

અને ૧૩ સ્ત્રીઓ સાથે ગેરકાયદેસર મંડળી રચી રેલ્વે હદની અંદર વગર પરમીશને ગેરકાયદેસર કાવતરુ કરવા એન્જિનના આગળના ભાગે જિગ્નેશ મેવાણી તથા તેમની સાથેના પુરુષો એન્જિનના આગળના ઉપરના ભાગે ચઢી ગયેલ અને બાકીના પુરષ અને સ્ત્રીઓ એન્જિનના આગળના ભાગે પાટા પર સુઈ ગયેલ. તે દરમ્યાન આર. પી. એફ. અને જી. આર. પી. ના માણસો આવી ગયેલ અને તેમને કીધેલુ કે આગળથી હટી જાવ અને તમે એન્જિન ઉપરથી ઉતરી જાવ, પરંતુ તેઓ ઉતરેલા નહી અને સુત્રોચ્ચાર કરેલા કે આ ગાડી આગળ જવા નહી દઈએ. બાદમાં બધા આર. પી. એફ. અને જી. આર. પી. ના માણસોએ કોર્ડન કરી ત્યાંથી હટાવવાનો પ્રયત્ન કરેલ. તો તેમની સાથે રહેલી સ્ત્રીઓએ તેમની સાડીઓ કાઢી એન્જિનની આગળ ઉભા રહી જઈ અને આર. પી. એફ. ના મહીલા કર્મી સરીતાબેન જોડે ઝપાઝપી કરેલી. બાદમાં તેમને બધાને આગળથી હટી જવાનુ કહેતા તેઓ નહી હટેલા. બાદમાં આર. પી. એફ. ના પી. આઈ. અને જી. આર. પી. ના પી. આઈ. સાથેના બધા માણસોએ સાથે મળી તેમને ત્યાંથી હટાવેલા. ૨૦ મીનીટ જેટલા ટાઈમ બાદ તેઓ ત્યાંથી હટી ગયેલ. બાદમાં તેમને ત્યાંથી તમામ માણસો ૧૮ પુરુષ અને ૧૩ સ્ત્રીઓને આર. પી. એફ. ની ઓફીસે લઈ ગયેલ અને ત્યાં લઈ જઈને તેઓના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલી. બનાવ સંબંધે સાહેદનું નિવેદન નોંધવામા આવેલુ. તેઓ જિગ્નેશ મેવાણી તથા તેમની સાથેના માણસોને જોયેથી ઓળખી શકે. જેઓ અદાલતમાં હાજર નહી હોવાનું જણાવે છે. આ દિવસે તહોમતદારો પૈકી નં – ૯, ૧૬, ૧૯, ૨૦, ૨૫, ૩૦ કોર્ટમાં હાજર હતા અને બાકીના તહોમતદારોનો હાજરી માફીનો રીપોર્ટ હતો.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટમાં જણાવે છે કે, તેઓ સર્વેલન્સ સ્કવોડમાં હોવાથી સવારે ૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ કલાક સુધી ડયુટીનો સમય હોય છે. સાહેદે સ્વેસ્છાએ જણાવે છે કે, કોઈ ઈમરજન્સી હોય તો સમય વધી પણ શકે છે. તેઓ તા. ૧૧/૧/૧૭ના રોજ સવારે ૮/૦૦ વાગે પ્લેટફોમ નં. – ૦૧ પર આવીને સર્વેલન્સ

સ્કવોડની ઓફીસમાં આવેલા હતા. અમદાવાદ રેલ્વે સ્ટેશન બહુજ મોટુ રેલ્વે સ્ટેશન છે. દિવસ અને રાત્રિ દરમ્યાન અસંખ્ય ટ્રેનોની અવર જવર થાય છે. તેમને અંદાજિત રીતે કઈ ટ્રેન કયા પ્લેટફોર્મ પર આવે છે અને કઈ ટ્રેન કયા પ્લેટફોર્મ પરથી રવાના થાય છે તેની માહીતી હોય છે. બનાવના દિવસે તેઓ ફરજ ઉપર હાજર હતાં કે કેમ? તેવો કોઈ લેખીત આદેશ કે પુરાવો તેમના નિવેદનના કામે રજુ રાખેલ નથી. રેલ્વે સ્ટેશનના એન્ટ્રસ પર હમેંશા પોલીસ બંદોબસ્ત હોય છે. મોટી સંખ્યામાં આ એન્ટ્રસ ઉપરથી ટોળુ ઘસી આવે તો હાજર બંદોબસ્તના પોલીસને ખબર પડે. સામાન્ય નાગરીકોએ પ્લેટફોર્મ ઉપર આવવુ હોય તો તેમની ઓફીસ આગળ થઈ પગથીયા ચઢીને બીજા પ્લેટફોમ પર જઈ શકાય. સાહેદે સ્વેસ્છાએ જણાવેલ છે કે, અમદાવાદ રેલ્વે પ્લેટફોર્મ પર જવા મણીનગર અને સાબરમતી તરફના એન્ટ્રસ ઉપરથી એકસેલેટર ધ્વારા પણ અવર – જવર થઈ શકે છે. આ બંને જગ્યાએ આર. પી. એફ. નો બંદોબસ્ત હોય છે.

તેમને એવી કોઈ માહીતી મળેલ નહીં કે સાહેદને પ્લેટફોમ નં. – ૧૦ પર જવાનુ છે. સાહેદે સ્વેસ્છાએ જણાવેલ છે કે, તેમને પી. આઈ. સાહેબે કહેલુ. તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં આવી માહીતી તેમને કોણે આપેલી તે લખાવેલ નહીં. તેઓ બનાવના દિવસે ૦૮/૦૦ વાગે સ્ર્વેલન્સ સ્કવોડની ઓફીસે આવ્યા, ત્યારબાદ અડધો કલાક – કલાક જેટલુ રોકાયેલા. આ સમયગાળા દરમ્યાન પણ તેમણે ઉપર દર્શાવેલ ત્રણેય જગ્યાએથી કોઈ ટોળુ  પ્લેટફોર્મ પર ઘસી આવ્યુ હોય એવી માહીતી મળેલી નહીં. આ બનાવના દિવસે તેમના પી. આઈ. સાહેબનો ફોન જમાદાર ઉપર ૧૭/૪૦ આવેલો. તેમને કોઈ ફોન આવેલો નહી. સાહેદ તથા સ્ર્વેલન્સના તમામ માણસો જમાદાર સાથે જ હતા. તેમની ઓફીસથી પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર જવુ હોય તો એકથી દોઢ મીનીટ જેટલો સમય લાગે છે.

સાહેદે તેમના મોબાઈલથી એન્જિન ઉપર ટોળુ ચઢી ગયુ હોય કે એન્જિન આગળ પાટા પર સુઈ ગયુ હોય કે સ્ત્રીઓ સાડીઓ કાઢી પ્રદર્શન કરતી

હોય એવી ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી કરેલી નથી. ટોળામાં ૨૫ થી ૩૦ માણસો હતા. સાહેદે કોઈની અટક કરેલી હોય એવુ બનેલુ નહી. આવુ કોઈ ટોળુ પ્રદર્શન કરતુ હોય તો તે અંગે તેમણે તાત્કાલીક કોઈ ફરીયાદ લખાવેલી નહીં. તેમણે ૨૫ – ૩૦ માણસોને જાતે પણ ગણેલા નહી. તેમણે આ ૧૮ પુરુષો કે ૧૩ સ્ત્રીઓની જાતે કોઈ ખરાઈ કરેલી નહીં. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, જિગ્નેશ મેવાણીને તેઓ ઓળખતા હતા.

તેમની સર્વેલન્સ સ્કવોડની ઓફીસ તથા આર. પી. એફ. ની ઓફીસ વચ્ચે ૫૦૦ મીટરનુ અંતર આવેલુ છે. આર. પી. એફ. માંથી આવેલા ઈન્સ્પેકટર સાહેબનું નામ તેમને ખબર નથી. આર. પી. એફ. ના ૨૦ – ૨૫ માણસો તેઓની સાથે આવેલા અને સ્ર્વેલન્સના ૭ થી ૮ તથા બીજી પોલીસના ૧૦ – ૧૨ માણસો આવેલા હતા. સાહેદ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર ૩૦ થી ૩૫ મીનીટ સુધી રોકાયેલા. આ ટોળાના માણસોને બનાવ પછી તરત જ તેઓ બધા સાંજના સવા પાંચની આસપાસ આર. પી. એફ. ની કચેરી લઈ ગયેલા. આર. પી. એફ. ની કચેરીએ તેમને બે કલાક જેટલુ રોકાવાનુ થયેલુ. ત્યારબાદ નવ વાગ્યાની આસપાસ તેઓને તેમના પી. આઈ. સાહેબના રાઈટરની ઓફીસમાં નિવેદન લખાવવા સારુ જવાનુ થયેલુ. તેમના પી. આઈ. સાહેબ તથા તેમના રાઈટરની ઓફીસ બાજુબાજુમાં આવેલી છે. તેમણે રાઈટરને જે લખાવેલુ તે રાઈટરે લખી લીધેલુ. તેઓએ તેમના નિવેદનમાં પુરુષો તથા સ્ત્રીઓના નામ કે વર્ણન લખાવેલા નથી.

જિગ્નેશ મેવાણી દલીત નેતા છે અને દલીતો અને પછાતોના પ્રશ્નોને અવાર નવાર રજુઆત કરતા હોય તેઓ ઓળખે છે. જિગ્નેશભાઈ ટોળામાં હતા તેમ તેઓ ખોટી રીતે ઓળખી બતાવતા હોવાનો ઈન્કાર કરેલ છે. તેમની સામે જિગ્નેશભાઈ અને ટોળાના માણસોની એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ રુબરુ ઓળખ પરેડ કરાવવામા આવેલી નહીં. અદાલતમાં હાજર કોઈ તહોમતદારોને નામ જોગ ઓળખતા નથી.

તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં એન્જિનની ઉપર કે પાટા ઉપર કેટલા સ્ત્રી અને પુરુષો હતા તેની ચોકકસ સંખ્યા લખાવેલી નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, એન્જિન ઉપર કોઈ સ્ત્રીઓ હતી નહીં, પરંતુ પાટા ઉપર સ્ત્રીઓ હતી. તેઓએ તેમના નિવેદનમાં ટોળાના માણસોને એન્જિન પરથી હટી જાવ તેવુ કોણે કહેલુ તે અધિકારી કે બીજા કોઈનુ નામ લખાવેલ નથી. પ્લ ેટફોમ નં. – ૧૦ ટ્રેન આવવાના અને જવાના સમયે ખુબ જ ભીડ રહેતી હોય છે.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૧૦) ફરીયાદપક્ષે આંક – ૧૮૬ થી સાહેદ જગદીશચંદ્ર અભેસિંહ પરમાર સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓ બધા ડી – સ્ટાફમાં સ્વેંલન્સ સ્કવોડમાં હાજર હતા તે દરમ્યાન તા. ૧૧/૧/૧૭ ના રોજ કલાક ૧૭/૪૫ વાગ્યે પ્લેટફોર્મ નં. ૧૦ ઉપર અમદાવાદ થી ઉપડતી રાજધાની એકસપ્રેસ ઉપર તેઓ હાજર હતા. ત્યાં દલીત નેતા જિગ્નેશ મેવાણી તથા ૧૮ પુરુષો અને ૧૩ સ્ત્રીઓ એન્જિનના આગળના ભાગે ચઢી ગયેલ, પાટા પર સુઈ ગયેલા અને ગેરકાયદેસર માંગણી અંગે બુમો પાડતા હતા. તે દરમ્યાન આર. પી. એફ. ના મહીલા કોન્સ્ટેબલ સંગીતા દેવી સરોજ પર હુમલો થયેલ. તેમને હાથમાં વાગેલુ. સાહેદે તે લોકોને સમજાવતા, પરંતુ તેઓ નહીં સમજેલા અને તેઓને આર. પી. એફ. ઓફીસે લઈ ગયેલા. એ લોકોની કાયદેસરની અટકાયત કરેલી. રાજધાની એકસપ્રેસ ૨૦ મીનીટ તેના કારણે લેટ પડેલ. આગળની કાર્યવાહી પી. આઈ. સાહેબે કરેલી. તેમનું નિવેદન નોંધવામા આવેલ. તેઓ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકે અને અન્ય લોકોને ઓળખી શકે નહીં.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટમાં જણાવે છે કે, આ બનાવ સમયે તેઓ રેલ્વે સ્વેલન્સ સ્કવોડમાં પાંચ વર્ષથી ફરજ બજાવતા હતા. તેમને પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર જવા માટે તેમના પી. આઈ. સાહેબે હુકમ બજાવેલો. તેમને આ હુકમ પી. આઈ. સાહેબે રૂબરૂમાં બજાવેલો. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, આ હુકમ બધા સ્વેલન્સ સ્કવોડ ના સ્ટાફના માણસો સાથે હતા ત્યારે સંભળાવેલો. આ હુકમ મૌખિક હતો. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર દિવસ અને રાત્રિ દરમ્યાન અસંખ્ય ટ્રેનોની અવર – જવર થાય છે. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર દિવસ દરમ્યાન હજારો માણસોની અવર – જવર થાય છે. રાજધાની એકસપ્રેસ ટ્રેનના આવવા અને જવાના સમયે પણ અસંખ્ય લોકોની અવર – જવર થાય છે. તેમજ તેમણે જાતે કોઈની અટક કરેલી નથી. તેમણે જાતે કેટલા પુરુષો અને કેટલી સ્ત્રી આરોપીઓ છે તેની ગણતરી કરેલી નહી. ટ્રેનના એન્જિનના આગળના ભાગે કોણ ચઢી ગયેલુ અને કેટલા લોકો ચઢી ગયેલા તથા રેલ્વેના પાટા ઉપર કોણ સુઈ ગયેલુ અને કેટલા લોકો સુઈ ગયેલા તેની પણ તેમણે ગણતરી કરેલી નહીં. બનાવની તેમણે જાતે કોઈ વીડીયોગ્રફી કે ફોટોગ્રફી કરેલી નહી. તેમની સાથે સ્વેલન્સના ૮ થી ૧૦ માણસ અને આર. પી. એફ. ના કેટલા લોકો હતા તેની તેમને ખબર નથી.

અમદાવાદ રેલ્વે પ્લેટફોમ પર ટ્રેન આવે ત્યારે ચઢનાર અને ઉતરનારની ખુબ જ ભીડ હોય છે. તેઓ રાજધાની ટ્રેનના એન્જિનવાળા ભાગ ઉપર ઉભા હતા. તેઓ આર. પી. એફ. ના કર્મચારીઓને નામજોગ ઓળખે નહીં. આર. પી. એફ. ના મહીલા કોન્સ્ટે સંગીતાદેવી સરોજ ઉપર હુમલો થયેલ તેની તેઓને જાતમાહીતી નહી હોવાનો ઈન્કાર કરી જણાવે છે કે હુમલો થયેલો તે વખતે ત્યાં તેઓ હાજર હતા. તેઓએ કે તેમની સાથેના સ્વેલન્સ સ્કવોડના સ્ટાફે આવો હુમલો કરનાર લોકોને પકડેલા નહી. પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર તેમને આશરે ગાડી આવ્યા પછી અંદાજિત ૧ કલાક જેટલો સમય રોકાવાનુ થયેલુ. પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર

સ્ર્વેલન્સ સ્કવોડના માણસો તથા આર. પી. એફ. ના માણસોને અંદાજે ર કલાક જેટલું રોકાવાનુ થયેલુ.પોલીસ રુબરુના નિવેદનમાં પુરુષ કે સ્ત્રી કોને સમજાવેલ તે હકીકત લખાવેલ નહી હોવાનું સ્વિકારેલ છે.

તેઓએ ફરજના દિવસે હાજર હતા કે કેમ ? તેવો કોઈ આધાર પુરાવો નિવેદન સાથે સામેલ  રાખેલ નહી? તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, એ સમયે તા. ૧૧/૧/૧૭ના રોજ બનાવ સમયે સવારના ૦૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ સુધી સ્ર્વેલન્સ સ્કવોડમાં હાજર હતા. આ બનાવના દિવસે તેઓ તમેની ફરજ પર હાજર હતા તે બતાવતો પુરાવો તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદન સાથે રજુ કરેલ નથી. તેઓ આ દિવસે નોકરી પુરી થયા પછી અંદાજીત રાત્રિના ૦૮/૦૦ થી ૦૮/૧૫ વાગે ઘરે જતા રહેલા. તેઓએ તેમના નિવેદન માં એવુ લખાવેલ નથી કે, ''દલીત નેતા જિગ્નેશ મેવાણી તથા ૧૮ પુરુષો અને ૧૩ સ્ત્રીઓ એન્જિનના આગળના ભાગે ચઢી ગયેલ, પાટા પર સુઈ ગયેલા અને ગેરકાયદેસર માંગણી અંગે બુમો પાડતા હતા.'' રાજધાની ટ્રેન ૨૦ મીનીટ લેટ પડેલી તે પાછળથી તેમના સાહેબ ધ્વારા જાણેલુ. તેમણે જાતે ગણતરી કરેલી નહી, તેમજ બનાવના દિવસે ફરજ ઉપરથી ઘરે ગયા પછી પાછા આવવાનુ બનેલુ નહીં સીધા બીજા દિવસે ફરજ પર આવેલા.

તેઓ જિગ્નેશ મેવાણી અવાર – નવાર માંગણીઓ માટે રેલ્વે સ્ટેશન આવતા હોવાથી ઓળખે છે. જિગ્નેશ મેવાણી અવાર – નવાર આવતા હોવાથી બનાવના દિવસે પણ રેલ્વે સ્ટેશન આવેલાનુ ખોટું જણાવતા હોવાનો ઈન્કાર કરેલ. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૧૧) ફરીયાદપક્ષે આંક – ૧૯૦ થી સાહેદ ચેતનસિંહ જગદીશસિંહ જાડેજાસોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ ૧૭/

૪૫ વાગે અમદાવાદથી દિલ્હી જતી રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકવા માટે કોઈ અજાણ્યા ઈસમ આવેલા જેઓને રોકવા માટે પી. આઈ. શ્રી એચ. સી. રાઠવા સાહેબે તેમના ઈન્ચાર્જ શ્રી ભીમસિંગ બલુભાઈને જાણ કરેલ કે, હિન્દીમાં લખેલ સ ટેશન માસ્તરે લેખીત મેમો આપેલો કે જેમાં જણાવેલ કે, ૧૮ થી ૨૦ પુરુષો તથા મહીલાઓ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર રાજધાની એકસપ્રેસ ટ્રેનના એન્જિન ઉપર ચઢ ી ગયેલ તથા પાટા ઉપર આવી ગયેલ, તેઓને પકડી ઉચીત કાર્યવાહી કરવા જણાવેલ. તે સમયે આર. પી. એફ. તથા જી. આર. પી. ના માણસો જઈ તેમને રોકવાની કોશીશ કરેલ. તે દરમ્યાન તેઓને ત્યાંથી લઈ પ્લેટ ફોર્મ નં. – ૦૧ ઉપર આવેલા અને આર. પી. એફ. પોલીસ સ્ટેશન લઈ જઈ કાર્યવાહી કરેલી. તેમનું નિવેદન નોંધવામા આવેલુ. તેમને અજાણ્યા માણસોના નામ જાણવા મળેલા નહીં.

આ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલી ઉલટમાં જણાવે છે કે, પોતાના નિવેદનમાં '' ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ ૧૭/૪૫ વાગે અમદાવાદથી દિલ્હી જતી રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકવા માટે કોઈ અજાણ્યા ઈસમ આવેલા જેઓને રોકવા માટે પી. આઈ. શ્રી એચ. સી. રાઠવા સાહેબે તેમના ઈન્ચાર્જ શ્રી ભીમસિંગ બલુભાઈનાઓને જાણ કરેલ કે, હિન્દીમાં લખેલ સ્ટેશન માસ્તરે લેખીત મેમો આપેલો કે જેમાં જણાવેલ કે, ૧૮ થી ૨૦ પુરુષો તથા મહીલાઓ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર રાજધાની એકસપ્રેસ ટ્રેનના એન્જિન ઉપર ચઢી ગયેલ તથા પાટા ઉપર આવી ગયેલ, તેઓને પકડી ઉચીત કાર્યવાહી કરવા જણાવેલ.'' તેવું લખાવેલ નહી. આ હકીકત તેમને ભીમસીંગ સાહેબે જણાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

તેમની સર્વેલન્સ સ્કવોડમાં ફરજ બજાવતા કર્મચારીઓને જુદા – જુદા પ્લેટ ફોર્મ ઉપર ડયુટી ફાળવવા માં આવતી હોય છે. આ બનાવ સમયે તેઓ સર્વેલન્સ સ્કવોડ માં દોઢેક વર્ષથી ફરજ બજાવતા હતા. આ પ્લેટ ફોર્મ ઉપર દિવસ

અને રાત્રિ દરમ્યાન અસંખ્ય ટ્રેનોની તથા હજારો લોકોની અવર – જવર થતી હોય છે, તેમજ તેઓ પ્લેટફોર્મ ઉપર ગયેલા, પરંતુ કોઈ વીડીયોગ્રફી કે ફોટોગ્રફી કરેલી નથી, તેમજ તેઓએ જાતે કોઈની અટક કરેલી નથી. આ કામે પોલીસ ફરીયાદી હોઈ તેમના સમર્થનમાં ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક – ૧૯૩ થી સાહેદ સંજયભાઈ સોમાભાઈ કાથડ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તા.૧૧/૦૧/૧૭ના દિવસે અમદાવાદથી ઉપડતી દિલ્લી જતી રાજધાની એકસપ્રેસ ટ્રેનને પ્લેટફોમ નં. – ૧૦ ઉપર રોકવામા આવેલ. દલીત અધિકાર મંચના જિગ્નેશભાઈ મેવાણી અને તેમની સાથે ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ હતી અને કલાક ૧૭/૪૫ વાગે રોકેલ હતી. મહીલાઓ તથા પુરુષો ટ્રેનના પાટા ઉપર સુઈ જઈ ટ્રેન રોકેલ. પછી તેઓ ત્યાં સ્ટાફના માણસો સાથે પ્લેટફોમ પર જઈ તે માણસોને આર. પી. એફ. પોલીસ સ્ટેશન લઈ ગયેલ હતા અને તેમના વિરુધ્ધ તેમના થાણા ઈન્ચાર્જ ધોરણસર કાર્યવાહી કરેલ હતી. તેમનું નિવેદન નોંધવામા આવેલ હતુ. તેઓએ જે તે બનાવના દિવસે તેઓને બધાને જોયેલ હતા.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં જણાવે છે કે, તેમનું રેલ્વે પોલીસ સ્ટેશન કાલુપુર પ્લેટફોમ નં. – ૦૧ પર આવેલુ છે. તેમના રેલ્વે પોલીસ તે સમયે સ્ટાફમાં ૨૦૦ થી ૨૫૦ જણા હતા. તેઓ રાઈટર તરીકે તે સમયે કામ કરતા હતા. રાઈટર તરીકે તેમણે ફરીયાદી ફરીયાદ આપે તો તેને નોંધવાની તથા તેમના ઉપરી અધિકારી જે લખાવે તે લખવાનુ હોય છે. રાઈટર તરીકે તેમણે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવવાની આવે. તેમની સરતપાસમાં ટ્રેન રોકવા અંગેની જે ઘટના તેમણે જણાવી છે તે તેમને વસાવા સાહેબે જણાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. આ બનાવના દિવસે તેમની ફરજ કલાક ૧૨–૦૦ થી ૨૦–૦૦ સુધીની હતી. આ સમય દરમ્યાન તેમને પોલીસ સ્ટેશનની બહાર કોઈ જગ્યાએ ફરજ પર જવાનુ છે તેવો કોઈ લેખીત આદેશ તેમને આપવામા આવેલ

નથી. બનાવના દિવસે તેઓ પોલીસ સ્ટેશનની બહાર ગયેલ નહી હોવાનો ઈન્કાર કરી સાહેદે જણાવેલ છે કે, રેલ્વેનુ રેલ્વે સત્તાવાળા તરફથી રાજધાની ટ્રેન રોકેલ છે તેવી જાહેરાત કરવામાં આવેલ હતી અને ફરજ પરના સ્ટાફે બનાવના સ્થળ ે પહોંચવા જણાવેલ હતું. રેલ્વેની અંદર કોઈપણ આકસ્મિક ઘટના બને ત્યારે ફરજ પરના કર્મચારીએ તે જગ્યાએ જવુ અવશ્ય છે.

રેલ્વેની જાહેરાત તેઓએ જાતે સાંભળેલી નહી હોવાનો ઈન્કાર કરેલ છે. તેઓએ રેલ્વે તરફથી કરવામા આવેલી જાહેરાત આશરે ૧૭–૪૫ના સુમારે સાંભળેલી. આ જાહેરાત સાંભળી ત્યારે તેઓ અને અન્ય સ્ટાફના લોકો તેમના ઉપરી અધિકારીશ્રી પાસે ગયેલા તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેમના ઉપરી અધિકારીશ્રી ત્યારે ત્યાંજ હાજર હતા. આ રેલ્વેની જાહેરાત થતા તેમના રેલ્વે પોલીસ સ્ટાફને જાણ થયેલી. આ જાહેરાત સાંભળીને તેઓ તથા મંગુરભાઈ નાનજીભાઈ તેઓ બંને જણા સાથે ગયેલ હતા. તેઓ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર કલાક ૧૭ – ૫૫ ના સુમારે પહોચેલા. તેઓ બંને જણા ત્યાં પહોંચ્યા ત્યારે રેલ્વે પોલીસના અન્ય કોઈ માણસો ત્યાં ન હોવાનો ઈન્કાર કરેલ છે. રેલ્વેની જાહેરાત સાંભળી તેઓ અને મંગુરભાઈ સિવાય રેલ્વે પોલીસના રાઈટર સેકશનના અન્ય કોઈ અધિકારી સ્થળ પર ગયેલા નહી. સાહેદે જણાવેલ છે કે, અન્ય વિભાગના લોકો હાજર હતા.

૨૦૧૭ ના સમયમાં રેલ્વે પ્લેટફોમ પર પાંચ જગ્યાએથી એન્ટ્રી થતી હતી તેમજ ૧૨ નંબરના પ્લેટફોર્મ પરથી બે એન્ટ્રી થતી હતી. આ સાત એન્ટ્રી ઉપર રેલ્વે પોલીસ અને આર. પી. એફ. ફરજ પર હાજર હોવાનો ઈન્કાર કરેલ છે. રેલ્વે પ્લ ેટફોમ પર જવુ હોય તો પ્લેટફોમ ટિકીટ લેવી પડે. આ પ્લેટફોમ ટિકીટ આવનાર વ્યકિતએ લીધી છે કે કેમ? તેનુ પણ ચેંકીગ થાય છે. ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ પાસે પ્લેટફોર્મ ટિકીટ નહીં હોવા સંબંધે કોઈ ગુનો તેમના પોલીસ સ ટેશનમાં દાખલ કરવામા આવેલ નથી. આ કામેની ફરીયાદ તેમણે લખેલી નથી.

૨૦૧૭ ના અરસામાં તેમના પોલીસ સ્ટેશનમાં ઈન્વેસ્ટીગેશન રાઈટર તરીકે તેઓ તથા મંગુરભાઈ નાનજીભાઈ તથા પી. આઈ. ના રાઈટર તરીકે શ્યામભાઈ તથા વણઝારાભાઈ તે રીતે હતા. આ કામે જાતે તેમણે કોઈના નિવેદન નોંધેલા નથી. તેઓ તેમનું નિવેદન નોંધાવવા માટે તેમની ઓફીસમાં ૨૧–૦૦ની આસપાસ ગયેલા. તેમનું નિવેદન તપાસ કરનાર અમલદારની હાજરીમાં શ્યામભાઈએ લખી લીધેલુ. તેમનું નિવેદન તેઓ બોલતા હોય અને શ્યામભાઈ લખતા હોય તેવી સ્થિતીમાં આશરે પાંચ થી સાત મીનીટમાં નોધવામાં આવેલુ. તેમનું નિવેદન નોંધવામાં આવ્યુ તે સમયે અન્ય કોઈ સાહેદોના નિવેદન નોંધવામા આવેલા કે કેમ? તેનો તેઓને ખ્યાલ નથી.

આ રેલ્વે પ્લેટફોર્મ ઉપર દિવસ દરમ્યાન અસંખ્ય ટ્રેનો આવે અને હજારો લોકોની અવરજવર થતી હોય છે. કયા પ્લેટફોમ પર કઈ ટ્રેન આવે તે તેઓ કહી શકે નહીં તેનો ઈન્કાર કરી સાહેદે સ્વેસ્છાએ જણાવેલ છે કે, અગત્યની ટ્રેનોની માહીતી હોય છે. કોઈપણ ટ્રેન આવવા તથા ઉપડવાના સમય દરમ્યાન પ્લેટફોર્મ પર ભીડ રહેતી હોય છે. તેઓએ જાતે કહેવાતી કોઈ ઘટનાનું વીડીયો શુટીગ કરેલુ નથી. તેઓએ જાતે કોઈની અટક કરેલી નહી. તેઓએ જાતે કેટલા મહીલા છે અને કેટલા પુરુષો હતા તેની જાતે ગણતરી કરેલી નથી. સાહેદે સ્વેસ્છાએ જણાવેલ છે કે, પરંતુ આટલા માણસો હતા. તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં કોઈના નામ લખાવેલ નથી.

જિગ્નેશભાઈ મેવાણી આ જ વ્યકિત છે તેવી તેમણે કોઈ ખરાઈ કરેલી નહીં હોવાનો ઈન્કાર કરી સાહેદે સ્વેસ્છાએ જણાવેલ છે કે, તે વખતે પ્રોડકશનમાં અને કેદી જાપ્તામાં હતા તેથી તેઓ કહે છે. જિગ્નેશભાઈ મેવાણી દલીત નેતા હોવાથી અને અવાર – નવાર ટીવી મીડીયામાં આવતા હોવાથી ખોટી રીતે ઓળખી

બતાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૧૩) ફરીયાદપક્ષે આંક – ૧૯૯ થી સાહેદ મિતલબેન રમેશભાઈ નીમાવત સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તેણી કાલુપુર રેલ્વે પો.સ્ટે. માં વુમન લોક રક્ષક તરીકે તેણીની ફરજ બજાવતા હતા. ત્યારે તા. ૧૧/૦૧/૧૭ ના કલાક – ૧૭.૪૫ વાગે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર અમદાવાદ થી દિલ્હી તરફ જતી રાજધાની એક્ષપ્રેસ ટ્રેનને ૨૦ મિનિટ સુધી રોકેલી. જીજ્ઞેશભાઈ મેવાણી તથા તેની સાથેના ૧૮ પુરૂષો તથા ૧૩ મહિલાઓ હતી. આર. પી. એફ. માં મહિલા કર્મચારી સંગતાદેવીએ આ લોકોને રોકેલા તો આ લોકોએ ધકકા મુકકી કરેલી. જેથી આર. પી. એફ. અને જી. આર. પી. સ્ટાફે તમામ ૧૮ પુરૂષો અને ૧૩ મહિલાઓ ને અટક કરી આર. પી. એફ. ઓફીસે લઈ ગયેલા. જયાં તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલી. સાહેદનું નિવેદન નોંધવામાં આવેલું. જે લોકોએ ટ્રેન રોકેલી તેમાથી અમુક લોકોને તેણી ઓળખી શકે. ઘણો સમય થઈ ગયેલો છે. તેણી જીજ્ઞેશભાઈ મેવાણીને ઓળખી શકે, તેઓ કોર્ટમાં હાજર છે.

આ સાહેદ તહોમતદાર તરફે વિ. વ. શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં જણાવે છે કે, તા. ૧૧/૦૧/૧૭ ના રોજ તેણી કલાક – ૧૪.૦૦ થી ૨૨.૦૦ સુધી ગેટ નં. – ૦૪ ઉપર ફરજ પર હાજર હતા. ગેટ નં. – ૦૪ ઉપર તેણીની સ્ટેશન ડયુટીમાં ગેટમાંથી પસાર થતા મુસાફરો, પેસેંજરો ઉપર નજર રાખવી, કોઈ શંકાસ્પદ ઈસમો કે પ્રવૃતિ અટકાવવી, આવી કોઈ પ્રર્વતિ જણાય તો સાથેના પોલીસ કર્મચારીની મદદ લઈ આવી પ્રર્વતિ અટકાવવી. કલાક–૧૪.૦૦ થી ૨૦.૦૦ સુધી તેણીની ફરજ ગેટ નં. – ૪ ઉપર હતી. આ સમગ્ર સમય દરમિયાન ગેટ નં. – ૪ પરથી અન્ય કોઈ જગ્યાએ ગયેલ નહી હોવાનો ઈન્કાર કરી જણાવેલ છે કે, બનાવ ૧૭.૪૫ વાગે તેમને આર. પી. એફ. ઓફીસે બોલાવેલા. ગેટ નં. – ૪ થી ઓફીસ સુધી ચાલીને પહોંચતા ૫ થી ૧૦ મિનિટનો સમય લાગે છે. આર. પી.

એફ. ઓફીસમાં કલાક – ૨૦.૦૦ સુધી રોકાયેલ. ૨૦.૦૦ કલાકે તેણીની ફરજ પુરી થતાં તેણી, તેણીના ઘરે જતી રહેલી. સાહેદ બીજા દિવસે ફરજ પર હાજર થયા તે દરમિયાન સાહેદને તેઓની ઓફીસમાં જવાનો પ્રસંગ બનેલ નહીં. તેમજ ગેટ નં. – ૪ પરથી તેણીની હાજરી દરમિયાન કોઈ શંકાસ્પદ વ્યકિત પસાર થયેલ નહીં.

અમદાવાદ રેલ્વે સ્ટેશન પર કુલ – ૧૨ પ્લેટફોર્મ આવેલા છે. એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ જવું હોય તો લાકડાના પુલ પરથી જવું પડે. અમદાવાદ રેલ્વે સ્ટેશન પરથી રોજની હજારો ગાડીઓ પસાર થાય છે. બધા પ્લેટફોર્મ પરથી હજારો લોક પસાર થતાં હોય છે અને માણસોથી ખીચોખીચ પ્લેટફોર્મ ભરેલા હોય છે. તેણી ગેટ નં. – ૪ પરથી કલાક – ૨૦.૦૦ સુધી આર. પી. એફ. ઓફીસ હતી તે સમય દરમિયાન તેણી અન્ય કોઈ જગ્યાએ ગયેલ નથી. આર. પી. એફ. ઓફીસ અને અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન બંને અલગ – અલગ જગ્યાઓ છે. આર. પી. એફ. ઓફીસ અને અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન સુધી ચાલીને પહોંચતા ૫ થી ૧૦ મીનીટ લાગે. હાલના બનાવ પહેલાથી જીજ્ઞેશ મેવાણીને સોશીયલ મિડીયા મારફતે ઓળખતા હોવાનો ઈન્કાર કરેલ છે.

આર. પી. એફ. ઓફીસે તેણીની હાજરીમાં આ જ જીજ્ઞેશ મેવાણી છે તેવી કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલી નથી તેમજ ખરાઈ કરવામાં આવેલ તેણીનું નિવેદન આર. પી. એફ. ઓફીસે લેવામાં આવેલ. આ નિવેદન તેણીએ જાતે ટાઈપ કરેલું કે કોઈ બીજાએ તેવા પ્રશ્નના ઉત્તરમાં તેણીએ જણાવેલ છે કે, તેણીએ બોલવાનું હોય અને ટાઈપ બીજા કરતા હોય. તેણીનું નિવેદન નોંધાવવા માટે કલાક–૨૦.૦૦ પછી નોકરી પુરી થઈ પછી ગયેલ. નિવેદન નોંધતા આશરે પંદરથી વીસ મીનીટનો સમય થયેલો. તેણીનું નિવેદન નોંધતા સમયે તેણીની સિવાય બીજા કોઈ ન હતા. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, નિવેદન નોંધનાર અને તેમના સાહેબ હતાં. તે સમયે તેણીના સાહેબ તેમની ચેમ્બરમાં બેઠેલા હતા.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૧૪) ફરીયાદપક્ષે આંક – ૨૦૨ થી સાહેદ વિજયસિંહ માનસિંહ ઝાલા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ માં અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન માં સર્વેલન્સ સ્કોડમાં એ. એસ. આઈ. તરીકે તેઓ નોકરી કરતાં હતાં. ત્યારે તા. ૧૧ /૦૧/૧૭ ના કલાક – ૧૭.૪૫ વાગે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર રાજધાની એક્ષપ્ર ેસ ટ્રેન રોકેલી હતી. આ ટ્રેન જીજ્ઞેશભાઈ મેવાણી અને તેમના માણસોએ રોકેલી. વીસ મીનીટ ટ્રેન લેઈટ પડેલી. રાજધાની એક્ષપ્રેસ ટ્રેનના એંજીન ઉપર માણસો ચડી ગયેલા અને રેલ્વેના પાટા ઉપર માણસો સુઈ ગયેલા. જીજ્ઞેશ મેવાણીના માણસો તથા મહીલાઓએ આર. પી. એફ. મહિલા સંગીતાબેન ઉપર હુમલો કરેલો. આ તમામ લોકોને સમજાવેલા પરંતુ તેઓ નહીં સમજતા તેઓને પકડીને જી. આર. પી. એફ. પોલીસ સ્ટેશને લાવવામાં આવેલા. તે સમયે જી. આર. પી. એફ. તથા આર. પી. એફ. ના માણસો હાજર હતાં. આ માણસોમાં ૧૮ જેટલા પુરૂષો અને ૧૩ જેટલી મહિલાઓ હતી. પોલીસ સ્ટેશને લાવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરેલી. તેમનું નિવેદન નોંધવામાં આવેલું. તેઓ જીજ્ઞેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટમાં જણાવે છે કે, હાલનો બનાવ બન્યો ત્યારે આશરે ૬ વર્ષથી તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં હતાં. એ. એસ. આઈ. તરીકે તેમની ફરજમાં તમામ ગુનાઓ ડીટેકટ કરવા, ગુનાઓ ન બને તેનું ધ્યાન રાખવું, તેમજ પી. આઈ. સાહેબ ની સુચના મુજબ કામગીરી કરવાની હોય છે. આ બનાવના દિવસે

તેમની ફરજનો સમય કલાક–૦૮.૦૦ થી ૨૦.૦૦ સુધીનો હતો. આ દિવસે તેઓએ કુલ ચાર જણાને ૧૦૯ હેઠળ અટક કરેલા. તેઓએ જે ચાર જણાંને અટક કરેલા તે તહોમતદારો આ ગુનાના ન હતાં. તેઓએ ૧૦૯ હેઠળ જે ચાર જણાંની અટકાયત કરેલી છે તેઓ વિરૂધ્ધમાં તેઓએ ફરીયાદ આપવાની હોય, પંચનામા કરવાના હોય, અટકની કાર્યવાહી કરવાની હોય તથા ચાર્જ અમલદારને રીપોર્ટ કરવાનો હોય છે. આ ચાર ઈસમો વિરૂધ્ધમાં તેઓએ અલગ અલગ ગુનાઓ દાખલ કરાવેલા. તેઓએ જે ચાર ઈસમોને અટક કરેલા તેઓને અદાલતમાં રજુ કરવા સુધી તેમની કસ્ટડીમાં રાખવાના હોય છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, આ ચારેયની કાર્યવાહી બે ત્રણ કલાકમાં પુરી કરેલી.

આ દિવસે તેમની ફરજ પ્લેટફોર્મ નં. – ૦૧ ઉપર સર્વેલન્સ ઓફીસમાં હતી. તેમના ઉપર પી. આઈ. સાહેબનો ફોન આવેલો કે, પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર બધા માણસો ભેગા થયેલા છે, ગાડી રોકવાનો પ્રયત્ન કરે છે તેઓ જઈને જુએ. પ્લેટફોર્મ નં. – ૦૧ પરથી પ્લેટફોર્મ નં. – ૧૦ પર જતાં આશરે પાંચેક મીનીટનો સમય લાગે. તેઓ ફરજ બજાવતાં હતાં, ત્યારે અમદાવાદ રેલ્વે સ્ટેશનમાં કુલ – ૧૨ પ્લેટફોર્મ આવેલા. આ પ્લેટફોર્મ ઉપરથી દિવસ દરમિયાન ઘણી બધી ટ્રેનો પસાર થતી હોય છે અને હજારોની સંખ્યામાં મુસાફરોની અવર જવર થતી હોય છે. તેમજ સામાન્ય દિવસોમાં પણ બધા પ્લેટફોર્મ માણસોથી ભરચક હોય છે. કયા પ્લેટફોર્મ ઉપર કેટલા વાગે કઈ ટ્રેન આવે તેની તેમને જાત માહિતી હોતી નહી હોવાનો ઈન્કાર કરેલ છે.

તેઓને પી. આઈ. સાહેબનો ફોન આવતાં તેઓ કલાક – ૧૭.૩૦ વાગે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર પહોંચેલા. તેઓ પહોંચ્યા ત્યારે જી. આર. પી. એફ. તથા આર. પી. એફ. ના આશરે ૧૦૦ જેટલા માણસો હશે. તેઓ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર આશરે અડધોથી પોણો કલાક રોકાયેલા અને પછી તેઓ જી. આર. પી. પોલીસ સ્ટેશને ગયેલા. તેમની હાજરીમાં આ જ જીજ્ઞેશ મેવાણી છે તેવી કોઈ

ઓળખ પરેડ કે ખરાઈ કરવામાં આવેલી નહીં હોવાનો ઈન્કાર કરેલ છે. જી. આર. પી. પોલીસ સ્ટેશને તેઓએ જાતે તહોમતદારો અંગેની કોઈ ખરાઈ કરેલી નહીં. તેઓનું નિવેદન કઈ તારીખે અને કેટલા વાગે લેવામાં આવેલું તે તેઓ ચોકકસ કહી શકે નહીં. તેમનું નિવેદન નોંધવામાં આવ્યું ત્યારે બીજા પોલીસ કર્મચારીઓના નિવેદનો લેવાયેલા. કોના – કોના નિવેદનો લેવાયેલા તે તેઓ હાલમાં કહી શકે તેમ નથી. તેમનું નિવેદન લખાવતાં આશરે અડધો કલાક જેવો સમય થયેલો. તેઓ નિયમીત વર્તમાનપત્ર વાંચે છે, તેમજ જીજ્ઞેશ મેવાણી અવાર – નવાર સમાજના પછાત વર્ગો, મહિલાઓ, મજુરો વિગેરેના સરકારશ્રી સમક્ષના પડતર પ્રશ્નો બાબતે સરકારશ્રી સમક્ષ લેખિત આવેદન પત્રો આપતા હોય તે બાબતે અવાર – નવાર સમાચાર આવતા હોય તેથી તેઓ જીજ્ઞેશ મેવાણીને ઓળખે છે. આ સિવાય પણ તેઓ ઓળખે છે. તેઓ જીજ્ઞેશ મેવાણીને હાલના બનાવ પહેલાથી ઓળખતાં હતાં.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૧૫) ફરીયાદપક્ષે આંક – ૨૦૭ થી સાહેદ દશરથસિંહ લાલુભા ગઢવી સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તા. ૧૧/૦૭/૧૭ ના રોજ તેઓ તેમની સર્વેલન્સ ડ્યુટી પર હાજર હતા. તેઓને ઈન્ચાર્જ તેમજ થાણા અધિકારીશ્રીઓનો હુકમ મળતાં પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર કોઈ મહિલા અને પુરૂષો જેવા ૩૦ માણસોનું ટોળુ રાજધાની એકસપ્રેસ ટ્રેનની આગળ બેસી ગયેલ હોય અને ટ્રેનને આગળ જવા દેતાં ન હોય, જેથી તેઓ તથા તેમની સાથેના પોલીસ કર્મચારીઓ ત્યાં જઈ અને આગળનો શું બનાવ બનેલ છે, તેમજ ત્યાં હાલમાં આર. પી. એફ. ના માણસો હાજર હોય જેઓની મદદ કરી આગળની તેમના ઈન્ચાર્જને જાણ કરવી. આથી સાહેદ

પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર બનાવની જગ્યા ઉપર ગયેલા. તેઓએ બનાવવાળી જગ્યાએ જઈને જોયેલ તો ત્યાં માણસોનું ટોળુ જેમાં મહિલાઓ અને પુરૂષો રાજધાની એક્ષપ્રેસ ટ્રેનના એંજીનની આગળ બેસી ગયેલા હતાં. તેઓ ત્યારે ત્યાં પહોંચી તેમના ઈન્ચાર્જશ્રીના હુકમથી તે લોકોને સમજાવેલા, તેઓ રેલ્વેના પાટા ઉપરથી ઉભા થઈ જાય, જેથી ટ્રેન આગળ વધી શકે નહીંતર તેઓના વિરૂઘ્ધમાં આર. પી. એફ. તેમજ તેમના ઈન્ચાર્જશ્રીના હુકમ મુજબ તેમના વિરૂઘ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ બનાવ અંગેની બીજી કોઈ હકીકત તેઓ જાણતાં નથી. તેમનું નિવેદન નોંધવામાં આવેલું. આ ટોળામાં જે મહિલાઓ અને પુરૂષો હતાં તેમાં નામાંકીત આગેવાન હોય તો તેઓ જાણતાં નથી. તેઓ આ ટોળામાંથી કોઈને ઓળખતાં નથી.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી ઘ્વારા તેઓની કરવમાં આવેલી ઉલટતપાસમાં જણાવે છે કે, કાલુપુર રેલ્વે સ્ટેશનમાં આવેલ દરેક દરવાજા અને ચેકપોસ્ટની તેમને ખબર છે. કાલુપુર રેલ્વે સ્ટેશનમાં આવવા માટે એક પ્લેટ ફોર્મ નં. – ૦૧ તરફથી તેમજ સરસપુર તરફથી આવવાના દરવાજા આ બંને તરફના દરવાજા ઉપર પોલીસનું ચેકીંગ હોવાનો ઈન્કાર કરી સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, સરસપુર તરફ કોઈ ચેકીંગ હોતું નથી. આ બનાવ બન્યો ત્યારે સરસપુર તરફના દરવાજે ચેકીંગ માટે કોઈ અધિકારીઓ હાજર હતાં કે કેમ ? તે તેઓ કહી શકે નહીં. તેમની ડ્યુટી પ્લેટફોર્મ નં. – ૦૧ ઉપર હોય છે. આ બનાવના દિવસે તેમની ફરજ સવારે ૦૮.૦૦ થી ૨૦.૦૦ સુધીની હતી. આ બનાવના દિવસે તેઓ ૧૬.૦૦ થી તેમની સર્વેલન્સ ઓફીસમાં હાજર હતાં.

તેઓને કલાક–૧૬.૦૦ વાગે તેમના અધિકારીશ્રીએ જાણ કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેમને કલાક – ૧૭.૦૦ ની આસપાસ જાણ કરવામાં આવેલી કે આવો કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેઓએ આર. પી. એફ. સાથે સંકલનમાં રહીને ટ્રેનને યોગ્ય સમયે રવાના કરવી. જે બાબતે તેઓ

તેમને જાણ કરે છે. તેમને આવી જાણ કરવામાં આવી ત્યારે તેમના એ. એસ. આઈ. ભીમસિંહભાઈ અને બીજા સાથેના સ્ટાફવાળા હાજર હતાં. બીજા કોણ હાજર હતાં તેના નામ તેમને હાલમાં યાદ નથી. તેમને કલાક–૧૭.૦૦ વાગે જાણ થઈ એટલે તરત જ તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેમને કલાક–૧૭.૦૦ વાગે જાણ થયા બાદ તેમના મોબાઈલમાંથી પ્લેટફોર્મ નં. – ૦૧ થી ૧૨ ઉપર સર્વેલન્સ વિભાગમાં ફરજ બજાવતા સાથે કર્મચારીઓ ને ઓફીસમાં બોલાવી બધાને સાથે લઈને આશરે અધકો કલાકમાં બનાવવાળી જગ્યાએ પહોંચેલા.

સર્વેલન્સ વિભાગમાં તેમની ફરજમાં ગુના થતાં અટકાવવાનું તથા ડીટેન્સન વિગેરેની કામગીરીઓ હોય છે. તેમના નિવેદનમાં ટોળામાંના કોઈ આગેવાન ના નામ કે સરનામા લખાવેલા નહીં. પોલીસે કઈ કલમ મુજબ કાર્યવાહી કરી તેની તેમને જાત માહિતી નથી. તેમનું નિવેદન બનાવના બીજા દિવસે લેવામાં આવેલું. બીજા દિવસે તેમનું નિવેદન લીધું ત્યારે બીજા કોણ પોલીસ કર્મચારી હતાં તેની તેમને ખબર નથી કેમ કે તેમનું નિવેદન લખાવી તેમની ફરજ પર જતાં રહેલાં. તેમનું નિવેદન ચોકકસ કયા સમયે લીધેલું તે તેઓ હાલમાં કહી શકે તેમ નથી, પરંતુ અગિયાર વાગ્યા પછી લીધેલું. તેમનું નિવેદન તેમના થાણા ઈન્ચાર્જ શ્રી એચ. સી. રાઠવાના આદેશથી રાઈટરે લીધેલું. તેઓ રાઈટરનું નામ આપી શકે તેમ નથી. તેમનું નિવેદન નોંધવામાં આવ્યું ત્યારે તેમના અને રાઈટર સિવાય અનય કોઈ હાજર ન હતું.

કાલુપુર રેલ્વે સ્ટેશન પરથી દિવસ દરમિયાન ઘણી બધી ટ્રેન પસાર થાય છે. તેમજ બધા પ્લેટફોર્મ પર ઘણાં બધા મુસાફરોની અવર – જવર થતી હોય છે, તેમજ કયા પ્લેટફોર્મ ઉપર કઈ ટ્રેન આવશે તેની તેમને ખબર હોતી નથી. સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના

પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે આંક – ૨૧૨ થી સાહેદ ઈલાબેન ભીમાભાઈ ખોડીયા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૦૧/૧૭ ના રોજ સાહેદ પોતાની ફરજ પર એકાઉન્ટ ઓફીસમાં હાજર હતા. ફરજ દરમ્યાન તેણીને, તેણીના ઉપરી અધિકારીએ મૌખિક જાણ કરેલ કે, પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર રાજધાની એકસપ્રેસ ટ્રેન ઉપર બનાવ બનેલ હોય જેથી તેણીને ત્યાં હાજર રહેવા અંગે જણાવેલ. જેથી તેણી એકાઉન્ટ ઓફીસથી પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર ગયેલ. ત્યાં ટ્રેન રોકવામાં આવેલ હતી. પ્લેટફોર્મ નં. ૧૦ ઉપર આવેલ રાજધાની ટ્રેન રોકવામા આવેલી હતી. આ ટ્રેન જીગ્નેશ મેવાણી સાથે ૧૭ પુરુષ અને ૧૩ મહીલાઓ હતા. આ લોકો ટ્રેનના પાટા ઉપર મહીલાઓ સાડી ઉતારીને વિરોધ પ્ર દર્શન કરતી હતી. આ લોકો નારા પણ લગાવતા હતા. આથી આર. પી. એફ. અને જી. આર. પી. એફ. સ્ટાફના માણસો ત્યાં હાજર હતા. તેઓને રોકવાનો પ્ર યત્ન કરેલ, ત્યારબાદ તે લોકોને આર. પી. એફ. ઓફીસ લઈ જવામા આવેલ. ત્યાં તેઓની પુછપરછ કરેલી. બાદ જી. આર. પી. માં ગુનો દાખલ કરેલ. તેણીનું નિવેદન નોંધવામા આવેલુ. તેણી જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકે નહીં. ખાસ ચહેરો યાદ નથી.

આ સાહેદ તહોમતદારો તરફે કરવામાં આવેલ ઉલટમાં જણાવે છે કે, સને – ૨૦૧૭ના વર્ષમાં રેલ્વેમાં તેણી એકાઉન્ટ બ્રાંચમાં નોકરી કરતા હતા. સાહેદને એકાઉન્ટ બ્રાંચમાં પોલીસ કર્મચારીને લગતા તુમારને લગતા કામ હોય છે અને તમામ પ્રકારના બીલો બનાવવાના હોય છે. આ સિવાય તેણીએ બીજી કોઈ કામગીરી કરવાની હોતી નથી. તેણીની એકાઉન્ટ બ્રાંચમાં સવારના ૦૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ સુધીની શીફ્ટ હોય છે. તેણીને બીજી કોઈ કામગીરી સોપવામા આવતી નથી. તેણીને ૧૦ અને ૧૧ તારીખે ખુબ વધારે કામ રહેતુ

હોવાનો ઈન્કાર કરેલ છે. તા. ૧૧/૦૧/૧૭ ના રોજ તેણીની ફરજ કલાક ૧ ૪/૦૦ થી ૨૦/૦૦ સુધીની એકાઉન્ટ બ્રાંચમાં હતી. તેણીની સાથે બીજા ૪ કર્મચારી હતા, જેમના નામ રણમલભાઈ, બીજા કર્મચારીનુ નામ હાલ તેણીને યાદ નથી. તેણીની સાથે બીજા એક ગીતાબેન હતા. એકાઉન્ટ બ્રાંચ ની ઓફીસ ૧૨ નંબરના પ્લેટફોર્મ પર આવેલી છે. ૧૨ નંબરના પ્લેટફોર્મ પરથી ૧૦ નંબરના પ્લેટફોર્મ પર આવતા આશરે ૧૦ મીનીટ જેટલો સમય લાગે. તેણીને ૧૦ નંબરના પ્લેટફોર્મ પર જવાની સુચના કલાક ૧૮/૦૦ વાગે પી. એસ. ઓ. ધ્વારા સુચના મળેલી. પી. એસ. ઓ. ઓફીસ અને એકાઉન્ટ બ્રાંચ બંને અલગ – અલગ ઓફીસો છે. તેણીને પી. એસ. ઓ. ઓફીસથી બોલાવવામા આવેલા નહીં, બારોબાર હાજર થયેલા. તેણીને ફોન ધ્વારા સુચના આપવામા આવેલી.

તેણી પ્લેટફોર્મ નં. – ૧૦ પર એકલી ગયેલી. તેણી કેટલા વાગે પહોંચેલી તે ચોકકસ સમય યાદ નથી, પરંતુ કલાક ૧૮/૧૦ ની આસપાસનો સમય હતો. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર કુલ ૧૨ પ્લેટફોર્મ છે. દિવસ દરમ્યાન દરેક પ્લેટફોર્મ પર લોકોની ભરચક ભીડ હોય છે અને અસંખ્ય ટ્રેનોની અવરજવર થતી હોય છે. કયા પ્લેટફોર્મ પરથી કઈ ટ્રેન નીકળે છે તેની તેણીને ખબર નથી. તેણીની હાજરીમાં પોલીસે ૧૭ પુરુષ અને ૧૩ મહીલા વિરુધ્ધની કાર્યવાહી કરવામાં આવેલી નહીં. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, આર. પી. એફ. ઓફીસે પુછપરછ કરવા માટે લઈ જવામા આવેલા હતા.

કલાક ૨૦/૦૦ વાગે તેણીની ફરજ પુરી થઈ જતાં તેણી તેણીના ઘરે જતા રહેલનો ઈન્કાર કરી સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, પછી તેણીનું નિવેદન લેવામાં આવેલુ. તેણીનું નિવેદન તા. ૧૧/૦૧/૧૭ના રોજ કલાક ૨૧/૦૦ વાગે તેમના પી. આઈ. સાહેબની ચેમ્બરમાં લેવામા આવેલુ. તેણીના નિવેદન સમયે તેમના પી. આઈ. સાહેબ અને રાઈટર હાજર હતા તે સિવાય બીજુ કોઈ હાજર ન હતુ. રાઈટરે માત્ર તેણીનું નામ સરનામુ પુછેલું અને નિવેદન જાતે લખી લીધેલ

હોવાનો ઈન્કાર કરેલ છે. આ નિવેદન લખાવતા તેણીને આશરે ૩૦ મીનીટ જેટલો સમય થયેલો.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૧૭)** ફરીયાદપક્ષે આંક – ૨૧૪ થી સાહેદ તેજલબેન ઉમેદભાઈ ખાચર સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વષમાં તેણી વુમન લોકરક્ષક તરીકે અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી હતી. ત્યારે તા. ૧૧/૦૧/૧૭ ના રોજ આશરે ૧૭.૪૫ વાગે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં ૧૮ પુરૂષો અને ૧૩ મહિલાઓ અમુક પ્લેટફોર્મ ના પાટા ઉપર સુઈ ગયેલા અને અમનુક લોકો ટ્રેનના એન્જીન ઉપર ચડી ગયેલા અને લેડીઝો ધ્વારા સાડી કાઢી વિરોધ પ્રદર્શન કરવામાં આવેલું હતું. આ લોકો અમદાવાદથી દિલ્હી જતી રાજધાની એક્ષપ્રેસના એન્જીન ઉપર ચડી ગયેલા. ત્યારબાદ મહિલા આર. પી. એફ. કર્મચારી સંગીતાદેવી પર હુમલો કરવામાં આવેલો. ત્યારબાદ આર. પી. એફ. અને જી. આર. પી. એફ. ધ્વારા તે લોકોને સમજાવવામાં આવેલ પરંતુ તે લોકો સમજેલા નહીં. જેથી તેઓને આર. પી. એફ. કચેરી લઈ જવામાં આવેલા. જયાં તેઓની પુછપરછ કરવામાં આવેલી. સાહેદનું નિવેદન નોંધવામાં આવેલું. સાહેદ જીગ્નેશ મેવાણી ને અત્યારે જોયેથી ઓળખી શકે નહીં અને તે સમયે પણ ઓળખતા ન હતા, પરંતે જાણ કરેલી કે આ વ્યકિત છે.

આ સાહેદ બચાવપક્ષે વિ. વ. શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં જણાવે છે કે, વુમન લોકરક્ષક તરીકે તેમની ફરજ સ્ટેશન ડયુટીની હતી. સાહેદની ફરજમાં તેણીને જે પ્લેટફોર્મ પર ફરજ સોંપવામાં આવે ત્યાં કોઈ અનીચ્છનીય

બનાવ બને નહીં તેની તકેદારી રાખવાની હોય છે. આ બનાવના દિવસે તેણીની ફરજ પ્લેટફોર્મ નં. – ૦૧ ઉપર ગેટ નં. – ૦૪ પર હતી. સાહેદ તેઓના પી. આઈ. સાહેબના મૌખિક આદેશથી પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર ગયેલ. આ મૌખિક આદેશ રૂબરૂ આપવામાં આવેલો નહીં. આ આદેશ આશરે કલાક–૧૭.૪૫ ના સુમારે આપેલો. તેમના ઉપરી અધિકારી આદેશ આપી શકે, બીજા કોઈ આદેશ આપી શકે નહીં.

સને–૨૦૧૭ ના વર્ષમાં અમદાવાદ રેલ્વે સ્ટેશન પર કુલ – ૧૨ પ્લેટફોર્મ હતાં. આ પ્લેટફોર્મ પર જવા માટે આશરે ૫ થી ૬ ગેટ આવેલા છે. મોટી સંખ્યામાં કોઈ ટોળુ આ ગેટમાં પ્રવેશ કરે તો રેલ્વે પોલીસને આગોતરી (અગાઉથી) જાણ થાય. દરેક ગેટ પર સી. સી. ટી. વી. કેમેરા લાગેલા છે અને તેની લાઈવ ટેલીકાસ્ટ પોલીસ સ્ટેશનમાં બેસીને જોઈ શકાય તેની સાહેદને જાણ નથી. સાહેદે નિવેદન આપતી હોય અને કોઈએ લખ્યુ હોય તેવું બનેલ નહીં હોવાનો ઈન્કાર કરેલ છે. આ નિવેદન તેણીએ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે પી. આઈ. શ્રીની ચેમ્બરમાં પી. આઈ. તથા તેઓના રાઈટરની હાજરીમાં આપેલું. સાહેદનું નિવેદન આશરે ૨૧ .૦૦ વાગે શરૂ થયેલ અને આશરે ૨૧.૩૦ વાગે પુરું થયેલ. આ સમયગાળા દરમિયાન બીજા કોઈનું નિવેદન નોંધવામાં આવેલ નહીં.

જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં પુરુષો કે મહિલાઓ ટ્રેનના એન્જીન પર ચડી કે રેલ્વેના પાટા ઉપર ટ્રેન રોકી કેટલીક સ્ત્રીઓએ સાડીઓ કાઢી પ્રદર્શન કર્યું હોય કે કોઈએ સંગીતાદેવી ઉપર હુમલો કર્યો હોય તેવું બનેલાનું સાહેદ ખોટું જણાવતા હોવાનો ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૧૮) ફરીયાદપક્ષે આંક – ૨૧૬ થી સાહેદ કલ્પનાબેન શંકરભાઈ બોડાત સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તેણી વુમન લોકરક્ષક તરીકે અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. ત્યારે તા. ૧૧/૦૧/૧૭ ના રોજ કલાક ૧૭/ ૪૦ની આસપાસ કેટલીક મહીલાઓ અને પુરુષોએ રાજધાની એકસપ્રેસ ટ્રેનને રોકેલ. ટ્રેન રોકી રાખેલી હતી. જેથી સાહેદના સાહેબશ્રીએ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર જવાનો હુકમ કરેલો. જેથી સાહેદ ત્યાં ગયેલા તો ત્યાં ટ્રેન રોકી રાખેલી હતી. ત્યાં મહીલા અને પુરુષો હતા. આ ટ્રેન રોકવામા મુખ્ય જિગ્નેશભાઈ મેવાણી હતા. આ મહીલા અને પુરુષોને અટક કરી આર. પી. એફ. ઓફીસે લઈ ગયા હતા. પોલીસે સાહેદનું નિવેદન નોંધેલુ. તેણી જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, રેલ્વે પોલીસ સ્ટેશનમાં લોક રક્ષક તરીકે તેણીની ફરજ ગેટ નં. – ૧ પર હતી. ગેટ નં. – ૧ એ અમદાવાદ રેલ્વે પ્લેટફોર્મ પર જવા માટેનો મુખ્ય ગેટ છે. તેણી સિવાય અન્ય પોલીસ કર્મચારીઓ પણ આ ગેટ પર હોય છે. જુદા – જુદા ગેટ ઉપર પણ રેલ્વે પોલીસના કર્મચારીઓ હાજર હોય છે. તેણીએ તેણીના નિવેદનમાં આદેશ આપનાર અધિકારીશ્રીનુ નામ જણાવેલ નથી. તેણી રેલ્વે પ્લેટફોર્મ પર ફરજ બજાવતા હતા ત્યારે તેણીની કુલ ફરજ એક થી દોઢ મહીના જેટલી હતી. જિગ્નેશ મેવાણી હોવાનું તેણીને, તેણીના ઉપરી અધિકારીશ્રીએ જણાવેલું. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, સાહેદ જોયેથી ઓળખી શકે. રેલ્વે પ્લેટફોર્મ નં. – ૧ પર સાહેદ ફરજ પર હતા, તે સિવાય તેણીને બીજી કોઈ જાત માહીતી નથી. સાહેદ નિવેદન નોંધાવવા માટે તા.૧૧/૦૧/૧૭ના રોજ ગયેલ. સાહેદનું નિવેદન તેણીના સાહેબશ્રી અને રાઈટરે કલાક ૨૧/૦૦ની આસપાસ નોંધેલુ. તેણીની સાથે બીજા કોઈ વુમન લોક રક્ષક કે પોલીસનું નિવેદન નોંધવામાં આવેલું નહીં.

(૧૯) ફરીયાદપક્ષે આંક – ૨૧૭ થી સાહેદ પુનીબેન ઓઘડભાઈ પરમાર સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ના વર્ષમાં તેણી અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તા. ૧૧/૦૧/૧૭ ના રોજ કલાક ૧૭/૪૫ વાગે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર અમદાવાદથી દિલ્લી જતી રાજધાની એકસપ્રેસ ટ્રેન જિગ્નેશ મેવાણી તથા અન્ય લોકો ટ્રેનના એન્જિનના આગળના ભાગે એન્જિન પર ચઢી ગયેલા અને ટ્રેન રોકેલી. આ ટોળામાં ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ હતી. ત્યારબાદ તેઓને પકડીને આર. પી. એફ. ઓફીસે લઈ જઈ કાર્યવાહી કરેલી. તેણીનું નિવેદન નોંધવામાં આવેલુ. તેણી જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેણી અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન પર દોઢ મહીનાથી નોકરી કરતા હતા. સાહેદની પ્લેટફોમ નં. – ૪, ૫ ઉપર સ્ટેશન ડયુટીની તેઓની ફરજ હતી. સાહેદને બીજો કોઈ આદેશ ન આપવામા આવે ત્યાં સુધી સદર પ્લેટફોર્મ ઉપર ફરજ બજાવવાની હોય છે. સાહેદને પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર જવા માટે સાહેદને નામજોગ કોઈ લેખીત આદેશ કરવામા આવેલો નહીં. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, સાહેદને જવા માટે તેઓના ઉપરી અધિકારી પી. આઈ શ્રી એચ. સી. રાઠવા સાહેબે આપેલી. આ સુચના તેણીને રાઠવા સાહેબે પ્લેટફોર્મ નં. – ૪ અને ૫ ઉપર કલાક આશરે ૧૭/૩૫ થી ૧૭/૪૦ ની આસપાસ જણાવેલી.

આ પ્લેટફોર્મ પર રોજ હજારો અને લાખોની સંખ્યામાં લોકોની અવરજવર થાય છે, તેમજ ટ્રેનોની અવરજવર થાય છે. આ ટ્રેન આવે અને ઉપડે ત્યારે પણ લોકોની ભીડ રહેતી હોય છે. આ ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓને તેણીએ જાતે ગણેલ કે કેમ ? તે તેણીને હાલે યાદ નથી. આવા કોઈ બનાવ અંગે તેણીએ, તેણીના મોબાઈલમાં વીડીયો શુટીંગ કરેલ હોય એવુ બનેલ

નથી. સાહેદ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર ગયેલી નહી હોવાનો ઈન્કાર કરેલ છે. જિગ્નેશભાઈ મેવાણી દલીત આગેવાન છે અને પ્રિન્ટ અને ટીવી મીડીયામાં અવારનવાર આવતા હોવાથી તેઓને ઓળખતા હોવા અંગેના પ્રશ્નના ઉત્તરમાં તેણીએ જણાવેલ છે કે, તેણી તેઓને ઓળખે છે. જિગ્નેશભાઈને બનાવ પહેલાથી ઓળખે છે.

સાહેદના નિવેદનમાં જિગ્નેશભાઈ મેવાણીની હાજરી હોવાનુ તેણીના ઉપરી અધિકારીના કહેવાથી લખાવેલુ તેનો ઈન્કાર કરેલ છે. જિગ્નેશ મેવાણી હાજર હતા તે અંગે તેણીએ કોઈ ફોટા કે વીડીયો ઉતારેલ નહી. જયારે તેણીને ઉલટમાં કરવામાં આવેલા અન્ય સૂચક સવાલોના તેણીએ ઈન્કારમાં જવાબો આપેલા છે.

(૨૦) ફરીયાદપક્ષે આંક – ૨૨૩ થી સાહેદ મમતાબેન વલ્લભભાઈ ચૌહાણ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ના વર્ષમાં તેણી અમદાવાદ રેલ્વે પોલીસ સ ટેશનમાં વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તા. ૧૧/૦૧/૧૭ ના રોજ અમદાવાદ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર અમદાવાદથી દિલ્લી તરફ જતી રાજધાની એકસપ્રેસ ટ્રેનમાં કલાક ૧૭/૪૫ વાગે જીગ્નેશ મેવાણીની આગેવાની હેઠળ ૧૮ પુરુષ તહોમતદાર તેમજ ૧૩ મહીલા તહોમતદાર ગેરકાયદેસરની મંડળી રચી રેલ્વેની હદમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી અમદાવાદ રેલ્વે સ્ટેશનની રાજધાની એકસપ્રેસ ટ્રેનના એન્જિનના આગળના ભાગે પાટા પર સુઈ જઈ ટ્રેનને ૨૦ મીનીટ સુધી રોકી રાખી અવરોધ ઉભો કરી આર. પી. એફ. અને જી. આર. પી. એફ. ના માણસોએ આંદોલનકારીઓને રોકવાનો પ્રયત્ન કરેલ, પરંતુ તેઓ માનેલ નહીં. જેથી અત્રેના પોલીસ સ્ટેશનમાં તા. ૧૧/૧/૧૭ના કલાક ૨૦/૧૫ વાગે ગુનો જાહેર કરેલ છે. તેણીનું નિવેદન નોંધવામા આવેલુ. તેણી જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં જણાવે છે કે, સાહેદની ફરજ ગેટ નં – ૪ પર સ્ટેશન ડ્યુટીની હતી. સાહેદની સાથે ગેટ નં – ૪ પર બીજા રેલ્વે પોલીસના કર્મચારી તથા સી. આર. પી. એફ. તથા આર. પી. એફ. તથા જી. આર. પી. એફ. અને હોમગાર્ડ તથા રેલ્વે ઓથોરીટીના માણસો હોય છે. આ બનાવના દિવસે સાહેદની ડ્યુટીનો સમયગાળો કલાક ૧૪/ ૦૦ થી ૨૦/૦૦ સુધીનો હતો. ગેટ નં – ૪ પર સાહેદની ડ્યુટી એ જે તે દિવસે ફાળવેલી ડ્યુટી છે, તેમજ સાહેદને ગેટ નં – ૪ પરથી અન્ય કોઈ જગ્યાએ ડ્યુટી કરવા જવુ હોય તો સાહેદના ઉપરી અધિકારી સાહેદને લેખીત આદેશ કરે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તે દિવસે સાહેદને મૌખિક આદેશ કરવામા આવેલો. આ બનાવના દિવસે તેણીના કયા ઉપરી અધિકારીએ તેણીને કેવી રીતે મૌખિક આદેશ કરેલો તે તેણીના પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી.

રેલ્વે સ્ટેશનમાં એન્ટર થવા માટે બીજા પણ ગેટ આવેલા છે. કોઈ પણ ગેટ પર કોઈ ટોળુ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે તો પોલીસ તેને રોકે ખરી. આવી રીતે કોઈ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે તો તેની ફરીયાદ પણ થાય. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર દિવસ અને રાત્રિ દરમ્યાન અસંખ્ય ટ્રેનોની અવર જવર થાય છે. તેમાં હજારો અને લાખો માણસોની પણ અવરજવર થાય છે. આવતી જતી દરેક ટ્રેનનો સમય સાહેદને ખબર ન હોય. બનાવ સમયે સાહેદ ગેટ નં – ૪ પર ફરજ પર હાજર હોય તેવું દર્શાવતો દસ્તાવેજી પુરાવો નિવેદન સમયે રજુ રાખેલો નહીં. ગેટ નં ૪ પરથી પ્લેટફોર્મ નં – ૧૦ પર જતા આશરે ૧૦ મીનીટ જેટલો સમય લાગે. અમદાવાદ રેલ્વે પ્લેટફોર્મ પર કઈ બોગી કઈ જગ્યાએ ઉભી રહેશે તેના નંબરો લખેલા છે.

ફરીયાદી પોલીસ હોઈ સાહેદનું નામ સરનામુ જાણતા હોય સાહેદનું ખોટુ નિવેદન નોધી લીધેલ હોવાનો ઈન્કાર કરેલ છે. આ ૧૮ પુરુષો અને ૧૩ મહીલા

છે તેવી તેણીએ જાતે ખરાઈ કરેલી નહીં અને ગણતરી કરેલી નહીં. સાહેદ આખો દિવસ ગેટ નં – ૪ પર રોકાયેલ તથા સાહેદે કોઈ હકીકતો જોયેલ નહીં પરંતુ તેણીના ઉપરી અધિકારીના કહેવાથી સરતપાસમાં જણાવતા હોવાનો ઈન્કાર કરેલ છે. સાહેદે બનાવ અંગે જાતે કોઈ વીડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલી નહી. બનાવવાળી જગ્યા પર તેણી કલાક ૧૭/૪૫ થી ૧૮/૩૦ સુધી રોકાયેલ. આ બનાવ સમયે બીજા કોઈ પોલીસ કર્મચારીએ વીડીયોગ્રફી કે ફોટોગ્રફી કરી હોય તો તે તેણીએ જોયેલ નહી. સૌપ્રથમ સાહેદને મૌખિક સુચના કલાક ૧૭/૩૦ વાગે તેણીના પી. આઈ. સાહેબે ફોનથી આપેલી. આ સમયગાળા દરમ્યાન તેણી કઈ બોગી પાસે હતા તેવુ સાહેદના નિવેદનમાં લખાવેલુ નહી.

જિગ્નેશ મેવાણી દલીત આગેવાન હોય અને અવાર નવાર ટીવી અને મીડીયામાં આવતા હોવાથી તેણી તેઓને ઓળખતા હોવાનો ઈન્કાર કરે છે. સાહેદ તેઓના ઉપરી અધિકારીના કહેવાથી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે. સાહેદનું નિવેદન લખાવવા માટે તેણીના પી. આઈ. સાહેબની ઓફીસમાં કલાક ૨૧/૩૦ ની આસપાસ ગયેલ. સાહેદનું નિવેદન લખાવતા ૧૫ થી ૨૦ મીનીટ જેટલો સમય થયેલો. નિવેદન આપતા સમયે તેણી બોલતા હોય અને સાહેદનું નિવેદન લખવામાં આવતું હોય તેવું બનેલુ નહીંહોવાનો ઈન્કાર કરી સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેણી બોલતી હતી અને પી. આઈ. સાહેબના રાઈટર લખતા હતા. સાહેદના બોલવા પ્રમાણે રાઈટરે બધી હકીકત કાગળમાં લખી લીધેલી.

પ્લેટફોર્મ નં. ૧૦ પર અમદાવાદથી દિલ્લી જતી રાજધાની એકસપ્રેસ ટ્રેનમાં ૧૭/૪૫ જિગ્નેશ મેવાણીની આગેવાની હેઠળ ૧૮ પુરુષ અને ૧૩ મહીલા આરોપી ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી રેલ્વે સ્ટેશનના રાજધાની એકસપ્રેસ ટ્રેનના એન્જીનના આગળના ભાગે પાટા પર ચઢી જઈ ટ્રેન ૨૦ મીનીટ ઉભી રાખી અવરોધ ઉભો કરવાની તથા આર. પી. એફ. તથા જી. આર. પી. એફ. ના

માણસોએ તેમને રોકેલાની અને તેઓ નહીં માનેલાની હકીકત ખોટી જણાવતા હોવાનો તેમજ જીગ્નેશ મેવાણી સરકાર વિરુધ્ધ પ્રજાના પ્રશ્નો અંગે અવાર – નવાર રજુઆત કરતા હોઈ સરકારે તેઓની વિરુધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરેલ હોવાનો તેમજ પોલીસ ફરીયાદી હોઈ તેની ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનો તેમજ સાહેદે જે તેણીની ફરજ ગેટ નં ૪ પર જણાવેલી તે સિવાય કયાંય ગયેલાનું ખોટુ જણાવતા હોવાનો તેમજ કહેવાતો બનાવ બનેલી નહી હોવાનો ઈન્કાર કરેલ છે.

**(૨૧)** ફરીયાદપક્ષે આંક – ૨૨૫ થી સાહેદ વિશ્વાબેન બટુકરાય પંડયા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તેણી અમદાવાદ રેલ્વે પોલીસમાં વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તા.૧૧/૧/૧૭ ના સાંજના ૧૭/૪૫ કલાકે રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકવામા આવેલી. આ ટ્રેન જીગ્નેશ મેવાણી ધ્વારા રોકવામાં આવેલી. આ ટ્રેન વીસેક મીનીટ જેટલી રોકવામા આવેલી. તે સિવાય બીજા ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ હતી. આ લોકોએ પણ ટ્રેન રોકવાની કોશીશ કરેલી. તેમને બધાને પકડીને આર. પી. એફ. ની કચેરીએ લઈ જવામાં આવેલ. સાહેદનું નિવેદન નોંધવામા આવેલુ. સાહેદ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકે નહીં.

આ સાહેદ તહોમતદાર પક્ષે વિ. વ. શ્રી ધ્વારા સદર સાહેદની કરવામાં આવેલી ઉલટમાં જણાવે છે કે, સાહેદ પોતાનું નિવેદન લખાવવા સારું તેમના રેલ્વે જી. આર. પી. એફ. પોલીસ સ્ટેશન રાત્રિના મોડા ગયેલ. ચોકકસ સમય યાદ નથી. સાહેદની સાથે નિવેદન નોંધાવવા આશરે પંદર થી વીસ સ્ત્રી પોલીસ જવાનો હાજર હતા. આ બનાવ સમયે સાહેદ રેલ્વે પોલીસમાં તા. ૨૬/૧૧/૧૬ ના દિવસથી નોકરી કરતા હતા. આ સાહેદની ફરજની પ્રથમ જ નોકરી હતી. સાહેદને સ્ટેશન ડયુટી પ્લેટફોર્મ નં. – ૨ અને ૩ ઉપર આપવામાં આવેલી. સાહેદનું નિવેદન તેણીના ઉપરી અધીકારી પુછતા હોય અને તેણી જણાવતા હોય અને કોઈ

હાથેથી લખતા હોય એવુ બનેલુ. સાહેદ પોતાની ડયુટીના સમયે પ્લેટફોર્મ નં. – ૨ અને ૩ છોડીને કયાંય ગયેલી નહી હોવાનો ઈન્કાર કરેલ છે. સાહેદે પોલીસ રુબરુના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, તેણી બનાવના દિવસે પ્લેટફોમ નં – ૧૦ ઉપર ગયેલા હતા. જયારે તેણીને ઉલટમાં કરવામાં આવેલા અન્ય સૂચક સવાલોના તેણીએ ઈન્કારમાં જવાબો આપેલા છે.

(૨૨) ફરીયાદપક્ષે આંક – ૨૨૬ થી સાહેદ ગીતાબેન બબાભાઈ ખાંભલા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં તેણી અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે તા.૧૧/૧/૧૭ના રોજ કલાક ૧૭/૪૫ વાગે રાજધાની એકસપ્રેસ ટ્રેન પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપરથી ઉપડતી ટ્રેન જિગ્નેશ મેવાણી તથા તેની સાથે ૩૦ માણસોએ ટ્રેનના એન્જીન ઉપર બેસી ગયેલા અને કેટલાક રેલ્વે પાટા પર સુઈ ગયેલા. આ ૩૦ માણસોમાં ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ હતી. આ ટ્રેન ૨૦ મીનીટ સુધી રોકી રાખેલી. એ લોકોએ ત્યારબાદ આર. પી. એફ. ની મહીલા સંગીતાદેવી સરોજ ઉપર હુમલો કરેલ. જેની જાણ થતા સાહેદ ત્યાં હાજર હતા પછી સાહેદ પકડવા માટે મદદરુપ થયેલા. ત્યારબાદ આર. પી. એફ. ની કચેરીએ લોકોને લઈ ગયેલા. ત્યારબાદ થોડા સમય પછી સાહેદને નિવેદન લેવા માટે બોલાવેલ. સાહેદનું નિવેદન નોધવામા આવેલુ. સાહેદ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, આ બનાવ સમયે સાહેદની રેલ્વે પોલીસમાં એકાઉન્ટ શાખામાં કલાક ૧૪/૦૦ થી ૨૦/૦૦ સુધી ફરજ હતી. સાહેદ પોતાનું નિવેદન નોંધાવવા કલાક ૨૧/૦૦ પછી ગયેલ. સાહેદ નિવેદન આપવા અંદાજીત બે થી ત્રણ કલાક રોકાયેલી. આશરે વીસેક મીનીટ એવું બનેલું કે સાહેદ પોતાનું નિવેદન લખાવતા હોય અને રાઈટર લખતા હોય. સાહેદે પોતાનું નિવેદન જે નોંધેલુ તે વાંચેલુ. સાહેદ એકાઉન્ટ શાખામાંથી પ્લેટફોર્મ નં. ૧૦ ઉપર ગયેલા હતા તેવું નિવેદનમાં લખાવેલ નહી હોવાનું તેમજ

એકાઉન્ટ શાખામાંથી કયા ઉપરી અધીકારીએ પ્લેટફોર્મ નં. – ૧૦ જવા કહેલુ તે લખાવેલ નહી હોવાનું સ્વિકારેલ છે. આ બનાવ સમયે સાહેદ રેલ્વે પોલીસમાં બે ત્રણ મહીનાથી ફરજ બજાવતા હતા.

અમદાવાદ રેલ્વે સ્ટેશન પર રોજની ઘણી બધી ટ્રેનોની અવરજવર થાય છે અને લાખોની સંખ્યામાં લોકોની અવર જવર થાય છે. દરેક પ્લેટફોર્મ પર ટ્રેનની કઈ બોગી કયાં ઉભી રહેશે તે દર્શાવેલુ હોય છે. સાહેદ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર હતા, કયાં ઉભા હતા તે ચોકકસ ખબર નહી હોવાનું જણાવી કહે છે કે, સાહેદ એન્જિન પાસે ઉભેલ હતા. સાહેદ આશરે પાંચ વાગ્યાથી આઠ વાગ્યા સુધી ત્રણ કલાક સુધી આ જગ્યા પર રોકાયેલ. આ સમય દરમ્યાન સાહેદે પોતાના મોબાઈલથી કોઈ વીડીયો શુટીગ કરેલ નથી. સાહેદ બનાવ વખતે જીગ્નેશ મેવાણીને જોયા ત્યારથી ઓળખે છે.

આ બનાવ સમયે પ્લેટફોર્મ નં. ૧૦ ઉપર અંદાજીત પચાસ થી સો જેટલા લોકો હશે. આ લોકોમાં આશરે ૫૦ માણસો પોલીસ કર્મચારીઓ હતા. સાહેદની ફરજ દરમ્યાન આર. પી. એફ. ઓફીસમાં બનાવ પહેલા કયારેય ગયેલ નહી. આ બનાવ સમયે ગયેલ છે. બનાવના દિવસે એકાઉન્ટ શાખા છોડીને કયાંય ગયેલી નહી હોવાનો તેમજ સાહેદ રેલ્વે પોલીસમાં નોકરી કરતા હોય સાહેદનું નામ સરનામુ લખી સાહેદનું નિવેદન નોંધી લીધેલુ હોવાનો ઈન્કાર કરેલ છે. આ બનાવ સમયે સાહેદ આર. પી. એફ. ના કોઈપણ કર્મચારીને નામ જોગ ઓળખતા નહીં. જયારે તેણીને ઉલટમાં કરવામાં આવેલા અન્ય સૂચક સવાલોના તેણીએ ઈન્કારમાં જવાબો આપેલા છે.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૨૩) ફરીયાદપક્ષે આંક – ૨૨૭ થી સાહેદ ધીરીબેન નાથાભાઈ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ ના વર્ષમાં અમદાવાદ રેલ્વે પોલીસમાં વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે તા. ૧૧/૧/૧૭ના રોજ જયારે સાહેદની નોકરી કલાક ૧૪/૦૦ થી ૨૦/૦૦ સુધી પ્લેટફોર્મ નં. – ૨, ૩ ઉપર હતી. તા.૧૧ /૧/૧૭ ના રોજ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર દીલ્લી જતી રાજધાની એકસપ્રેસ ટ્રેન કલાક ૧૭/૪૫ વાગે ઉપડવાનો તેનો ટાઈમ હોય તે સમય દરમ્યાન ત્યાં જીગ્નેશ મેવાણી તેમજ તેમની સાથેના ૧૮ પુરુષો તથા ૧૩ મહીલાઓ પોતાની સરકારી માંગણી માટે ગેરકાયદેસર રીતે રેલ્વે પરીસરમાં પ્રવેશ કરી એન્જીન ઉપર ચઢી પાટા ઉપર અમુક લોકો બેસીને અમુક બહેનોએ તેમની સાડીનો પલ્લુ સરકાવીને વિરોધ પ્રદર્શન કરેલ. જી. આર. પી. અને આર. પી. એફ. ના પોલીસ માણસો ધ્વારા તેઓને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેઓએ આર. પી. એફ. ના સંગીતાબેન સરોજને જખ્મી કર્યા. ત્યારબાદ જિગ્નેશ મેવાણી સહીત બધા માણસોને આર. પી. એફ. ઓફીસે લઈ જઈ તેમની વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલી. સાહેદનું નિવેદન નોંધવામા આવેલુ. સાહેદ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવેલ છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, સાહેદ પોતાનું નિવેદન લખાવવા માટે આશરે કલાક – ૨૧/૦૦ પછી પોલીસ સ્ ટેશન ગયેલ. સાહેદનું નિવેદન પુરુ થયુ તે દરમ્યાન આશરે બે થી અઢી કલાક ત્યાં રોકાયેલ. સાહેદનું નિવેદન સાહેદ બોલતા હોઈ અને કોઈ હાથેથી લખતુ હોય એવુ બનેલ નહીં. સાહેદનું નિવેદન કોમ્પ્યુટરમાં તેમના રાઠવા સાહેબની હાજરીમાં રાઈટરે નોંધેલુ. સાહેદનું નિવેદન રાઈટર વણઝારા સાહેબે નોંધી લીધેલુ. સાહેદે પોતાના નિવેદનમાં બનાવ સમયે તેણી પ્લેટફોર્મ નં. – ૧૦ પર ગયેલ તેવું લખાવેલ નહી હોવાનું કબુલ કરેલ છે. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર દિવસ

રાત અસંખ્ય ટ્રેનોની અવર – જવર થાય છે અને લાખો લોકોની પણ અવર – જવર થાય છે.

સાહેદ ફરજ પર હોય અને ત્યાંથી બીજી ફરજ પર જવાનુ થાય તો તેણીને લ ેખીત આદેશ કે વર્ધી આપવી પડે. સાહેદને કોઈ લેખીત આદેશ આપવામા આવે તો સાહેદ પોતાના નિવેદનમાં લખાવે કે કોણે આદેશ આપેલ છે. બનાવના દિવસે રાજધાની ટ્રેન કેટલા વાગે ઉપડવાની હતી તે અંગે સાહેદે જાતે ખરાઈ કરેલી નહીં. તેમજ સાહેદે જાતે ૧૮ પુરુષો અને ૧૩ મહીલાની ગણતરી કરેલી નહી. સાહેદે જીગ્નેશ મેવાણી તથા બાકીના તમામ તહોમતદારોની જાતે ખરાઈ કરેલી નહીં હોવાનો ઈન્કાર કરી જણાવેલ છે કે સાહેદે ગુનો દાખલ થયો તે પહેલા આ લોકોના નામ સરનામા પુછી કલાક ૨૦/૧૫ ની આસપાસ ખરાઈ કરેલી. સાહેદે ખરાઈ કર્યા બાદ ૧૮ પુરુષો તથા ૧૩ મહીલા તથા જીગ્નેશ મેવાણી તમામના નામ સાહેદના નિવેદનમાં લખાવેલા. આ સમયગાળા દરમ્યાનમાં બીજી કોઈ કાર્યવાહી થયેલી નહી. સાહેદને તેઓના ઉપરી અધીકારીએ કહેલ કે, આ જીગ્નેશ મેવાણી છે તેઓની સામે ગુનો દાખલ કરવાનો છે તેવા પ્રશ્નના જવાબમાં સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, સાહેદ તેઓને ત્યાંથી લઈ આવ્યા એટલે કાર્યવાહી કરેલી.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૨૪) ફરીયાદપક્ષે આંક – ૨૨૮ થી સાહેદ પાર્વતીબેન હીરાભાઈ ભરવાડ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને – ૨૦૧૭ના વર્ષમાં સાહેદ અમદાવાદ રેલ્વે પોલીસ સ ટેશનમાં વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તા.૧૧/૧/૧૭ના રોજ જીગ્નેશભાઈ મેવાણીએ આંદોલન કરેલુ. રાજધાની ટ્રેન ૧૦ નંબરના પ્લેટફોર્મ પર

કલાક ૧૭/૪૫ રોકેલી. તેમની સાથે બીજા ટોટલ ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ હતી. આ ટ્રેન ૧૫ થી ૨૦ મીનીટ સુધી રોકેલ. તે સિવાય આ લોકોએ આર. પી. એફ. ના મહીલા કર્મચારી પર હુમલો કરવાની કોશીશ કરેલી. ત્યારબાદ એ લોકોને સમજાવેલા પણ માનેલા નહી તેથી આર. પી. એફ. કચેરીએ લઈ ગયેલા. ત્યાં તેમની વિરુધ્ધ ગુનો દાખલ કરેલ. સાહેદનું નિવેદન નોંધવામા આવેલુ. સાહેદ જીગ્નેશભાઈ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, આ બનાવ સમયે સાહેદ પ્લેટફોર્મ નં. – ૧ ઉપર ફરજ બજાવતા હતા. આ પ્લેટફોર્મ નં. – ૧ ઉપર જવા માટે ૩ ગેટ આવેલા છે. આ દરેક ગેટ ઉપર રેલ્વે પોલીસના જવાન તથા આર. પી. એફ. ના જવાન તથા રેલ્વેના કર્મચારીઓની સતત ફરજ હોય છે. સાહેદને કોઈ લેખીત આદેશ આપવામા આવેલો નહીં, પરંતુ મૌખિક આદેશ આપવામાં આવેલો. સાહેદને મોબાઈલ ફોન ઉપર ફોન આવેલ અને કલાક ૧ ૭/૦૦ આસપાસ મૌખિક આદેશ આપવામા આવેલ. સાહેદે ઉપરોકત જણાવેલ સ ટાફમાંથી તેઓની સાથે કોણ – કોણ આવેલું તે હાલ તેણીને યાદ નહી હોવાનું જણાવી સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, સાહેદની સાથે ઘણા બધા લોકો આવેલા. સાહેદે જાતે જીગ્નેશભાઈ મેવાણીની ખરાઈ કરેલી નહીં, પણ તેઓ ત્યાં ગયા એટલે સાહેદને ખબર પડેલી.

રાજધાની ટ્રેન ઉપડવાના સમયે પેસેન્જરોની ઘણી બધી ભીડ હોય છે તેમ જણાવી જણાવેલ છે કે, એટલી બધી ન હોય. સાહેદને ફોન આવ્યો ત્યારબાદ ૫ થી ૭ મીનીટમાં પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર પહોચેલ. સાહેદની હાજરીમાં કોઈ વ્યકિત અપકૃત્ય કરતું હોય તો સાહેદ તેને અટકાવવાનો અને સમજાવવાનો પ્રયત્ન કરે. સાહેદે બનાવવાળી જગ્યાએ કોઈને સમજાવેલા નહી હોવાનો ઈન્કાર કરેલ છે. આ ઘટના સંદર્ભે કંઈ થયુ હોય તો સાહેદ પોતાના નિવેદનમાં લખાવે ખરા.

સાહેદે પોતાનું નિવેદન આશરે કલાક ૨૨/૦૦ વાગે પોલીસ સ્ટેશનમાં આપેલુ. સાહેદનું નિવેદન નોંધવામાં વીસ મીનીટ થી અડધો કલાક જેટલો સમય થયેલો. પુરુષો અને મહીલાઓને સંખ્યા બાબતે તેણીએ જાતે ખરાઈ કરેલી નહીં હોવાનો ઈન્કાર કરેલ છે. સાહેદે જાતે ખરાઈ કરેલ હોય તો નિવેદનમાં સાહેદ તમામના નામ લખાવે. સાહેદ રેલ્વે પોલીસમાં નોકરી કરતા હોઈ સાહેદના ઉપરી અધીકારીએ ખોટી રીતે તેણીનું નિવેદન નોંધી લીધેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

પ્લેટફોમ નં – ૧૦ ઉપર આ સમયે કેટલા માણસો હતા તે સાહેદ ચોકકસ કહી શકે નહીં. જીગ્નેશ મેવાણી સરકારની વિરુધ્ધમાં પ્રજાના પ્રશ્નો અંગે અવાર – નવાર રજુઆત કરતા હોય સરકારના આદેશ મુજબ સાહેદના સાહેબે તહોમતદારની ખોટી સંડોવણી કરી ખોટું નામ લખી લીધેલ અને ફરીયાદી તેમના સાહેબ હોય તેમની ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૨૫) ફરીયાદપક્ષે આંક – ૨૩૦ થી સાહેદ ભાવનાબેન પ્રવિણભાઈ પટેલીયા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ ટેશનમાં વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧ /૧૭ ના રોજ અમદાવાદ રેલ્વે સ્ટેશને પ્લેટફોમ નં – ૧૦ ઉપર રાજધાની એકસપ્રેસ ટ્રેન એન્જિનના આગળના ભાગે મહીલા અને પુરુષોનુ ટોળુ આશરે કલાક – ૧૭/૪૫ વાગે ભેગુ થયેલ હતુ. આ ટોળામાં આશરે ૧૩ મહીલાઓ અને ૧ ૮ પુરુષો હતા. તે લોકો ટ્રેનને રોકવા માટે સાડી નીકાળીને વિરોધ પ્રદર્શન કરતા હતા અને અમુક લોકો એન્જિન પર ચઢી ગયેલા હતા. આ લોકોના આગેવાન

તરીકે જીગ્નેશભાઈ મેવાણી હતા. જેથી આ ટ્રેન આશરે ૨૦ મીનીટ જેટલી મોડી પડેલી. પહેલા તો આ લોકોને સમજાવવામા આવ્યા પરંતુ તે લોકો ન માનતા તે લોકોને આર. પી. એફ. કચેરી લઈ ગયેલ અને ત્યાં તેમની વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવામા આવેલી. પોલીસે સાહેદેનું નિવેદન નોધેલુ. સાહેદ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, આ બનાવ સમયે તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમા ઓફીસ ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતાં. તેઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવાના હોય તો લેખીત આદેશ કરવામા આવે તેવા પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, લેખીત પણ હોય અને મૌખિક પણ હોઈ શકે. તેઓનું નિવેદન લખાવવા માટે બનાવના દિવસ ે અંદાજે ૨૧/૦૦ વાગે ગયેલ. નિવેદન લખવાની કાર્યવાહી અંદાજે ૨૦ – ૨૫ મીનીટ જેટલી ચાલેલી. સાહેદનું નિવેદન નોધવામા આવતુ હોય ત્યારે બીજા કોઈનુ નિવેદન નોધવામા આવતુ હોય એવુ બનેલુ નહી. ઓફીસ ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા અને સાહેદને પ્લેટફોમ નં – ૧૦ ઉપર જવાનુ થાય તો નિવેદન માં લખાવુ ખરા તેવા પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, તેઓએ લખાવેલ છે. આ બનાવના દિવસે ઓફીસ ગાર્ડ તરીકે જ ફરજ બજાવતા હતા અને બીજે કયાંય ફરજ બજાવેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. સાહેદ રેલ્વે પોલીસમાં નોકરી કરતા હોય તેઓનું નામ અને બકલ નંબર લખી લઈ ઉપરી અધીકારી દવારા ખોટું નિવેદન નોંધવામાં આવેલ હોવાનો તેમજ જીગ્નેશ મેવાણી સામાજીક આગેવાન હોઈ સરકાર વિરૂધ્ધ પ્રજાના પ્રશ્નો અંગે અવાર – નવાર રજૂઆતો કરતા હોય સરકારના કહેવાથી પોલીસે ખોટી ફરીયાદ કરેલ હોય તેમજ પોલીસ ફરીયાદી હોય તેઓને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે. આ સાહેદને તેઓના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે.

(૨૬) ફરીયાદપક્ષે આંક – ૨૩૧ થી સાહેદ રસીકાબેન ધીરાજીભાઈ પાંડવ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં તેઓ વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧ /૧/૧૭ ના રોજ અમદાવાદ રેલ્વે સ્ટેશન ઉપર જીગ્નેશ મેવાણી તેમજ ઘણા બધા લોકો ગેરકાયદેસર રીતે પ્રવેશ કરીને સરકારશ્રીના વિરોધ પ્રદર્શનમાં હતા. તેઓએ રાજધાની ટ્રેન ૨૦ મીનીટ જેટલી રોકેલી. આ ટ્રેન પ્લેટફોમ નં – ૧૦ ઉપર હતી, સમય ૧૭/૪૫ નો હતો. તેમાં મહીલા અને પુરુષો હતા જેમાં ૧૩ મહીલા અને ૧૮ પુરુષો હતા તેઓની વિરુધ્ધમાં ગુનો દાખલ કરેલ. સાહેદ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, આ બનાવના સમયે તેઓની નોકરી પ્લેટફોમ નં – ૧ ઉપર કલાક ૧૪/૦૦ થી ૨૦/૦૦ સુધીની હતી. જેમાં કોઈ ગેરકાનુની પ્રવૃતી ચોરી જેવુ કંઈ ન થાય તેનુ ધ્યાન રાખવાની હતી. બનાવના દિવસે રાજધાની ટ્રેન કેટલા વાગે ઉપડેલી તે કહી શકે નહી. ટ્રેન કેટલા વાગે ઉપડેલી તે સાહેદ કહી શકતા ન હોય તો ટ્રેન સમયસર ઉપડેલી કે, લેટ ઉપડેલી તે પણ તેઓ કહી શકે નહી. સાહેદે ૧૩ મહીલા અને ૧ ૮ પુરુષમાંથી જાતે કોઈની અટક કરેલી નથી તેવી જ રીતે ૧૩ મહીલા અને ૧૮ પુરુષ તેઓને જાતે ગણીને કોઈ ખરાઈ કરેલી નહી. સાહેદ પોતાનું નિવેદન લખાવવા કલાક ૨૧/૦૦ ની આસપાસ ગયેલે અને આશરે અડધો કલાક જેટલુ રોકાયેલા. આ સમયગાળા દરમ્યાન તેઓનું નિવેદન નોધાતુ હતુ તે સિવાય બીજા કોઈનુ નિવેદન નોધવામા આવતુ ન હતુ.

સાહેદના મોબાઈલ માંથી બનાવની કોઈ વીડીયોગ્રફી કે ફોટોગ્રફી કરવામા આવેલ નહી. સાહેદના પોલીસ રુબરુના નિવેદનમાં કોના કહેવાથી પ્લેટફોમ નં – ૧ ૦ પર ગયેલી તેવુ લખાવેલ નથી. સાહેદના પોલીસ નિવેદનમાં પ્લેટફોમ નં – ૧ પરની ફરજ પરથી પ્લેટફોમ નં – ૧૦ ઉપર ગયેલ તેવુ લખાવેલ નથી. સાહેદના

નિવેદનમાં કોઈ તહોમતદારોના નામ લખાવેલા નહી પરંતુ તેઓના સાહેબે જાતે લખી લીધેલા. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર મોટી સંખ્યામાં ટ્રેનોની અવર – જવર થાય છે અને લાખોની સંખ્યામાં પેસેન્જરોની પણ અવર – જવર થાય છે.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૨૭) ફરીયાદપક્ષે આંક – ૨૩૩ થી સાહેદ નેહાબેન વજસીભાઈ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓની નોકરી ક્રાઈમ રાઈટર મદદમાં કલાક – ૧૪/૦૦ થી ૨૦/૦૦ સુધીની હતી. તે દરમ્યાન પ્લેટફોમ નં – ૧૦ ઉપર અમદાવાદ થી દિલ્લી જતી રાજધાની એકસપ્રેસ ટ્રેનને જિગ્નેશ મેવાણી દલીત સમાજના આગેવાન નેતા દ્રારા તથા તેમના માણસો દ્રારા ટ્રેન રોકવાનો પ્રયત્ન કરવામા આવેલો. આ ટ્રેન ૨૦ મીનીટ સુધી રોકી રાખેલ. તેમાં ૧૮ પુરુષો અને ૧૩ સ્ત્રીઓ હતી. આ લોકોમાંથી કેટલાક એન્જિન આગળ ચઢી ગયેલા અમુક પાટા પર સુઈ ગયેલા અને અમુક સ્ત્રીઓ કપડા કાઢવાનો પ્રયત્ન કરતી હતી. આ લોકો ગેરકાયદેસર રીતે ટ્રેન રોકવાનો પ્રયત્ન કરેલો. આર. પી. એફ. અને જી. આર. પી. એફ. ના માણસો ભેગા થયેલા. તે સમય દરમ્યાન આર. પી. એફ. ના મહીલા પોલીસ કર્મી સંગીતાદેવી પર આ લોકોએ હુમલો કરેલો. ત્યારબાદ આ લોકોને આર. પી. એફ. અને જી. આર. પી. એફ. ના માણસોએ પકડીને આર. પી. એફ. ની ઓફીસે લઈ ગયેલા. ત્યાં તેમની વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી સાહેદનું નિવેદન નોધવામા આવેલુ. તેઓ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, આ બનાવ સમયે તેઓ અમદાવાદ રેલ્વે સ્ટેશન પર દોઢ મહીનાથી ફરજ બજાવતા હતા. સાહેદનું જે ફરજનુ સ્થળ હોય તે અંગે તેઓના ઉપરી અધીકારી દ્રારા લેખીત આદેશ કરવામા આવતો હતો. સાહેદનું નિવેદન લખાવતી વખતે આવો ફરજ અંગેનો કોઈ લેખીત આદેશ તપાસ કરનાર અમલદારને આપેલ નહી. સાહેદે પ્લ ેટફોમ નં – ૧૦ પર જવા કયા ઉપરી અધીકારી એ આદેશ આપેલો તે નિવેદનમાં જણાવેલ નથી. સાહેદ ફરજ બજાવતા હતા તેના દોઢ મહીના દરમ્યાન આર. પી. એફ. ના કોઈ પોલીસ કર્મચારીને ઓળખતા ન હતાં. સાહેદના નિવેદનમાં સંગીતાદેવી પર થયેલા હુમલાને રોકવાનો સાહેદે પ્રયત્ન કરેલ હોય તેવુ લખાવેલ નથી. સાહેદે જાતે આ ૧૮ પુરૂષો અને ૧૩ મહીલાઓની સંખ્યાની ગણતરી કરેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. સાહેદે જાતે ગણતરી કરેલ હોય તો તમામના નામ તેઓના નિવેદનમાં લખાવે ખરા. સાહેદના મોબાઈલ માંથી બનાવ બાબતે કોઈ વીડીયો ગ્રફી કે ફોટોગ્રફી કરેલ નથી.

આ બનાવ બની ગયા બાદ ટ્રેન કયારે ઉપડેલી તેની સાહેદે ખરાઈ કરેલી. તેઓ ટ્રેનની ખરાઈ કરવા રેલ્વેના કોઈ અધીકારીને મળેલ નહી સાહેદે સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓના પછીની ડયુટી હતી તે માણસો પાસેથી જાણવા મળેલુ. સાહેદનું નિવેદન લખાવવા અંદાજે ૨૧/૦૦ વાગે તેઓના પી. આઈ. સાહેબની ચેમ્બરમાં ગયેલ. ત્યાં તેઓ અંદાજે પોણો કલાક જેટલુ રોકાયેલા. તેઓના નિવેદન લખાતુ હતુ તે દરમ્યાન અન્ય કોઈનુ નિવેદન લખાવવામા આવતુ હોય તેવુ બનેલુ નહી. ટ્રેન આવવાના અને ઉપડવાના સમયે પ્લેટફોર્મ પર પેસ ેન્જરોની ખુબ જ ભીડ થાય છે. આ સમયે ઘણી વાર ધકકા મુકકી પણ થાય છે અને પોલીસે બળપ્રયોગ પણ કરવો પડે છે.

ટ્રેનની કઈ બોગી કયાં ઉભી રહે છે તે દર્શાવતા ઈન્ડીકેટર પણ લગાવેલા હોય છે. સાહેદ પ્લેટફોમ નં – ૧૦ પર સાડા પાંચ વાગ્યાની આસપાસ ગયેલા

અને તેઓ પ્લેટફોમ નં  – ૧૦ પર સાડા પાંચ વાગે ગયા તે બાદ અંદાજે ૨૦/૦૦ સુધી રોકાયેલા. તેઓ સાડા પાંચ વાગે તેઓના ઉપરી અધીકારી પી. આઈ. સાહેબની સુચનાથી પ્લેટફોર્મ પર ગયેલા. સાડા ચારે સુચના આપવામા આવેલી કે, પ્લેટફોમ નં – ૧૦ પર જીગ્નેશ મેવાણી અને તેઓના માણસો દ્રારા ટ્રેન રોકવામા આવેલી છે તમે ત્યાં જાવ આવી સુચના આપવામા આવેલી. જિગ્નેશ મેવાણી દલીત આગેવાન છે અને સામાજીક આગેવાન છે તે જાણતા હતાં. જિગ્નેશ મેવાણી પ્રજાના પ્રશ્નો અંગે અને પોલીસના ગ્રેડ પે અંગે સરકાર સમક્ષ અવાર – નવાર રજુઆત કરતા હતાં.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૨૮) ફરીયાદપક્ષે આંક – ૨૩૪ થી સાહેદ કોકીલાબેન રમેશભાઈ દરંગા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં વુમન લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧ /૧/૧૭ ના રોજ જિગ્નેશ મેવાણીની આગેવાની હેઠળ રાયોટીંગ થયેલ હતુ. આ રાયોટીંગ રેલ્વે સ્ટેશન પ્લેટફોમ નં – ૧૦ પર થયેલ હતું. આ બનાવમાં એવુ બનેલુ કે, પ્લેટફોર્મ નં – ૧૦ પર ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓએ ટ્રેન રોકવાનો પ્રયાસ કરેલો. આ ટ્રેન રાજધાની એકસપ્રેસ ટ્રેન હતી. થોડા માણસો ટ્રેનના એન્જિન આગળ આવીને ઉભા રહેલા અને થોડા પાટા ઉપર હતા. ત્યાર પછી મહીલાઓએ તેઓના કપડા કાઢેલા અને વિરોધ પ્રદર્શન કરેલો. ત્યારબાદ આર. પી. એફ. અને જી. આર. પી. એફ. ના માણસોએ આ લોકોને અટક કરી પોલીસ સ્ટેશન લઈ ગયેલા. સાહેદનું નિવેદન નોધવામા આવેલુ. સાહેદ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, ૧૧ તારીખે તેઓ ફરજ ઓફીસમાં ઈ ગુજકોપની કામગીરી કરતા હતાં. તેઓની કામગીરી કલાક ૧૪/૦૦ થી ૨૦/૦૦ સુધી ઈ ગુજકોપની કામગીરી કરેલી પરંતુ તે દિવસે ઉપરી અધીકારીના કહેવાથી મોડા સુધી રોકાયેલા. જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં ટોળું હોવાનું તેઓના સાહેબના કહેવાથી લખાવતા હોવાનો સાહેદે ઈન્કાર કરેલ છે. સાહેદનું નિવેદન નોધવામા આવતુ હતુ ત્યારે બીજા કોઈનુ નિવેદન નોધવામા આવતુ ન હતુ.

સાહેદ પોતાનું નિવેદન નોંધાવવા માટે પોલીસ સ્ટેશન ખાતે કલાક – ૮–૨૦ વાગ્યા પાછી ગયેલ. તેઓનું નિવેદન નોંધાવતા અંદાજે દસ પંદર મીનીટ જેટલો સમય લાગેલો. તેઓનું નિવેદન કોમ્પ્યુટર પર ટાઈપ થયેલ છે. તેઓનું નિવેદન નોંધવામાં આવેલ ત્યારે બીજા કોઈનું નિવેદન નોંધવામાં આવતુ ન હતુ. સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૨૯) ફરીયાદપક્ષે આંક – ૨૩૬ થી સાહેદ કિરણ કુમાર દિનેશભાઈ પરમાર સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ ટેશનમાં લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતાં. ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકેલી જેમાં ત્રીસેક માણસોનુ ટોળુ હતુ. તે સમયે તેઓની ફરજ પ્લેટફોમ નં – ૧૦ અને ૧૧ ઉપર હતી. આ ટોળામાં ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ હતી. આ ટ્રેન જિગ્નેશ મેવાણીની આગેવાનીમાં રોકવામા આવેલી. આ ટ્રેન વીસેક મીનીટ રોકેલી. પ્લેટફોમ નં – ૧૦ પર તેઓની ફરજ હતી. ટ્રેનની પાછળના ભાગે તેઓ હતા. તેઓને ખબર પડી કે, ટ્રેન રોકી છે ત્યારબાદ તેઓ ત્યાં પહોચેલા. ત્યાં પોલીસ પણ આવેલી અને પ્લેટફોર્મ પર જે કોઈ ઉભા હતા તેમને નીચે લાવેલા. પાટા ઉપર ઉભેલા તેઓને પ્લેટફોર્મ પર લાવેલા

અને આર. પી. એફ. ની ઓફીસે લઈ ગયેલા. ત્યારબાદ આગળની કાર્યવાહી કરી સાહેદનું નિવેદન નોધવામા આવેલુ. તેઓ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓની ડયુટી બદલાતી હોય છે. તે દિવસે પ્લેટફોમ નં – ૧૦ પર તેઓનો પહેલો દિવસ હતો. તેઓના સિવાય પ્લેટફોમ નં – ૧૦ પર સુનીલભાઈ હાજર હતા. તેના સિવાય કોણ હાજર હતા તેઓના નામની ખબર નથી. સાહેદ નવા હોઈ અન્ય કોઈને ઓળખતા ન હતા. આ સિવાય બીજા કેટલા પ્લેટફોમ નં – ૧૦ ઉપર હાજર હતા તેની ખબર નથી. સાહેદ અને સુનીલભાઈ બંને ટ્રેનના પાછળના ભાગે હાજર હતા. આ બનાવના દિવસે રાજધાની એકસપ્રેસ ટ્રેન કેટલા વાગે પ્લેટફોમ પર આવેલી તેનો ચોકકસ સમય હાલે તેમને યાદ નથી. ટ્રેન ઉપડેલી ત્યારે જાણવા મળેલ કે, કોઈએ ટ્રેન રોકેલી છે. તેઓ કેટલા વાગે પહોચેલા ત્યારે તે સમયે તેઓએ ટાઈમ જોયેલો નહી. તેઓ બંને પહોચેલા ત્યારે કાર્યવાહી ચાલતી હતી. સાહેદને કે સુનીલભાઈને ખબર પડેલ ન હતી કે, આ ટોળુ કોની આગેવાની હેઠળ આવેલુ છે. આ લોકોને પ્લેટફોર્મ પર લાવ્યા તે સિવાય સાહેદને બીજી કોઈ જાત માહીતી નથી.

સાહેદનું નિવેદન લખાવવા આઠ વાગ્યા પછી ગયેલા, ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓની સાહેદે જાતે ગણતરી કરેલી. સાહેદે જાતે કોણ તહોમતદાર છે તેવા નામની ખરાઈ કરેલી નહી. સાહેદના નિવેદનમાં સાહેદ પ્લેટફોમ નં – ૧૦ ઉપર ફરજ પર હાજર હતા તેવો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. જીગ્નેશભાઈ મેવાણી ધારાસભ્ય હોવાથી સાહેદ તેઓને ઓળખતા હતાં. તેમ જણાવી સાહેદે સ્વેચ્છા એ જણાવે છે કે, તે વખતે ઓળખતા ન હતા અત્યારે ઓળખે છે. ટ્રેન કેટલા વાગે ઉપડેલી તેની પણ કોઈ જાતમાહીતી નથી.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૩૦) ફરીયાદપક્ષે આંક – ૨૩૭ થી સાહેદ સુનિલકુમાર સુરેશભાઈ રાવલ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન માં લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતાં. ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓની નોકરી કલાક ૧૪/૦૦ થી ૨૦/૦૦ સુધી પ્લેટફોમ નં – ૧૦ અને ૧૧ પર હતી. આશરે સાડા પાંચ વાગ્યાની આસપાસ પ્લેટફોમ નં – ૧૦ પર રાજધાની એકસપ્રેસ ટ્રેન લાગેલી હતી. તેની એન્જીન ની વિરુધ્ધ સાઈડ ટ્રેનના પાછળના છેડા ઉપર હાજર હતા. ત્યારબાદ ૦૫/૪૦ની આસપાસ ટ્રેનને સીગ્નલ મળેલ તે દરમ્યાન એકાએક ટ્રેનમાંથી હોર્ન મારવા લાગેલા. જેથી સાહેદ એન્જીન સાઈડ દરેક કોચ પર જોતાજોતા એન્જીન સાઈડ આવેલા. ત્યારબાદ એન્જીન પાસ ેઆવેલા ત્યારે જી. આર. પી. અને આર. પી. એફ. પોલીસ પુરુષો અને મહીલાઓને પાટા ઉપર ટ્રેન રોકેલ હતી અને તેઓને સમજાવીને પ્લેટફોર્મ પર લાવવા પ્રયત્ન કરતા હતા. સાહેદ તથા તેઓની સાથેના લોક રક્ષક કીરણભાઈ પણ આ કામગીરીમાં જોડાઈને પુરુષોને સમજાવીને પાટા તરફ લાવવા મદદ કરતા હતા. તે દરમ્યાન મહીલાઓ અને પુરુષોમાં હાજર જીગ્નેશ મેવાણી સરકાર વિરુધ્ધ પોતાની માંગોને લઈને સુત્રોચ્ચારો કરતા હતા. મહીલા પોલીસ દ્રારા મહીલાઓને પાટા ઉપરથી પ્લેટફોર્મ પર લાવવા માટે ઘર્ષણ થતા તેઓને જોવામા આવેલુ. તમામ લોકોને પોલીસની મદદથી પ્લેટફોર્મ પર લાવી પોલીસ ઈન્સપેકટર શ્રી રાઠવા સાહેબની હાજરીમાં માણસોની ગણતરી કરતા જેમાં જીગ્નેશ મેવાણી સહીત ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ હતી. બનાવ વખતે ટ્રેન અંદાજીત ૨૦ મીનીટ જેટલી મોડી ઉપડેલી. આ તમામ લોકોએ પાટા પરથી લાવ્યા બાદ ટ્રેન રવાના થયેલ. તમામ મહીલા અને પુરુષોને આર. પી. એફ. પોલીસ સ્ટેશન ખાતે લાવી પોલીસ ઈન્સપેકટર સાહેબે તેઓના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલી.

સાહેદનું નિવેદન નોધવામા આવેલુ. તે દિવસે સાહેદની નોકરી કલાક ૨૦/૦૦ વાગે પુરી થતી હતી પરંતુ આ બનાવના કારણે અંદાજીત રાત્રીના દસેક વાગ્યાની આસપાસ પોલીસ ઈન્સપેકટર સાહેબે કોમ્પ્યુટર ઓપરેટરના રુબરુમાં તેઓનું નિવેદન લીધેલ. તેઓ  જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ તપાસમાં જણાવે છે કે, પ્લ ેટફોમ નં – ૧૦ પર જવુ હોય તો બે રસ્તાઓ છે. આ બે રસ્તાઓ પર રેલ્વે પોલીસનો, આર. પી. એફ. નો અને રેલ્વે કર્મચારીઓનો સ્ટાફ હાજર હોય છે. પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર ફરજનો પહેલો દિવસ હતો. પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર તેઓના સિવાય કીરણભાઈ હાજર હતા. તે સિવાય રાજધાની પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર આર. પી. એફ. પોલીસના પેટ્રોલીંગના સ્ટાફવાળા માણસો હાજર હતા. બનાવના  દિવસે સાહેદ અને કીરણભાઈ સિવાય પ્લેટફોર્મ નં – ૧૦ પર જી. આર. પી. ના કોઈ કર્મચારીની ફરજ ન હતી. સાહેદની ફરજ જે સ્થળે હતી ત્યાંથી પ્લેટફોર્મ પર આવવાનો બીજો રસ્તો ૧૦૦ મીટરના અંતરે આવેલો છે.

રાજધાની એકસપ્રેસ ટ્રેન અને તે પછી આવતી આશ્રમ એકસપ્રેસ વખતે ખુબ જ ભીડ રહેતી હોય છે. રાજધાની એકસપ્રેસ ટ્રેન પ્લેટફોર્મ નં. – ૧૦ પર કયારે આવવાની હતી અને કયારે ઉપડવાની હતી તેની સાહેદે જાતે રેલ્વેમાં જઈ કોઈ ખરાઈ કરેલી નહી. રાજધાની એકસપ્રેસ ઉપડવાની હોય તેના અડધો કલાક પહેલા પ્લેટફોર્મ પર આવી જાય છે. બનાવના દિવસે આ ટ્રેન કેટલા વાગે આવીને ઉભી રહેલી તેની ખરાઈ સાહેદે કરેલી નહી. પ્લોટફોર્મ નં – ૧૦ ઉપર સાહેદ અને અન્ય એક સીવાય બીજા કોઈ પોલીસ સ્ટાફ ન હતો. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓ છેડા પર હતા અને આગળ કોણ હતુ તેની તેઓને ખબર નથી. જીગ્નેશભાઈ તેઓની સામે જ હતા અને સાહેદે તેમને જોયેલા. હોર્ન વાગે ત્યારે ખબર પડે કે કોઈ અડચણ ઉભી થયેલ છે તે સિવાય ટ્રેન રોકાય તેની ખબર પડે નહી. જિગ્નેશભાઈ

અવાર – નવાર પ્રજાના પ્રશ્નો અંગે સરકાર સમક્ષ રજુઆત કરતા હોય તે સાહેદ જાણતા હતાં. સાહેદની રુબરુમાં જીગ્નેશભાઈ સહીત ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓની ખરાઈ કરવામાં આવેલી હોય તો સાહેદ તેઓના નામ લખાવે.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૩૧)** ફરીયાદપક્ષે આંક – ૨૩૯ થી સાહેદ કૃણાલ વાસુદેવ દાતણીયા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓ ૨૦૧૭ ના વર્ષ રેલ્વે પોલીસ સ્ટેશનમાં લોક રક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તા: ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ કલાક–૧૭.૪૫ વાગ્યે અમદાવાદ રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપરથી અમદાવાદ થી દિલ્હી જતી રાજધાની એકસપ્રેસ ટ્રેનના એન્જીનના આગળના ભાગે જીજ્ઞેશ મેવાણી સહીત ૧૮ પુરુષો તથા ૧૩ મહીલાઓ ધ્વારા રાજધાની એકસપ્રેસ ટ્રેનને રોકવામાં આવલ હતી. એન્જીનના આગળના ભાગે જીજ્ઞેશ મેવાણી સરકાર વિરોધી સુત્રોચાર કરતા હતા. આ ટ્રેનને અંદાજીત ૨૦ મીનીટ જેટલી રોકવામાં આવેલ હતી. ટ્રેનની આગળ જવા દેવામાં આવેલ ન હતી. તે સમય દરમ્યાન સાહેદની ફરજ પ્લેટ ફોર્મ નં. – ૧૦ અને ૧૧ ના વચ્ચેના ભાગે હતી.

તે દરમ્યાન રેલ્વે ઓફીસમાંથી એનાઉન્સ થયુ કે, રાજધાની ટ્રેન રોકવામાં આવેલ છે અને ટ્રેન ધ્વારા સતત હોર્ન વાગી રહેલ છે. જેથી સાહેદ વચ્ચેના ભાગે હોય સદર ટ્રેન ના આગળના ભાગે પહોંચેલો ત્યાં સાહેદે જોયુ કે, આર. પી. એફ. પોલીસ જવાનો અને જી. આર. પી. એફ. પોલીસના જવાનો જીજ્ઞેશ મેવાણીને સદર ટ્રેનના એન્જીન પરથી નીચે ઉતરવાનો પ્રયાસ કરેલો. રેલ્વે ટ્રેક પર સુતેલા માણસોને ઉઠાવવાનો પ્રયત્ન કરેલો. તેઓને જીજ્ઞેશ મેવાણી તથા અન્ય બીજા માણસોને રેલ્વે ટ્રેક પરથી લઈ જઈ આર. પી. એફ. થાનાએ લઈ જઈ

કાયદેસરની કાર્યવાહી કરેલી. સાહેદનું નિવેદન નોંધવામાં આવેલું. સાહેદનું નિવેદન પી. આઈ. રાઠવા સાહેબના રૂબરૂમાં નોંધવામાં આવેલ. સાહેદ જીજ્ઞેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, આ બનાવના દિવસે તેઓની સાથે બે થી ત્રણ કર્મચારીઓ હાજર હતાં. આ બનાવ સમયે તેઓ પ્લેટફોર્મ નં. – ૧૦ અને ૧૧ ના ચોકકસ કયાં ભાગમાં હાજર હતાં તે હાલે કહી શકે નહી. બનાવના દિવસે રાજધાની ટ્રેનમાં મહાનુભાવો મુસાફરી કરતા હોય તે દરમ્યાન કોઈ અજૂકતો બનાવ ન બને તે માટે ફરજ બજાવતા હતા. બનાવના દિવસે ટ્રેન ૧૭.૦૦ પ્લેટફોર્મ પર લાગેલી. પ્લેટ ફોર્મ નં. – ૧૦ અને પ્લ ેટ ફોર્મ નં. – ૧૧ ના પેસેન્જરોની અવર – જવર વચ્ચેના ભાગમાં થાય તે રીતે આવેલ છે. આ સમયે પ્લેટફોર્મ નં – ૧૧ પર કઈ ટ્રેન લાગેલ હતી તે હાલ તેઓને યાદ નથી. સાહેદ જે જગ્યાએ ફરજ પર હાજર હતા તેની આગળના ભાગે કે, પાછળના ભાગે કોઈ ટોળુ આવે તો સાહેદને ખબર પડે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, રાજધાની ટ્રેન જયારે લાગે ત્યારે પેસેન્જરોની ભીડ ખુબજ હોય છે. રાજધાની ટ્રેન ઉપડયા બાદ આશ્રમ એકસપ્રેસ લાગતી હોય છે. પ્લેટ ફોર્મ નં. – ૧૦ ઉપર ભીડ ખુબજ થઈ જતી હોય છે. આવા સમયે ભીડ ખુબ જ રહેતી હોય છે. આવા સમયે કયારેક પોલીસે બળ પ્રયોગ પણ કરવો પડતો હોય છે.

સૌ પ્રથમ બનાવ અંગેની માહીતી સાહેદને એનાઉન્સમેન્ટ થયુ ત્યારે મળી અને પોલીસ સ્ટેશનમાંથી પણ મેસેજ આવેલો. એનાઉન્સમેન્ટના ૫ થી ૭ મીનીટ પછી તેઓ એન્જીનના આગળના ભાગે પહોચેલા. ચોકકસ સમય કહી શકે નહી. રેલ્વે પોલીસ સ્ટેશનથી પ્લેટફોર્મ નં – ૧૦ ઉપર આવતા અંદાજે ૧૦ થી ૧૫ મીનીટ જેટલો સમય લાગે છે. બનાવના દિવસે આ ટ્રેન કેટલા વાગે ઉપડેલ તે ચોકકસ કહી શકે નહી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, ૧૭.૪૫ વાગ્યે ઉપડેલી. આ ટોળું શું માંગણી કરતું હતું અને શું સુત્રોચ્ચાર કરતુ હતું

તે પોલીસના નિવેદનમાં લખાવેલ નહી. આવી કોઈ ઘટના બનેતો તેઓ પ્લેટફોર્મ નં. – ૧૦ પર હોય તેથી સૌ પ્રથમ સાહેદને તથા તેઓની સાથેના કર્મચારીને જાણ થતી હોય છે. એન્જીનના આગળના ભાગે જીજ્ઞેશ મેવાણી સુત્રોચાર કરતા હતા એવું લખાવેલ કે તેવું તેઓને યાદ નહી હોવાનું જણાવે છે.

સાહેદ નિવેદન નોંધાવવા માટે રાત્રે ૧૦–૪૫ ના સુમારે પી. આઈ. શ્રીની ચેમ્બરમાં ગયેલા. જયાં પી. આઈ. શ્રીની હાજરીમાં તેમના રાઈટરે સાહેદનું નિવેદન નોંધેલ. સાહેદનું નિવેદન આશરે ૨૦ થી ૨૫ મીનીટ નોંધવામાં આવેલ. આ સમય દરમ્યાન અન્ય કોઈ સાહેદનું નિવેદન નોંધવામાં આવેલ હોય તેવું બનેલ નહી. સાહેદને તેઓની સાથે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર તે દિવસે ફરજમાં કોણ હતું તેના નામ હાલ યાદ નથી. સાહેદે ૧૮ પુરૂષો અને ૧૩ મહિલાઓની જાતે ગણતરી કરેલ નહી. આ તહોમતદારો પૈકી સાહેદે જાતે નામની ખરાઈ કરેલી નહી. સાહેદે જણાવેલ છે કે, સાહેદ જીજ્ઞેશ મેવાણીને ઓળખે છે. સાહેદ જન્મથી અમદાવાદના શાહપુરમા રહેતા હતા અને હાલ પોલીસ લાઈનમાં રહે છે. સાહેદનો જન્મ શાહપુર થયેલો અને તેઓનો અભ્યાસ ગાંધીનગરમાં થયેલો. સાહેદ જીજ્ઞેશભાઈ મેવાણીને તેઓ ધારાસભ્ય બન્યા ત્યારથી ઓળખે છે. આ બનાવ સમયે જીજ્ઞેશ મેવાણીની તેઓની રૂબરૂ માં કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલ નહી. ૧ ૮ પુરુષો અને ૧૩ મહીલાઓની ગણતરી કરેલ હોય તો સાહેદ પોતાના નિવેદનમાં નામ લખાવે ખરા તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેઓએ નિવેદનમાં બધાના નામ લખાવેલા. આ બનાવ સમયે અંદાજીત બે મહીના થી ફરજ પર હાજર થયેલા હતાં. ઉપરી અધિકારી જે કહે તે કરવું પડે. આશ્રમ એકસપ્રેસ કેટલા વાગ્યે ઉપડેલી તે અંગે રેલ્વેમાં જઈને કોઈ તપાસ  કરેલ નહી.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૩૨) ફરીયાદપક્ષે આંક – ૨૪૧ થી સાહેદ ખુશબુબેન બહાદુરભાઈ બાબરીયા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ ટેશનમાં વુમન લોક રક્ષક તરીકે ગેટ નં – ૪ પર ફરજ બજાવતા હતા. તા. ૧૧/૧ /૧૭ ના રોજ તેઓની ફરજ પર હાજર હતા. તેઓના પી. આઈ. સાહેબે તેઓને જણાવેલ કે, પ્લેટફોર્મ નં – ૧૦ ઉપર રાજધાની એકસપ્રેસ ટ્રેન કલાક ૧૭/૪૦ વાગ્યાના અરસામાં જિગ્નેશ મેવાણી તથા તેઓની સાથે ના માણસોએ ટ્રેનને રોકી રાખેલી. ત્યાર બાદ અમુક લેડીઝ હતી અને તેઓને સાડી કાઢીને અભદ્ર વ્યવહાર કરેલો. સાહેદે તે લોકોને સમજાવતા તેઓએ તેમની માંગણી ચાલુ રાખેલી. ત્યાર બાદ તેઓને આર. પી. એફ. ની ઓફીસે લઈ ગયા હતા. તેઓના ઉપર ગુનો દાખલ કરવામાં આવેલો. જે ગુનો ૨૦/૧૫ વાગે જાહેર કરવામા આવેલો. ત્યારબાદ તેઓની નોકરી પુરી થઈ ગયેલ. સાહેદનું નિવેદન પી. આઈ. સાહેબના રાઈટરે નોધેલુ. તેઓ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓ પોલીસ ખાતામાં તા. ૦૧/૦૩/૧૬ થી ફરજ બજાવે છે. અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં તેઓનું પહેલુ પોસ્ટીગ હતુ. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર તેઓની ફરજ કલાક ૧૪/૦૦ થી ૨૦/૦૦ સુધીની હતી. તેઓની ફરજ જે જગ્યાએ મુકેલી હોય તે જગ્યાએથી તેઓના ઉપરી અધીકારી બીજો આદેશ ના કરે ત્યાં સુધી બીજે કયાંય જવાય નહી. સાહેદના પી. આઈ. સાહેબે કેટલા વાગે જાણ કરેલી તે નિવેદનમાં લખાવેલ નથી. સાહેદની સાથે પ્લેટફોર્મ નં. – ૪ પર બીજા એક લેડીઝ કોન્સ્ટેબલ અને  ત્રણ હોમગાર્ડના કર્મચારી હતા. જેમાં ૧ લેડીઝ અને ૨ જેન્ટસ હતા. જેઓના નામ હાલે યાદ નથી. પી. આઈ. સાહેબ તથા ઈન્વે. ના માણસોએ ગેટ નં – ૪ પરથી સીડી ઉપર તરફ જતી વખતે સાહેદને પી. આઈ.

સાહેબના માણસો દ્રારા જાણ કરવામા આવેલ હતી. ગેટ નં – ૪ પરથી પ્લેટફોમ નં. – ૧૦ તરફ જતા ૧૦ મીનીટ જેટલો સમય લાગે.

અમદાવાદ રેલ્વે સ્ટેશન પર કુલ ૧૨ જેટલા પ્લેટફોર્મ આવેલા છે. આ દરેક પ્લેટફોર્મ પરથી દરરોજ અસંખ્ય ટ્રેનો પસાર થાય છે અને સામાન્ય દીવસોમાં પણ પબ્લીક થી ભરચક હોય છે. જયારે ટ્રેન રોકાય ત્યારે પેસેન્જરો દ્રારા ધકકામુકકી થતી હોય છે. સાહેદનું નિવેદન રાઈટરે લખી લીધેલુ. સાહેદના નિવેદન સમયે બીજા કોઈ કર્મચારી સાથે ન હતા સાહેદ અને રાઈટર હાજર હતા.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૩૩) ફરીયાદપક્ષે આંક – ૨૪૨ થી સાહેદ બીજેન્દ્રકુમાર શ્રી હનુમાનપ્રસાદ ચૌબે સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે સુરક્ષામાં અપરાધ શાખામાં એ. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ કલાક ૧૭/૩૫ વાગે જાહેરાત કરેલ કે, કેટલાક બહારના લોકોએ રાજધાની એકસપ્રેસ ટ્રેન નં – ૧૨૯૫૭ ને રોકી રાખેલ અને ચાલવા દેતા ન હતા. કેટલાક માણસો ટ્રેન પર હતા અને કેટલાક માણસો એન્જીન પર હતા. ત્યારબાદ સાહેદ આર. પી. એફ. અને જી. આર. પી. ના સ્ટાફના માણસોએ ત્યાં જઈને જોયેલ તો જીગ્નેશ મેવાણી અને બીજા ૩૦ વ્યકિતઓ મહીલાઓ સહીત માંગણી કરતા હતા. ત્યારબાદ આ ટ્રેન ૧૭/૪૦ વાગે ઉપડવાની હતી પરંતુ આ લોકો તેને ઉપડવા દેતા ન હતા તેથી તેઓને હટાવી કલાક ૧૮/૦૦ વાગે ટ્રેન ઉપડેલી. આ લોકોને આર. પી. એફ. ના સ્ટેશને લઈ ગયેલા અને બનાવ આઈ. પી. સી. નો હોય જી. આર. પી. ની કચેરીએ લઈ જઈ તેઆની વિરુધ્ધમાં કાયદેસરની

કાર્યવાહી કરવામા આવેલી. સાહેદનું નિવેદન નોંધવામા આવેલ. તેઓ જિગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓ ૩૧ વર્ષથી પોલીસ ખાતામાં ફરજ બજાવે છે. ૨૦૧૭ ના વર્ષમાં અમદાવાદ રેલ્વે અપરાધ શાખામાં છેલ્લા ૧ વર્ષથી ફરજ બજાવતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં તેઓની પોસ્ટ એ. એસ. આઈ. તરીકેની હતી. તે સમયે તેઓની ફરજમાં કોઈપણ પ્રકારના ગુના બનતા અટકાવવા તથા તેની તપાસ કરવાની કામગીરી કરવાની હોય છે. તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓની ફરજ સવારના ૦૮/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધીની હતી. આ બનાવના દિવસે આ ગુનાના તહોમતદારો સિવાય અન્ય કોઈ ગુનાના તહોમતદારોને પકડેલા નહી. તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓની ફરજ રેલ્વે સ્ટેશન એરીયામાં હતી. અને તેઓની ફરજ કોઈ ચોકકસ સ્થળ પર હોય તેવુ બનેલ નહી. બનાવના દિવસે કલાક ૧૭/૩૫ વાગે પ્લેટફોમ નં. – ૪ અને ૫ ઉપર હતાં. પ્લેટ ફોર્મ નં – ૪ અને ૫ પરથી પ્લેટફોર્મ નં – ૧૦ પર જતા એક થી દોઢ મીનીટ લાગે. પ્લેટફોર્મ નં – ૪ અને ૫ ઉપર તેઓની સાથે બીજા કોઈ કર્મચારી ન હતા.

સાહેદને આ બનાવની જાણ અનાઉન્સમેન્ટથી થયેલી. સાહેદને કોઈ અધીકારીએ માહીતી આપેલ નહી. અમદાવાદ રેલ્વે સ્ટેશન પર કુલ – ૧૧ કે ૧૨ પ્લેટફોર્મ આવેલા છે. આ પ્લેટફોર્મ પરથી ઘણી બધી ટ્રેનોની અવરજવર થતી હોય છે. સામાન્ય દિવસોમાં પણ આ પ્લેટફોર્મ પર ભરચક પબ્લિક હોય છે. કઈ ટ્રેન કયા પ્લેટફોર્મ પરથી આવશે અને નીકળશે તેની તેઓને માહીતી ન હતી. આ બાબતની જાણ તેઓને એનાઉન્સથી ખબર પડે. સાહેદની હાજરીમા તહોમતદારો પૈકી જીગ્નેશભાઈ મેવાણીની કોઈ ઓળખ પરેડ કરાવવામા આવેલ નહી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓને શરુઆતથી જ ઓળખતા હતા. સાહેદ જીગ્નેશ મેવાણી ને બનાવ પહેલાથી ઓળખે છે. આ બનાવના દિવસે તેઓ પ્લ

ેટફોર્મ નં. – ૧૦ પર આશરે અડધો કલાક જેટલુ રોકાયેલા. તેઓનું નિવેદન પોલીસે કયારે નોધેલ તે ચોકકસ કહી શકે નહી. સાહેદનું નિવેદન નોધાતુ હતુ તે સમયે બીજા કોઈ કર્મચારી હાજર ન હતા. સાહેદ ધો. – ૧૨ પાસ છે અને હીન્દી મીડીયમમાં અભ્યાસ કરેલો છે. જેથી તેઓ ગુજરાતી ભાષામાં બોલી શકતા નથી કે, વાંચી શકતા નથી. તેઓનું નિવેદન ગુજરાતી ભાષામાં લખવામા આવેલુ. આ નિવેદન વાંચેલુ નથી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, નિવેદન હીન્દી ભાષામાં અનુવાદ કરી સંપુર્ણપણે સમજાવવામા આવેલુ. આ બનાવના દિવસ ે રાજધાની એકસપ્રેસ ટ્રેન કલાક – ૧૭/૪૦ વાગે ઉપડવાની હતી પરંતુ તે દિવસ ે કલાક ૧૮/૦૦ વાગે ઉપડેલ તે બાબતે અંગત રીતે રેલ્વેમાં કોઈ ખરાઈ કરેલ નહી.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૩૪) ફરીયાદપક્ષે આંક – ૨૪૪ થી સાહેદ પુરણસીંગ પ્રભાતસીંગ રાજપુત સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના દિવસે રાજધાની એકસપ્રેસ ટ્રેન પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપરથી ઉપડતી હતી ત્યાં તેઓની નોકરી હતી. ત્યાં તેઓ ફરતા હતા ત્યારે એનાઉન્સમેન્ટ થયેલ કે આર. પી. એફ. અને જી. આર. પી. પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર પહોચો. જેથી સાહેદ રાજધાની ઉપર જોતા – જોતા આગળ એન્જીન તરફ ગયેલા. ત્યાં એન્જીન પાસે લેડીઝો અને જેન્ટસો હતા. કેટલાંક એન્જીન પર ચઢેલા હતા અને કેટલાક પાટા પર બેઠેલા હતા. જેમાં ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ હતી. આ લોકોને આ આર. પી. એફ. અને જી. આર. પી. ના સાહેબે સમજાવેલ અને થોડીકવાર પછી આર. પી. એફ. ઓફીસ તરફ લઈ આવેલ. લગભગ ૨૦ મીનીટ સુધી ગાડી ઉભી રહેલ. જી. આર. પી. ની ઓફીસમાં બધાને મોકલી આપેલ ત્યાં રેલ્વે ગુનો બન્યો હશે તે મુજબના કાગળો

બનાવેલા. સાહેદનું નિવેદન બીજા દિવસે નોધવામા આવેલુ. જેમા ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓના નામની તેઓને ખબર નથી.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એનાઉન્સમેન્ટ થયેલ ત્યારે તેઓ પ્લેટફોમ નં. – ૧૦ ની પાછળની સાઈડ પર હતા. સાહેદની સાથે રાજેશકુમાર અને વિસનસીંહ હાજર હતા. તેઓ બધા પ્લેટફોમ નં. – ૧૦ ની પાછળની સાઈડે ગાડી લાગી તેની થોડીવાર પછી આવેલા. તેઓની ફરજ હોઈ તેઓએ પ્લેટફોમ નં. – ૧૦ ઉપર ચકકર મારેલુ હતુ. સાહેદે એક પણ તહોમતદારોના નામ લખાવેલા નથી. ૨૦ મીનીટ ટ્રેન ઉભી રહેલી હતી તેની સાહેદે રેલ્વે ડીપાર્ટમેન્ટમાં જઈને જાતે કોઈ ખરાઈ કરેલી નહી.

(૩૫) ફરીયાદપક્ષે આંક – ૨૪૫ થી સાહેદ રાજેશકુમાર ગીરીશચંદ્ર પાંડે સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧ /૨૦૧૭ ના રોજ સાંજના ૦૫/૪૦ ની આસપાસ એનાઉન્સ થયેલ કે, આર. પી. એફ. અને જી. આર. પી. ના સ્ટાફના માણસોને પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર રાજધાની એકસપ્રેસ ટ્રેન પાસે જવાનુ જણાવેલ. આ ગાડીને કેટલાક લોકોએ રોકી રાખેલ જેથી રાજધાની એકસપ્રેસ ટ્રેનની પાછળના ભાગે સાહેદ હાજર હતા અને એનાઉન્સ થયા બાદ તેઓ તથા તેઓની સાથેના પુરણસીંગ અને વીસનસીંગ વિગેરે ટ્રેનના આગળના ભાગે ગયેલા. ત્યાં જઈને જોયેલ તો કેટલાંક લોકો ટ્રેન પર ચઢી ગયેલ અને કેટલાક લોકો ટ્રેનના પાટા પર બેઠેલા હતા. આર. પી. એફ. અને જી. આર. પી. ના માણસો તેઓને સમજાવતા હતા પરંતુ તેઓ માનેલા નહી. જેથી તેઓને આર. પી. એફ. ના થાણે લઈ જવામા આવેલા અને તેઓ કુલ ૩૧ લોકો હતા. આ લોકોને આર. પી. એફ. પોલીસ સ્ટશનથી જી. આર. પી. થાણાં લઈ ગયેલ. ત્યારબાદ તેઓના વિરુધ્ધમાં કાર્યવાહી કરવામા આવેલ. સાહેદ

નું નિવેદન બીજા દિવસે નોંધવામા આવેલુ. જે લોકોએ ગાડી રોકેલી તેમાં જિગ્નેશ મેવાણીને ઓળખી શકતા હોવાનું જણાવેલ છે.

આ સાહેદ તહોમતદારો તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓ છેલ્લા સાડા પાંચ વર્ષથી ૨૦૧૭ સુધી રેલ્વે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓની ફરજ પ્લેટફોર્મ નં. – ૧ થી ૧૦ સુધી અપરાધ રોકવાની હતી. તા. ૧૧/૧/૧૭ ના રોજ અપરાધ રોકવાની ફરજમાં તેઓ ત્રણ કર્મચારીઓ ફરજ બજાવતા હતા. તે દિવસે સવારે ૧૦/૦૦ વાગ્યાથી ૦૬/૦૦ વાગ્યા સુધી તેઓની ફરજ હતી. તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓ ત્રણેય જણા સ્ટેશન ઉપર અલગ – અલગ જગ્યાએ અલગ – અલગ ફરજ બજાવતા હતા. '' ૨૦૧૭ ના વર્ષમાં તા.૧૧/૧/૧૭ ના રોજ સાંજના ૦૫/૪૦ ની આસપાસ એનાઉન્સ થયેલ કે, આર. પી. એફ. અને જી. આર. પી. ના સ્ટાફના માણસોને પ્લેટફોમ નં – ૧૦ ઉપર રાજધાની એકસપ્રેસ ટ્રેન પાસે જવાનુ જણાવેલ'' તેવું નિવેદનમાં લખાવેલ નહી હોવાનું સ્વિકારેલ છે. સાહેદે ૩૧ લોકોને પકડયા હોય તો તેઓના નામ લખાવ્યા હોય. સાહેદે પોતાના નિવેદનમાં ૩૧ લોકોના નામ લખાવેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. રેલ્વે સ્ટેશનના દરેક પ્લ ેટફોર્મ ઉપર તથા આવવા – જવાના રસ્તા ઉપર સીસીટીવી કેમેરા લાગેલા હતા.

સાહેદનું નિવેદન લખાવવા માટે બીજા દિવસે રાત્રે આઠ સાડા આઠની વચ્ચે ગયેલા. બીજા દિવસે સાહેદનું નિવેદન નોધવામા આવેલ ત્યારે કોઈ તહોમતદારોની ઓળખ કરાવવામા આવેલી નહી હોવાનો ઈન્કાર કરી સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, તેઓની રૂબરૂમાં તહોમતદારોની નિવેદન લખાવતી વખતે બતાવીને ઓળખાણ કરાવવામા આવેલી.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૩૬) ફરીયાદપક્ષે આંક – ૨૪૯ થી સાહેદ વિશંક બીશનસિંધુ રાઠોડ તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ આર. પી. એફ. અપરાધ બ્ર ાચ માં અમદાવાદ ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ જીગ્નેશ મેવાણી અને તેઓની સાથેના સમર્થકોએ કાલુપુર રેલ્વે સ્ટેશન પર રાજધાની એકસપ્રેસ ટ્રેનના એન્જીનની આગળ ઉભા રહી ગયેલા અને ટ્રેનને જવા દેતા ન હતા. ત્યારબાદ આ લોકો એન્જીન પર ચઢી ગયેલા અને રેલ્વેના પાટા પર સુઈ ગયેલા હતા. આશરે ૧૮ પુરુષો અને ૧૩ મહીલાઓ હતી. ત્યાં આ લોકોએ હલ્લાબોલ કરેલ અને ટ્રેનને આગળ જવા દીધેલ નહી અને આર. પી. એફ. માં નોકરી કરતાં એક મહીલા કોન્સ્ટેબલ પર હુમલો કરવામાં આવેલો. આ મહીલા કોન્સ્ટેબલ સંગીતા દેવી હતા. સાહેદ જયારે સ્ટેશન પર બંદોબસ્તમાં હતા ત્યારે એનાઉન્સમેન્ટ થયેલ કે આર. પી. એફ. અને જી. આર. પી. ના પોલીસ સ્ટાફના માણસો ટ્રેન ઉપર એન્જીન પાસે પહોચો. સાહેદ ત્યાં ગયેલા તેઆની સાથે બીજા ૩ પોલીસ સ્ટાફના માણસો હતા. જેમાં હેડ કોન્સ્ટેબલ રાજેશ પાંડે અને પુરણસીંગ હતા. બીજો સ્ટાફ જી. આર. પી. નો પણ ત્યાં હાજર હતો. આ લોકો હલ્લોબોલ કરતા હતા જેથી તેઓને તેવુ ન કરવા સમજાવેલ પરંતુ તે લોકો ત્યાંથી ખસેલા નહી. આ લોકોને જી. આર. પી. અને આર. પી. એફ. ના પોલીસ સ્ટાફના માણસોએ ભેગા થઈ તમામ લોકોને પહેલા આર. પી. એફ. લઈ ગયેલા અને આ લોકોની પુછપરછ કરવામાં આવેલ અને તેઓ પછી ઓફીસ આવી ગયેલા અને તેઓનું નિવેદન નોંધવામા આવેલુ. તેઓ જીગ્નેશ મેવાણીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, પોલીસે તેઓનું નિવેદન નોધેલુ. તેઓ ગુજરાતી ભાષા લખી શકતા નથી પરંતું થોડુ થોડુ વાંચી શકતા હતાં. તેઓનું નામ ખોટું લખેલ હોત તો તેઓ નિવેદન સમયે નિવેદન લેનારને તેની જાણ કરત. ૨૦૧૭ ના વર્ષમાં ૧૫ વર્ષ થી તેઓ રેલ્વે આર. પી. એફ. માં નોકરી કરતા હતાં. તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓની ફરજ રેલ્વેના તમામ પ્લેટફોર્મ ઉપર અપરાધ રોકવાની હતી. ''તેઓ જયારે સ્ટેશન પર બંદોબસ્તમાં હતા ત્યારે એનાઉન્સમેન્ટ થયેલ કે આર.પી.એફ. અને જી.આર.પી.ના પોલીસ સ્ટાફના માણસો ટ્રેન ઉપર એન્જીન પાસે પહોચો'' તેવું લખાવેલ નહી હોવાનું સ્વિકારેલ છે. આ બનાવ સમયે તેઓ પ્લેટફોર્મ નં. – ૧ ૦ ઉપર કલાક ૧૭/૦૦ થી હાજર હતા. '' તેઓ ત્યાં ગયેલા અને તેઓની સાથે બીજા ૩ પોલીસ સ્ટાફના માણસો હતા. જેમાં હેડ કોન્સટે. રાજેશ પાંડે અને પુરણસીંગ હતા'' તેવું નિવેદનમાં લખાવેલ નહી હોવાનું સ્વિકારેલ છે.

સાહેદને નિવેદન નોંધવા બીજા દિવસે સાંજના સમયે બોલાવેલા. નિવેદન સમયે સાહેદ એકલા જ હતા. બીજા લોકો બહાર બેઠેલા હતા. આવી ગતી વીધી જોયા પછી તેઓએ અન્ય કોઈ પોલીસ અધીકારીઓને બોલાવેલા નહી. તેઓના ઉપરી અધીકારીઓને આવી કોઈ સંદીગ્ધ બાબતની જાણ કરેલી નહી. જો આવી કોઈ ભીડ આવે તો સૌથી પહેલા તેઓને ખબર પડે એવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેઓ ગાડીની પાછળ ઉભેલા હતા અને બનાવ ગાડીની આગળ બનેલો હતો. સાહેદે પોતાના મોબાઈલમાંથી બનાવ અંગેની કોઈ ઘટનાની વીડીયો રેકોર્ડીંગ કે ફોટોગ્રફી કરેલ નહી. પ્લેટફોર્મથી ગાડીના પાટા ૩ ફુટ જેટલા અંદાજીત નીચે હોય છે. પ્લેટફોર્મ પર બધી જગ્યાએ આર. પી. એફ. અને જી. આર. પી. ની પોલીસ ઉભી હોય છે. રેલ્વે પ્લેટફોર્મ પર આવવાના ગેટ પર આર. પી. એફ. અને જી. આર. પી. ની પોલીસ ઉભી હોય છે.

સાહેદનું નિવેદન નોધતા આશરે ૪પ મીનીટ નો સમય લાગેલો. નિવેદન હીન્દીમાં આપેલુ અને તેનો ગુજરાતીમાં અનુવાદ કરીને નિવેદન લખવામા આવેલ હોય તેવુ તેઓના નિવેદનમાં લખાવેલ નથી. તેઓનું નિવેદન લખવામા આવ્યુ ત્યારે કોઈ તહોમતદાર ત્યાં ન હતા. સાહેદની રૂબરૂમાં જીગ્નેશ મેવાણીની ઓળખ પરેડ કરાવવામા આવેલી નહી. તે સિવાયના અન્ય કોઈ તહોમતદારની તેઓના રૂબરૂ ઓળખાણ કરાવવામા આવેલી નહી તેવા પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, તેઓને ફોટા બતાવવામા આવેલા. તેઓને આશરે ૩૦ લોકોના ફોટા બતાવવામા આવેલા. સાહેદે કોઈ તહોમતદારોના નામો લખાવેલા નહી. '' તમામ લોકોને પહેલા આર. પી. એફ. લઈ ગયેલા પછી જી. આર. પી. ઓફીસ લઈ ગયેલા'' તેવું નિવેદનમાં લખાવેલ નહી હોવાનું સ્વિકારેલ છે. તા. ૧૧/૧/૧૭ ના રોજ આર. પી. એફ. ના કેટલા માણસો ફરજ પર હતા તેની તેઓને ખબર નથી.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૩૭) ફરીયાદપક્ષે આંક – ૨પપ થી સાહેદ રાજીવકુમાર રામચંદ્રપ્રસાદ સીંગ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં. – ૧ ઉપર આસીસ્ટન્ટ સ્ટેશન માસ્તર તરીકે ફરજ બજાવતા હતા. તેઓની કામગીરીમાં પ્લેટફોમ નં – ૧ ની ઓફીસમાં સતર્કતા આદેશ (જરુરી સુચનાઓ) જારી કરવાનો તથા કોઈપણ રેલ્વે સંબંધીત મેસેજ આપવાનો હોય છે. ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ કલાક ૧૭/૪૦ વાગે રાજધાની ના લોકો પાયલટ પી. સી. મોરવારે વોકી ટોકી પર સુચના આપેલ કે, કેટલાંક માણસો એન્જીન પર ચઢી ગયેલા છે અને ૨૦ થી ૨પ માણસો ટ્રેકની આગળ ઉભા છે અને ગાડીને ચાલવા દેતા નથી. તેવી સુચના વોકી ટોકી પર થી મળેલી જેની નોધ કરીને આર. પી. એફ. અને જી. આર. પી. ના માણસોને મોકલ

ેલા. આ સાહેદને નોંધ બતાવવામા આવતા પોતાની સહી તથા હોદ્દાનુ સીલ ઓળખી બતાવી આંક – ૨૫૬ થી રજુ રાખવામાં આવેલ છે. સાહેદનું નિવેદન નોંધવામા આવેલુ.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, ૨૦૧૭ના વર્ષમાં અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન પર એક શીફટમાં સ્ટેશન ઉપર ૪ સ્ટેશન માસ્તર ફરજ બજાવતા હતા. ત્યારે ૨૦૧૭ ના વર્ષમાં અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન પર કુલ કેટલા સ્ટેશન માસ્તરો હતા તે તેઓને યાદ નથી. પ્લેટફોર્મ નં. – ૧ પર સાહેદ સિવાય બીજા બે સ્ટેશન માસ્તર હતા. વોકી ટોકી સ્ટેશન માસ્તર પાસે હાથમાં હોતી નથી ખાલી ઓફીસમાં તે ફીકસ કરેલી હોય છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, સ્ટેશન માસ્તર ઓફીસની બહાર જાય તો વોકી ટોકી સાથે લઈને જતા હોય છે. રેલ્વે ટ્રેનમાં ડ્રાઈવર, ટ્રેન ગાર્ડ તથા આસીસટન્ટ ડ્રાઈવરની પાસે વોકી ટોકી હોય છે. સાહેદ એવું કહી શકે તેમ નથી ટ્રેકમાં રહેલા વોકી ટોકીનુ કનેકશન રેલ્વે સ્ટેશનમાં કઈ કઈ જગ્યાએ હોય. સાહેદ સ્ટેશન માસ્તર હોવાના નાતે તેઓની કોઈ પર્સનલ ડાયરી રાખતા ન હતા.

અદાલતમાં રજુ કરેલ મેસેજનો પત્ર પહેલીવાર અદાલતમાં રજુ કરેલો. તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓ ડયુટી પર હતા કે, નહી તેવો કોઈ આધાર તેઓએ પોલીસને આપેલો નથી તેવા પ્રશ્નના જવાબમાં લખાવે છે કે, તેઓની પાસે માંગ્યો ન હતો જેથી તેઓને આપેલ નહી. સાહેદની સાથે ઓફીસમાં તેઓના સિવાય બીજા ત્રણ માણસો હોય છે. સાહેદ જે સતર્કતા આદેશ સરતપાસમાં કહી ગયા તે અંગેનુ તેઓની ઓફીસમાં રજીસ્ટર રહેતુ હોય છે. તેઓની ઓફીસમાં રેલ્વે સ ટેશન પ્લેટફોર્મ પર કે ટ્રેનમાં કોઈ અઘટીત ઘટના સંબંધે નોંધ કરવા માટે રજીસ્ટર રાખવામાં આવે છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે આ રજીસ્ટર મેસેજ નોધવા માટેનુ રજીસ્ટર હોય છે. આ રજીસ્ટરમા તેઓ ઈનવર્ડ રજીસ્ટરથી નોંધ કરતા ન હતા માત્ર આઉટવર્ડ રજીસ્ટરથી નોંધ કરતા હતા. સાહેદને જે મેસેજ મળે તે મેસેજ કાગળ

ઉપર લખી લઈ રજીસ્ટરમાં ચોંટાડી દેવામાં આવે છે. સાહેદને જે મેસેજ મળે તે મેસેજ તેઓ આગળની કાર્યવાહી માટે કાગળ ઉપર લખીને મોકલવામાં આવે છે. સાહેદને વોકી ટોકી પર મેસેજ આપનાર ડ્રાઈવર પી. સી. મોરવારની પુછપરછ કરી કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. સાહેદના રેલ્વે સ્ટેશન ઉપર સ્ટેશન મેનેજર હેડ તરીકે હોય છે.

સાહેદે તા. ૧૧/૧/૧૭ ના રોજનુ ટ્રેનના આવવા તથા જવાનુ કોઈ લીસ્ટ તપાસ કરનાર અધીકારીને આપેલ ન હતું. વોકી ટોકીના મેસેજ રેલ્વેમાં જયાં જયાં કનેકશન હોય ત્યાં જતા હોય છે. વોકીટોકીનો મેસેજ કેટલા વાગે આવેલ તેની કોઈ નોંધ રજીસ્ટરમાં કરેલ નહી હોવાનો ઈન્કાર કરી જણાવેલ છે કે તેઓએ સ્ટેશન ડાયરી / ચાર્જબુકમાં કરેલ. આવી કોઈ ડાયરી કે ચાર્જ બુક તેઓના નિવેદન સમયે સામેલ રાખવામા આવેલ નથી.સરતપાસમાં જે ઘટના કહી ગયા તેની સાહેદને કોઈ જાત માહીતી નથી. ૨૦૧૭ માં પ્લેટફોર્મ નં. – ૧ સિવાય ૧૨ નંબરના પ્લેટફોર્મ પર સ્ટેશન માસ્તર બેસતા હતા. ૨૦૧૭ માં પ્લેટફોર્મની અંદર આવવુ હોય તો પ્લેટફોમ નં. – ૧ અને પ્લેટફોમ નં. – ૧૨ પરથી આવી શકાય. પ્લેટફોર્મ ઉપર આવવુ હોય તો પ્લેટફોર્મની ટીકીટ વગર મોટી સંખ્યામાં લોકો આવી શકે નહી તેવા પ્રશ્નના જવાબમાં લખાવે છે કે, ટીકીટ ચેકર આ હકીકત જણાવી શકે. એવુ બનેલુ નહી કે, સાહેદને મેસેજ મળ્યો હોય તો તે મેસેજ લઈ સાહેદ પોતાના ઉપરી અધીકારી પાસે ગયેલા હોય.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૩૮) ફરીયાદપક્ષે આંક – ૨૫૮ થી જીતેન્દ્રભાઈ રામદાસ શર્મા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર એમ. સી.

શાહના સ્ટોલમાં મેનેજર તરીકે નોકરી કરતા હતાં. ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર શું ઘટના બનેલી તેની સાહેદને ખબર નથી. તેઓ પોતાનો ધંધો કરતા હતા ત્યારે કોઈ ટ્રેન રોકી હોય કે બીજું કંઈ થયુ હોય તો તેની સાહેદને ખબર ન હતી. પોલીસે તેઓનું નિવેદન નોધેલુ નહી તેવું જણાવેલ છે. આ કામના સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ. સ્પે. એ. પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. આ સાહેદ તહોમતદારો તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓના સ્ટોલ પરથી તેઓની ગેરહાજરીમાં તેઓના નામ સરનામાની ખબર પડે.

(૩૯) ફરીયાદપક્ષે આંક – ૨૫૯ થી સાહેદ મનુભા ટપુભા ઝાલા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર એમ. સી. શાહ કંપની માં સ્ટોલ વેન્ડર તરીકે નોકરી કરતા હતાં. ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોર્મ નં. – ૧૦ પર રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકી હોય તેની તેઓને કોઈ માહીતી ન હતી. પોલીસ ે તેઓનું નિવેદન નોધેલ નહી તેવું જણાવેલ છે. આ કામના સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ. સ્પે. એ. પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. આ સાહેદ તહોમતદારો તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓના સ્ટોલ પરથી તેઓની ગેરહાજરીમાં તેઓના નામ સરનામાની ખબર પડે.

(૪૦) ફરીયાદપક્ષે આંક – ૨૬૦ થી સાહેદ દિનેશભાઈ રાજેન્દ્રબાબુ શર્મા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોમ નં – ૧૦ ઉપર જે. જી. એન્ડ કંપની માં સ્ટોલ વેન્ડર તરીકે નોકરી કરતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોમ નં. – ૧૦ પર રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકી હોય તેની સાહેદને કોઈ માહીતી નથી અને પોલીસે તેઓનું નિવેદન નોંધેલ નહી તેવું જણાવેલ છે. આ કામના સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ. સ્પે. એ. પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. આ

સાહેદ તહોમતદારો તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓના સ્ટોલ પરથી તેઓની ગેરહાજરીમાં તેઓના નામ સરનામાની ખબર પડે.

(૪૧) ફરીયાદપક્ષે આંક – ૨૬૪ થી સાહેદ સંજીવ દયારામ પાંડે સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર જે. જી. એન્ડ કંપની માં સ્ટોલ વેન્ડર તરીકે નોકરી કરતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકી હોય તેની તેઓને કોઈ માહીતી નથી. પોલીસ ે તેઓનું નિવેદન નોધેલુ નહી તેવું જણાવેલ છે. આ કામના સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ. સ્પે. એ. પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. આ સાહેદ તહોમતદારો તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓના સ્ટોલ પરથી તેઓની ગેરહાજરીમાં તેઓના નામ સરનામાની ખબર પડે.

(૪૨) ફરીયાદપક્ષે આંક – ૨૬૫ થી સાહેદ શિવલાલ ગોપીલાલ જોગી સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં રેલ્વે સ્ટેશન પર કુલી તરીક નોકરી કરતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોમ નં. – ૧૦ પર રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકી હોય તેની તેઓને કોઈ માહીતી નથી. પોલીસે તેઓનું નિવેદન નોધેલુ નહી તેવું જણાવેલ છે. આ કામના સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ. સ પે. એ. પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. આ સાહેદ તહોમતદારો તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, પોલીસે તેઓનું નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલુ નહી.

(૪૩) ફરીયાદપક્ષે આંક – ૨૬૯ થી સાહેદ ઈકબાલ શકીલઅહેમદ ધાંચી સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં રેલ્વે સ્ટેશન પર કુલી તરીકે નોકરી કરતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોર્મ નં. – ૧૦ પર રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકી હોય

તેની તેઓને કોઈ માહીતી નથી. પોલીસે તેઓનું નિવેદન નોંધેલુ નહી તેવું જણાવેલ છે. આ કામના સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ. સ્પે. એ. પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. આ સાહેદ તહોમતદારો તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, પોલીસે ફકત તેઓનું નામ સરનામું પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલુ નહી.

(૪૪) ફરીયાદપક્ષે આંક – ૨૭૩ થી સાહેદ રામસીંગ ખેલાડી જોગી સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં રેલ્વે સ્ટેશન પર કુલી તરીકે નોકરી કરતા હતા. ૨૦૧૭ ના વર્ષમાં પ્લેટફોર્મ નં. – ૧૦ પર રાજધાની એકસપ્રેસ ટ્રેન રોકી હોય તેની તેઓને કોઈ માહીતી નથી. પોલીસે તેઓનું નિવેદન નોંધેલુ નહી તેવું જણાવેલ છે. આ કામના સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ. સ્પે. એ. પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. આ સાહેદ તહોમતદારો તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, પોલીસે ફકત નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલુ નહી.

(૪૫) ફરીયાદપક્ષે આંક – ૨૭૬ થી પ્રકાશચંદ્ર પુરનચંદ મોરવાના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ૨૦૧૭ ના વર્ષમાં તેઓ લોકો પાયલટ તરીકે મેલ એકસપ્રેસમાં કાર્યરત તરીકે હતા. ૨૦૧૭ ના વર્ષમાં તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓ આબુ રોડ થી ૧૨૯૫૮ સુવર્ણ જયંતી રાજધાની એકસપ્રેસ લઈને અમદાવાદ આવ્યા હતા. તેઓ આરામ કરીને નિયમોનુસાર લીંન્ક મુજબ ટ્રેન નં : ૧૨૯૫૭ કલાક ૧૭/૪૦ વાગે અમદાવાદ થી આબુ રોડ લઈ જવા તૈયાર હતા. તેઓની સાથે તેઓના ડ્રાઈવર શ્રી ભીમસીંગ બામણીયા, લોકો પાયલટ મેલ એકસપ્રેસ તથા ટ્રેન ગાર્ડ ( જેનો હાલનો હોદ્દો ટ્રેન મેનેજર) શ્રી એમ. આઈ. હાસમી હેડ કવાટર મુખ્યાલય અજમેર તેઓની સાથે હતા. કલાક ૧૭/૪૦ વાગે તેઓને ટ્રેન ઉપાડવા માટેનુ સીગ્નલ મળ ેલ અને તેઓએ સીટી વગાડેલી અને ગાર્ડે લીલી ઝંડી બતાવેલી. ત્યારે સાહેદે ટ્રેન

આગળ ચલાવવા માટે આગળ જોતાં રેલ્વે ટ્રેક પર વીસ થી પચ્ચીસ મીટર દુર ૨૫ થી ૩૦ ની આસપાસ જેમાં સ્ત્રી પુરુષો હતા. તેમાંથી કેટલાંક પાટા ઉપર બેસી ગયેલા અને કેટલાક ઉભા હતા અને કેટલાક નારેબાજી કરતા હતા. જેથી તેઓ તરત જ ડેપ્યુટી એસ. એસ. અમદાવાદને જાણ કરેલી અને ટ્રેન ગાર્ડને પણ વોકી ટોકી પર સુચના આપેલી. થોડા સમય પછી તરત જ ડેપ્યુટી એસ. એસ. અમદાવાદ, આર. પી. એફ. ના ઈન્સ્પેકટર તથા તેમનો સ્ટાફ, જી. આર. પી. ના ઈન્સ્પેકટર તથા તેમનો સ્ટાફ ગાડી પર આવેલા. જેઓએ પ્રદર્શન કરી રહેલા લોકો સાથે વાતચીત કરેલી અને તેઓને હટાવેલા. ત્યારબાદ ટ્રેક ખાલી થતાં ડેપ્યુટી એસ. એસ. અમદાવાદ, આર. પી. એફ. તથા જી. આર. પી. ના સ્ટાફે ટ્રેક ખાલી કરાવી ગાડી ચલાવવાની અનુમતી આપી. જેથી સાહેદે સીટી વગાડી ગાર્ડની લીલી ઝંડી મેળવી ગાડી આગળ ચલાવેલી. તેઓની ગાડી કલાક ૧૮/૦૦ વાગે ઉપડેલી. તેઓની ગાડી ૨૦ મીનીટ મોડી પડેલી. પોલીસે તેઆનું નિવેદન લીધેલુ. આ નિવેદન તા. ૨૩/૧/૧૭ ના રોજ અમદાવાદ ક્રુ લોબી ખાતે લીધેલુ. આ બનાવ પ્લેટફોર્મ નં. – ૧૦ પર બનેલો.

આ સાહેદ તહોમતદાર નં – ૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તા. ૧૧/૧/૧૭ પછી તેઓ દર ચોથા દિવસે અમદાવાદ આવતા હતા. આ બાબતે તેઓએ લેખીતમાં કોઈ ફરીયાદ કરેલ નથી. ટ્રેન મોડી પડી તે બાબતે તેઓના ડીપાર્ટમેન્ટે તેઓનું નિવેદન લીધેલ નથી. ટ્રેનમાં આવો કોઈ બનાવ બને તો તેની નોંધ કરવા બાબતે રજીસ્ટર રાખતા હતા. આવા કોઈ રજીસ્ટર સાહેદે પોલીસને આપેલ નથી. ટ્રેન ઉપડવાના અડધો કલાક પહેલા પ્લ ેટફોર્મ પર ટ્રેન લગાવવામા આવેલી. બનાવના દિવસે પ્લેટફોર્મ પર ટ્રેન કેટલા વાગે લાવવામા આવેલી તે સાહેદ કહી શકે નહી. સાહેદ તેઓના રનીંગ રુમમાંથી અડધા કલાક પહેલા ડયુટી પર આવેલા. સાહેદ ૧૭/૨૦ કલાકે આશરે ટ્રેન પર પહોચેલા. સાહેદે પ્લેટફોર્મ પરથી ટ્રેક પર ઉતરતા કોઈ લોકોને જોયેલા નહી.

'' ૨૦૧૭ ના વર્ષમાં તા.૧૧/૧/૧૭ ના રોજ તેઓ આબુ રોડ થી ૧૨૯૫૮ સુવર્ણ જયંતી રાજધાની એકસપ્રેસ લઈને અમદાવાદ આવ્યો હતો. હું આરામ કરીને નિયમોનુસાર લીંન્ક મુજબ ટ્રેન નં :૧૨૯૫૭ કલાક ૧૭/૪૦ વાગે અમદાવાદ થી આબુ રોડ લઈ જવા તેઓ તૈયાર હતો'' તેમજ ''કલાક ૧૭/૪૦ વાગે તેઓને ટ્રેન ઉપાડવા માટેનુ સીગ્નલ મળેલ અને તેઓએ સીટી વગાડેલી તથા ગાર્ડે લીલી ઝંડી બતાવેલી'' તેવું નિવેદનમાં લખાવેલ નહી હોવાનું સ્વિકારેલ છે.

સાહેદને તેઓનું નિવેદન લખાવવા માટે સમન્સ કે નોટીસ આપેલ નહી. ટ્રેનોના ટાઈમીંગ માટે પંકચ્યુઆલીટી કંટ્રોલ ઓફીસ હોય છે. અમદાવાદની ઓફીસ ડી. આર. એમ. કચેરીમાં આવેલી છે. ટ્રેનોની અવર – જવર આ વિભાગ દ્રારા સંચાલીત હોય છે. સાહેદે આ વિભાગમાં કોઈ દિવસ રીપોર્ટ કરેલ નથી. તા. ૧૧/૧ /૧૭ ના રોજ તેઓ તથા તેઓના ડ્રાઈવર નોકરી પર હતા તેનો કોઈ રીપોર્ટ પોલીસને નિવેદન સમયે આપેલ નથી. સાહેદે જણાવેલ છે કે, આવુ આપવાનુ કોઈ નિયમ હોતો નથી કારણ કે, તેઓને આ ટ્રેન ચલાવવા નિમણુંક કરવામા આવે છે. ટ્રેન સમયસર ચાલી કે ના ચાલી, મોડી પડી કે કેમ તે પંકચ્યુઆલીટી કંટ્રોલ ઓફીસવાળો સેલ જ બતાવી શકે. સાહેદનો ક્રુ લોબી અમદાવાદ ખાતે પ્લેટફોર્મ નં. – ૧ પર આવેલ છે. પોલીસ નિવેદન સમયે તેઓની સાથે પોલીસ ઈન્સપેકટર જી. જે. ચૌધરી તથા સાથે રાઈટર હતા. ક્રુ લોબીમાંથી તેઓની સાથે તેઓના ડીપાર્ટમેન્ટના લોકો નિવેદન સમયે આવેલ નહી. તેઓનું નિવેદન અંદાજે સવારે દસ થી સાડા દસની આસપાસ લેવામા આવેલુ.

૨૩ તારીખે તેઓની ફરજ કેટલા વાગે શરૂ થતી હતી તે લોગબુક જોઈને કહી શકે. તેઓની સાથે તે દિવસે કોણ કોણ કો. – ડ્રાઈવર અને ટ્રેન ગાર્ડ કોણ હતુ તે તેઓ લોગબુક જોઈને કહી શકે. ૨૩ તારીખે પણ પોલીસ તરફથી કોઈ નોટીસ મળેલ નહી. સાહેદે જણાવેલ છે કે, ૨૩ તારીખ પહેલા ફોન પર નિવેદન દેવા અમદાવાદ કયારે આવવાના છો તે બાબતનો ફોન આવેલો. ડયુટી પર હોય

ત્યારે તે સિવાયની કોઈ કામગીરી હોય તો તેઓએ ઉપરી અધિકારીની પરવાનગી લ ેવાની હોય છે. ૨૩ તારીખના નિવેદન આપવા બાબતે તેઓના ઉપરી અધિકારીની પરવાનગી લીધેલ નહી. સાહેદનું નિવેદન નોંધતા સમયે કોઈ પુછતુ હોય અને સાહેદે લખાવેલ હોય તેવું બનેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે.

સાહેદના પુરાવા દરમ્યાન આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા દરમ્યાન તેઓને તહોમતદારો તરફે ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછેલ છે જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

આ સાહેદની તહોમતદાર નં – ૨ થી ૫ તથા ૭ થી ૧૮ તથા ૨૦, ૨૨, ૨૫, ૨૬ તથા ૨૮ થી ૩૧ તરફે તેમજ નં – ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૭ તરફે તહોમતદાર નં – ૧ વાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ મુજબની ઉલટ તપાસ ગણી લેવા રજૂઆત કરવામાં આવેલ છે.

(૪૬) ફરીયાદપક્ષે આંક – ૪૩૫ થી સાહેદ ભીમસિંહ પુનાભાઈ બામણીયા તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, વર્ષ ૨૦૧૭ માં આબુરોડ રેલ્વે સ્ટેશનમાં રાજધાની ટ્રેનના ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. વર્ષ ૨૦૧૭ માં તેઓ તા. ૧૧/૧/૧૭ ના રોજ સવારે તેઓ આબુરોડથી રાજધાની લઈને કલાક ૦૬/૪૦ અમદાવાદ લઈને આવતા હતા. અમદાવાદ તેઓની ગાડી કલાક ૦૯/૪૦ ના આવેલી અને તે ટ્રેનનો નંબર – ૧૨૯૫૮ લઈને આવેલા. સાંજના તેઓને કલાક ૧૭/૪૦ ના સુમારે અમદાવાદ થી આબુરોડ જવાનુ હોય તે સમયે તેઓની સાથે ડ્રાઈવર તરીકે પ્રકાશચંદ્ર મોરવા હતા અને સાહેદ આસીસ્ટન્ટ ડ્રાઈવર હતા. ગાર્ડ તરીકે એમ. આઈ. હાશમી હતા. સાંજે તેઓનો ટાઇમ રવાના થવા માટે કલાક ૫/૪૦ નો હતો. તેઓ રનીંગ રૂમથી લોબીમાં કલાક – ૫/૧૦ વાગતા આવી ગયેલા હતા. તેઓની ઓનડયુટી પ્લેટફોર્મ નં. – ૧ ઉપર થાય છે. કલાક ૫/૧૦

તેઓની ઓન ડયુટી થાય છે. એક નંબર પરથી તેઓ ૧૦ નંબર પર જાય છે ત્યારે ટ્રેનનો ચાર્જ લેવા હોય છે.

એક નંબર પરથી ૧૦ નંબર પર જવા માટે તેઓને ૧૦ મીનીટનો સમય લાગે. કલાક ૫/૨૦ વાગે તેઓ એન્જીન પર પહોચી ગયેલા અને એન્જીનનો ચાર્જ લઈને ઓઈલ પાણી ચેક કરેલુ. ઓઈલ પાણી જોયા પછી તેઓએ ટ્રેનનો પ્રેશર ચેક કરેલ જે બરાબર થઈ ગયેલ અને ત્યાંના ટી. એકસ. આર. સાહેબ દ્રારા ટ્રેન ઓકે હોવાનુ સર્ટીફીકેટ મળ્યા બાદ તેમાં સહી કરેલી. આ સર્ટીફીકેટની એક નકલ તેઓને આપવામા આવેલ અને એક તેઓની પાસે રાખવામા આવેલી. આ ટ્રેન ઓકે થઈ ગયા પછી તેઓએ ઘડીયાળમાં જોઈ કલાક ૧૭.૪૦ ના સમયે રવાના થવાના હતા અને સ્ટેશન માસ્તર દ્રારા સીગ્નલ પણ મળેલો હતો. ત્યારબાદ તેઓ વ્હીસલ મારેલી. વ્હીસલ માર્યા બાદ ગાડી રવાના થતા પહેલા ગાર્ડનો ઓલરાઈટ લેતા પહેલા ૨૫ થી ૩૦ માણસો જેમાં લેડીઝ ની લાઈન આગળ આવીને ઉભા રહેલા અને અમુક સુઈ ગયેલા અને અમુક એન્જીન ઉપર ચઢી ગયેલા. આ જોઈ તેઓની સાથે જે ડ્રાઈવર તરીકે પ્રકાશચંદ્ર મોરવા હતા. તેમણે ઓન ડયુટી સ્ટેશન માસ્તર તથા ટ્રેનના ગાર્ડને વોકીટોકી દ્રારા જાણ કરેલી.

ત્યારબાદ ઓનડયુટી સ્ટેશન માસ્તર તથા જી. આર. ડી. અને આર. પી. એફ. સ્ટાફ હતા. તેઓ લાઈન ઉપર ઉભા હતા અને સુઈ ગયેલા હતા અને એન્જીન ઉપર ચઢી ગયેલા હતા તેમને સમજાવી બુજાવી લાઈનથી હટાવી તથા એન્જીન પરથી ઉતારી લાઈન કલીયર કરેલી. આ સમય દરમ્યાન કલાક ૧૭/૪૦ ના ગાડી ઉપાડવાની હતી તેના બદલે કલાક ૧૮/૦૦ થઈ ગયેલ. ૨૦ મીનીટ તેઓની ગાડી લેટ રવાના થયેલી. લાઈન કલીયર થયા પછી તેઓએ સીટી મારેલી અને ગાર્ડ દ્રારા ઓલરાઈટ લઈને તેઓએ ગાડી રવાના કરેલી. બનાવ સંબંધે તેઓનું નિવેદન પોલીસ દ્રારા તારીખ ૨૩ના રોજ નોંધવામા આવેલુ.

આ સાહેદ તહોમતદાર નં – ૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, વર્ષ ૨૦૧૭ માં બનાવ થઈ ગયો તે પહેલા તેઓ સને ૧૯૮૨ થી રેલ્વેમાં નોકરી  કરતા હતા. આસીસટન્ટ ડ્રાઈવર તરીકે છેલ્લા ૫ વર્ષથી નોકરી કરતા હતા. ૫ વર્ષ પહેલા તેઓએ મેઈલ એકસપ્રેસ ચલાવેલ. ટ્રેનના નીતીનિયમો તેઓ જાણતા હતાં. ટ્રેનનો સમય ભારત સરકાર દ્રારા નિર્ધારીત કરેલો હોય છે. સમય નિર્ધારીત કરવા અને ભારત સરકારે સ્ટાન્ડર્ડ ટાઈમ નકકી કરેલ હોય તેના સ ેકશન કંટ્રોલર હોય છે. બનાવ સમયે અમદાવાદ રેલ્વે સ્ટેશન પર સવારે ૯/૪૦ વાગે તેઓ ટ્રેન લઈને આવી ગયેલા. સેકશન કંટ્રોલરે જે સમય પ્રસારીત કરેલો તેની તેઓને કોઈ જાતમાહીતી નથી. કોઈપણ ટ્રેન હોય તે રેલ્વે સ્ટેશન પર આવતી હોય તેણે આ સ્ટાન્ડર્ડ ટાઈમ પ્રમાણે નીકળી જવાનુ હોય છે. કોઈપણ ટ્રેન ગાર્ડ હોય કે ડ્રાઈવર હોય તેણે આ ટાઈમ પ્રમાણે પોતાની ઘડીયાળ સેટ કરવાની હોય છે. આ જે સમય હોય તે સમયે તેઓને તથા ટ્રેન ગાર્ડ અને ડ્રાઈવરે એકબીજાને જણાવવાનુ હોય છે. આવો સમય તેઓ એકબીજા સાથે કોમ્યુનીકેટ કરેલ હોય એવુ બનેલ નથી.

નિર્ધારીત કરેલ સમય હોય ત્યારે સમયસર તેઓને હાજરી પણ ત્યાં પુરાવવાની હોય છે. આવુ કોઈ હાજરીપત્રક તેઓએ નિવેદન નોધાવતા સમયે પોલીસ સમક્ષ રજુ રાખેલ નથી. હાજરી બાબતે તેઓને રેલ્વે સ્ટેશન પર અડધો કલાક પહેલા રીપોર્ટીગ કરવાનુ હોય છે.  આવો કોઈ આધાર પુરાવો નિવેદન સમયે પોલીસ સમક્ષ રજુ રાખેલ નથી. તેઓની હાજરી એપીયરન્સ બુક હોય છે. તેવી જ રીતે એશ્યોરન્સ રજીસ્ટર પણ હોય છે. આવી કોઈ બુક કે રજીસ્ટર પણ તેઓએ નિવેદન સમયે પોલીસ સમક્ષ રજુ રાખેલ નહી. પ્લેટફોર્મ પર તેઓ કલાક ૫/૨૦ વાગે આવેલા. કલાક ૫/૨૦ ના તેઓ આવી ગયા અને કલાક ૫/૪૦ના ટ્રેન ઉપાડવાની હતી તે સમય દરમ્યાન કોઈ ટોળુ આવી ગયુ હોય અને હલ્લાબોલ થયેલ હોય તેવુ તેઓના ઘ્યાનમાં આવેલ નહી. પ્લેટફોર્મ પર રાજધાની ટ્રેનમાં જવાવાળા હજારો પેસેન્જર ઉભા હોય છે. ગાડી ઉપડવાના સમય દરમ્યાન તેઓ એન્જીન કેબીનમાં હાજર હતા. એન્જીન કેબીન થી રેલ્વેના પાટા દુર સુધી

દેખાય. પ્લેટફોર્મ અને પાટા વચ્ચેનુ અંતર દસેક ફુટ જેટલુ હોય છે. રેલ્વેના પાટા ઉપર જો કોઈ ચાલીને આવે તો કેબીનમાંથી સાહેદને દેખાય. પાટા ઉપરથી ચાલીને આવતા ન હોય તો પ્લેટફોર્મ પરથી કુદીને પાટા ઉપર અવાય. એન્જીનની કેબીનમાં બેઠેલ હોય તો પ્લેટફોર્મ ઉપરથી કુદીને કોઈ નીચે પડયુ હોય તો તે દેખાય. તેઓ એન્જીનની કેબીનમાં બેઠેલ હોય અને પ્લેટફોર્મ પરથી કુદીને કોઈ પાટા ઉપર પડયુ હોય તેવુ સાહેદે જોયેલ નહી.

ગાર્ડનુ સીગ્નલ મળે પછી જ ગાડી ચલાવાય. સાહેદે પણ ગાર્ડનુ સીગ્નલ મળ્યુ અને પછી બધુ ઓકે હતુ એટલે ગાડી આગળ ચલાવેલી. ગાડી ઉપડી ત્યાં સુધી કોઈ અજુગતી ઘટના બનવાની છે અથવા બની છે તેવી સાહેદને કોઈ જાત માહીતી ન હતી. રેલ્વે ગાડી આવે અને ગાડી ઉપડવાનો સમય હોય ત્યારે રેલ્વે પોલીસ પ્લેટફોર્મ પર વધારે સંખ્યામાં હોય છે. બનાવ બન્યા બાદ તારીખ ૨૩ ના રોજ તેઓનું નિવેદન નોધવામા આવ્યુ તે સમયગાળા દરમ્યાન તેઓ બે વખત અમદાવાદ આવેલા અને આ ૧૨ દિવસની અંદર તેઓએ આવી કોઈ ઘટના કોઈપણ જગ્યાએ જાહેર કરેલી નહી. આ ઘટના સંદર્ભે નિવેદન લખાવવા માટે તેઓના ડીપાર્ટમેન્ટ તરફથી તેઓને કોઈ નોટીસ મળેલ હોય તેવુ બનેલ નહી.

ટ્રેનના સમયગાળા માટે મુખ્ય રેલ્વે સ્ટેશન ઉપર પંકચ્યુઆલીટી કંટ્રોલ ઓફીસ હોય છે. ટ્રેનના આવવા જવાની સમગ્ર કાર્યવાહી આ વિભાગ નોંધે છે. આ અંગે તેઓના ડીપાર્ટમેન્ટમાં એક કોમર્શીયલ વિભાગ પણ હોય છે. આ બંને વિભાગ જ કહી શકે કે ટ્રેન કેટલી મોડી આવી કે કેટલી મોડી ગઈ. સાહેદે આ ટ્રેન કલાક ૫/૪૦ ના બદલે કલાક ૦૬/૦૦ વાગે ઉપડેલી તેવુ જણાવ્યુ છે તે બદલ આ બંને વિભાગમાં કોઈ ખરાઈ કરેલી નહી. આ ઘટનાની કોઈ નોંધ કરેલ હોય અને તેવા કોઈ રજીસ્ટર તેઓએ પોલીસ સ્ટેશને રજુ રાખેલ હોય તેવુ પણ બનેલ નહી. પ્લ ેટફોર્મ ઉપર આવવુ હોય તો ટીકીટ આવશ્યક હોય છે. ટ્રેનમાં પેસેન્જરને આવવુ હોય તો ટીકીટ આવશ્યક હોય છે. એન્જીન પર લોકો ચઢી ગયા હોય તેવી સાહેદે કયાંય

નોંધ કરેલ હોય અને તે રજીસ્ટર પોલીસને આપેલ હોય એવુ પણ બનેલ નહી. પેસ ેન્જર ટ્રેન કયારેક મોડી પડે કે ટ્રેનમાં જગ્યા બાબતે પેસેન્જરોના બુમાબુમ થતા હોય છે. ઘણી બધી પબ્લિક હોવાથી પ્લેટફોર્મ ઉપર કોલાહલ પણ હોય છે.

ટ્રેન કોઈએ રોકી હોય કે એન્જીન પર કોઈ ચઢી ગયેલ હોય તે બદલની ફરીયાદ તેઓએ કોઈ જગ્યાએ કરેલી નહી. પોલીસે તેઓને નિવેદન આપવા બાબતે કોઈ નોટીસ કે સમન્સ આપેલા નહી. ડ્રાઈવર પ્રકાશચંદ્ર સાહેદનું નામ સરનામુ જાણતા હતા તેમણે પોલીસને જણાવેલ કે,તેઓની સાથે આસીસટન્ટ ડ્રાઈવરમાં ભીમસીંગ ભાઈ હતા. સાહેદ જે ટ્રેનમાં આસીસટન્ટ ડ્રાઈવર તરીકે હતા તે ટ્રેનમાં કોઈ ભાંગફોડ થયેલ હોય કે નુકશાન થયેલ હોય તેવુ બનેલ નહી. આ ઘટના સંદર્ભે સાહેદને કોઈ જાતમાહીતી નથી.

આ કામે તહોમતદાર નં – ૨ થી ૫ તથા ૭ થી ૧૮ તથા ૨૮ થી ૩૧ તરફે તહોમતદાર નં – ૧ વાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ મુજબની ઉલટ તપાસ ગણી લેવા રજૂઆત કરેલ છે.

આ સાહેદ તહોમતદાર નં – ૧૯, ૨૧, ૨૩, ૨૪ તથા ૨૭ તરફે કરવા આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ જે ચશ્મા પહેરે છે તે દુરના અને નજીકના એમ બંનેના છે. તેઓ વર્ષ ૨૦૧૭ માં પણ આ જ ચશ્મા પહેરતા હતા. આ ચશ્મા સાથે તેઓ દુરમાં ૪ – ૫ કિ. મી. જેટલુ જોઈ શકે છે અને તે દિવસે પણ તેઓએ ચશ્મા પહેરેલા હતા. તા. ૧૧/૧/૧૭ ના રોજના બનાવ બાબતે રેલ્વે ડીપાર્ટમેન્ટ તરફથી સાહેદને કોઈ નોટીસ આપવામા આવેલ નથી. આ દિવસના બનાવ બાબતે તેઓના વિરુધ્ધ રેલ્વે ડીપાર્ટમેન્ટ તરફથી કોઈ ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામા આવેલ નથી. સાહેદે તેઓની જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તે પોલીસ રુબરુના નિવેદનમાં જણાવેલ નથી તેવું જણાવી

ફરી જણાવેલ છે કે, તેઓએ પોલીસને તે સમયે લખાવેલું. તા.૨૩/૧/૧૭ ના રોજ નિવેદન લખાવતા સમયે રાજધાની ટ્રેન લઈને આવેલ.

આ સાહેદ તહોમતદાર નં – ૨૦, ૨૫, ૨૬ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તા. ૧૧/૧/૧૭ ના રોજ ગાડી નં. – ૧૨૯૫૮ લઈને આબુ રોડ જવાનુ છે તેનો કોઈ લેખીત પુરાવો તેઓની પાસે નથી. બનાવની તારીખે ગાડી લઈને કલાક ૫/૪૦ વાગે નીકળ્યા હોય એવુ પણ બનેલ નથી. રેલ્વે ડીપાર્ટમેન્ટમાં ઘડીયાળના સમય ૨૪ કલાકના ફોરમેટમાં લખાય છે. સાહેદે તેઓના એન્જીન ડ્રાઈવર સાથે જઈને બનાવના દિવસે પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદ લખાવેલ નથી. સાહેદના ડીપાર્ટમેન્ટમાં પણ તેઓએ આ બાબતે કોઈ ખુલાસો કરેલ હોય એવુ બનેલ નથી. '' તેઓ આબુરોડથી રાજધાની લઈને કલાક ૦૬/૪૦ ના અમદાવાદ લઈને આવતા હતા. અમદાવાદ તેઓની ગાડી કલાક ૦૯/૪૦ ના આવેલી ''. તેમજ ''સાંજે તેઓનો ટાઈમ રવાના થવા કલાક ૫/૪૦ નો હોય જે રનીંગ રુમથી લોબીમાં કલાક ૫/૧૦ વાગતા આવી ગયેલા હતા અને તેઓની ઓનડયુટી પ્લેટફોર્મ નં.૧ ઉપર થાય છે. કલાક ૫/૧૦ તેઓની ઓન ડયુટી થાય છે. એક નંબર પરથી તેઓ ૧૦ નંબર પર જાય છે ત્યાં તેઓ ટ્રેનનો ચાર્જ લે છે અને એક નંબર પરથી ૧૦ નંબર પર જવા તેઓને ૧૦ મીનીટનો સમય લાગે. કલાક ૫/૨૦ વાગે તેઓ એન્જીન પર પહોચી ગયા હતા. અને અહીથી તેઓએન્જીનનો ચાર્જ લઈને ઓઈલ પાણી ચેક કરેલું અનુ ઓઈલ પાણી જોયા પછી તેઓએ ટ્રેનનો પ્રેશર ચેક કરેલ જે બરાબર થઈ ગયેલ અને ત્યાંના ટી.એકસ.આર. સાહેબ દ્રારા ટ્રેન ઓકે હોવાનુ સર્ટી.મળ્યા બાદ તેમાં સહી કરેલી. આ સર્ટી.ની એક નકલ તેઓને આપવામા આવે અને એક તેઓની પાસે રાખવામા આવે છે''. તેવું લખાવેલ નહી હોવાનું કબુલ કરેલ છે.

(૪૭) ફરીયાદપક્ષે આંક – ૪૬૮ થી સાહેદ મહંમદઈલીયાસ હબીબુલઅમ્બીયા હાશમી સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, વર્ષ ૨૦૧૭ માં તેઓ મેઈન ટ્રેન મેનેજર મેઈલ

એકસપ્રેસના હોદ્દા પર ફરજ બજાવતા હતા. વર્ષ ૨૦૧૭ માં તા. ૧૧/૧/૧૭ ના રોજ તેઓ રાજધાની એકસપ્રેસ ૧૨૯૫૭ જે અમદાવાદ થી અજમેર માટે ઓન ડ્યુટી થયેલ અને ગાડીનો ચાર્જ લીધેલો. તે સમયે ડ્રાઈવર તરીકે શ્રી ભીમસીંહ બામણીયા અને શ્રી પ્રકાશચંદ્ર મોરવાલ હતા. ગાડીનો ચાર્જ લીધા બાદ ગાડી તૈયાર થયેલ અને તેઓ સિગ્નલ મળ્યા પછી ગાડી શરુ કરે છે. કલાક ૧૭/૪૦ વાગે ગાડીને શરુ કરવાનુ સિગ્નલ આપવામાં આવેલુ. ત્યાર બાદ તરત જ ડ્રાઈવરે વોકી ટોકી પર સુચના આપેલી કે, કેટલાક લોકો એન્જીન પર ચઢી ગયેલા છે જેમાં કેટલાક સ્ત્રી પુરુષો છે અને ટ્રેક પર આવીને સુઈ ગયા છે. તેઓએ તરત જ ડેપ્યુટી એસ. એસ. અમદાવાદને અને સાથે કંટ્રોલને સુચના આપેલી અને બનાવની માહીતી આપેલી.

તે જગ્યા પ્લેટફોર્મ નં. – ૧૦ હતી. બાદ આર. પી. એફ. અને જી. આર. પી. એફ. ના સ્ટાફે તરત જ કામગીરી કરીને ટ્રેકને ખાલી કરાવેલ અને એન્જીન પરથી લોકોને ઉતારેલા અને સ્ટેશન અધિક્ષકશ્રી એ તેઓને સુચના આપેલી કે, ટ્રેક ખાલી છે અને ગાડીને ચલાવો. સાહેદે ગાડીને રવાના કરેલી ત્યારે કલાક ૧૮/૦૦ નો સમય રહેલો. આ બધી કામગીરીમાં ગાડીને ૨૦ મીનીટનો વધારા નો સમય લાગેલો. જે લોકો ટ્રેક પર સુઈ ગયેલા અને એન્જીન પર ચઢી ગયેલા તેની તેઓને માહીતી નથી. કેસ વગેરે બનાવેલો હશે. તા. ૨૩/૦૧/૧૭ ના રોજ નિવેદન માટે બોલાવેલ અને ચૌધરી સાહેબે તેઓનું નિવેદન લીધેલુ.

આ સાહેદ તહોમતદાર નં – ૧ વાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, સાહેદે રેલ્વેમાં આવા કોઈ બનાવ બનેલ હોય તે અંગે કોઈ ફરીયાદ આપેલ નથી. ૨૦ મીનીટનો જે વિલંબ થયેલો તે બાબતે સાહેદે કંટ્રોલ રુમને જાણ કરેલી. આ વિલંબ માટે તેઓના વિભાગ તરફથી તેઓનો કોઈ ખુલાસો પુછવામા આવેલો નથી. તા. ૨૩/૧/૧૭ સુધી સાહેદે કોઈ જગ્યાએ કોઈ ફરીયાદ કરેલી નહી. આ બનાવ બન્યો ત્યારથી આજ દિવસ સુધી સાહેદના વિભાગ તરફથી આ વિલંબ બાબતે સાહેદનો કોઈ ખુલાસો પુછવામા આવેલો નહી. સાહેદનું નિવેદન લ

ેવા માટે કોઈ સમન્સ કે નોટીસ આપવામા આવેલ નહી પરંતુ ચૌધરી સાહેબ સાહેદનું નિવેદન લેવા માટે આબુ રોડ આવેલા. સાહેદનું નિવેદન નોંધવામા આવેલ ત્યારે પોલીસે તેઓને વાંચીને હિન્દી ભાષામાં નિવેદન સમજાવેલુ. સાહેદનું નિવેદન સાહેદે જે રીતે લખાવેલુ તે રીતે ચૌધરી સાહેબે લખી લીધેલુ.

સાહેદ રેલ્વેમાં બનાવ સમયે આશરે ૨૭ વર્ષથી નોકરી કરતા હતાં. સાહેદ રેલ્વેમાં ગુડસ ગાર્ડ તરીકે હાજર થયેલા. ગુડસ ગાર્ડ અને પેસેન્જર ગાર્ડની ડયુટીમાં ફરક હોય છે. સાહેદ રાજધાની એકસપ્રેસમાં વર્ષ ૨૦૧૭ થી નોકરી કરતા હતા રાજધાની એકસપ્રેસમાં સાહેદની ડયુટી ટ્રેનના છેલ્લા ડબ્બામાં હોય છે. સાહેદના સિગ્નલ દેવાથી જ ટ્રેન ચાલે છે. ટ્રેનના એન્જીન પર કોઈ ચઢી ગયુ હોય કે ટ્રેનના પાટા ઉપર કોઈ ઉભા રહયા હોય કે સુઈ ગયા હોય તેની સાહેદને કોઈ જાતમાહીતી નથી. સાહેદે જણાવેલ છે કે, સાહેદને ડ્રાઈવરે વોકી ટોકીથી જાણ કરેલી. રાજધાની એકસેપ્રેસ ટ્રેન જે જગ્યા પર ઉભી રહે છે ત્યાં લોકોની ખુબ જ ભીડ હોય છે.

'' મે તરત જ ડેપ્યુટી એસ. એસ. અમદાવાદને અને સાથે કંટ્રોલને સુચના આપેલી અને બનાવની માહીતી આપેલી''. તેમજ '' બાદ તરત જ ડ્રાઈવરે વોકી ટોકી પર સુચના આપેલી''. નિવેદનમાં લખાવેલ નહી હોવાનું સ્વિકારી સાહેદે જણાવેલ છે કે, તેઓને પુછયુ નહી હોય. બનાવ સમયે સાહેદની ટ્રેન પર નોકરી હતી તે દર્શાવતો પુરાવો પોલીસને આપેલ નહી. સાહેદે જણાવેલ છે કે, પોલીસ જે પુછે તે જણાવે. ટ્રેનોના આવવા જવા માટેનો સમય નિશ્ચીંત હોય છે. તે માટે પંકચયુઆલીટી ઓફીસ પણ હોય છે. સાહેદે આજ દીન સુધી આ પંકચયુઆલીટી ઓફીસમાંથી આ ટ્રેન મોડી હોવા બાબતનો કોઈ સર્ટી લીધેલ નથી. સાહેદનું નિવેદન આબુ રોડ લેવામા આવેલુ તે સમયે તેઓના સિવાય અન્ય કોઈનુ નિવેદન નોંધવામા આવેલુ નહી. બનાવ સમયે આર. પી. એફ. અને જી. આર. પી. એફે. શું કાર્યવાહી કરેલી તેની સાહેદને માહીતી નથી. રાજધાની એકસપ્રેસ ટ્રેનમાં બનાવ સમયે ૨૧ કોચ હતા. તે ૨૦ અથવા ૨૨ થી પણ

ચલાવવામા આવે છે. સાહેદે સિગ્નલ આપેલ તે સંપુર્ણ ખરાઈ કર્યા બાદ આપેલુ. પેસેન્જર ટ્રેનમાં સાહેદે ગાર્ડ તરીકે ફરજ બજાવવાની હોય તેવુ દર્શાવતો કોઈ પુરાવો પોલીસને આપેલ નહી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, જરુરત રહેતી નથી. પોલીસે તેઓને પ્રશ્ન પુછયા તે પ્રમાણે તેઓએ જવાબ આપેલા.

આ સાહેદની તહોમતદાર નં – ૨ થી ૫ તથા ૭ થી ૧૮ તથા ૨૨, તથા ૨૮ થી ૩૧ તરફે તેમજ નં – ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૭ તરફે તથા તહોમતદાર નં – ૨૦, ૨૫, ૨૬ તરફે તહોમતદાર નં – ૧ વાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ મુજબની ઉલટ તપાસ ગણી લેવા રજૂઆત કરવામાં આવેલ છે.

(૪૮) ફરીયાદપક્ષે આંક – ૪૮૬ થી તપાસ કરનાર અધીકારીશ્રી હસમુખભાઈ ચિકાભાઈ રાઠવા સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓ ૨૦૧૭ ની સાલમાં અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટશનમાં પો. ઈન્સ. તરીકે ફરજ બજાવતા હતા. તા: ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન સાંજના લગભગ – ૧૭.૩૦ ના સમય પછી તેઓને મેસેજ મળેલ કે, અમદાવાદથી ઉપડતી રાજઘાની એકસપ્રેસને કેટલાક માણસોએ ટ્રેન રોકેલી છે કેટલાક ટ્રનના એન્જીન ઉપર ચઢી ગયેલા હોય અને કેટલાક પાટા પર સુઈ ગયેલા છે તેવો મેસેજ કરવામાં આવેલો. ત્યારબાદ સાહેદ જે જગ્યા ઉપર આ ટ્રેન દિલ્હી જવા માટે ઉભી હતી તે પ્લેટફોર્મ નં. – ૧૦ કાલુપુર રેલ્વે સ્ટેશનના હદમા આવેલ છે અને ત્યાં તેઓ અને સર્વેલન્સ સ્કોડના માણસો અને અન્ય સ્ટાફ સાથે પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર પહોચેલા. સાહેદ પહેલા આર. પી. એફ. ના માણસો તેમજ આર. પી. એફ. ના પો. ઈ. એન. કે વર્મા તેઓના સ્ટાફ સાથે હાજર હતા. આવેલ માણસોને ટ્રેઈનના એન્જીન ઉપરથી રેલ્વે પાટા પર સુઈ ગયેલા અને માણસોને હટાવવાની તજવીજ કરતાં હતા. તેમા સાહેદ અને તેઓનો સ્ટાફ તેઓના સાથે જોડાયેલા હતાં. સ્ત્રી પુરુષો આ રાજઘાની એકસપ્રેસને રોકતા હતાં તેઓને આર. પી. એફ. તેમજ જી. આર. પી. ના પોલીસ માણસો સાથે મળી કોર્ડન કરી તમામને આર. પી. એફ. ની ઓફીસે લઈ આવેલા.

આ દરમ્યાન આર. પી. એફ. ના હે. કો. સંગીતાબેનને ડાબા હાથે જપા જપીમાં ઈજા થયેલાનું જાણવા મળેલ.

આ ટ્રેઈન રોકયા બાબતની આર. પી. એફ. ના પી. આઈ. શ્રી એન. કે. વર્માએ આ પકડાયેલા તમામ સ્ત્રી પુરુષોના વિરુધ્ધમાં ફરીયાદ આપેલી. જેમાં જીગ્નેશભાઈ નટવરભાઈ મેવાણી તેમજ અન્ય ૧૭ પુરુષો હતા. તેમજ જુદા – જુદા નામની ૧૩ બહેનો હતી. આમ મળી કુલ્લે – ૩૧ તહોમતદારો વિરુધ્ધ ફરીયાદ તેઓની રૂબરૂ લેવામાં આવેલી. આંક – ૧૪૦ વાળી ફરીયાદ સાહેદને બતાવવામાં આવતા તેમાં રૂબરૂ ફરીયાદીની સહી તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ સુચી પત્ર તૈયાર કરી રેલ્વે પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. ને ગુનો દાખલ કરવા માટે મોકલેલ. સાહેદને ચાર્જ અમલદારનો રિપોર્ટ બતાવવામાં આવતા આંક – ૪૮૭ થી રજુ રાખેલ છે. ત્યારબાદ અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ. ર. નં. – ૮/૨૦૧૭ થી આઈ. પી. સી. કલમ – ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૧૨૦બી મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ સાહેદ તરફ કરતા તપાસ સંભાળી લઈ આ ગુનાના કામે પકડેલ ૧૮ પુરુષોના વિગતવાર નામ મેળવી ચહેરા નિશાન પત્રક ભરી અટક મેમો ભરી આ ગુનાના કામે અટક કરી પંચનામું તૈયાર કરી ત્રણ પંચો બોલાવી પકડેલ ૧૮ પુરુષો તેમજ ૧૩ સ્ત્રીઓ તમામના ચહેરા નિશાન પત્રક ભરી અટક કરવામાં આવેલ હતાં. સાહેદેને આંક – ૧૪૫ બતાવવામાં આવતા પંચનામું ત્રણ પંચોની હાજરીમાં કરવામાં આવેલ જેમાં પંચોની સહીઓ અને તેના રૂબરૂમાં સહી ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ રાત્રીનો સમય હોય આ કામે અટક કરેલ ૧૩ બહેનોએ નોટીસ આપી મુકત કરવામાં આવેલા. ફરયાદીને સાથે રાખી બે પંચોના માણસો બોલાવી બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ હતું. પોલીસ પેપર્સમાંથી બનાવવાળી જગ્યાનું અસલ પંચનામું બતાવવામાં આવતા પંચોની હાજરીમાં કરવામાં આવેલ હોવાનું જણાવી બે પંચોની સહી તેમજ રૂબરૂ માં સાહેદની સહી

ઓળખી બતાવી આંક – ૪૮૮ થી રજુ રાખેલ છે. આ પંચનામું તહોમતદારો પક્ષે લ ેવામાં આવેલ વાંધાઓ ધ્યાને લઈ આંક આપવામાં આવેલ છે.

આ કામે ઈજા પામનાર સંગીતાદેવીને સારવાર બાબતે યાદી લખી સીવીલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ. આ કામે લાગતા વળગતા સાહેદ પોલીસ કર્મચારીને આ ગુનાના કામે પુછતાં તેઓએ લખાવ્યા મુજબની હકીકત લખી લેવામાં આવેલ. આ કામે બનાવ બાબતે આર. પી. એફ. શ્રીએ વિડીયો શુટીંગ કરેલ હતું તે શુટીંગની સીડી, કેસેટ મેળવવા તજવીજ કરેલી અને સીડી મેળવેલી હતી. આ સીડી મેળવવા બાબતેની યાદી બતાવવામાં આવતા આંક – ૪૮૯ થી રજુ રાખેલ છે. પોલીસ પેપર્સમાંથી એક સી. ડી બતાવવામાં આવતા આ કામે રજૂ રાખવા પરવાનગી માંગવામાં આવતા તહોમતદારો તરફે વાંધો હોવાની હકીકતો એ પક્ષકારોની રજૂઆતો સાંભળી આ સીડી આ કામે આંક આપવાનો હુકમ કરવામાં આવેલો. આ કામે હુકમ બાદ શરતચુકથી આંક આપવાનો રહી જવા પામેલ હોવાની હકીકતોએ આ ભુલ સુધારી આ સીડી આંક – ૫૪૮ થી રજૂ રાખવામાં આવેલ છે. સાહેદને પોલીસ પેપર્સમાંથી સારવાર સર્ટીની યાદી બતાવવામાં આવતા આંક – ૫૧૭ થી રજુ રાખેલ છે.

સદર ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તહોમતદારોની અટકાયત કરી. સાહેદ તહોમતદારોને ઓળખી શકે. તહોમતદારો પૈકીના કેટલાક હાજર હોવાનું જણાવે છે. સાહેદને અસલ ચાર્જશીટ બતાવવામાં આવેલ. સદર ગુનાની તપાસ સાહેદના બદલે અત્રેના રેલ્વે પાલનપુર પોલીસ સ્ટેશન, રેલ્વે મહેસાણા પોલીસ સ્ટેશન તથા આ ગુનાની આગળની તપાસ પી. આઈ. શ્રી ડી. જે. ચૌધરીને સોંપવામાં આવેલી. આ કામે તહોમતદાર પક્ષે આંક – ૫૦૦ થી જે પુરસીસ રજુ કરવામાં આવેલ છે તેમજ રજૂ થયેલ સીડીની કોપી માં રહેલ ફુટેજ જોઈ શકાતા નહી હોવાનું જાહેર કરેલ તેના અનુસંધાને સાહેદ એવું જણાવે છે કે, તેઓના પોલીસ સ્ટેશનમાં આ ગુનાની કામગીરી સીડીનો સ્ટોરેજ

જી. આર. પી. પોલીસ સ્ટેશન અથવા આર. પી. એફ. પોલીસ સ્ટેશન ખાતે તપાસ કરીને રજુ કરશે. તેવું જણાવ્યા બાદ બીજી મુદતે જણાવેલ છે કે, આ સદર સીસીટીવી ફુટેજની સીડી કાલુપુર પોલીસ સ્ટેશન રેલ્વે સ્ટેશનમાં તપાસ કરતા સીડી અંગેનો કોઈ રેકર્ડ મળી આવેલ નહી.

આ સાહેદ તહોમતદાર નં – ૧ વાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, સાહેદ ૧૯૮૯ સાલથી પોલીસ વિભાગમાં ફરજ બજાવતા હતા અને તેઓ પોલીસ કોન્સ્ટેબલ તરીકે હાજર થયેલા. તેઓ સને – ૨૦૧૪ થી પોલીસ ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતા હતાં. તેઓ ૨૦૧૪ થી રેલ્વેમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. તેઓના પોલીસ સ્ટેશનની હકુમતના વિસ્તારોથી માહીતગાર છે. તેઓ રેલ્વે પોલીસ સ્ટેશનથી માહીતગાર છે. અને ૨૦૧૭ ના વર્ષમાં તેઓની ચેમ્બર પ્લેટફોર્મ નં. – ૧ ઉપર આવેલી હતી. રેલ્વે સ્ટેશન કાલુપુરમાં કુલ – ૧૨ પ્લેટફોર્મ આવેલા છે. આ સમયે રેલ્વે સ્ટેશનમાં આવવું હોય તો પ્લેટફોર્મ નં. – ૧ તથા ૧૨ બન્ને તરફથી આવી શકાય. બન્ને જગ્યા તેઓના આર. પી. એફ. જવાનો તેઓના જી. આર. પી. જવાનોની તથા રેલ્વે સ્ટાફ ફરજો પર હાજર હોય છે. રેલ્વે પ્લેટફોર્મ ઉપર આવતા યાત્રીઓ અને મુસાફરો ની એન્ટ્રી સમયે ચેંકીગ કરવામાં આવે તેવા પ્રશ્નના જવાબમાં લખાવેલ છે કે, દરેક વખતે કરવામાં આવતી નથી. મોટી સંખ્યામાં કોઈ પ્રવેશે તો ચેંકીગ થાય છે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, ત્યા સતત મોટી સંખ્યામાં પ્રવેશ થતો હોય છે. સાહેદે તપાસ દરમ્યાન બન્ને તરફના પ્લેટફોર્મ ઉપરથી પ્લેટફોર્મ ટીકીટ વગર કોઈ પ્રવેશ કરેલ હોય તે બાબતે હાજર કર્મચારીના કોઈ નિવેદન લીધેલા નથી અને તહોમતદારોની અટક તેઓએ કરેલી.

સાહેદે તહોમતદારોની અટક ૫/૩૦ થી ૬/૦૦ ની વચ્ચે કરેલી. તહોમતદારોની અટક કરેલી તેઓની પાસે મુસાફરી ટીકીટ કે, પ્લેટફોર્મની ટીકીટ છે કે કેમ તે વખતે તપાસ કરેલી નહી. તહોમતદારોની અટક કર્યાબાદ સાહેદને આર.

પી. એફ. કચેરીએ લઈ જવામાં આવેલા. આર. પી. એફ. કચેરીએ તહોમતદારો સાથે આશરે ચાર થી પાંચ કલાક જેટલું રોકાણ થયેલું. આ ચાર પાંચ કલાકનું રોકાણ થયેલ તે દરમ્યાન ફરીયાદ લેવામાં આવેલ અને તહોમતદારોની ધરપકડ કરવામાં આવેલ મહીલાઓને અટક કર્યાબાદ નોટીસ આપીને જામીન મુકત કરવામાં આવેલા. પુરુષ તહોમતદારોને લોકઅપમાં રાખવામાં આવેલા. તમામ કાર્યવાહી આર. પી. એફ. કચેરીએ કરવામાં આવેલી.

સાહેદને લગભગ સાડા પાંચ વાગ્યે સ્પીકર મારફતે સૌ પ્રથમ આ દરમ્યાનની જાણ થયેલી. સાહેદે એ વાત સાથે સહમત છે કે, જો ફરીયાદીએ પોતાની ફરીયાદ ના કામે સાહેદ તરીકે કોઈના નામ જાહેર કરેલ હોય તો તેવા વ્યકિતઓના નિવેદનો તપાસના કામે નોંધવા જરૂરી હોય છે. આ કામે તપાસ દરમ્યાન રેલ્વે આર. પી. એફ. પી. એસ. આઈ. આર. એન. શીંદે તથા સૌની દિગ્વીજયસિંહની પુછપરછ કરીને નીવેદન મેળવેલ નથી. સાહેદને જે મળેલ માહીતી મળેલનું જણાવે છે અને તે માહીતી કંટ્રોલરૂમ તરફથી જાહેર કરવામાં આવેલ. કંટ્રોલ રૂમમાંથી તપાસના કામે કોઈનું નિવેદન નોંધેલ નથી. ફરીયાદીને પી. પી. એફ કંટ્રોલ માંથી ફોન આવેલો તે બદલ તપાસ દરમ્યાન પી. પી. એફ. કંટોલમાંથી કોઈનું નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરીયાદીનો મોબાઈલ તપાસના કામે કબજે લેવામાં આવેલો નહી. બનાવના અરસામાં રેલ્વેમાં બન્ને પ્લેટફોર્મના આવવાના રસ્તા ઉપર સી. સી. ટી. વી. કેમેરાઓ લગાવવામાં આવેલા હતાં. બન્ને તરફ ઉતરવાં માટેના જે રસ્તાઓ આવેલા છે ત્યાં પણ સી. સી. ટી. વી. કેમેરાઓ લગાવવામાં આવેલા છે. તપાસ દરમ્યાન બન્ને પ્લેટફોર્મ પર તથા બન્ને પ્રવેશ દ્વાર તથા બધા પ્લેટ ફોર્મ પર આવેલા સી. સી. ટી. વી. કેમેરા તથા બહાર નીકળવા માટે ના રસ્તાઓના સી. સી. ટી. વી. કેમેરા ઓના ફુટેજ તપાસના કામે મેળવેલા નહી. સાહેદની સર તપાસ દરમ્યાન જે સીડી રજુ કરેલ તે બનાવવાળી જગ્યાએ કેમેરા વડે ઉતારવામાં આવેલ વિડીયોની હતી. સાહેદે વિડીયો ઉતારનાર કોઈ વ્યકિત નું

નિવેદન તપાસ દરમ્યાન નોંધેલ નથી. સાહેદે જે સીડી મેળવેલ તે આર. પી. એફ. ને લેટર લખીને મેળવેલી. સર તપાસ દરમ્યાન જે સીડી રજુ કરેલી તે અદાલતમાં રજુ કરેલ તે દરમ્યાન સાહેદના કબજા ભોગવટામાં રહેલી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેઓને ચાર્જશીટ કરતી વખતે ચાર્જશીટ કરનાર આઈ. ઓ. એ પુરાવાના તમામ દસ્તાવેજો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવાના હોય છે. જે સી. ડી. જે તે વખતે આપેલ ન હોય જેથી આ સી. ડી. અત્યારે રજુ કરેલ. આ સી. ડી. રજુ કરવામાં આવી ત્યાં સુધી તેઓના કબજામાં રહેલી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તે પોલીસ સ્ટેશનના કબજામાં રહેલી. આ સી. ડી. કોઈ પંચનામું કરીને મેળવવામાં આવેલી નહી. આ સીડી જે કોઈએ આપેલી તેનું નિવેદન નોંધી ચાર્જશીટના કામે સામેલ રાખેલ નહી. આ સી. ડી. કઈ બાબતની છે તે જે તે વખતે ખરાઈ કરેલી. આ સીડી કોઈ અધિકારીને આપેલ હોય તે અંગે આવક – જાવકનો કોઈ નંબર નોંધેલો નહી.

આ કામે અટક કરવામાં આવેલા. કોઈ તહોમતદારોની ફરીયાદી સમક્ષ કે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ કરવામાં આવેલી નહી. જે તે સમયે આ સી. ડી. મેળવ્યા બાદ તહોમતદારોના ફોટા સાથે દર્શાવીને કોઈ ઓળખ કરેલી નહી. પુરાવાના કાયદાની કલમ – ૬૫ બી  મુજબનું કોઈ પ્રમાણપત્ર મેળવેલ નથી. સાહેદની ઓફીસથી પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર પહોચતા ત્રણ થી ચાર મીનીટનો સમય લાગે. ૨૦૧૭ માં તેઓનો સ્ટાફ કેટલો હતો તે ચોકકસ યાદ નથી, પરંતુ આશરે ૧૦૦ કરતા વધારે હતો. તે વખતે રેલ્વે પોલીસ સ્ટેશનમાં તેઓ સુપીરીયર ઓથોરીટી તરીકે હતાં. સાહેદના તાબાના કર્મચારીઓની ફરજ સાહેદે સોંપવાની હોય છે. આ બનાવ સમયે તેઓના કેટલા કર્મચારીઓ પ્લેટફોર્મ પર ફરજ ઉપર હાજર હતાં તે હાલે તેઓને યાદ નથી.

રાજધાની ટ્રેનના  સમય સબંધે રેલ્વેના કોઈ જવાબદાર અધિકારીનું નિવેદન  નોંધેલ  નથી.  રેલ્વે વિભાગમાં પંકચ્યુઆલીટી કંટોલ રૂમ સેલ એટલે શું

તેની સાહેદને ખબર નથી. તે તપાસ દરમ્યાન ટ્રેઈન રોકીને તે સબંધે કોઈ રેલ્વેના ઉચ્ચ અધિકારીનું નિવેદન નોંધેલ નથી. સાહેદે રેલ્વેના કુલ – ૨૦ કર્મચારીઓના નિવેદનો નોંધેલા. સાહેદે તેઓના પછીના અધિકારી તપાસ કરનારને સુપ્રત કરેલા. સંગીતાદેવીનું નિવેદન આર. પી. એફ. કચેરીમાં નોંધેલ તે કઈ તારીખે નોંધેલ તે હાલે યાદ નથી. આ નિવેદન આશરે ૨૦ થી ૨૫ મીનીટ ચાલેલું. તેઓનું નિવેદન નોંધ્યા બાદ તેઓની સારવાર માટેની યાદી આપવામાં આવેલી. સંગીતાબેન ની સારવાર કરનાર ડોકટરનું નિવેદન નોંધેલ નથી. સંગીતાબેનનું સારવાર માટેનું નિવેદન વૈશાલીબેન લખાભાઈનું નિવેદન તપાસના કામે નોંધેલ નથી. સંગીતાબેન ની સારવાર અંગેનું પ્રમાણપત્ર તપાસના કામે મેળવેલ નથી. પંચનામું કઈ જગ્યાએ અને કયાં કરેલ તે સાહેદ શકે નહી.

પહેલું પંચનામું અને બીજા પંચનામાં વચ્ચે અંદાજે કેટલો સમય રહેલો તે કહી શકે નહી. તહોમતદારોને અટક કરી આર. પી. એફ. કચેરી લઈ આવ્યા બાદ પ્રથમ પંચનામું કેટલા સચમ બાદ કરેલ તે હાલે યાદ નથી. આ ગુનના કામે કોઈ પંચનામાં કરવામાં આવેલ હોય તે પંચો બોલાવવવા માટેની કામગીરી સાહેદે કરેલી. બનાવવાળી જગ્યાનું જે પંચનામું કરવામાં આવેલ તેનું રફ સ્કેચ કે નકશાઓ બનાવેલ નથી. પંચનામા વખતે ફોટો ગ્રાફી કે, વિડીયો ગ્રાફી કરવામાં આવેલ નહી. રેલ્વે સ્ટેશન પર ટ્રેન આવે ત્યારે હજારથી પંદરસો ભેગા થાય છે. ઘણી વખત ટ્રેઈનમાં જવાના ડબ્બામાં ચડવા ઉતરવા બાબતે તેમજ રીઝર્વેશન બાબતે પેસેન્જરો હંગામા કરતા હોય છે. સાહેદે જણાવેલ છે કે, રીઝર્વેશન હોતું નથી. જનરલ ડબ્બા હોય છે. બનાવવાળી જગ્યાએથી આર. પી. એફ. નો કંટ્રોલ રૂમ એટલે કે થાણું આશરે ૫૦૦ મીટર જેટલું દુર આવેલ છે. આર. પી. એફ. થાણા ઉપર આર. પી. એફ. ના કર્મચારીઓ ફરજ બજાવવા હાજર હોય છે.

સાહેદને મેસેજ મળતા બનાવવાળી જગ્યાએ અંદાજે ૧૫ થી ૨૦ માણસોને લઈ પહોચેલા. આ સમયે તેઓની સાથે જે કર્મચારીઓ હાજર હતાં

તેઓના નામ હાલે કહી શકે તેમ નથી. તેઓને મેસેજ મળતા તેઓ સીધાજ પ્લેટ ફોર્મ નં. – ૧૦ ઉપર ગયેલા. બનાવ સ્થળે પહોચ્યા બાદ ટ્રેઈનની અંદરના પેસેન્જરો એ ટ્રેઈન રોકવા બાબતે કે હંગામા બાબતે કોઈ ફરીયાદ તેઓની રૂબરૂ કરેલ નહી. ત્યારબાદ રાજધાની એક્સ્પ્રેસના કોઈ પેસેન્જરની બનાવ બાબતે નિવેદન નોંધેલ નહી. તેઓએ બનાવ સબંધે ફરીયાદીનું કોઈ વિશેષ નિવેદન નોંધેલ નથી. કાલુપુર રેલ્વે સ્ટેશન પર ટ્રેઈનનું આવવા – જવાનું સમય પત્રક હોય છે. તેઓની તપાસના કામે કઈ ટ્રેઈન કેટલા વાગ્યે આવશે અને કઈ ટ્રેઈન કેટલા વાગ્યે ઉપડશે તે બાબતે કોઈ સમય પત્રક મેળવેલ નહી.

તપાસ દરમ્યાન પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર રાજધાની એક્સ્પ્રેસ બનાવના દિવસે આવેલી કે કે સમયસર ઉપડેલી કે કેમ, તે બાબતે કોઈ પત્રક રેલ્વે વિભાગ માંથી મેળવેલું નહી. બનાવ સંબંધે બનાવ બનેલ છે કે તે અંગે કોઈ રેલ્વેના ઉચ્ચ અધિકારી નું નિવેદન નોંધેલ નહી. આ કામે તેઓના પુરાવા દરમ્યાન જે સીડી રજુ કરેલ છે તેના ઉપર જે લખાણ કરવામાં આવેલ છે તે તેઓના રાયટરના હસ્તાક્ષરમાં છે. સી.ડી પર જે લખાણ કરવામાં આવેલ છે તેની નીચે લખાણ કરનારની સહી કે આ લખાણ કઈ તારીખે કરવામાં આવેલ છે તેનો સમય લખવામાં આવેલ નથી. બનાવનો જે સમય કહે છે તે સમય બાદ રેલ્વે સ્ટેશન ઉપર આશરે ચાર થી પાંચ કલાક જેટલું રોકાયેલા. બનાવના દિવસે તેઓએ મોટા ભાગે તમામ સાક્ષીઓના નિવેદનો નોંધેલા. બનાવ બાદ જે સાહેદો બાકી રહેલા તેઓના નિવેદન કઈ તારીખે નોંધેલ તેવું હાલે યાદ નથી. તેઓ હાલ ચોકકસ કહી શકે નહી કે બનાવ બાદ તે જ દિવસના તમામ સાહેદોના નિવેદન નોંધેલા. બનાવ સમયે તેઓની પાસે એક રાયટર કામ કરતા હતાં. નિવેદનો નોંધવાની કાર્યવાહી આર. પી. એફ. કચેરીમાં કરવામાં આવેલી. મંગુભાઈ રાઠોડ તેઓના રાયટર ન હતાં. પરંતુ કોના કર્મચારી હતા તે જાણતા નથી. બનાવ સમયે તેઓની સાથે કેટલા પી. એસ. આઈ. કામ કરતા હતાં તે ચોકકસ યાદ નથી. પંરતું એકનું નામ યાદ છે.

તેઓના પોલીસ સ્ટેશનની હદ કાલુપુર પોલીસ સ્ટેશન સુધી મર્યાદીત હોતી નથી. પરંતુ સરકારશ્રી ધ્વારા જે હદ નકકી કરવામાં આવેલી હોય તે મુજબ હોય છે. તેઓના પોલીસ સ્ટેશનની હદમાં મણીનગર આઉટ પોષ્ટ ચોકી તરીકે રાખતા હતાં. સાહેદના ઉપરના અધિકારી એટલે તેઓના ડી. વાય. એસ. પી. કહેવાય. સાહેદે આ બનાવ બાબતે તેઓના ડી. વાય. એસ. પી. કે, અન્ય ઉપરી અધિકારીને લેખિતમાં કોઈ જાણ  કરેલી નહી. તેઓના પોલીસ સ્ટેશનમાં રોલ કોલની પ્રથા હોય છે. તેઓના સ્ટાફ પૈકી આશરે નવ થી દશ લોકોને નામથી  ઓળખી શકે. આ બનાવ સબંધે તેઓને નામ જોગ ઓળખે છે તેવા કર્મચારીને ટેલીફોન થી માહીતગાર કરેલા નહી. આ સિવાય પણ કોઈ કર્મચારીને ટેલીફોન થી માહિતગાર કહેલ હોય તેવું બનેલ નહી. તેઓ જે લોકોને સાથે લઈ ગયેલા તે સિવાય અન્ય કોઈને ફોન થી કે મૌખિક સુચના આપવી પડેલ હોય તેવું બનેલ નથી.

સાહેદે પોતાના કર્મચારીશ્રીઓ મારફતે તહોમતદારોને લાઈનબંધ ઉભા રાખીને તેઓને ગણતરી કરેલ હોય તેવું બનેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. ફરીયાદીની ફરીયાદ વાંચીને સાહેદે જણાવેલ છે કે તેમાં કુલ – ૩૧ તહોમતદારોના નામ લખાવેલ છે. સાહેદોએ તેઓ રૂબરૂના નિવેદનમાં તમામ તહોમતદારોના નામ લખાવેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. કાલુપુર રેલ્વે સ્ટેશનમાં ઈ ગુજકોપની અલગ થી કોઈ ઓફીસ આવેલ નથી.  કોઈ પણ તપાસના કામે કોઈ ઈસમ ગુજરાતી જાણતો ના હોય અને હિન્દી જાણતો હોય તો તેને હિન્દી ભાષામાં સમજાવવું પડે. જો કોઈ વ્યકિત માત્ર હિન્દી ભાષા જાણતો હોય અને તેનું નિવેદન ગુજરાતીમાં લખેલ હોય તે વ્યકિતને આ નિવેદન હિન્દી ભાષામાં સમજાવવું પડે. જે કોઈ સાહેદોના નિવેદનો નોંધેલ તે લોકો ગુજરાતી ભાષા જાણતા હતાં તેથી તેઓનું નિવેદન ગુજરાતી માંથી હિન્દીમાં ટ્રાન્સલેશન કરી સમજાવેલ તે બદલ સહી લેવી પડેલ હોય તેવું બનેલ નથી.

આ બનાવ સમયે કાલુપુર રેલ્વે સ્ટેશન કેટલા સ્ટેશન માસ્તરો હતા તે અંગે તેઓએ તપાસ કરેલી. સાહેદે જણાવેલ છે કે, એક સ્ટેશન માસ્તર હતાં કોઈ પણ ટ્રેન વહેલી થાય કે, મોડી થાય તેની તમામ માહીતી સ્ટેશન માસ્તર પાસે રહે. તેઓએ એ બાબતે તપાસ કરેલ નહી કે, આ સ્ટેશન માસ્તર પાસે સતર્કતા આદેશ વિભાગ હોય છે. તેઓએ એ બાબતે તપાસ કરેલી નહી કે, સ્ટેશન માસ્તર પાસ ે ટ્રેઈનના આવવા જવાની નોંધ હોય છે. આર. પી. એફ. વિભાગમાં વોકી ટોકી મેઈન્ટેન કરવાની કોઈ સુવિધા નથી. રેલ્વેના વિભાગમાં આવી સુવિધા છે આવા વોકી ટોકી અંગેનું મેસેજનું કોઈ રજીસ્ટર નિભાવવામાં આવે છે કે કેમ તેની તપાસ કરેલી નહી. બનાવના સમયે કોઈ સ્ટેશન માસ્તર હતા હતા તેની તપાસ કરી સ્ટેશન માસ્તરનું કોઈ નિવેદન નોંધેલ નહી. તપાસ દરમ્યાન પણ બનાવના દિવસે કયાં સ ટેશન માસ્તર હાજર હતા તેની તપાસ કરી તેનું નિવેદન નોંધવામાં આવલ નહી.

આ બનાવ બન્યો તેના આશરે ૩૦થી ૪૫ મીનીટ પછી ફરીયાદીની ફરીયાદ નોંધવામાં આવેલી. આ ફરીયાદ નોંધતા સમયે આશરે ૪૫ મીનીટ થી એક કલાક જેટલો સમય થયેલો. આ કામના ફરીયાદીની ફરીયાદ ગુજરાતી ભાષામાં નોંધવામાં આવેલી. તેઓની સમગ્ર તપાસ દરમ્યાન આ બનાવની સૌ પ્રથમ માહીતી કોણે કોને આપેલી તેવું ખુલવા પામેલ નહી. તેઓની તપાસ દરમ્યાન આ બાબતે તપાસ કરી તે વ્યકિતનું નિવેદન નોંધેલ નહી. આ બાબતે રેલ્વે વિભાગમાંથી કોઈ પત્રો કે, આવક – જાવકની નોંધો મેળવેલી નહી. આ તહોમતદારોની બનાવ સમયે અટક કયારે કરેલ તેવું હાલે જોઈને કહી શકે મોઢ ે યાદ નથી. સાહેદે તહોમતદારોની પુછપરછ કરીને તેઓના નિવેદનો નોંધેલા. આ બનાવના અનુસંધાનમાં તપાસ તથા સાહેદોના નિવેદનો તેઓના પછીના તપાસ કરનાર અધિકારી શ્રી ચૌધરીને કોઈ રીપોર્ટ કરેલ નહી. સાહેદે જણાવેલ છે કે, કાગળો આપેલા.

પ્લેટફોર્મ નં. ૧૦ – ૧૧ ની વચ્ચે કોમન પ્લેટફોર્મ આવેલ છે. આ જગ્યા ઉપર એક કરતા વધારે સ્ટોર અને દુકાનો આવેલ નથી. પરંતું આશરે ચાર થી પાંચ સ્ટોર આવેલ હશે. સાહેદ પ્લેટફોર્મ ઉપર પહોચ્યા તે પહેલા આર. પી. એફ. નો સ્ટાફ ત્યાં હાજર હતો. સામાન્ય રીતે આર. પી. એફ. તરફથી તેઓને કોઈ ગુનેગાર સોંપવામાં આવે તો આવા વ્યકિતની મુસાફરી ટીકીટ અને પ્લેટફોર્મ ટીકીટી બાબતે ખરાઈ કરી અને તેની અને તેની પાસે આવી ટીકીટ ના હોય તો તે સબંધે ગુનો દાખલ કરવામાં આવે. આર. પી. એફ. તરફથી સાહેદને આવી ટીકીટ નહી હોવા સબંધે કોઈ ફરીયાદ કરવામાં આવેલ નહી. તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેઓએ આવી ફરીયાદ કરવામાં આવેલ નહી. પરંતું અમુક ગુનાની ફરીયાદ આર. પી. એફ. પોતે કરી શકે છે. આ ગુનામાં આર. પી. એફ. તરફથી આવી કોઈ તપાસ કરવામાં આવેલ હોય તેવું તપાસ દરમ્યાન ખુલવા પામેલ નથી.

પ્લેટફોર્મ ઉપર જે તહોમતદારોની તપાસ કરેલી તે પૈકી કોઈ તહોમતદાર ભાગી ગયેલ હોય તેવું બનેલ નથી. તેઓ ગેરકાયદેસર મંડળી કાને કહેવાય તે જાણતા હોવાનું જણાવેલ છે. આ ગુનાના કામે રેલ્વે સ્ટેશનની બહાર જઈ કોઈ કોઈ તપાસ કરેલી નહી. ગેર કાયદેસર મંડળી બાબતે તેઓની તપાસ દરમ્યાન પોલીસ સ્ટેશન બહાર જઈ ને બાબતે કોઈ તપાસ કરેલી નહી. તેઓની તપાસ દરમ્યાન પોલીસે બળ પ્રયોગ કરવો પડયો હોય તેવું ખુલવા પામેલ નહી. આ કામના તહોમતદારોએ હુલ્લડ કરેલ તે બાબતે ટ્રેઈનને રોકેલ તેવો પુરાવો મળેલ. તેઓએ મીલકતને ફોડફોડ કે, નુકસાન કરેલ હોય તેવો પુરાવો મળેલ નહી. ટ્રેઈન રોકી છે તે બાબતે રેલ્વેના કોઈ અધિકારીનું નિવેદન તપાસ દરમ્યાન મેળવેલ નહી. ટ્રેઈન રોકી હોય અને ટ્રેઈન મોડી પડી હોય તેવો દર્શાવતા કોઈ કાગળ તપાસના કામે મેળવી તેઓના પછીના તપાસ કરનાર અધિકારીને સોંપેલ નહી. જે ૩૧ તહોમતદારોના નિવેદનો નોંધવામાં આવેલ તે બનાવ પછી તુરતંજ નોંધી લેવામાં આવેલ. ગુન્હાહીત કાવતરું એટલે શું ? તે તેઓ જાણે છે. તમામ તહોમતદારોના નિવેદનો તેઓને એક પછી એક એ રીતે બોલાવીને અલગ – અલગ નોંધવામાં

આવેલા. તમામ તહોમતદારોએ કાવતરુ કરીને ગુનો આચરેલ હોય તેવું તેઓની તપાસમાં પુરાવો મળેલ નહી તેવા પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, તહોમતદારોએ ટ્રેઈન રોકી રેલ્વે પાટા પર સુઈ ગયેલ અને રેલ્વેના એન્જીન ઉપર ચઢેલ છે તેજ ગુનો અને તેજ કાવતરું કહે છે. તહોમતદારોના નિવેદન લીધા પછી સાહેદોના નિવેદનો લીધેલા અને પંચનામાની કાર્યવાહી કરેલી. તેઓની તપાસ દરમ્યાન રેલ્વે વિભાગ તરફથી ગુન્હાહીત કાવતરાનો કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલો નહી.

બનાવ વાળી જગ્યાનું પંચનામું કરતા આશરે કેટલો સમય સમય થયેલ તે જોઈને કહી શકે. ૩૧ તહોમતદારોએ અટક કરવા અંગેની કામગીરી તેમજ અટક પંચનામું  તેમજ નિવેદન  અને વેરીફીકેશન કરવાની કામગીરીમાં આશરે ચાર થી પાંચ કલાક  જેટલો સમય  થયો હશે. તેઓની તપાસ દરમ્યાન કોઈ સ્ત્રીઓએ સાડીઓ કાઢીને પ્રદર્શન કરેલ હોય કે, કોઈ વ્યકિતએ  કપડા કાઢીને પ્રદર્શન કર્યુ હોય તેવી સાડીઓ અને કપડા તપાસના કામે કબજે કરેલા નહી. ટ્રેઈન ઉપર કુલ કેટલા લોકોને અટક કરેલ તે ચોકકસ કહી શકે નહી પરંતુ અંદાજે પાંચ થી સાત લોકોને ટ્રેઈન પરથી ઉતારેલા. સાહેદે તથા તેઓના કર્મચારીઓએ રલ્વેના પ્લેટફોર્મ પરથી કે પાટા પરથી કોઈને ઉતરીને અટક કરેલ હોય તેવું બનેલ નહી હોવાનો ઈનકાર કરેલ છે. પ્લેટ ફોર્મ પાટા કરતા આશરે ત્રણ ફુટ જેટલુ ઉંચુ હતુ. કોઈ વ્યકિત પાટા ઉપર ઉભુ રહે તો પ્લેટ ફોર્મ પર માત્ર તેનું માથુ દેખાય. આ અંતર આશરે પાંચ ફુટ ઉંચાઈનું હોય છે તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે આ બનાવ જે જગ્યાએ બન્યો ત્યાં એન્જીન ઉભુ હતુ ત્યાં પ્લેટફોર્મ હતુ અને તેથી સહેલાઈથી માણસ નીચે ઉતરી પાટા તરફ જઈ શકે છે. સાહેદ જે કહે છે તે સ્થળ પ્લેટફોર્મ પુરુ થયા પછી આવે. સાહેદ એ વાત સાથે સહમત થાય છે કે, કોઈ વ્યકિત ટ્રેઈનના પાટા પર સુએ તો સામાન્ય રીતે પબ્લીક માણસો પાટા ઉપરથી ખસેડી લે તેવું બનેલ નહી. આ જગ્યા પરથી પબ્લીકના માણસો એક પ્લેટ ફોર્મ પરથી બીજા પ્લ ેટફોર્મ પર અવાર – જવાર કરતા હોવાનો ઈન્કાર કરેલ છે.

જે પાંચ – સાત જણાને એન્જીન પરથી ઉતારેલા તેઓના નામ – સરનામા બાબતે કોઈ અલગથી ખરાઈ કરેલ નહી. આ જે પાંચ – સાત જણા એન્જીન પર હતા તેઓ કેટલા સમયથી એન્જીન પર ચડેલ હતા તે દિશામાં સાહેદે કોઈ તપાસ કરેલ નહી. આ ઘટના સબંધે સાહેદે કે, સાહેદના કર્મચારીઓએ આર. પી. એફ. ના કર્મચારી એ મોબાઈલ થી કોઈ ફોટો ગ્રાફી કે, વિડીયો ગ્રાફી બનાવ સબંધે ઉતારેલ નહી. આ બનાવ સમયે પાટા પર કેટલા સ્ત્રી પુરુષો હતા તેના નામ સરનામા પુછી તે કોઈ ખરાઈ કરી તેઓના નિવેદનો નોંધેલા નહી. સાહેદની તપાસ દરમ્યાન આ કામના તહોમતદારો એક જ ગામના હોવાનું પુરવાર પામેલ છે. તહોમતદાર નં. – ૧ ધ્વારા અમદાવાદના હોવાનું પામેલું. તહોમતદારો એકજ ગામના હોવાનો કોઈ પુરાવો મેળવીને રજુ રાખેલ નહી.

રેલ્વેના કોઈ પણ ભાગમાંથી રેલ મોડી ઉપડેલ હોવાનું કોઈ પુરાવો મેળવેલ નહી. તપાસના કામે કહેવાતા ફરજ પર હાજર હોય તેવા પોલીસ કર્મચારીઓના હાજરી અંગેના રજીસ્ટરો મેળવેલા નહી. સાહેદ એ વાત સાથે સહમત છે કે, ફરીયાદમાં ફરીયાદ આપનાર તથા ફરીયાદ લેનાર બન્નેની સહીઓ હોવી જરૂરી છે. સા સાહેદને ૧૫૪નું ફોર્મ બતાવવામાં આવતા જોઈને જણાવેલ છે કે સાહેદની કે ફરીયાદ આપનાર તરીકે ફરીયાદીની કોઈ સહી નથી સાહેદે જણાવેલ છે કે, પી. એસ. ઓ. ની સહી છે. તહોમતદાર તર્ફે એફ. આઈ. આર. નું ફોર્મ રીફર કરવામાં આવત આંક – ૫૨૯ થી દાખલ કરવામાં આવેલ છે. એફ. આઈ. આર. માં જે પી. એસ. ઓ. ની સહી છે તેનું આ કામે કોઈ નિવેદન નોંધવામાં આવેલ નહી. આ ફોર્મમાં ફરીયાદીની સહી નહી લેવા બાબતે પી. એસ. ઓ. નો કોઈ ખુલાસો પુછવામાં આવેલ કે, સાહેદે પુરાવા દરમ્યાન આવો કોઈ ખુલાસો કરેલ નહી. આ કામે જે એફ. આઈ. આર. નોંધવામાં આવેલી તેમાં કલમ – ૧૪૯ મુજબનો ગુનો બે છે કે કેમ? તેવી કોઈ નોંધ કરવામાં આવેલ નહી. સાહેદ જણાવે છે કે, કલમનો ઉમેરો કરવા માટેની અરજી રજૂ રાખવામાં આવેલી

કલમનો ઉમેરો કરવા બાબતે અદાલતની કોઈ મંજુરી મેળવેલી નહી. આ બનાવના દિવસે તેઓના પોલીસ સ્ટેશન માં અન્ય કોઈ તહોમતદારો ની અટક કરવામાં આવેલી કે કેમ તેવું હાલ યાદ નથી.

ફરીયાદના કામે ફરીયાદીએ કોઈ પણ તહોમતદારોના પુરા નામ જાહેર કરેલા નહી. આવા નામો વાળા તહોમતદારો હોવા સબંધે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ કોઈ ઓળખ પરેડ કરવામાં આવેલી નહી. તપાસ દરમ્યાન આ તહોમતદારોના પુરા નામ જાહેર થયેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. આ કામના તહોમતદારોને લાઈન બંધ ઉભા રાખી સાહેદના કર્મચારી મારફતે તેઓના નામ પુછવામાં આવેલ હોય તેવું બનેલ નહી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, સાહેદે તેઓને ઉભા રાખીને જાતે તેઓના નામ પુછેલા અને સાહેદના રાઈટરે લખેલા. ટ્રેનના એન્જીન ઉપર કેટલા તહોમતદારો હતા તેમના નામ જોગ તપાસમાં ખુલેલી નહી. કોઈ પણ ટ્રેનને અપ અને ડાઉન નંબર હોય. આ બનાવમાં તપાસ દરમ્યાન ટ્રેનના અપ અને ડાઉન નંબર કયા – કયા હતા તે બાબતે રેલ્વે વિભાગમાંથી તપાસ કરીને કોઈ માહીતી મળેલી નહી. રાજધાની ટ્રેઈન હતી તે બાબતે રેલ્વે વિભાગમાં તપાસ કરવામાં આવેલી નહી સાહેદે જણાવેલ છે કે, રાજધાની ટ્રેઈન હતી તેઓને જાત માહીતી છે. એનાઉન્સમેન્ટ કયાંથી થયેલું કોણે કરેલ તે દિશામાં તપાસ કરેલી નહી. બનાવના દિવસે રેલ્વે પોલીસ સ્ટાફના માણસોની ફરજ કયાં હતી તે અંગે ડયુટી લીસ્ટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ નહી. તપાસ દરમ્યાન તા. ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ સ્ટેશન પર હાજર રહેલા સ ટેશન માસ્તરની સર્વિસબુક કે, ચાર્જ બુક મેળવેલી નહી.

આ ઉપરાંત તહોમતદાર નં – ૧ વાળા તરફે તપાસ કરનાર અધીકારીશ્રીને સાહેદોના પુરાવા દરમ્યાન રેકર્ડ પર આવેલ કોન્ટ્રાડીકશન બાબતે પુછવામાં આવેલ છે. તપાસ કરનાર અધીકારીશ્રીના પુરાવામાં કોન્ટ્રાડીકશન પુરવાર કરવામાં અવેલ છે. આ ઉપરાંત તપાસ કરનાર અધીકારીશ્રીને

ઈન્કાર સ્વરૂપના પ્રશ્નો તેમજ આક્ષપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

આ કામે તહોમતદાર નં – ૨ થી ૫ તથા ૭ થી ૧૮ તથા ૨૨ તથા ૨૮ તથા ૩૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, આ કામના ફરીયાદીએ પોતાની ફરીયાદમાં કોણ કેવા સુત્રોચ્ચાર કરતા હતા તે જાહેર કરેલ નહી. ગાડી ચાલવા નહી દઈએ તેવું કોણ બોલતું હતું તેવી હકીકતો તપાસમાં ખુલવા પામેલ નહી. તપાસના કામે ફરજ પર હાજર હોમગાર્ડના કર્મચારીઓના કોઈ નિવેદન નોંધવામાં આવેલા નહી. સાહેદની સમક્ષ કયા સાહેદે પુરા નામ જણાવેલ તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે કોઈ સાહેદે જણાવેલ નહી. સાહેદે જાતે લખેલા હતા. એનાઉન્સમેન્ટ કરનાર તપાસના કામે કોઈ નિવેદન નોંધવામાં આવેલ નહી. સાહેદ વિશાખ રાઠોડે પોતાનું નિવેદન હિન્દી ભાષામાં આપેલ હોય અને તેનું ગુજરાતીમાં ભાષાતર કરેલ હોય તેવું પોતાના નિવેદનમાં જણાવેલ નથી. તપાસના કામે કોઈ પણ સાહેદને તહોમતદારોના ફોટા બતાવી નિવદન નોંધેલ હોય ઓળખ કરીને નોંધેલ હોય તેવું બનેલ નહી. તપાસ દરમ્યાન સ્ટેશન માસ્તર પાસેથી મેસેજ રજીસ્ટર કબજે કરેલ હોય તેવું બનેલ નહી. આવી કોઈ નોંધ સ્ટેશન માસ્તરે કરેલ હોય તેવું તપાસના કામે કબજે કરવામાં આવેલ નહી.

આ કામના ફરીયાદીએ તહોમતદારોની કોઈ પુછપરછ કરેલ હોય કે તહોમતદારોની બનાવ સમયે શું માંગણીઓ હતી તેવું જણાવેલ હોય અને પુરી ન થતાં આ અવરોધ ઉભો કરી વિરોધ ઉભો કર્યો હોય અને બધાના નામ સરનામાં પુંછી લખી લીધા હોય તેવું ફરીયાદમાં જણાવેલ નથી કે, તપાસમાં ખુલવા પામેલ નથી. ફરીયાદીએ રેલ્વે વિભાગમાં બનાવ બાબતે કોઈ સુચના આપેલી હોય કે, ઉપરી અધિકારીના કોઈ નિવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદીની હાજરીમાં કોઈ નિવેદનો નોંધવામાં આવેલ નહી. આર. પી. એફ. ના કોઈ કર્મચારીને પ્લેટફોર્મ નં. – ૧૦ પર જવા માટે આદેશ કરવામાં આવેલ હોય તેવો કોઈ પત્ર દસ્તાવેજ

તપાસના કામે  કબજે કરવામાં આવેલ નહી. સાહેદ સિવાય બનાવવાળી જગ્યાએ પી. એસ. આઈ. એ. કે. બુવલ કે, ફરીયાદી પોતે ત્યાં હાજર હતાં અને આર. પી. એફ અને જી. આર. પી. ના અન્ય કર્મચારી હાજર હતાં. સર્વેલન્સ સ્ટાફમાં તે સમયે ૮ થી ૧૦ માણસોનો સ્ટાફ હતો. આ કર્મચારીઓએ સાહેદની સુચના મુજબ ફરજ બજાવવાની હોય છે. સાહેદની સાથે જે પોલીસ કર્મચારીને લઈ ગયેલા તે સિવાય અન્ય કર્મચારીએ જુદી – જુદી સુચના આપી સ્થળ ઉપર બોલાવેલા હોય તેવું બનેલ નહી. તેઓના એકાઉન્ટ વિભાગમાં જે તે સમયે બે કર્મચારીઓ હતાં.

સાહેદને એનાઉન્સમેન્ટની જાણ થતાં પ્લેટફોર્મ નં. – ૧૦ ઉપર ગયેલા. ત્યારે વચ્ચે તેઓને અન્ય કોઈ પ્લેટફોર્મ ઉપર જવાનું બનેલ નહી. સાહેદને બનાવની માહીતી મળતા સાહેદના પોલીસ કર્મચારીને ફોન કરી બનાવની માહીતી કે સુચના આપેલ હોય તેવું બનેલ નહી. સાહેદને હાલે યાદ નથી કે, તા. ૧૧/૦૧/૨૦૧૭ ના રોજ તેઓના પોલીસ સ્ટેશનના કોઈ કર્મચારીએ અન્ય કોઈ તહોમતદારોની અટક કરેલ હોય તેવું બનેલ કે કેમ. બનાવના અરસામાં તેઓના રાયટર રણજીત વણઝારા હતા. બધા નિવેદનો તેઓના લખાવ્યા મુજબ રણજીતભાઈએ નોંધેલા. સાહેદે જણાવેલ છે કે, એક – એક બોલાવીને નોંધેલ આ કામે રણજીતભાઈ વણઝારાનું કોઈ નિવેદન નોંધવામાં આવેલ નહી. એક સાહેદનું નિવેદન નોંધતા આશરે  પાંચેક મીનીટ જેટલો સમય થાય.

તેમજ આ તહોમતદારો તરફે સાહેદને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

આ સાહેદ તહોમતદાર નં – ૧૯, ૨૧, ૨૩, ૨૭ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, જાન્યુઆરી – ૨૦૧૭ મા કાલુપુર રેલ્વે સ્ટેશને અગીયાર

બોર્ડગ્રેજ અને એક નેરોગ્રેજ એ રીતે પ્લેટફોર્મ આવેલ હતાં. કાલુપુર રેલ્વે સ્ટેશન ઉપર સાંજે પાંચ થી છ ના સમયગાળામાં કુલ કેટલી ટ્રેઈન આવેલી તે કહી શકે નહી. તેઓ આશરે પણ કહી શકે નહી. પ્લેટ ફોર્મ નં. – ૧૦ થી તેઓનું પોલીસ સ્ટેશન આશરે ૫૦૦ મીટર જેટલું દુર આવેલ છે. પ્લેટ ફોર્મ નં. – ૦૧ ઉપર આવેલ છે. પ્લેટ ફોર્મ નં – ૧૦ ઉપર સાંજે ૫ થી ૬ ભીડભાડવાળા સમયમાં પહોચતા આશરે પાંચ થી દસ મીનીટનો સમય લાગે.

આ કામના તહોમતદાર નં. – ૧ થી ૩૧ વાળાએ ગુનાહીત કાવતરું કયા વર્ષમાં કયા મહીનામાં કઈ તારીખે કયા સમયે કયા દિવસે કરેલ તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, બનાવવાળ જગ્યાએ ભેગા થયા ત્યાં કાવતરું કરી ટ્રેન રોકેલ. તા. ૧૧/૧/૧૭ ના સાંજે ૫–૦૦ વાગે તહોમતદારોનો આવો કોઈ ઈરાદો નહી હોવાનો ઈન્કાર કરેલ છે. તહોમતદાર નં – ૧ થી ૩૧ તા. ૧૧/૧/૧૭ ના રોજ ફરીયાદમા જણાવ્યા મુજબનું ગુનાહીત કૃત્ય કરવાનાા છે તે અંગેનો કોઈ સ્વતં ત્ર પુરાવો રજૂ રાખેલ નથી. સ્વતંત્ર પુરાવો એટલે સાક્ષી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે નજરે જોનાર સાક્ષી જીતેન્દ્ર રામદાસ, મનુભા ટપુભા તથા દીનેશ રામેન્દ્રભાઈ તથા અભેસીંગ રાકેશભાઈ તથા સંજોવ દયારામ, શીવલાલ ગોપીલાલ તથા લચ્છીરામ ભદોરીયા, રામખીલાણીના નજરે જોનાર સાક્ષીના નિવેદનો લીધેલા.

તા. ૧૧/૦૧/૨૦૨૧૭ ના રોજ રાજધાની ટ્રેઈનમા મુસાફરી કરી રહેલ કોઈ પેસેન્જર ના નિવેદનો તપાસના કામે નોંધવામાં આવેલ નહી. તહોમતદારો પાસેથી કોઈ ગુન્હાહીત કોઈ ચીજ વસ્તુઓ મળી આવેલ નહી. તેઓની તપાસ દરમ્યાન તહોમતદારો પૈકી કયાં તહોમતદારે કોઈ ચોકકસ રોલ ભજવેલ તેવી હકીકત ખુલવા પામેલ નથી.

તેમજ આ તહોમતદારો તરફે સાહેદને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

આ સાહેદ તહોમતદારો નં – ૨૦, ૨૫, ૨૬ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તહોમતદારોને બનાવ પહેલે કે, બનાવ પછી કયારેય મળ ેલા નથી. આ કામના તહોમતદાર મીનાબેન, છાયાબેન, લક્ષ્મીબેનને નામથી અનુક્રમે કે નામજોગથી ઓળખી શકે નહી. આ ત્રણ બહેનો પૈકી કોઈ સુત્રાચ્ચાર કર્યો હોય અને કયા સુત્રોચ્ચાર કર્યા હોય તેવું તેઓની તપાસ દરમ્યાન ખુલવા પામેલ નહી. આ ત્રણ બહેનોએ ચોકકસ રીતે શું ભુમીકા ભજવેલ તેવી હકીકતો તપાસમાં સ્પષ્ટ પણે ખુલવા પામેલ નહી. ત્રણ બહેનોએ બનાવના દિવસે પેસેન્જર રાજધાની ટ્રેઈન રોકી હોય પેસેન્જરોને અડચણ કરેલ હોય એવું તપાસમાં ખુલવા પામેલ નથી. આ ત્રણ બહેનોએ અટકાયત કરી તેજ દિવસે કોઈને રજુ કરેલ હોય તેવું બનેલ નથી. ત્રણ બહેના મામલતદાર સમક્ષ જે કોઈ ત્રાહીત વ્યકિત જોડે ઓળખ પરેડ કરાવવામાં આવેલ હોય તેવું બનેલ નથી.

રાજધાની ટ્રેઈન રોકયા બાદ કલાસ ૧ તથા ૨ ઓફીસર સ્થળ ઉપર આવ્યા હોય અને તેઓની હાજરીમાં આ બહેનોની ઓળખ પરેડ કરાવેલ હોય તેવું બનેલ નથી. આ ત્રણ બહેનો ટ્રેઈનના પાટા પર હતા કે, એન્જીન પર હતા તેવું સ પષ્ટપણે ખુલવા પામેલ નહી. તેઓની પાસે તપાસ હતી તે દરમ્યાન કયા તહોમતદાર કઈ જગ્યાએ ઉભા હતા અને શું રોલ ભજવેલ હતો તેવું ખુલવા પામેલ નહી.

(૪૯) ફરીયાદપક્ષે આંક – ૫૪૬ થી અન્ય તપાસ કરનાર અધીકારીશ્રી દિલીપકુમાર જીવણભાઈ ચૌધરી સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને ૨૦૧૭ ના વર્ષમાં કાલુપુર રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે પી. આઈ. તરીકે ફરીજ બજાવતા હતાં. તા.

૨૦/૦૧/૨૦૧૭ ના રોજ કાલુપુર રેલ્વે સ્ટેશને ફસ્ટ ગુ. ર. નં. – ૮/૨૦૧૭ આઈ. પી. સી. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૩૨, ૧૨૦બી તથા ઈન્ડીયન રેલ્વે એકટ કલમ – ૧૫૩ ના ગુના સબબ પો. ઈ. રાઠાવા સાહેબે આ ગુનાના કામે રાજધાની ટ્રેઈન નંબર – ૧૨૯૫૭ ના ટ્રેઈન ડ્રાઈવર, આસીસ્ટન્ટ ડ્રાઈવર અને ગાર્ડના નિવેદન મેળવી આર. પી. એફ. ના કોન્સ્ટેબલ સરોજકુમારીને સીવીલ હોસ્પિટલ ખાતે દાકતરી સારવારનું સર્ટીફીકેટ મેળવેલ. આ ગુનાના કામે કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આ કામે તહોમતદારોને ઓળખતા હોવાનું જણાવેલ છે.

આ સાહેદ તહોમતદાર નં – ૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓએ તપાસના કાગળો મળ્યા બાદ તહોમતદારોને બોલાવી તેઓના જવાબો લીધેલા નહી. તેઓએ તપાસ સંભાળ્યા બાદ તેઓને રૂબરૂ મળવાનું થયેલ હોય તેવું બનેલ નહી. તેઓએ જે સાહેદોના નિવેદનો નોંધેલા તે ત્રણ સાહેદો બનાવના દિવસે પોતાની ફરજ પર હાજર હોવાનો દર્શાવતો પુરાવો તપાસના કામે મેળવેલો. સાહેદે તપાસના કામે રેલ્વે પાસેથી ડ્રાઈવર ગાર્ડ, આસીસ્ટન્ટ ડ્રાઈવરના નામો મંગાવેલા તે પત્ર ને ચાર્જશીટ સાથે સામેલ રાખેલ. આ ત્રણ કર્મચારીઓ ફરજ પર હાજર હતાં. તેવો દર્શાવતો કોઈ દસ્તાવેજ પુરાવો ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નહી. આ ત્રણ સાહેદો બનાવ બાદ અમદાવાદ રેલ્વે સ્ટેશન ઉપર કેટલી વખત આવેલા તે બાબતે તેઓએ કોઈ તપાસ કરેલી નહી. આ ત્રણ સાહેદોના તેઓની રૂબરૂ નિવેદનો નોંધવા બાબતે રેલ્વે વિભાગ તરફથી મંજુરી મેળવેલી નહી. સાહેદ પ્રકાશ ચંદ્રનું નિવેદન અમદાવાદ સ્ટેશન પર નોંધેલું. આ સાહેદ હિન્દી ભાષી હતા આ સાહેદને હીન્દી ભાષામાં પ્રશ્ન પુછી હિન્દીમાં જવાબ આપેલો તેનું ગુજરાતીમાં અનુવાદ કરી નિવેદન નોંધવામાં આવેલ. તે નિવેદનમાં શું લખેલ છે તેવું તેઆએ હિન્દી ભાષામાં સમજાવવામાં આવેલ હોય તે બદલ તેઓની કોઈ સહી મેળવવામાં આવેલ નહી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેઓને ગુજરાતી ભાષાની સમજણ હતી. ભીમસિંગ ભાઈનું નિવેદન તેઆએ રેલ્વે સ્ટેશને નોંધેલું.

મહંમદ ઈલીયાસ હાશ્મીનું નિવેદન પણ સ્ટેશન પર નોંધવામાં આવેલ. મહંમદ ઈલીયાસ હાશ્મીનું નિવેદન ગુજરાતીમાં નોંધેલું તેઓ તે વાત સાથે સહમત છે કે, જો કોઈ વ્યકિત ગુજરાતી ભાષા ભણતો ન હોય તો ચોકકસ કાર્યવાહી કરી તેની ભાષામાં નોંધવાનું હોય છે. સાહેદે જણાવેલ છે કે, રેલ્વેના કર્મચારી પશ્ચિમ રેલ્વે વિભાગમાં નોકરી કરતા હોય અવાર – નવાર ગુજરાત આવવાનું થતું હોય હિન્દી ભાષી હોવા છતાં ગુજરાતી ભાષા જાણતા હતાં. આ કામે તપાસના કાગળો મેળવ્યા બાદ ફરીયાદીને બોલાવી તેઓનું કોઈ વિશેષ નિવેદન નોંધેલ નહી. સાહેદે તપાસ સંભાળ્યાબાદ રેલ્વેના કોઈ ઉચ્ચ અધિકારી નું નિવેદન નોંધેલ નહી. સાહેદે અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનમાં કુલ સાત મહીના ફરજ બજાવેલી.

તપાસના કામે સાહેદે અગાઉ જે સાહેદોના નિવેદન નોંધવામાં અવેલા તેઓના કોઈ વિશેષ નિવેદનો નોંધેલા નહી. ફરીયાદીની ફરીયાદના કામે ત્રણ સાહેદોના નિવેદનો નોંધ્યા બાદ ઈજાનું સર્ટીફીકેટ મેળવ્યા બાદ કોઈ વિશેષ કામગીરી કરેલ નહી. સારવાર કરનાર ડોકટરશ્રીનું કોઈ નિવેદન નોંધવામાં આવેલ નહી. સારવાર સર્ટી તેઓએ જાતે મેળવેલું. સારવાર સર્ટીના અનુસંધાનમા વૈશાલીબેન લાખાભાઈ પરમારનું કોઈ નિવેદન નોંધેલ નહી. સાહેદે સારવારનું પ્ર માણપત્ર મેળવ્યાબાદ ઈજા પામનારનું કોઈ વિશેષ નિવેદન નોંધેલ નહી. આ તપાસના કામે પ્લેટફોર્મ પરના કે પોલીસ સ્ટેશનના કે, રેલ્વે સ્ટેશનના સી. સી. ટી. વી. ફુટેજ મેળવીને તપાસ કરેલ નહી. જયારે કોઈ તપાસ સોંપવામાં આવે તો પુરાવાના કામે કોઈ તૃટી જણાઈ આવે તો તે સબંધે ચોકકસ તપાસ કરવાની હોય છે.

સાહેદે કલમ – ૧૫૩ ના તપાસના કાગળો મળ્યા બાદ રેલ્વે એકટ – ૧૫૩ નો અભ્યાસ કરેલ. તપાસના કામે રેલ્વે એકટ કલમ – ૧૫૩ ના ગુનાના તત્વો જણાઈ આવેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. કલમ – ૧૨૦(બી)ના આવશ્યક તત્વો જાણે છે. આ કામે ગુનાહીત કાવત્રુ રચાયેલ હોય તે દિશામા સાહેદે તપાસ

કરી પુરાવો મેળવેલો. ટ્રેઈનના ડ્રાઈવરના નિવેદનમાં કે આ બધા ભેગા થઈને ટ્રેઈન રોકેલી. આ ગુનાહીત કાવત્રુ કોણે ઘડેલુ, કઈ જગ્યાએ ઘડેલુ, તે દિશામાં કોઈ ચોકકસ પુરાવો સાહેદની તપાસમાં મળી આવેલ નહી. સાહેદ એ વાત સાથે સહમત થાય છે કે, ગંભીર ગુનાની કલમો હોય ત્યારે તે દિશામાં ચોકકસ તપાસ કરી ચોકકસ પુરાવા મેળવવાનો હોય.

સાહેદ એ વાત જાણતા હતા કે, તપાસ સંભાળ્યા બાદ પોલીસ સાહેદોના નિવેદનો અગાઉ નોંધાયેલા હતાં તે તમામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતાં. આ સાહેદો પૈકી કોઈનું વિશેષ નિવેદન નોંધેલ નહી. સાહેદે જે ત્રણ સાહેદોના નિવેદનો નોંધેલા તેઓને જાતે સમજ આપવા તેઓને નોટીસ યાદી  કે સમંતી કરેલ નથી. સાહેદે જણાવેલ છે કે, તેઓના અગાઉના પો. ઈ. શ્રીએ નિવેદન બાબતે યાદી  કરેલી. આ કામે બનાવના અનુસંધાને અગાઉના તપાસ કરનાર પો. ઈ. શ્રી રાઠવાનું કોઈ નિવેદન નોંધેલ નહી. તેઓની તપાસના કામે તેઓએ જે ત્રણ સાહેદોના નિવેદન નોંધેલા તે ત્રણ સાહેદો પૈકી કોઈએ કોઈને મેસેજ આપેલ હોય કે, કોઈને સુચના આપેલ હોય કે, રેલ્વે વિભાગને ફરીયાદ આપેલ હોય તેવો કોઈ પુરાવો તપાસના કામે  મેળવેલો નહી તેવા પ્રશ્નના જવાબમા જણાવેલ છે કે, ડ્રાયવરે કંટ્રોલ રૂમને વાયરલેસ થી જે વર્ધી આપેલ કંટ્રોલ રૂમનો ઉતારો તપાસના કામે મેળવેલો. આ ઉતારો નોંધનાર કંટ્રોલ રૂમના કોઈ કર્મચારીનું તપાસના કામે નિવેદન નોંધવામાં આવેલ નહી. તપાસના કામે વાયરલેસ કબજે કરેલ નહી તે આવી વર્ધી કોઈ રજીસ્ટરમાં લખવામાં આવતી હોય તે રજીસ્ટરની નકલ રજુ કરવામાં આવેલી નહી. સાહેદે જણાવેલ છે કે, આ વર્ધીનો ઉતારો છે. આ સંબંધે સ્ટેશન માસ્તર નું નિવેદન નોંધીને કોઈ ખરાઈ કરેલી નહી. જે સાહેદોના નિવેદન નોંધેલ તે નિવેદનમાં તહોમતદારોના નામ સરનામા કે વર્ણન હકીકતમાં ખુલવા પામેલ નહી. સાહેદે જણાવેલ છે કે, તપાસના કામે ખુલવા પામેલ.

તેમજ આ તહોમતદારો તરફે સાહેદને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

આ સાહેદ તહોમતદાર નં – ૨ થી ૫ તથા ૭ થી ૧૮ તથા ૨૨, ૨૮ થી ૩૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, જયારે આ ગુનાની એફ. આઈ. આર દાખલ થઈ ત્યારે ભારતીય દંડ સહિતાની કલમ – ૧૪૯ નો સમાવેશ થયેલો ન હતો. કલમ – ૧૪૯ નો ઉમેરો કરવા માટે અદાલતમાં કોઈ રીપોર્ટ કરેલ નથી. સાહેદે જણાવેલ છે કે, તેઓના અગાઉના તપાસ કરનાર અધિકારીશ્રીએ કરેલો. તેઓએ જે ત્રણ સાહેદોના નિવેદન નોંધેલ તે નિવેદનમાં કોઈ પણ તહોમતદારોના નામ તથા સરનામા વર્ણનનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

તેમજ આ તહોમતદારો તરફે સાહેદને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે. તેમજ તહોમતદાર નં – ૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ આ તહોમતદારો તરફે ગણી લેવા રજૂઆત કરવામાં આવેલ છે.

આ સાહેદ તહોમતદાર નં – ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૭ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, તેઓની તપાસ દરમ્યાન ત્રણ સાહેદોના નિવેદન નોંધેલ તે સિવાય કોઈ કાર્યવાહી કરેલી નહી. તહોમતદારોની હાજરી સંબંધે કોઈ સ્વતંત્ર પુરાવો એકઠો કરેલ નહી હોવાનો ઈન્કાર કરેલ છે. સાહેદના કહેવા મુજબ ફરીયાદીની ફરીયાદમાં અને પંચનામામાં તહોમતદારોની હાજરી બાબ્તે ઉલ્લેખ કરવામાં આવેલ છે જેને સાહેદ તહોમતદારોની હાજરીનો પુરાવો જણાવે છે.

તેમજ આ તહોમતદારો તરફે સાહેદને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે. તેમજ તહોમતદાર નં – ૧ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ આ તહોમતદારો તરફે ગણી લેવા રજૂઆત કરવામાં આવેલ છે.

આ સાહેદ તહોમતદાર નં. – ૨૦, ૨૫, ૨૬ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓએ જે ત્રણ નિવેદનો નોંધેલા તે તેઓના અગાઉના તપાસ કરનાર અધિકારીશ્રીએ નોંધેલા ન હતાં. અગાઉના અધિકારીએ આ ત્રણ સાહેદો ના નિવેદનો શા કારણે નોંધેલા નહી તે બાબતે તેઓએ તપાસ કરેલ નહી. તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, અગાઉના અધિકારીએ પત્ર લખીને નિવેદન બાબતે બોલાવેલા પરંતુ તેઓની બદલી થઈ જતાં તેઓના નિવેદન નોંધી શકાયેલ નહી. ત્રણ સાહેદોના નિવેદન નોંધેલા તેમાં છાયાબેન જેસીંગભાઈ, લક્ષ્મીબેન રણછોડભાઈ, મીનાબેન બીપીનભાઈ ઝાલાના નામની હકીકતો જાણવામાં આવેલી નહી. આ કામના તહોમતદારોએ ત્રણેય નિવેદન કરનારાને તહોમતદાર બતાવેલ હોય તેવું બનેલ નહી. ઈજા પામનારે પોતાના નિવેદન દરમ્યાન આ ત્રણ તહોમતદારોને ઓળખી બતાવેલ હોય તેઓના કારણે ઈજા થયેલ હોય તેવું લખાવેલ નહી. તપાસના કામે આ ત્રણ તહોમતદારોને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હોય કે, તેઓના ગામમા જઈ તેઓએ તપાસ કરેલી હોય તેવું બનેલ નહી. આ ત્રણ તહોમતદારોના નામ જોગ ઓળખી શકે નહી. તેમજ આ તહોમતદારો તરફે સાહેદને ઈન્કાર સ્વરૂપના અને આક્ષેપાત્મક સ્વરૂપના પ્રશ્નો પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૯) આ કામે ફરીયાદ પક્ષે રજૂ રાખવામાં આવેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓની હકીકતો ધ્યાને લેવામાં આવે તો એવું જણાઈ આવે છે કે, આ કામે ફરીયાદ પક્ષે પુરાવો રજૂ રાખનાર સાહેદો પૈકી તમામ પોલીસ અધીકારીશ્રીઓ સીવાય અન્ય કોઈ સાહેદો આ બનાવની હકીકતોને સમર્થન કરતા નથી. આ કામેના ખાનગી સાહેદો અદાલતમાં પુરાવા દરમ્યાન ફરી ગયેલા

જાહેર કરવામાં આવેલા તેઓને સ્પે. એ. પી. પી. શ્રી તરફથી સુચક પ્રશ્નો પુછવા છતા પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને સમર્થન કરતા નથી. જે હકીકતો ધ્યાને લેતા આ કામે ફરીયાદ પક્ષની હકીકતોને સ્વતંત્ર એટલે કે ખાનગી સાહેદોનું સમર્થન મળેલ હોવાની હકીકતો જણાઈ આવતી નથી.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષે રજૂ રાખવામાં આવેલ તમામ પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદીએ પોતાની ફરીયાદ જયારે સૌ પ્રથમ જાહેર કરી તે સમયે આ કામના ફરીયાદીએ પોતાની આંક – ૧૪૦ વાળી ફરીયાદમાં પાના નં – ૨ ઉપર '' મારી સાથેના પોલીસ માણસોથી કોર્ડન કરી આ માણસોને રજૂ કરૂ છુ અને તેઓની પુછપરછ કરતા તેઓએ પોતાના નામ મને જણાવેલ છે. મારી પુછપરછમાં જેગનેશ નટવરલાલ મેવાણી મને જણાવેલ છે કે દલીત સમાજની વિવિધ માંગણીઓએ મે ગુજરાત સરકારને પુરી કરવા જણાવેલ છે. તેમ છતા કોઈ માંગણી પુરી ન કરતા મે આ અવરોધ કરેલ છે. તેમજ સાથેના માણસોના નામ – ઠામ પુછતા '' તેમ જણાવી પોતાની ફરીયાદમાં તમામ તહોમતદારોના નામ તથા સરનામા લખાવેલ છે. આ ફરીયાદી પોતે આર. પી. એફ. વિભાગના પોલીસ ઈન્સ્પેકટર દરજ્જાના અધીકારીશ્રી છે. આ ફરીયાદી પોતાની આંક – ૧૩૯ વાળી સરતપાસમાં જણાવે છે કે, ''ત્યારબાદ જીગ્નેશ મેવાણી સાથેના ૧૭ પુરૂષો અને ૧૩ મહિલાઓ જેના નામ ખબર નથી તેઓને રેલ્વે એન્જીન અને રેલ્વેના પાટા પર અધિકૃત પ્રવેશ, અનધિકૃત મંડળી રચી રેલ્વેને ચાલવામાં બાધા પહોચાડવા બદલ જી. આર. પી. ને યોગ્ય કાર્યવાહી કરવા સારુ ફરીયાદ કરેલી.'' ફરીયાદી તરફે પોતાની સરતપાસમાં પોતાની ફરીયાદમાં જણાવેલ તહોમતદારો પૈકી કોઈના પણ નામ જાહેર કરેલ નહી હોવાની હકીકતો જણાઈ આવે છે.

આ કામના ફરીયાદી પોતે એક પોલીસ ઈન્સ્પેકટર છે. આ કામના ફરીયાદી પોતે સરકારી કર્મચારી હોય સ્વાભાવિક રીતે જ તેઓએ પોતાની ફરજના ભાગ રૂપે કરેલ કાર્યવાહી બાબતે અદાલત સમક્ષ જુબાની આપતા સમયે પોતાની પોલીસ રૂબરૂ જાહેર કરેલ હકીકતોને અદાલતમાં સંપૂર્ણ પણે વગળી રહેવાનું રહે. જો સાહેદ અદાલત સમક્ષના પુરાવાના તબકકે પોતાની પોલીસ રૂબરૂ જાહેર કરેલ હકીકતોને વળગી રહે નહી તો આવા સાહેદને સ્પે. એ. પી. પી. શ્રી તરફે ફરી ગયેલા

જાહેર કરવા પડે તેમજ આવા સાહેદોને સુચક પ્રશ્નો પુછીને પણ તેઓની તમામ હકીકતો અદાલતના રેકર્ડ પર લાવવી પડે. આ કામના ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ હોવાની હકીકતો રેકર્ડ આધારીત જણાઈ આવતી નથી. આ કામે ફરીયાદીની સરતપાસની હકીકતોને આંક – ૧૪૦ ની ફરીયાદ સાથે વંચાણમાં લેવામાં આવે તો આ કામના તહોમતદારોના નામ ફરીયાદીના પુરાવામાં અદાલતમાં જાહેર થયેલ નથી. ફરીયાદીના આંક – ૧૩૯ ના પુરાવાને આંક – ૧૪૦ ની ફરીયાદ સાથે વંચાણમાં લેવામાં આવે તો આ કામના ફરીયાદીએ સરતપાસમાં આંક – ૧૪૦ વાળી ફરીયાદને સંપૂર્ણ પણે સાબિત કરવામાં આવેલ હોય તેવી હકીકતો માનવાને કારણ જણાઈ આવતું નથી.

**(૧૧)** આ કામે ફરીયાદ પક્ષે આ કામના ફરીયાદી ઉપરાંત અન્ય પોલીસ સાહેદોનો સોગંદ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આંક – ૧૬૫ થી ઈજા પામનાર સાહેદ સંગીતાદેવી હરકેશકુમાર સરોજ તેમજ આંક – ૧૭૨ થી સાહેદ કમલેશભાઈ કાળાભાઈ બુવળ તેમજ આંક – ૧૭૩ થી સાહેદ મંગુરભાઈ નાનજીભાઈ રાઠોડ તથા આંક – ૧૭૯ થી સાહેદ ભીમસિંહ ગલુભાઈ પટેલ તથા આંક – ૧૮૨ થી સાહેદ જનાર્દન જયંતિલાલ હરીભકિત તથા આંક – ૧૮૪ થી સાહેદ દિલીપસિંહ પરબતસિંહ તથા આંક – ૧૮૬ થી સાહેદ જગદીશચંદ્ર અભેસિંહ પરમાર તથા આંક – ૧૯૦ થી સાહેદ ચેતનસિંહ જગદિશસિંહ જાડેજા તથા આંક – ૧૯૩ થી સાહેદ સંજયભાઈ સોમાભાઈ કાથડ તથા આંક – ૧૯૯ થી સાહેદ મિતલબેન રમેશભાઈ નીમાવત તથા આંક – ૨૦૨ થી સાહેદ વિજયસિંહ માનસિંહ ઝાલા તથા આંક – ૨૦૭ થી સાહેદ દશરથસિંહ લાલુભા ગઢવી તથા આંક – ૨૧૨ થી સાહેદ ઈલાબેન ભીખાભાઈ ખોડીયા તથા આંક – ૨૧૪ થી સાહેદ તેજલબેન ઉમેદભાઈ ખાચર તથા આંક – ૨૧૬ થી સાહેદ કલ્પનાબેન શંકરભાઈ બોડાત તથા આંક – ૨૧૭ થી સાહેદ પુનીબેન ઓઘડભાઈ પરમાર તથા આંક – ૨૨૩ થી સાહેદ મમતાબેન વલ્લભભાઈ ચૌહાણ તથા આંક – ૨૨૫ થી સાહેદ  વિશ્વાબેન બટુકરાય પંડયા તથા આંક – ૨૨૬ થી સાહેદ  ગીતાબેન બબાભાઈ ખાંભલા તથા આંક – ૨૨૭ થી સાહેદ ધીરીબેન નાથાભાઈ રામ તથા આંક – ૨૨૮ થી સાહેદ પાર્વતીબેન હીરાભાઈ ગોરફાડ તથા આંક – ૨૩૦ થી  સાહેદ ભાવનાબેન પ્રવિણભાઈ પટેલીયા તથા આંક – ૨૩૧ થી સાહેદ રસીકાબેન ધીરાજીભાઈ પાંડવ તથા આંક – ૨૩૩ થી સાહેદ નેહાબેન વજસીભાઈ તથા આંક – ૨૩૪ થી સાહેદ કોકીલાબેન રમેશભાઈ દરંગા તથા આંક – ૨૩૬

થી સાહેદ કિરણકુમાર દિનેશભાઈ પરમાર તથા આંક – ૨૩૭ થી સાહેદ સુનીલકુમાર સુરેશભાઈ રાવલ આંક – ૨૩૯ થી સાહેદ કૃણાલ વાસુદેવ દાતણીયા તથા આંક – ૨૪૧ થી સાહેદ ખુશબુબેન બહાદુરભાઈ બાબરીયા તથા આંક – ૨૪૨ થી સાહેદ બીજેન્દ્રકુમાર શ્રી હનુમાન પ્રસાદ ચૌબે તથા આંક – ૨૪૪ થી સાહેદ પુરણસિંગ પ્રભાતસિંગ રાજપુત તથા આંક – ૨૪૫ થી સાહેદ રાજેશકુમાર ગીરીશચંદ્ર પાંડે તથા આંક – ૨૪૯ થી સાહેદ વિશંક બીશનસિંઘું રાઠોડ તથા આંક – ૪૮૬ થી તપાસ કરનાર અધીકારીશ્રી હસમુખભાઈ સિકાભાઈ રાઠવા તથા આંક – ૫૪૬ થી તપાસ કનાર અધીકારીશ્રી દિલીપકુમાર જીવણભાઈ ચૌધરીનો સોગંદ પરનો પુરાવો વંચાણમાં લેવામાં આવે તો આ તમામ સાહેદો પોલીસ અધીકારીશ્રીઓ છે. આ કોઈ પણ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યાએથી જીગ્નેશ મેવાણી સીવાય જે કોઈ તહોમતદારોને અટક કરવામાં આવેલ તેના નામ શું હતા તે બાબતે આ સાહેદો પૈકી કોઈએ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન નામની હકીકતો જણાવેલ નથી. આ કામના સાહેદોના પુરાવામાં જીગ્નેશભાઈ મેવાણીનું નામ ખુલતુ હોવાની હકીકતો રહેલ છે. પરંતુ આ કામના કોઈ પણ પોલીસ સાહેદોએ પોતાના સોગંદ પરના પુરાવામાં તેઓ ઉપરાંત જે કોઈ અન્ય તહોમતદારો હતા તેઓ પૈકી કોઈના પણ નામ જણાવેલ નથી.

સામાન્ય રીતે કાયદાની જોગવાઈઓ મુજબ પોલીસ તપાસ દરમ્યાન જે કોઈ સાહેદોના ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ – ૧૬૧ તથા ૧૬૨ મુજબના નિવેદનો લેવામાં આવેલ હોય તે નિવેદનો અદાલતે પુરાવાનું અર્થઘટન કરતા સમયે ધ્યાને લેવાના હોતા નથી. આ નિવેદનોનો ઉપયોગ સાહેદના મૌખિક પુરાવા સમયે તેઓની સરતપાસમાં જે હકીકતો જણાવે તે હકીકતોનું ખંડન કરવા માટે અથવા કોન્ટ્રાડીકશન અને ઓમીશન બાબતે પુરાવો નોંધતા સમયે ઉપયોગ કરવાનો રહે છે. આ હકીકતો અદાલતના જાણવામાં અને માનવામાં હોવા છતા આ કામના આ પોલીસ સાહેદોના પુરાવાની હકીકતોને અદાલતે તેઓના નિવેદનો સાથે ધ્યાને લેતા એવું ફલિત થાય છે કે આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીઓ સીવાય અન્ય જે કોઈ સાહેદોના નિવેદનો ચાર્જશીટ સાથે સામેલ રાખવામાં આવેલ છે તે તમામ સાહેદોના નિવેદનોમાં સ્થળ પરથી કયા તહોમતદારોને અટક કરવામાં આવેલ હતા તે બાબતે નામ તથા સરનામા સાથેની હકીકતો લખાવવામાં આવેલ છે. આ હકીકતો હોવા છતા આ કામના કોઈ પણ સાહેદોના પુરાવામાં સ્થળ પરથી કયા – કયા

તહોમતદારોને પકડીને આર. પી. એફ. કે જી. આર. પી. પોલીસ સ્ટેશન લઈ જવામાં આવેલ હતા. તે બાબતની પોતાની સરતપાસમાં સ્પષ્ટતા કરવામાં આવેલ હોય તેવું જણાઈ આવતું નથી.

આ કામના ઉપરોકત સાહેદોએ પોતાની સોગંદ પરની સરતપાસમાં જીગ્નેશ મેવાણી સીવાય અન્ય કોઈ પણ તહોમતદારોના નામ જણાવવામાં આવેલ નથી. આ કામે અગાઉ કરેલ ચર્ચા મુજબ આ તમામ સાહેદો પોલીસ ખાતામાં નોકરી કરે છે. આ કામના સાહેદો સરકારી કર્મચારીઓ છે. આ સાહેદો સરકારી કર્મચારીઓ હોય સ્વાભાવિક રીતે જ તેઓએ પોતાની ફરજના ભાગ રૂપે કરેલ કાર્યવાહી બાબતે અદાલત સમક્ષ જુબાની આપતા સમયે પોતાની પોલીસ રૂબરૂ જાહેર કરેલ હકીકતોને અદાલતમાં સંપૂર્ણ પણે વગળી રહેવાનું રહે. જો સાહેદ અદાલત સમક્ષના પુરાવાના તબકકે પોતાની પોલીસ રૂબરૂ જાહેર કરેલ હકીકતોને વળગી રહે નહી તો આવા સાહેદને ફરીયાદ પક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરવા પડે. આવા ફરી ગયેલા સાહેદોને સુચક પ્રશ્નો પુછીને પણ તેઓના નિવેદનની તમામ હકીકતો અદાલતના રેકર્ડ પર લાવવી પડે. આ કામના પોલીસ સાહેદો પોતાના નિવેદનને સંપૂર્ણ સમર્થન કરતા નહી હોવા છતા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ હોવાની હકીકતો રેકર્ડ આધારીત જણાઈ આવતી નથી. આ કામે સાહેદોના પુરાવાની હકીકતોને ધ્યાને લ ેવામાં આવે તો આ સાહેદોના પુરાવા દરમ્યાન બનાવવાળી જગ્યાએથી કયા – કયા ઈશમોને અટક કરવામાં આવેલ હતા. આ હકીકતો બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો આ સાહેદોની સરતપાસ દરમ્યાન ફલિત થતો હોવાનું જણાઈ આવતું નથી.

આ કામે ફરીયાદ પક્ષના ઉપરોકત તમામ પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ પોલીસ સાહેદોએ અદાલતમાં એક જવાબદાર સાહેદ તરીકેની કોઈ ફરજ પુરી કરેલ હોય તેવું જણાઈ આવતું નથી. આ તમામ પોલીસ સાહેદો પૈકી કોઈ પણ સાહેદોએ અદાલતમાં બનાવવાળી જગ્યાએથી કયા તહોમતદારોને અટક કરેલા તે બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. આ સાહેદોએ અદાલતમાં પોતાના પુરાવા દરમ્યાન આવી સ્પષ્ટતા કરવાનું જાણી જોઈને ટાળેલ હોય તેવું પણ કહી શકાય. જે આ કામેના ઉપરોકત તમામ પોલીસ સાહેદોનો પુરાવો વંચાણમાં લેવામાં આવે તો આ પુરાવામાં મહત્વની ક્ષતિ અને ખામીઓ હોવાનું કહી શકાય.

આ કામેના ઉપરોકત તમામ પોલીસ ફરીયાદી અને પોલીસ સાહેદોના પુરાવાની હકીકતો સાથે આ કામેના મુખ્ય તપાસ કરનાર અધીકારીશ્રી એચ. સી. રાઠવાનો આંક – ૪૮૬ નો સોગંદ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ તપાસ કરનાર અધીકારીશ્રી પોતાના સોગંદ પરના પુરાવામાં '' આ ટ્રેઈન રોકયા બાબતની આર. પી. એફ. ના પી. આઈ. શ્રી એન. કે. વર્માએ આ પકડાયેલા તમામ સ્ત્રી પુરુષોના વિરુધ્ધમાં ફરીયાદ આપેલી. જેમાં જીગ્નેશભાઈ નટવરભાઈ મેવાણી તેમજ અન્ય ૧૭ પુરુષો હતા. તેમજ જુદા – જુદા નામની ૧૩ બહેનો હતી. આમ મળી કુલ્લ ે – ૩૧ તહોમતદારો વિરુધ્ધ ફરીયાદ તેઓની રૂબરૂ લેવામાં આવેલી.'' તેમજ આ તપાસ કરનાર અધીકારીશ્રીએ વધુમાં જણાવેલ છે કે, '' ત્યારબાદ અરજદાર રેલ્વે પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ. ર. નં. – ૮/૨૦૧૭ થી આઈ. પી. સી. કલમ – ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૧૨૦બી મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ સાહેદ તરફ કરતા તપાસ સંભાળી લઈ આ ગુનાના કામે પકડેલ ૧૮ પુરુષોના વિગતવાર નામ મેળવી ચહેરા નિશાન પત્રક ભરી અટક મેમો ભરી આ ગુનાના કામે અટક કરી પંચનામું તૈયાર કરી ત્રણ પંચો બોલાવી પકડેલ ૧૮ પુરુષો તેમજ ૧૩ સ્ત્રીઓ તમામના ચહેરા નિશાન પત્રક ભરી અટક કરવામાં આવેલ હતાં.'' આ તપાસ કરનાર અધીકારીશ્રી પોતાના પુરાવા દરમ્યાન આ તહોમતદારોને પોતે નામ અને સરનામાની ખરાઈ કરી અટક કરેલ હોવાનું જણાવે છે. પરંતુ આ તપાસ કરનાર અધીકારીશ્રી પોતાના પુરાવા દરમ્યાન આ તહોમતદારો કોણ – કોણ હતા તેવું સરતપાસ દરમ્યાન જણાવતા નથી. આ કામના તપાસ કરનાર અધીકારીશ્રી કે જેઓએ સૌ પ્ર થમ આ કામના તહોમતદારોને ખરાઈ કર્યા બાદ અટક કરી તેનું પંચનામું કરી તેઓના જામીન પણ સ્વિકારેલા અને તહોમતદારોને અદાલતમાં રજૂ પણ કરેલા તેમ છતા આ તપાસ કરનાર અધીકારીશ્રી પોતાના પુરાવા દરમ્યાન કોઈ પણ તહોમતદારોના નામ સરતપાસમાં જણાવતા નથી. આ તપાસ કરનાર અધીકારીશ્રી જયારે પોતાના સોગંદ પરના પુરાવામાં આ કામે કયા – કયા તહોમતદારોને અટક કરેલ હતા તેવી હકીકતો જણાવતા નથી. તે સંજોગોમાં આ કામના તપાસ કરનાર અધીકારીશ્રી તરફથી રજૂ રાખવામાં આવેલ પુરાવામાં તેમજ તેઓએ કરેલ તપાસમાં મહત્વની ક્ષતિ અને ખામી હોવાનું કહી શકાય.

આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળા સ્થળ પરથી તહોમતદારો જીગ્નેશભાઈ મેવાણી અને તેઓની સાથેના અન્ય પુરૂષો અને મહીલાઓને અટક કરેલ હોવાનું

જણાવે છે. આ તહોમતદારોને સ્થળ પરથી અટક કરી પોલીસ સ્ટેશન લઈ જઈ કાર્યવાહી કરેલ હોવાનું જણાવે છે. પરંતુ આ તમામ પોલીસ સાહેદો પોતાના પુરાવા દરમ્યાન આ તહોમતદારની ઓળખ કે વર્ણનની હકીકતોને સમર્થન કરતો પુરાવો રજૂ રાખતા નથી કે તહોમતદારોના નામ જણાવતા નથી. આ કામના ફરીયાદીની હકીકતો મુજબ આ કામના તહોમતદારોને સ્થળ પરથી જ પકડીને લઈ જવામાં આવેલ હતા. આ સાહેદો પોલીસ અધીકારીશ્રીઓ છે. આ સાહેદોએ પોતાની ફરજના ભાગ રૂપે કરેલ કાર્યવાહી દરમ્યાન આ કામના તહોમતદારો ને સ્થળ પરથી ગુનો કરતા અટકાવેલ અને હટાવેલ હોવાની હકીકતો હોવાનું જણાવી રહેલ છે. તેમ છતા આ સાહેદો પોતાના સોગંદ પરના પુરાવામાં આ તહોમતદારોની ઓળખ કરતા નથી. જે આ તમામ સાહેદોની વર્તણૂંક ખુબ જ સુચક છે.

**(૧૨)** આ કામે ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદીએ પોતાના પુરાવામાં એવી હકીકતો જણાવેલ છે કે, '' આ સમગ્ર બનાવની વિડિયોગ્રાફી કરવામાં આવેલી કારણ કે, રાજધાની એકસ પ્રેસના યાત્રિકોની સુરક્ષા માટે વિડીયો ગ્રાફરની ડયુટી હોય છે. '' આ ફરીયાદીના પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ સમગ્ર બનાવની વીડીયોગ્ર ાફી કરવામાં આવેલ હોવા છતા આ કામે તપાસ કરનાર અધીકારીશ્રી તરફથી આ વીડીયોગ્રાફી કરેલ ઈશમ બાબતે કોઈ તપાસ કરવામાં આવેલ નથી. આ ઈશમનું સાહેદ તરીકે નિવેદન લેવામાં આવેલ નથી. આ કામે તપાસ દરમ્યાન મુદામાલ તરીકે આ સીડી કબજે કરવામાં આવેલ હોય તેવું ચાર્જશીટ વંચાણમાં લેતા જણાઈ આવતું નથી. આ કામે ચાર્જશીટ સાથે આવી કોઈ સીડીની નકલો જે તે સમયેસામેલ રાખવા માં આવેલ હોવાનું જણાઈ આવતું નથી. આ તમામ હકીકતો ધ્યાને લ ેવામાં આવે તો આ કામના તપાસ કરનાર અધીકારી શ્રી તરફથી આ કામેના મહત્વના પુરાવા એવા સીડી બાબતે યોગ્ય દરકાર કરવામાં આવેલ હોવાની હકીકતો જણાઈ આવતી નથી.

આ કામેની કહેવાતી સીડી આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીના પુરાવા દરમ્યાન આંક – પ૨૮ થી રજૂ રાખવામાં આવેલ છે. આ કામે કહેવાતી સીડી આ કામના તપાસ કરનાર અધીકારી શ્રી પાસે કેવી રીતે અને કયા સંજોગોમાં આવેલ તે બાબતે ખુદ તપાસ કરનાર અધીકારીશ્રી પોતાના પુરાવામાં જણાવે છે કે, '' આ કામે બનાવ બાબતે આર. પી. એફ. શ્રીએ વિડીયો શુટીંગ કરેલ હતું

તે શુટીંગની સીડી, કેસેટ મેળવવા તજવીજ કરેલી અને સીડી મેળવેલી હતી.'' આ સીડી આ કામે શરૂઆતથી જ શા માટે રજૂ રાખેલ નહી તે બાબતે આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીનો ઉલટ તપાસ દરમ્યાનનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ ઉલટ તપાસમાં જણાવે છે કે, '' સાહેદની સર તપાસ દરમ્યાન જે સીડી રજુ કરેલ તે બનાવવાળી જગ્યાએ કેમેરા વડે ઉતારવામાં આવેલ વિડીયોની હતી. સાહેદે વિડીયો ઉતારનાર કોઈ વ્યકિત નું નિવેદન તપાસ દરમ્યાન નોંધેલ નથી. સાહેદે જે સીડી મેળવેલ તે આર. પી. એફ. ને લેટર લખીને મેળવેલી. સર તપાસ દરમ્યાન જે સીડી રજુ કરેલી તે અદાલતમાં રજુ કરેલ તે દરમ્યાન સાહેદના કબજા ભોગવટામાં રહેલી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તેઓને ચાર્જશીટ કરતી વખતે ચાર્જશીટ કરનાર આઈ. ઓ. એ પુરાવાના તમામ દસ્તાવેજો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવાના હોય છે. જે સી. ડી. જે તે વખતે આપેલ ન હોય જેથી આ સી. ડી. અત્યારે રજુ કરેલ. આ સી. ડી. રજુ કરવામાં આવી ત્યાં સુધી તેઓના કબજામાં રહેલી તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, તે પોલીસ સ્ટેશનના કબજામાં રહેલી. આ સી. ડી. કોઈ પંચનામું  કરીને મેળવવામાં આવેલી નહી. આ સીડી જે કોઈએ આપેલી તેનું નિવેદન નોંધી ચાર્જશીટના કામે સામેલ રાખેલ નહી.''

આ હકીકતો ધ્યાને લેતા આ કામના તપાસ કરનાર અધીકારીશ્રી પાસે આ સીડી શરૂઆતથી જ હોવા છતા તેઓએ આ કામે મુદામાલ તરીકે કામમાં દાખલ કરેલ નથી. આ કામે કહેવાતી સીડીની એક નકલ શરૂઆતથી જ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. આ સીડી રજૂ રાખવામાં આવી તે સીડી બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૬૫(બી) મુજબનું કોઈ પ્રમાણપત્ર રજૂ રાખવામાં આવેલ નથી. નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતે તથા નામદાર મહેરબાન વડી અદાલતે અનેક ચુકાદાઓથી એવા માર્ગદર્શક સીધ્ધાંતો સ્થાપિત કરેલ છે કે કોઈ પણ દસ્તાવેજએ પુરાવા દરમ્યાન આંક આપી દેવા માત્રથી સાબિત માની શકાતો નથી. કોઈ પણ દસ્તાવેજ પુરાવા અધિનિયમની જોગવાઈ ઓ મુજબ સાબિત કરવાની પક્ષકારની ફરજ બની રહે છે. આ કામે રજૂ રાખવામાં આવેલ સીડી સાબિત કરવાની પણ આ કામના ફરીયાદ પક્ષની જવાબદારી બનતી હતી. આ હકીકતો તેમજ કાયદાની સ્થિતિ હોવા છતા આ કામના ફરીયાદ પક્ષે આ સીડી સાબિત કરવા માટેનો કોઈ પ્રયત્ન કરેલ હોવાની હકીકતો રહેલ નથી.

આ સીડીમાં રહેલ સમગ્ર બનાવ સ્વાભાવિક રીતે જ આ કામના તહોમતદારોને આ ગુનાના કામે સાંકળવા માટેનો ખુબ જ અગત્યનો અને મહત્વનો કહેવાય તેવો પુરાવો હતો તેવી હકીકતો આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીઓ પણ ખુબ જ સારી રીતે જાણતા હતા. આ સીડી સાબિત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે નહી તો ફરીયાદ પક્ષના કેસને ચોકકસ પણે નુકશાન આવશે તેવી હકીકતો આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીઓ શરૂઆતથી જ જાણતા હતા. તેમ છતા આ કામે તપાસ દરમ્યાન સીડી બનાવનારનું કોઈ નિવેદન લીધેલ નથી કે આ સીડી સાબિત કરવા માટે જરૂરી એવું પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબનું કોઈ પ્રમાણપત્ર મેળવવામાં આવેલ નથી. આ હકીકતો ધ્યાને લેવામાં આવે તો એવું જણાઈ આવે છે કે આ કામના તહોમતદારો વિરૂઘ્ધ આ સીડીમાં રહેલ ફુટેજ સાબિત માની અદાલત તહોમતદારોની વિરૂઘ્ધમાં કોઈ હુકમ કરી શકે નહી તેવા આશયથી તપાસ કરનાર અધીકારીશ્રીઓએ આ કામેની તપાસમાં જાણી જોઈને ક્ષતિ અને ખામી રાખી દીધેલ હોય તેવું જણાઈ આવે છે. જે આ કામના બંને તપાસ કરનાર અધીકારી શ્રીઓની વર્તણૂંક ની આ તબકકે નોંધ લેવામાં આવે છે.

આ કામે ફરીયાદ પક્ષના પુરાવા દરમ્યાન રેકર્ડ પર આવેલ અન્ય એક હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામેનો કહેવાતો બનાવ જે જગ્યાએ બનેલ છે તે કાલુપુર રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ નં – ૧૦ ઉપર તેમજ કાલુપુર રેલ્વેસ્ટેશનમાં ઘણી બધી જગ્યાએ સી. સી. ટી. વી. કેમેરાઓ લગાડવામાં આવેલ છે. આ કામેના બંને તપાસ કરનાર અધીકારીશ્રીઓ આ હકીકતો સારી રીતે જાણતા હતા. આ કામે તપાસ કરનાર અધીકારીશ્રીઓના પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામે બંને તપાસ કરનાર અધીકારીશ્રી પૈકી કોઈ પણ તપાસ કરનાર અધીકારીશ્રીએ આવા કહેવાતા સી. સી. ટી. વી. કેમેરાઓના ફુટેજ મેળવી ચાર્જશીટ સાથે સામેલ રાખવાનો કોઈ પ્રયત્ન કરેલ નથી. જે ધ્યાને લેવામાં આવે તો આ કામેની તપાસ દરમ્યાન આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીઓ તરફથી રાખવાની થતી દરકાર રાખવામાં આવેલ હોય તેવું જણાઈ આવતું નથી. જે આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીઓની વર્તણુંકની નોંધ લેવામાં આવે છે.

**(૧૩)** આ કામે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવાની અન્ય એક મહત્વની હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામના ઈજા પામનાર કર્મચારી સંગીતાબેન સરોજ કે જેઓને આ બનાવમાં ઈજા થયેલ

છે તેઓનો સોગંદ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ પોતાના પુરાવા દરમ્યાન એવી હકીકતો જણાવી રહેલ છે કે, '' આ લોકોને સમજાવવા બાબતે જી. આર. પી. એફ. અને આર. પી. એફ. ના માણસો ગયેલા પરંતુ તેઓ સમજેલા નહી. જેથી હલ્લો થયો, હાથા પાઈ થઈ જેમા સાહેદને ડાબા હાથે ઈજા થયેલી. જેની સારવાર તેઓએ લીધેલી.'' આ સાહેદ તહોમતદારો તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, ''બનાવ સમયે તેઓને ઈજા થયેલ હોવાથી તેઓ જી. આર. પી. એફ. સ્ટાફના માણસ સાથે સારવાર માટે સીવીલ હોસ્પિટલ ગયેલ. સારવાર લીધા બાદ તેઓને સારવાર અંગેનું સર્ટી આપેલું. સારવાર સમયે ડોકટરને હીસ્ટ્રી લખાવેલ હોય પરંતુ ઈન્જરી સર્ટીમાં વૈશાલી લખાભાઈ પરમારે લખાવેલાનું સર્ટીફીકેટ તેઓને મળ્યુ હોય તે અંગે ડોકટરને કોઈ રજુઆત કરેલ નહી. આ સમયે તહોમતદારો તરફે સાહેદની ઈન્જરી બાબતે તેઓને ઈન્જરી સારવાર બતાવતા હોય જેથી સદર સારવાર સર્ટી જુબાની દરમ્યાન રીફર થતું હોય જે અસલ સારવાર સર્ટી આંક – ૧૬૬ થી રજુ રાખેલ છે. તેઓની સહેલી વૈશાલીબેન તેઓની સારવાર અંગે નું સર્ટીફીકેટ લેવા ગયેલ અને તેણીએ લખાવેલ તે પ્રમાણે સર્ટીફીકેટમાં લખેલ.''

આ કામે આંક – ૧૭૬ થી ડો. હેમાંગીની નયનકુમાર સ્વામીનારાયણ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તા. ૧૧/૧/૧૭ના રોજ રાત્રિના ૯/૨૧ વાગે અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશનની પોલીસ યાદી સાથે વૈશાલીબેન લખાભાઈ પરમારનાઓ સંગીતાદેવી હરેશકુમાર સરોજને તેમની સમક્ષ લાવેલા. સંગીતાબેન હરેશકુમાર સરોજે પોતાની જાતે હિસ્ટ્રી આપેલ'' આ કામે આંક – ૧૬૬ થી રજૂ થયેલ ઈજાનું પ્રમાણપત્ર વંચાણમાં લેવામાં આવે તો આ પ્ર માણપત્રમાં ઈજા પામનાર તરીકે સંગીતાબેનનું નામ છે. તેઓએ ડોકટરશ્રી સમક્ષ આપેલ હીસ્ટ્રીની હકીકતોએ આ ઈજા પામનારને થયેલ ઈજા ''જીગ્નેશ મેવાણીના માણસો તથા બીજા લોકોને માણસો જયારે રેલ્વે રોકતા ત્યારે ટોળાને રોકતા હાથ બળથી ખેંચતા ઈજા થયેલ''

આ કામેની ઈજા પામનારની ઉપરોકત હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના ઈજા પામનાર જયારે પોતાની ફરજ બજવણી કરી રહેલ હતા તે સમયે આ કામના ઈજા પામનારને આ કામના તહોમતદારો પૈકી કોઈએ ઈજા કરેલ હોય તેવી હકીકતો આ ઈજા પામનાર પોતાના પુરાવામાં

જણાવતા નથી. આ ઈજા પામનાર હાથાપાઈ થયેલ હોવાનું જણાવે છે પરંતુ આ હાથાપાઈ કોની સાથે થયેલ તે સ્ત્રી હતી કે પુરૂષ હતા તે બાબતે પણ કોઈ હકીકતો જણાવતા નથી. આ હાથાપાઈ જે કોઈની સાથે થયેલ હોય તેઓને પોતે અદાલતમાં ઓળખી પણ બતાવતા નથી. આ ઈજા પામનારને હાથાપાઈમાં ઈજા થયેલ હોય તો શા માટે ડોકટરશ્રી સમક્ષ હાથબળથી ખેંચતા સમયે ઈજા થયેલ તેવી હીસ્ટ્રી જણાવવામાં આવેલ. તે બાબતે કોઈ સ્પષ્ટતા ઈજા પામનારના પુરાવામાં જણાઈ આવતી નથી. આ તમામ હકીકતો ઘ્યાને લેવામાં આવે તો આ કામના તહોમતદારો એ આ કામના ઈજા પામનાર પર હુમલો કરી ઈજા કરેલ હોવાની હકીકતો ફરીયાદ પક્ષે પુરવાર કરેલ હોય તેવી હકીકતો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું જણાઈ આવતું નથી.

**(૧૪)** આ કામે ફરીયાદ પક્ષે તહોમતદારો વિરૂઘ્ધ કરવામાં આવેલ આક્ષેપો ઘ્યાને લેવામાં આવે તો આ કામના તહોમતદારોએ એક બીજાનો સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી ગેરકાયદેસર મંડળી બનાવેલી. આ કામના તહોમતદારોએ કાવત્રુ કરેલુ. આ કામે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવાની હકીકતો ઘ્યાને લેવામાં આવે તો આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીને પુછવામાં આવેલ હકીકતો આ તબકકે ઘ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી પોતાના સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, '' ત્યારબાદ જીગ્નેશ મેવાણી સાથેના ૧૭ પુરૂષો અને ૧૩ મહિલાઓ જેના નામ ખબર નથી તેઓને રેલ્વે એન્જીન અને રેલ્વેના પાટા પર અધિકૃત પ્રવેશ, અનધિકૃત મંડળી રચી રેલ્વેને ચાલવામાં બાધા પહોચાડવા બદલ જી. આર. પી. ને યોગ્ય કાર્યવાહી કરવા સારુ ફરીયાદ કરેલી.'' આ ફરીયાદી પોતાની સરતપાસમાં તહોમતદારોએ કાવતરૂ કરેલ હોવાની હકીકતોને સમર્થન કરતો મૌખિક પુરાવો રજૂ રાખતા હોવાનું જણાઈ આવતું નથી. આ કામના ફરીયાદીના સોગંદ પરના પુરાવા સાથે ફરીયાદીએ જાહેર કરેલ આંક – ૧૪૦ ની ફરીયાદના પાના નં – ૨ ઉપર એવું જાહેર કરવામાં આવેલ છે કે, ''જેથી દલીત આગેવાન જીગ્નેશ મેવાણીએ ઉપર જણાવેલ નામવાળા સ્ત્રી પુરૂષો સાથે મળીને ગેરકાયદેસર કૃત્ય કરવા માટે કાવત્રુ રચી ગેરકાયદેસર મંડળી બનાવી રેલ્વે હદમાં ગેરકાયદેસર પ્રવેશ કરી'' આ શબ્દો વંચાણમાં લેવામાં આવે તો તહોમતદારોએ કાવત્રુ કરેલ તેવા આક્ષેપો ફરીયાદીએ આ કામે શરૂઆતથી જ કરેલા હોવાનું જણાઈ આવે છે.

આ કામે ફરીયાદી પોતે પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન તહોમતદારોએ કાવતરૂ કરેલ હતુ તેવી હકીકતો જણાવતા નથી. આ ફરીયાદી પોલીસ અધીકારીશ્રી હોવા છતા તેમજ પોતે જે ગુનાની ફરીયાદ કરેલ છે તે ફરીયાદને પોતે સમર્થન કરવા બંધાયેલ હોવાની હકીકતો પોતે જાણતા હોવા છતા પોતાના સોગંદ પરના પુરાવામાં તહોમતદારોએ કાવતરૂ કરેલ હોય તેવી હકીકતોને સમર્થન કરતો મૌખિક પુરાવો રજૂ રાખતા નથી. જે ધ્યાને લેતા આ કામના ફરીયાદી પુરાવાના તબકકે પોતાની ફરીયાદમાં જણાવેલ હકીકતોને સમર્થન કરી રહેલ હોય તેવું જણાઈ આવતું નથી.

આ કામે ફરીયાદપક્ષે આંક – ૧૮૪ થી સાહેદ દિલીપસિંહ પરબતસિંહ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, '' તા. ૧૧/૧/૧૭ ના દિવસે કલાક – ૧૭/૪૫ વાગ્યાના અરસામાં પ્લેટફોમ નં. – ૧૦ રાજધાની એકસપ્રેસ ટ્રેનના આગળના એન્જિનના ભાગે જિગ્નેશ મેવાણી તથા તેમની સાથેના ૧૮ પુરુષ અને ૧૩ સ્ત્રીઓ સાથે ગેરકાયદેસર મંડળી રચી રેલ્વે હદની અંદર વગર પરમીશને ગેરકાયદેસર કાવતરુ કરવા એન્જિનના આગળના ભાગે જિગ્નેશ મેવાણી તથા તેમની સાથેના પુરુષો એન્જિનના આગળના ઉપરના ભાગે ચઢી ગયેલ'' આ સાહેદ પોતાના પુરાવામાં આ કાવતરૂ કોણે કરેલ તે બાબતે સ્પષ્ટ પુરાવો રજૂ રાખતા હોવાની હકીકતો જણાઈ આવતી નથી. આ કામે ફરીયાદ પક્ષે ઉપરોકત સાહેદ સીવાય અન્ય કોઈ સાહેદોના પુરાવામાં તહોમતદારોએ કાવતરૂ કરેલ હતુ તેવા કોઈ આક્ષેપો કરેલ હોવાનું રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આ કામના કોઈ પણ સાહેદો પોતાના પુરાવામાં તહોમતદારોએ કાવતરૂ કરેલ હોવાની હકીકતો જણાવતા નથી. આ કામના ફરીયાદી પણ આ ગુનાના કામે જાહેર કરેલ પોતાની ફરીયાદને સમર્થન કરતા નથી.

આ કામે તપાસ કરનાર અધીકારીશ્રીની સરતપાસ સંપૂર્ણ પણે વંચાણમાં લેવામાં આવે તો તેઓ પોતાની સરતપાસ દરમ્યાન આ કામમના તહોમતદારોએ કાવતરૂ કરેલ હોવાની હકીકતો બાબતે કોઈ પુરાવો રજૂ રાખતા નથી. આ તપાસ કરનાર અધીકારીશ્રી તહોમતદાર નં – ૧ વાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, '' ગુન્હાહીત કાવતરું એટલે શું ? તે તેઓ જાણે છે.'' તેઓ વધુમાં જણાવે છે કે, ''તમામ તહોમતદારોએ કાવતરુ કરીને ગુનો આચરેલ હોય તેવું તેઓની તપાસમાં પુરાવો મળેલ નહી તેવા પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, તહોમતદારોએ

ટ્રેઈન રોકી રેલ્વે પાટા પર સુઈ ગયેલ અને રેલ્વેના એન્જીન ઉપર ચઢેલ છે તેજ ગુનો અને તેજ કાવતરું કહે છે.'' સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓની તપાસ દરમ્યાન રેલ્વે વિભાગ તરફથી ગુન્હાહીત કાવતરાનો કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલો નહી. આ તપાસ કરનાર અધીકારીશ્રી અન્ય તહોમતદારો તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, ''આ કામના તહોમતદાર નં. – ૧ થી ૩૧ વાળાએ ગુનાહીત કાવતરું કયા વર્ષમાં કયા મહીનામાં કઈ તારીખે કયા સમયે કયા દિવસે કરેલ તેવા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, બનાવવાળ જગ્યાએ ભેગા થયા ત્યાં કાવતરું કરી ટ્રેન રોકેલ.''

આ કામના બંને તપાસ કરનાર અધીકારીશ્રીઓ કે જેઓ પોલીસ ઈન્સ્પેકટર દરજજાના અધીકારીશ્રીઓ છે. આ ગુનાની તપાસ તેઓએ કરેલ છે. આ કામના ફરીયાદીની ફરીયાદ તેઓ રૂબરૂની લેવામાં આવેલ છે. આ હકીકતોએ આ કામના ફરીયાદીએ જે કોઈ કાયદાની જોગવાઈઓ મુજબની ફરીયાદ જાહેર કરેલ હોય તે તમામ ગુનાની હકીકતો તેઓ શરૂઆતથી જ જાણે છે. આ કામના મોટા ભાગના સાહેદોના નિવેદનો તેઓની રૂબરૂમાં લેવામાં આવેલ છે. તે હકીકતોએ સાહેદોએ શું હકીકતો જણાવેલ, તપાસમાં શું ખુલવા પામેલ તે હકીકતો પણ તેઓ જાણે છે. આ કામના તહોમતદારોને અટક કરેલ હોવાની હકીકતોએ આ કામના તહોમતદારો કોણ – કોણ હતા તેમજ શું ગુનો કરેલ હતો તે પણ પોતે જાણે છે. આ હકીકતો હોવા છતા આ તપાસ કરનાર અધીકારીશ્રી પોતાના સોગંદ પરના પુરાવામાં એક ચીલા ચાલુ કેસમાં અથવા તો હળવા પ્રકારના ગુનાના કામે જે પ્રમાણે એક તપાસ કરનાર અધીકારીશ્રી પોતાની જુબાની આપે તે મુજબ આવા ગંભીર પ્રકારના ગુનાના કામે પણ પોતાની જુબાની આપી રહેલ હોય તેવું જણાઈ આવે છે.

આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીઓએ પોતાના સોગંદ પરના પુરાવામાં આ ગુનાની સાબિતી માટે પોતે શું તપાસ કરેલી. આ ગુનાની હકીકતો કેવી રીતે ખુલવા પામેલી. પોતે કરેલ તપાસમાં તહોમતદારો વિરૂઘ્ધના આક્ષેપો બાબતે કેવા પ્રકારનો પુરાવો હતો. વિ. તમામ હકીકતો બાબતે પુરાવો રેકર્ડ પર લાવવો જરૂરી બની રહે. આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીએ જાતે તહોમતદારોની ઓળખ કરી તેઓને અટક કરેલ હોવા છતા આ તપાસ કરનાર અધીકારીશ્રી પુરાવા દરમ્યાન એક માત્ર જીગ્નેશ મેવાણી સીવાય અન્ય કોઈ તહોમતદારોની ઓળખ કરતા નથી. જે ઘ્યાને લેવામાં આવે તો આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીએ આ કામે રજૂ રાખેલ

પુરાવાની હકીકતોએ આ કામના તહોમતદારોએ ગુન્હાહીત કાવતરૂ કેવી રીતે, કઈ જગ્યાએ, કોની આગેવાનીમાં કરેલ વિ. હકીકતો બાબતે કોઈ પુરાવો રજૂ રાખતા નથી.

આ કામે બે તપાસ કરનાર અધીકારીશ્રીઓ છે. આ કામે અગાઉના તપાસ કરનાર અધીકારીશ્રીએ અધુરી તપાસ કર્યા બાદ બાકીની તપાસ આંક – ૫૪૬ થી પુરાવો રજૂ રાખનારશ્રી દિલીપકુમાર જીવણભાઈ ચૌધરીને સોંપવામાં આવેલી. આ તપાસ કરનાર અધીકારીશ્રી પણ પોલીસ ઈન્સ્પેટકરશ્રી દરજ્જાના અધીકારીશ્રી છે. આ તપાસ કરનાર અધીકારીશ્રીએ આ કામે ચાર્જશીટ દાખલ કરેલ છે. આ કામે દાખલ કરવામાં આવેલ ચાર્જશીટમાં તહોમતદારો વિરૂધ્ધ ગુનાની સાબિતી માટે શું પુરાવાઓ હતા તે બાબતે આ તપાસ કરનાર અધીકારીશ્રી કોઈ હકીકતો સ્પષ્ટ પણે જણાવતા હોય તેવું જણાઈ આવતું નથી. આ તપાસ કરનાર અધીકારીશ્રીએ આ કામે ચાર્જશીટ દાખલ કરતા પહેલા આ ગુનાની સાબિતી માટે તેઓએ કઈ – કઈ હકીકતોની ખરાઈ કરેલ તે બાબતે પણ તેઓ સ્પષ્ટતા પુર્વક હકીકતો જણાવતા નથી. આ તપાસ કરનાર અધીકારીશ્રીને અગાઉના તપાસ કરનાર અધીકારીશ્રીએ સીડી આપેલ હતી તેમ છતા આ કામે પોતાના પુરાવા દરમ્યાન આ સીડી બાબતે કોઈ હકીકતો જણાવતા નથી. આ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવામાં દરમ્યાન અગાઉના તપાસ કરનાર અધીકારીશ્રી તરફથી તેઓને તપાસના કામે સીડી સોંપવામાં આવેલ હોવા છતા આ કામે ચાર્જશીટ દાખલ કરતા સમયે ચાર્જશીટ સાથે આ સીડી શા માટે રજૂ રાખેલ નહી તે બાબતે કોઈ સ્પષ્ટતા કરતા નથી. આ તપાસ કરનાર અધીકારીશ્રી પણ પોતાના સોગંદ પરના પુરાવામાં ફરીયાદમાં કરવામાં આવેલ આક્ષેપો બાબતે શું તપાસ કરી કયા પુરાવા મેળવેલ તે હકીકતો બાબતે પણ કોઈ પુરાવો રજૂ રાખતા નથી. આ તપાસ કરનાર અધીકારીશ્રી તહોમતદારોએ કાવતરૂ કરેલ હોય તેવા આક્ષેપોને પણ સમર્થન કરતા નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના બંને તપાસ કરનાર અધીકારીશ્રીએ સોગંદ પરના પુરાવા દરમ્યાન આ કામના તહોમતદારોએ ગુનો કરવા માટે કાવતરૂ કરેલ હતુ તેવી હકીકતોને સમર્થન કરતી હકીકતો જણાવેલ નથી. જે આ કામના બંને તપાસ કરનાર અધીકારીશ્રીઓની વર્તણૂંક ખુબ જ નોંધ પાત્ર છે.

આ કામે ખાનગી સાહેદો સીવાયના તમામ પોલીસ અધીકારીશ્રીઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ પોલીસ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવામાં આ કામના તહોમતદારોએ ગુનો કરવા માટે કાવતરૂ કરેલ હતુ તેવી હકીકતો બાબતે કોઈ પુરાવો રજૂ રાખતા નથી. આ સાહેદો સરકારી કર્મચારીઓ હોવા છતા તપાસ ના કામે પોતે લખાવેલ નીવેદનની હકીકતોને સમર્થન કરતો પુરાવો રજૂ રાખતા નથી. આ તમામ સાહેદો પોતાના પુરાવામાં તહોમતદારોએ ગુનાહીત કાવતરૂ કરેલ હતુ તેવું જણાવતા નથી ત્યારે આ કામે ફરીયાદ પક્ષે પોતાના પુરાવા દરમ્યાન તહોમતદારોએ આ ગુનો આચરવા માટે કાવતરૂ કરેલ હતુ તેવી હકીકતો બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો રજૂ રાખેલ હોવાનું જણાઈ આવતું નથી.

આ કામે દાખલ કરવામાં આવેલ ફરીયાદના કામે ભારતીય દંડ સંહીતાની કલમ – ૧૪૯ નો સમાવેશ થતો ન હતો. આ કામે ગુનો દાખલ થયા બાદ ચાર્જશીટ કરતા પહેલા આ કામે ભારતીય દંડ સંહીતાની કલમ – ૧૪૯ મુજબનો ગુનો ઉમેરવામાં આવેલ છે. આ કામે કયા તપાસ કરનાર અધીકારીશ્રી તરફથી આ કાર્યવાહી કરવામાં આવેલ તે બાબતે બંને પૈકી કોઈ પણ તપાસ કરનાર અધીકારીશ્રી પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન જણાવતા નથી. આ કામેના બંને પૈકી કોઈ તપાસ કરનાર અધીકારીશ્રી પુરાવા દરમયાન ભારતીય દંડ સંહીતાની કલમ – ૧૪૯ નો ઉમેરો કરવા માટેનો રજૂ રાખેલ રીપોર્ટ આંક અપાવવા માટે રજૂઆત કરતા નથી. જે હકીકતોએ ભારતીય દંડ સંહીતાની કલમ – ૧૪૯ ના ઉમેરાની હકીકતો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાની હકીકતો જણાઈ આવતી નથી.

**(૧૫)** આ કામના તહોમતદારોએ આ ગુનો આચરવા માટે ગુનાહીત ઈરાદાથી એક બીજાનો સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી ગેરકાયદેસર મંડળી બનાવેલ હતી. તેવા આક્ષેપો આ કામના ફરીયાદીની ફરીયાદમાં જાહેર કરવામાં આવેલ હતા. આ કામે ફરીયાદીની સોગંદ પરની સરતપાસમાં '' ત્યારબાદ જીગ્નેશ મેવાણી સાથેના ૧૭ પુરૂષો અને ૧૩ મહિલાઓ જેના નામ ખબર નથી તેઓને રેલ્વે એન્જીન અને રેલ્વેના પાટા પર અન અધિકૃત પ્રવેશ, અન અધિકૃત મંડળી રચી રેલ્વેને ચાલવામાં બાધા પહોચાડવા બદલ જી. આર. પી. ને યોગ્ય કાર્યવાહી કરવા સારુ ફરીયાદ કરેલી.'' તેવું જણાવે છે. આ કામેના ફરીયાદી એ આંક – ૧૪૦ થી જાહેર કરેલ ફરીયાદમાં પણ

તહોમતદારોએ ગેરકાયદેસર મંડળી બનાવેલ હોવાના તેમજ અન અધિકૃત મંડળી રચી પ્રવેશ કરેલ હોવાના આક્ષેપો જાહેર કરેલ છે. આ કામે ફરીયાદી પોતાની સરતપાસમાં આ હકીકતો જણાવી રહેલ છે. આ કામે ફરીયાદી સીવાય અન્ય સાહેદો પૈકી તમામ સાહેદો પુરાવા દરમ્યાન સમર્થન કરતા હોવાનું જણાઈ આવતું નથી. આ કામે ફરીયાદીની ફરીયાદને જયારે સાથેના પોલીસ કર્મચારીશ્રીઓ સમર્થન કરતા નથી તે હકીકતોએ આ કામના તહોમતદારોએ ગેરકાયદેસર મંડળી બનાવેલ હોવાની હકીકતો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું કહી શકાય નહી.

આ કામે સાહેદોના પુરાવામાં આ કામના તહોમતદારોએ આ ગુનો આચરવા માટે ગુનાહીત ઈરાદાથી એક બીજાનો સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી ગેરકાયદેસર મંડળી બનાવેલ હોવાના આક્ષેપોને સમર્થન કરતો પુરાવો રજૂ રાખેલ નથી. તહોમતદારોએ કેવી રીતે ગેરકાયદેસર મંડળી બનાવી ગુનો આચરેલ તે બાબતેની સ્પષ્ટતા થતી નથી. આ હકીકતોએ આ કામે ફરીયાદ પક્ષના પુરાવાથી આ કામના તહોમતદારોએ ગેરકાયદેસર મંડળી રચેલ હોવાની હકીકતો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું કહી શકાય નહી.

**(૧૬)** તહોમતદારોને પોતાની માંગણીઓ કે રજૂઆત કરવા માટે કે વિરોધ પ્રદર્શન કરવા માટે ટ્રેનને રોકી તેને બાનમાં લેવાનો કે પેસેન્જરોને કે અન્ય લોકોને ભય ઉત્પન્ન કરવાનો કોઈ અધીકાર ન હતો. સરકારશ્રી તરફથી કરવામાં આવતા કોઈ પણ નિર્ણય માટે વિરોધ કરવાનો અથવા સરકારશ્રી સમક્ષની પોતાની માંગણીઓ બાબતે રજૂઆત કરવાનો લોકોને અધીકાર હોવા બાબતે કોઈ તકરાર થઈ શકે નહી. આ રજૂઆત કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત હોય તે રીતે ચોકકસ પણે ગ્રાહય રાખી શકાય. આ રજૂઆત કરવાના દરેક તબકકે દરેક રજૂઆત કરનારે તે હકીકતો પણ ઘ્યાને લેવાની રહે કે તેઓનું કૃત્ય કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત હોવું જોઈએ. રજૂઆત કરતા સમયે કાયદાની કોઈ જોગવાઈઓનું ઉલ્લંઘન થાય તો તે ચોકકસ પણે ગુનો બને છે. આ કામના તહોમતદારો સરકારશ્રીનો વિરોધ કરવામાં ચોકકસ પણે વિવેક ગુમાવી બેસેલ હોવાની હકીકતો રહેલ છે.

આ કામના તમામ તહોમતદારો એક જાહેર જગ્યાએ એકઠા થયેલા. તહોમતદારોએ સરા જાહેર લોકોના તેમજ પોલીસ અધીકારીશ્રીઓના દેખતા રાજધાની ટ્રેનને રોકેલી. આ કામના તહોમતદારોએ જાહેરમાં સુત્રોચ્ચાર કરેલા. આ કામના તહોમતદારોએ આ ટ્રેનને આશરે ૨૦ (વીસ) મીનીટ સુધી અટકાવી રાખી ટ્રેન તથા મુસાફરોને બાનમાં લીધેલા. આ કામના તહોમતદારોનું કૃત્ય એક નજરે જોવામાં આવે તો સરકારશ્રી સમક્ષની પોતાની માંગણીઓ બાબતે રજૂઆત કરવાનું અથવા સરકારશ્રીનો વિરોધ કરવાનું કરેલ હળવા પ્રકારનું કૃત્ય જણાઈ આવે છે. આ કૃત્યને બીજી નજરે જોવામાં આવે તો જે રીતે કોઈ દેશ વિરોધી તત્વો દેશના લોકોને કે દેશની મિલ્કતને પોતાની માંગણીઓ પુરી કરવા માટે બાનમાં લે (હાઈજેક કરે) અને સરકારશ્રી પાસે પોતાની માંગણી મનાવે તેવા પ્રકારનું આ કૃત્ય કહેવાય. આ તહોમતદારો એ કરેલ કૃત્યને આ નજરે જોવામાં આવે તો આ કામના તહોમતદારોએ એક ગંભીર પ્રકારનો ગુનો હોવાનું કહેવાય. તહોમતદારોએ આચરેલ આ ગુનો કોઈ પણ રીતે હળવાશથી લઈ શકાય તેવા પ્રકારનો નથી.

આ હકીકતો હોવા છતા તેમજ આ ગુનો આવો ગંભીર પ્રકારનો હોવા છતા આ કામના તહોમતદારોએ આચરેલ ગંભીર પ્રકારના આ ગુનાના કામે પુરાવો રજૂ રાખનાર તમામ પોલીસ અધીકારીશ્રીઓએ ગુનાની ગંભીરતા ને ધ્યાને લીધા વગર ચીલાચાલુ રીતે પુરાવો રજૂ રાખેલ હોય તેવું જણાઈ આવે છે. આ કામેના સાહેદોએ આ ગુનાને ખુબ જ હળવાશથી લીધેલ હોય તેવા પ્રકારની પોલીસ સાહેદોની વર્તણૂંક પુરાવા દરમ્યાન જણાઈ આવે છે. આ કામે પોલીસ અધીકારીશ્રીઓ તરફથી રજૂ રાખવામાં આવેલ તમામ પુરાવાઓ ધ્યાને લેવામા આવે તો આ કામના કોઈ પણ સાહેદો પુરાવા દરમ્યાન આ કામના તહોમતદારોને કઈ રીતે આ ગુનાના કામે સાંકળવામાં આવેલ તે બાબતે કોઈ સ્પષ્ટતા કરતા હોવાની હકીકતો જણાઈ આવતી નથી. જે આ કામેના તમામ પોલીસ અધીકારીશ્રીઓની વર્તણૂંકની આ તબકકે નોંધ લેવામાં આવે છે.

**(૧૭)** આ કામના તહોમતદારોએ રેલ્વે એકટની કલમ – ૧૫૩ મુજબનો ગુનો કરેલ હોવાના આક્ષેપો કરવામાં આવેલ છે. આ કામના તહોમતદારોએ રેલ્વેના પાટા પર બેસી જઈને તેમજ સુઈ જઈને તેમજ એન્જીન પર ચઢી જઈને રેલ્વે એકટની જોગવાઈઓનો ચોકકસ પણે ભંગ કરેલ હોવાની હકીકતો કહેવાય. આ કામના તહોમતદારોએ કરેલ કૃત્ય બાબતે આ કામના ફરીયાદીએ આ

કામે જાહેર કરેલ ફરીયાદના કામે શરૂઆતથી જ આક્ષેપો કરેલ છે. આ કામે રેકર્ડ પર રજૂ થયેલ મૌખિક પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી પોતે પોતાના સોગંદ પરના પુરાવામાં આ કામના તહોમતદારોએ રેલ્વે એકટની કલમ – ૧૫૩ મુજબનો ગુનો કેવી રીતે કરેલ હતો. તેવી હકીકતો બાબતે કોઈ સ્પષ્ટતા કરતા નથી. આ કામના ફરીયાદી કે જેઓ આર. પી. એફ. પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી તરીકેના હોદા પર ફરજ બજાવતા હતા. આ કામના ફરીયાદી રેલ્વે એકટની જોગવાઈઓથી સંપૂર્ણ માહીતગાર હોવા છતા પોતે પોતાના સોગંદ પરના પુરાવામાં આ કામના તહોમતદારે કરેલ કૃત્ય રેલ્વે એકટની કઈ કલમ તળેનો ગુનો બનતો હતો તે સ પષ્ટ પણે જણાવી શકવાને સક્ષમ અને સમર્થ હોવા છતા પોતાના સોગંદ પરના પુરાવામાં આ બાબતે કોઈ હકીકતો જણાવેલ નથી. આ અધીકારીશ્રી પોતાના પુરાવા દરમ્યાન આ કામના તહોમતદારોએ રેલ્વે એકટની કઈ જોગવાઈઓનો કેવી રીતે ભંગ કરેલ તે બાબતે કોઈ સ્પષ્ટતા કરવાની દરકાર કરતા નથી. જે ધ્યાને લેવામાં આવે તો આ કામના તહોમતદારોએ કહેવાતો ગુનો કરેલ હોવાના આક્ષેપો સાબિત કરવામાં આ કામના ફરીયાદીએ પુરતી દરકાર કરેલ હોવાનું જણાઈ આવતું નથી.

આ કામેના તહોમતદારો વિરૂઘ્ધ પુરાવો રજૂ રાખનાર અન્ય તમામ પોલીસ અધીકારીશ્રી તેમજ આ કામના બંને તપાસ કરનાર અધીકારીશ્રીઓનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ તમામ સાહેદો કે તપાસ કરનાર અધીકારીરીઓ આ કામના તહોમતદારોએ કેવી રીતે રેલ્વે એકટની કલમ – ૧૫૩ મુજબનો ગુનો કરેલ તે બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ હોવાનું જણાઈ આવતું નથી. તહોમતદારોએ કરેલ કયુ કૃત્ય રેલ્વે એકટની કલમ – ૧૫૩ માં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબનો ગુનો બને છે તે બાબતે સાહેદોના પુરાવામાં સ્પષ્ટતાનો અભાવ જોવા મળે છે. જે હકીકતોએ આ કામે ફરીયાદ પક્ષે તહોમતદારો વિરૂઘ્ધ આ હકીકતો સાબિત કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવું જણાઈ આવતું નથી.

(૧૮) આ કામના ફરીયાદ પક્ષે આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચાઓ મુજબ ઘણા બધા સાહેદોનો પુરાવો રજૂ રાખેલ છે. આ કામે અદાલતમાં રજૂ રાખવામાં આવેલ સાહેદો પૈકી મોટાભાઈના સાહેદો પોલીસ અધીકારીશ્રીઓ છે. આ પોલીસ અધીકારીશ્રીઓ પોતાની સરતપાસમાં આ

બનાવ સમયે તહોમતદારોએ શું કૃત્ય આચરેલ હતુ તે બાબતે પુરાવો રજૂ રાખે છે. આ સાહેદો પૈકી અમુકને બાદ કરતા બાકીના સાહેદો તહોમતદાર તરીકે જીગ્નેશભાઈ મેવાણીને અદાલતમાં ઓળખી પણ બતાવે છે. પરંતુ અદાલતમાં કોઈ તહોમતદારને ઓળખી બતાવવા માત્રથી ગુનો સાબિત થઈ જતો હોવાનું કહી શકાય નહી. આ કામના ફરીયાદી અને પોલીસ અધીકારીશ્રીઓ કે જેઓ શરૂઆતથી આ ગુનાના કામે પોતે હાજર રહી કામગીરી કરેલ હોવાનું જણાવી રહેલ છે તેઓ પોતાના સોગંદ પરના પુરાવામાં પોતે કરેલ કામગીરીને સમર્થન કરતા ન હોય તેવા પ્રકારનો તેઓનો પુરાવો જણાઈ આવે છે.

(૧૯) આ કામના બધા તહોમતદારો અમદાવાદના રહેવાસી નથી. આ કામના બધા તહોમતદારો કાલુપુર રેલ્વે સ્ટેશન પર રાજધાની એકસપ્રેસ ટ્રેન ઉપડવાના સમયે ટ્રેનની આગળ ભેગા થઈ ગયા. તહોમતદારોએ ટ્રેનને ૨૦ મીનીટ સુધી રોકી રાખેલી. તહોમતદારોએ ટ્રેનના પાટા ઉપર બેસી જઈને તેમજ સુઈ જઈને તેમજ ટ્રેનના એન્જીન પર ચઢી જઈ કૃત્ય કરેલ હોવાનું ધ્યાને લેવામાં આવ ેતો આ કામના તહોમતદારોએ એક બીજાની સાથે મેળાપીપણામાં, એક બીજાનો સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી અગાઉથી નકકી કરેલ યોજના મુજબ બધા કાલુપુર રેલ્વે સ્ટેશને એકઠા થયેલ હોય તેવી હકીકતો ચોકકસ પણે માનવાને કારણ રહે. જો આ તહોમતદારોએ અગાઉથી એક બીજાની સાથે સમાન ઈરાદા બાબતે ચર્ચા કરેલ ન હોય અને અગાઉથી બધાએ કાલુપુર રેલ્વે સ્ટેશને એકઠા થવાનું તેમજ પોતાની માંગણીઓની રજૂઆત માટે રેલ્વે ટ્રેક પર બેસી જઈને કે સુઈ જઈને કે એન્જીન પર ચઢી જઈને પોતાનો વિરોધ દર્શાવવા માટે અથવા પોતાની માંગણીઓ બાબતે રજૂઆત કરવાનું નકકી કરેલ ન હોય તો સ્વાભાવિક રીતે જ એક જ સમયે, એક જ જગ્યાએ, આટલી મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ શકે નહી.

આ કામના તહોમતદારો પાસે આ બનાવ સમયે કાલુપુર રેલ્વે સ્ટેશનમાં પ્લેટ ફોર્મ નં – ૧૦ ઉપર એકઠા થવા માટેનું કોઈ અન્ય વ્યાજબી કે યોગ્ય કારણ હોવાનું તહોમતદારો પક્ષે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આ કામના તહોમતદારો કોઈ જગ્યાએ જવા માટે એક સાથે નીકળેલ હોય તેવી હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આ કામના તહોમતદારોને અન્ય જગ્યાએથી અટક કરી આ કામે ખોટી રીતે સંડોવવામાં આવેલ હોય તેવા પ્રકારની હકીકતો આધારીત તહોમતદારોનો

બચાવ રહેલ નથી. આ કામના તહોમતદારો કદાચ કોઈ જગ્યાએ જવા માટે નીકળેલ હોય તો પણ આ રીતે તેઓએ વિરોધ પ્રદર્શન કરવાની કોઈ જરૂરત રહેતી ન હોવાની હકીકતોએ આ કામના તહોમતદારોના ઈરાદા બાબતે કોઈ શંકાને સ્થાન નથી.

અદાલતે પુરાવા દરમ્યાન રેકર્ડ પર રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરવાનું રહે છે. આ પુરાવાના વિશ્લેષણ દરમયાન તહોમતદારો નિર્દોષ છે કે ગુનેગાર છે તેવી હકીકતોની સાબિતી અને ના સાબિતી અદાલતે ધ્યાને લેવાની હોય છે. આ કામના તહોમતદારો જે હકીકતો આધારીત ગુનો આચરી રહેલ હતા તે હકીકતોને સમર્થન કરવા માટે ફરીયાદ પક્ષે મોટી સંખ્યામાં પોલીસ સાહેદો તપાસેલ છે. પરંતુ આ પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ સાહેદો આ કામના તહોમતદારોના ઈરાદા બાબતે કોઈ સ્પષ્ટ હકીકતો રેકર્ડ પર લાવતા હોવાનું જણાઈ આવતું નથી. આ કામના તહોમતદારોએ આ ગુનો આચરવા માટે એક બીજાનો સમાન ઈરાદો પાર પારવા માટે કેવી રીતે શું કરશે તે હકીકતો બાબતે પણ સ્પષ્ટતા કરવામાં આવેલ હોય તેવું જણાઈ આવતું નથી.

આ કામના તહોમતદારોએ જે જગ્યાએ ગુનો આચરેલ છે તે જગ્યા રેલ્વે સ્ટેશન છે. સામાન્ય સંજોગોની સ્થિતિ ધ્યાને લેવામાં આવે તો બસ સ્ટેશન અને રેલ્વે સ્ટેશનનો મુખ્ય તફાવત એ છે કે બસ સ્ટેશનની અંદર બસ જે જગ્યાએ હોય છે તે જગ્યા સુધી કોઈ પણ વ્યકિત કોઈ પણ વ્યકિતને મુકવા માટે જઈ શકે છે. બસ સ્ટેશનની અંદર જવા માટે કોઈ પણ વ્યકિતને મુસાફરીની ટીકીટની કે બસ સ્ટેશનમાં અંદર પ્રવેશ કરવા માટેની કોઈ ટીકીટ લેવાની જરૂરત રહેતી નથી. જયારે આ કામેના બનાવવાળી જગ્યાએ રેલ્વે સ્ટેશન છે. રેલ્વે સ્ટેશનમાં સામાન્ય રીતે જો કોઈ વ્યકિત મુસાફરી કરવાના હોય તેને મુકવા જવાનું હોય તો તેને રેલ્વે સ્ટેશનના દરવાજા સુધી લઈ જઈ શકાય. કોઈ વ્યકિતને રેલ્વે સ્ટેશનની અંદર ટ્રેઈન સુધી મુકવા જવાનું હોય તો અંદર પ્રવેશ કરવા માંગતી વ્યકિતએ પ્લેટ ફોર્મ ટીકીટ લેવી ફરજીયાત છે. કોઈ વ્યકિત મુસાફરી કરવા માંગતી હોય તો પોતે પોતાની મુસાફરીની ટીકીટ બતાવી રેલ્વે સ્ટેશનમાં પ્રવેશ કરી શકે છે. રેલ્વે સ્ટેશનમાં કોઈ પણ જાતના પાસ – પરમીટ વગર પ્રવેશ કરી શકાય તવી સ્થિતિ હોતી નથી. કોઈ વ્યકિત જો પાસ પરમીટ વગર એટલે કે પ્લેટ ફોર્મ ટીકીટ વગર અથવા મુસાફરી ટીકીટ વગર પ્રવેશ કરેલ માલુમ

પડે તો આવી વ્યકિતએ રેલ્વે એકટની જોગવાઈઓ મુજબનો ગુનો કરેલ હોવાનું કહેવાય. આવા સંજોગોમાં આવી પકડાયેલ વ્યકિત વિરૂધ્ધ રેલ્વે એકટની જોગવાઈઓ મુજબ બીન અધિકૃત પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહે તેવી કાયદાની સ્થિતિ છે.

આ કામના કહેવાતા તહોમતદારોને પ્લેટ ફોર્મ નં – ૧૦ પરથી પકડવામાં આવેલ છે. આ કામના તહોમતદારો પાસે આ બનાવ સમયે કોઈ પણ જાતના પાસ પરમીટ હતા કે કેમ? આ કામના તહોમતદારો પાસે રેલ્વે પ્લેટફોર્મ ટીકીટ હતી કે કેમ? આ કામના તહોમતદારો પાસે મુસાફરી કરવા માટેની કોઈ ટીકીટ હતી કે કેમ? આવી કોઈ હકીકતો બાબતે ફરીયાદ પક્ષે પુરાવો રજૂ રાખનાર કોઈ પણ સાહેદો સ્પષ્ટતા કરતા નથી. આ કામના બંને તપાસ કરનાર અધીકારીશ્રીઓ પોતે પણ પોતાના સોગંદ પરના પુરાવામાં આ બનાવ સમયે તહોમતદારો પાસે આવી કોઈ પરવાનગી હતી કે કેમ? તે બાબતે પોતે શું તપાસ કરેલ તે બાબતે કોઈ હકીકતો જણાવતા નથી. આ કામના તહોમતદારો વિરૂધ્ધના ચાર્જશીટના કામે જે ગુનો બનેલ હોવાનું જણાવી જે કાયદાની જોગવાઈઓ મુજબની કલમો લગાવવામાં આવેલ છે તે કલમમાં આવા ગુનાનો સમાવેશ થઈ જતો હોવાની હકીકતો રહેલ નથી. તે ધ્યાને લેવામાં આવે તો પણ આ કામના તહોમતદારો કે જેઓને આ બનાવના કામે રેલ્વે પ્લેટ ફોર્મ પરથી પકડવામાં આવેલ છે તેઓ પાસે આ સમયે કહેવાતી કોઈ કાયદેસરની પરવાનગી હતી કે કેમ? તે બાબતે આ પોલીસ અધીકારીશ્રીઓએ સ્પષ્ટ પુરાવો રજૂ રાખવાની દરકાર કરેલ હોય તેવું માનવાને કારણ જણાઈ આવતું નથી.

આ કામના કોઈ સાહેદોએ આ હકીકતો બાબતે જયારે સ્પષ્ટતા કરેલ નથી તે હકીકતોએ આ કામના ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આ કામના તહોમતદારોએ બીન અધિકૃત રીતે રેલ્વે સ ટેશનમાં પ્રવેશ કરેલ તેવા કરવામાં આવેલ આક્ષેપો બાબતે ફરીયાદ પક્ષના સાહેદો તરફથી કોઈ પુરાવો રજૂ રાખવામાં આવેલ નહી હોવાનું કહેવાય. આ કામના ફરીયાદીએ શરૂઆતથી જ આ આક્ષેપો કરેલ હોવા છતા આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીએ શા માટે આ બાબતે કોઈ તપાસ કરવાની દરકાર કરેલ નહી તે બાબતે તપાસ કરનાર અધીકારીશ્રીઓના પુરાવામાં પણ કોઈ સ્પષ્ટતા જણાઈ આવતી નથી. આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીએ આ કામના તહોમતદારો પાસ

ે આવી કહેવાતી કોઈ પરમીશન હતી કે કેમ? તે બાબતે કોઈ તપાસ કરવામાં આવેલ ન હોય તેવી રેકર્ડ પરના પુરાવાની પરિસ્થિતિ જણાઈ આવે છે.

આ કામના તહોમતદારો કે જેઓને રેલ્વે સ્ટેશનના પ્લેટ ફોર્મ પરથી કહેવાતા ગુનાની જગ્યાએથી ગુનો કરતા સમયે પકડવામાં આવેલ હોવાનું ફરીયાદમાં ફરીયાદીએ શરૂઆતથી જ કથન કરેલ છે. આ કામના ફરીયાદીની આ હકીકતો શરૂઆતથી જ જાહેર કરવામાં આવેલ હોવા છતા આ કામના તપાસ કારનાર અધીકારીશ્રીએ આ બાબતે કોઈ તપાસ કરવાની દરકાર કરેલ નથી. આ કામના સાહેદોએ આ હકીકતો બાબતે સ્પષ્ટ પુરાવો રજૂ રાખવાની દરકાર કરેલ હોવાનું જણાઈ આવતું નથી. આ કામના ફરીયાદી પોતે પોતાના સોગંદ પરના પુરાવામાં આ કામના તહોમતદારો રેલ્વે પ્લેટફોર્મ પર મળી આવેલ ત્યારે તેઓની પાસે કોઈ પાસ પરમીટ હતા કે કેમ તેવી હકીકતો બાબતે સ્પષ્ટતા કરતા નથી. આ કામેના ફરીયાદ પક્ષે રજૂ રાખવામાં આવેલ કોઈ પણ પોલીસ સાહેદે પોતાના પુરાવામાં પોતે આ કામના તહોમતદારો પાસે કહેવાતા ગુનાના સમયે કોઈ પાસ પરમીટ હતા કે કેમ તે બાબતે કોઈ હકીકતો જણાવેલ નથી. તે હકીકતો ધ્યાને લેતા આ કામના તહોમતદારોને કહેવાતા ગુનાના સ્થળ પરથી કહેવાતો ગુનો કરતા સમયે અટક કરવામાં આવેલ હોવા છતા આ કામના તહોમતદારોએ રેલ્વે એકટની કઈ કલમ મુજબનો ચોકકસ ગુનો કરેલ તે બાબતે તમામ પોલીસ સાહેદોએ પુરાવો રજૂ રાખવાનું ટાળેલ હોય તેવી હકીકતો જણાઈ આવે છે. જે ધ્યાને લેતા પણ આ કામના તહોમતદારોએ રેલ્વે એકટની કલમ – ૧૫૩ મુજબનો ગુનો કરેલ હોય તેવી હકીકતોને સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું જણાઈ આવતું નથી.

આ કામના તહોમતદારોએ આ ટ્રેનને ૨૦ (વીસ) મીનીટ સુધી રોકી રાખેલ. આ હકીકતો બાબતે રેલ્વે અધીકારીશ્રીઓ પાસેથી લેખિત પુરાવા તેમજ ટ્રેન આવવા – જવાના સમય પત્રક તેમજ આ ટ્રેન કયા સમયે ખરેખર ઉપડેલ વિ. બાબતે માટે રેલ્વે સ્ટેશન પરથી જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ થઈ શકે તેમ હોવા છતા તપાસ ના કામે આવા દસ્તાવેજો કબજે કરવામાં આવેલ હોવાની હકીકતો નથી. તે ધ્યાને લેતા આ ટ્રેન ૨૦ (વીસ) મીનીટ મોડી ઉપડેલ તેવું સાહેદો જણાવે તેટલા માત્રથી સાબીત થઈ જતુ હોવાનું કહેવાય નહી. આ માટેના દસ્તાવેજી પુરાવાઓ જયારે મળી શકે તેમ હતા તેમ છતા કબજે કરેલ નથી. આ દસ્તાવેજો શા માટે કબજે કરેલ નહી તે બાબતે તપાસ

કરનાર અધીકારીશ્રીઓ પણ સ્પષ્ટતા કરતા નથી. આ હકીકતોએ આ કામે પુરાવામાં તેમજ તપાસમાં મહત્વની ક્ષતિ અને ખામી હોવાનું જણાઈ આવે છે.

(૨૦) સામાન્ય રીતે કોઈ પણ તહોમતદારોને ગુનાના સ્થળેથી ગુનો કરતા અટક કરવામાં આવેલ હોય તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષની હકીકતોને સાબિત માનવા માટેના કારણો વધુ મજબુત માની શકાય તેવા પ્રકારના હોય છે. જયારે કોઈ વ્યકિતઓને ગુનાની જગ્યાએથી અટક કરવામાં આવેલ હોય ત્યારે આ તહોમતદારો કોણ હતા? તેઓએ શું કૃત્ય કરેલ હતુ? તેઓએ કરેલ કૃત્ય ગુનો કઈ રીતે બનતો હતો? તહોમતદારો શું શબ્દો બોલતા હતા? તહોમતદારોનો રોલ શું હતો? તેવી ઘણી બધી હકીકતો ફરીયાદ પક્ષના પુરાવામા રેકર્ડ પર આવતી હોય છે. આવા ગુનાના કામે સ્થળ પર હાજર સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા સમયે અદાલતમાં ગુનો સાબિત માની શકાય તેવી ભરોષાપાત્ર હકીકતો પુરાવા દરમ્યાન રેકર્ડ પર આવતી હોય છે. આ કામે ફરીયાદ પક્ષે રજૂ રાખવામાં આવેલ પોલીસ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ પુરાવામાં ગુનાની સાબિતી માની શકાાય તેવી હકીકતો બાબતે સ્પષ્ટ પુરાવાનો અભાવ જોવા મળે છે. આ કામના તહોમતદારોએ આ ગુનો આચરવા માટે સમાન ઈરાદા સાથે કૃત્ય કરેલ હોય તેવી હકીકતો પણ આ કામે ફરીયાદ પક્ષના પુરાવામાં રેકર્ડ પર આવતી હોવાનું જણાઈ આવતું નથી. આ હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી કે સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરવાનો પ્રયત્ન કરતા હોય તેવી હકીકતો જણાઈ આવતી નથી.

સામાન્ય રીતે અદાલત સમક્ષ ચાલતી કામગીરીઓમાં ખાનગી સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા બાદ સુચક પ્રશ્નો પુછયા બાદ પણ ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન કરતા હોતા નથી. આ કામના ખાનગી સાહેદો પણ ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન કરતા હોય તેવું રેકર્ડ આધારીત જણાઈ આવતું નથી. આ કામના તમામ ખાનગી સાહેદોને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતા ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન કરતા નથી. આ કામે રેકર્ડ પર ખાનગી સાહેદો તો સમર્થન કરતા નથી પરંતુ આ કામના સરકારી કર્મચારીશ્રીઓ પણ ફરીયાદ પક્ષની હકીકતોને સંપૂર્ણ સમર્થન કરતા હોવાની હકીકતો જણાઈ આવતી નથી. આ કામના સ્થળ પર હાજર હતા તેવા તમામ પોલીસ અધીકારીશ્રીઓનો પુરાવો

ધ્યાને લેવામાં આવેતો આ સાહેદો પોતાના સોગંદ પરના પુરાવામાં પોતે સ્થળ પર પોતાની ફરજના ભાગ રૂપે કરેલ કાર્યવાહીને પણ સંપૂર્ણ સમર્થન કરતો પુરાવો રજૂ રાખતા નથી. આ કામના ફરીયાદી તથા પોલીસ સાહેદો તથા તપાસ કરનાર અધીકારીશ્રીઓ કે જેઓ આ સમગ્ર બનાવ સમયે સ્થળ પર હાજર હતા તેઓ પોતાના પુરાવામાં જે હકીકતો જણાવી રહેલ છે તે હકીકતોમાં પોતાની સરતપાસ દરમ્યાન બનાવને સંપૂર્ણ સમર્થન કરતા નથી. આ સાહેદોની આ વર્તણૂંક નોંધ પાત્ર છે.

**(૨૧)** અદાલતમાં આ કામના તહોમતદારો વિરૂધ્ધ રાજધાની એકસપ્રેસ ટ્રેનને તેના મુસાફરો સાથે ૨૦ (વીસ) મીનીટ જેટલા સમય સુધી બાનમાં લેવાના ગંભીર પ્રકારના આક્ષેપો આધારીત ગંભીર પ્રકારના ગુનાની કાર્યવાહી ચાલતી હોય તેવી હકીકતોએ અદાલતમાં સાહેદોનો પુરાવો પણ તે મુજબની ગંભીરતા પુર્વકનો રજૂ થવો જરૂરી છે. આ કામે સાહેદો પોતાના સરતપાસના સોગંદ પરના પુરાવામાં ગંભીરતા પુર્વક કોઈ હકીકતો જણાવી રહેલ નથી. આ કામે રેલ્વે સ્ટેશન પરથી જરૂરી સીસીટીવી ફુટેજ મળી શકે તેમ હોવા છતા તેમજ રેલ્વે સ્ટેશન માસ્તર પાસેથી તથા અલગ – અલગ વિભાગમાંથી ટ્રેન મોડી ઉપડવા બાબતના દસ્તાવેજો મળી શકે તેમ હોવા છતા કબજે કરવામાં આવેલ ન હોવાની હકીકતોએ મહત્વની ક્ષતિઓ અને ખામીઓ જણાઈ આવે છે. આ કામે ફરીયાદ પક્ષના સાહેદોના પુરાવામાં ફરીયાદીએ જાહેર કરેલ ફરીયાદની હકીકતોને સમર્થન કરતો પુરાવો પણ જણાઈ આવતો નથી. આ સાહેદો તમામ સ્થળ પર હાજર હોવા છતા તેમજ પોલીસ અધીકારીશ્રીઓ હોવા છતા જયારે ફરીયાદીની ફરીયાદની હકીકતોને સમર્થન કરતા નથી. આ કામના તહોમતદારોને સ્થળ પરથી અટક કરવામાં આવેલ હોવા છતા તહોમતદારોની ઓળખનો પ્રયત્ન કરવામાં આવેલ નથી ત્યારે આ કામે કરવામાં આવેલ આક્ષેપો નિ:શંક પણે સાબિત કરવામાં આ કામના ફરીયાદ પક્ષ સફળ થતા હોય તેવું માનવાને કારણ જણાઈ આવતું નથી.

આ કામે ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતો સાથે આ કામના તહોમતદારો તરફે પોતાની રજૂઆતના સમર્થનમાં રજૂ રાખેલ (૨૦૦૪) ૧૨ સુ. કો. કે. ૩૯૮ ચાણકય ઢીબર (ગુજરનાર) વિ. સ ટેટ ઓફ વેસ્ટ બેંગોલ અને બીજા તેમજ એ. આઈ. આર. ૧૯૫૬ સુ. કો. ૭૩૧ ચીકરાંગે ગોવડા વિ. સ્ટેટ ઓફ મૈસુર તેમજ ૨૦૧૫(૨) સુ. કો. કે. ૭૨૭ સાઉથ સેન્ટ્રલ રેલ્વે એમ્પ્લોઈઝ કો. – ઓ. સોસાયટી એમ્પ્લોઈઝ યુનીયન વિ. બી. યશોધાબાઈ અને બીજા તેમજ એ. આઈ.

આર. ૧૯૭૬ સુ. કો. ૯૭૫ ભગીરથ વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ તેમજ એ. આઈ. આર. ૧૯૭૬ સુ. કો. ૯૮૫ ભગવાનસીંઘ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન તેમજ એ. આઈ. આર. ૧૯૭૩ સુ. કો. ૨૭૭૩ કાલીરામ વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ તેમજ એ. આઈ. આર. ૨૦૦૦ સુ. કો. ૫૩ કામક્ષા રાય અને બીજા વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ તેમજ એ. આઈ. આર. ૧૯૯૯ સુ. કો. ૧૭૦૯ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ વિ. મોતીરામ અને બીજાના ચુકાદાઓમાં ઠરાવેલ માર્ગદર્શક સીધ્ધાંતો સાથે ધ્યાને લેવામાં આવે તો એવું ફલિત થાય છે કે જયારે ફરીયાદ પક્ષ આ કામના તહોમતદારો વિરૂધ્ધ કરવામાં આવેલ આક્ષેપો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સંપૂર્ણ સફળ થતો નથી, આ કામના ફરીયાદ પક્ષના પુરાવામાં તેમજ આ કામેની તપાસમાં મહત્વની ક્ષતિઓ અને ખામીઓ હોવાનું જણાઈ આવે છે. ત્યારે ફરીયાદ પક્ષના પુરાવામાં તેમજ આ કામેની તપાસમાં મહત્વની ક્ષતિઓ અને ખામીઓ હોવાનું જણાઈ આવતું હોય તો નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતે તથા નામદાર મહેરબાન વડી અદાલતોએ અનેક ચુકાદાઓથી ઠરાવેલ માર્ગદર્શક સીધ્ધાંતો મુજબ આવી શંકાઓ અને ક્ષતિઓ તથા ખામીઓનો લાભ તહોમતદારોને આપવો જોઈએ. તે સીધ્ધાંતો મુજબ આ કામે ઉત્પનન થતી ખામીઓ અને ક્ષતિઓનો લાભ પણ આ કામના તહોમતદારોને આપવા પાત્ર થતો હોવાનું મારૂ માનવું છે.

ઉપરોકત તમામ હકકીકતો તથા કારણો ધ્યાને લેતાં મુદ્દા નં.– ૦૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે, તેમજ મુદ્દા નં. – ૦૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧) આ કામે અમદાવાદ રેલ્વે પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ. ર. નં. – ૮/૨૦૧૭ ના કામના તહોમતદારો નં – ૧) જીગ્નેશભાઈ નટવરભાઈ મેવાણી, ઉ. વ. – ૩૫, રહે. – ૧૦૪ ચુવાડનગર, રામેશ્વર ચાર રસ્તા, મેઘાણીનગર, અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ર) રાકેશભાઈ ભીખાભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૪, રહે. – ૫૩/૧૬૯૪, ક્રિષ્નાધામ આવાસ, વિભાગ – ૧, વેજલપુર, અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૩) રમણભાઈ ગાંડાભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૭, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૪) મનસુખભાઈ શીવાભાઈ

મહેરીયા, ઉ. વ. – ૫૦, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૫) મનોજકુમાર રમણભાઈ મહેરીયા, ઉ. વ. – ૨૭, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૭) મહેશભાઈ દિનેશભાઈ ચૌહાણ, ઉ. વ. – ૨૪, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૮) રામાભાઈ બેચરભાઈ ઝાલા, ઉ. વ. – ૫૩, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૯) બિપીનભાઈ ભાનુભાઈ પંડયા, ઉ. વ. – ૨૩, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૧૦) રમણભાઈ બેચરભાઈ મહેરીયા, ઉ. વ. – ૪૮, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદતેમજ તહોમતદાર નં – ૧૧) પરષોત્તમભાઈ ચેરાભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૩, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૧૨) હરીભાઈ ગલાભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૭, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૧૩) મોહનભાઈ મીઠાભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૭, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૧૪) છગનભાઈ વાલજીભાઈ મહેરીયા, ઉ. વ. – ૫૮, રહે.– ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૧૫) જગદીશભાઈ રામજીભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૪, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૧૬) મુળજીભાઈ મોતીભાઈ મકવાણા, ઉ. વ. – ૫૩, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૧૭) રમેશભાઈ દાનાભાઈ ઝાલા,ઉ. વ. – ૪૧, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૧૮) ભાઈલાલભાઈ ટોચાભાઈ ઝાલા, ઉ. વ. – ૪૫, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૧૯) ગીતાબેન દિનેશભાઈ મહેરીયા, ઉ. વ. – ૪૩, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૦) છાયાબેન જેસીંગભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૮, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૧) સરોજબેન રસીકભાઈ મહેરીયા, ઉ. વ. – ૪૩, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૨) નયનાબેન વિજયભાઈ મહેરીયા,ઉ. વ. – ૨૯, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૩) મધુબેન ઉર્ફે સવિતાબેન મગનભાઈ ઝાલા, ઉ. વ. – ૪૩, રહે. – ગામ

– સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૪) જયોત્સનાબેન જગદીશભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૩, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૫) મીનાબેન બિપીનભાઈ ઝાલા, ઉ. વ. – ૩૭, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૬) લક્ષ્મીબેન રણછોડભાઈ મહેરીયા,ઉ. વ. – ૪૦, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૭) ધર્મિષ્ઠાબેન ગિરીશભાઈ ઝાલા, ઉ. વ. – ૨૮, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૮) સુશિલાબેન કિર્તીકુમાર ઝાલા, ઉ. વ. – ૪૦, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૨૯) કોકીલાબેન ખોડાભાઈ મહેરીયા, ઉ. વ. – ૩૩, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં –૩૦) સંગીતાબેન મનીષભાઈ મકવાણા, ઉ. વ. – ૨૯, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદ, તેમજ તહોમતદાર નં – ૩૧) નીતાબેન બિપીનભાઈ મહેરીયા,ઉ. વ. – ૨૯, રહે. ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદવાળાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૪૮(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૩૨, ૧૨૦(બી), તથા ઈન્ડીયન રેલ્વે એકટ  કલમ – ૧૫૩ મુજબના ગુનાના કામેથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨)  આ કામના તહોમતદાર નં – ૬) તેજશભાઈ સુરેશભાઈ મહેરીયા, રહે. – ગામ – સરોડા, તા. – ધોળકા, જી. – અમદાવાદવાળાઓનું ચાર્જશીટ જુવેનાઈલ અદાલતમાં રજૂ રાખવાનો આદેશ કરવામાં આવેલ હોય આ કામે તેઓ બાબતે કોઈ આદેશ કરવામાં આવતો નથી.

૩)  આ કામે તહોમતદારના જામીન તથા જાત મુચરકા રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે તહોમતદારે ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય ગાળા દરમિયાનના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા જાત મુચરકા રજુ રાખવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. – ૧૬ મી, માહે – જાન્યુઆરી, સને – ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા. ૧૬/૦૧/૨૦૨૪.**
**સ્થળ : અમદાવાદ.**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં. – ૨૧, અમદાવાદ.**
**કોડ નં – જીજે – ૦૧૦૩૭.**

#VBVALA#